કલા કે લક્ષ્મી ?

(એક અનુવાદ.)

લેખક તથા પ્રકાશક

હરિલાલ મૂળશંકર મૂળાણી.

ઠે૦ કંટ્રાકટર્સ બીલ્ડીંગ નં ૩ ચર્નીરોડ મુંબઇ.

સુએ[illegible] પ્રીન્ટીંગ પ્રેસમાં વૈદ્ય ભગવાનલાલ ત્રિભુવને માલેક
માટે છાપ્યું. ૩૦૫ બજાર ગેટ, કોટ, મુંબઇ.

કિંમત રૂ. ૧-૦-૦

પ્રસ્તાવના.

પ્રસ્તુત વાર્તા તે અંગ્રેજી લેખક મેકસ ઓ'રેલનાં "વુમન એન્ડ ધી આર્ટીસ્ટ" નામનાં નોવેલનો એક અનુવાદ છે. જ્યારે એ લખવાની શરૂઆત થઇ ત્યારે એ પૂરી કરી પ્રસિદ્ધીમાં મુકવાનો ખ્યાલ પણ મગજમાં ન હોતો. માત્ર ભાષાંતર કરવાની શકિતની સ્પર્ધામાંજ એની શરૂઆત થઇ હતી. એ સ્પર્ધાના રસમાંજ એનો કેટલોક ભાગ લખાઇ ગયો, અને પાછળથી કેટલાક મિત્રો કે જેમને મૂળ નોવેલ બહુ પસંદ આવ્યુ હતું, તેમની ઉત્સાહક પ્રેરણાથી એ કાર્ય પૂરૂં કરવામાં આવ્યું.

અનેક અનિવાર્ય પ્રસંગોને લીધે પ્રૂફોની ભુલો રહી ગઇ હોય તે સુજ્ઞ વાંચકો ક્ષંતવ્ય ગણશે એ પ્રાર્થના છે.

આશ્વિન શુદિ પૂર્ણિમા
સંવત ૧૯૭૦

હ. મૂ. મૂ.

અર્પણ પત્રિકા.

મારી આ પ્રથમ કૃતિ

હું પ્રેમપૂર્વક અર્પણ કરૂં છું

મ્હારાં પૂજ્ય અને પવિત્ર

માત પિતાને.

અનુક્રમણિકા.

શ્રી

કલા કે લક્ષ્મી ?

નં. ૫૦ ચર્નીરોડ, મુંબઇઃ—

ચોતરફ વૃક્ષોની ઘટાથી વીંટલાયલું આ મકાન રસ્તાપર જતા આવતા માણુસોનું ખાસ ધ્યાન ખેંચે એવું ભવ્ય કે આકર્ષક નહતું. તેને માત્ર બેજ માલ હતો; અને ઓટલાપર એક લાંબો કઠેરો હતો જે કોઇ અંદર જવા ભાગ્યશાળી થતું, તેને માલુમ પડતું કે તેની એક બાજુમાં એક લાંબુ દિવાનખાનું હતું અને બીજી બાજુ પર એક મ્હોટી અને સગવડવાળી ભોજનશાળા હતી. વળી તેમા એક નાનીશી લાઇબ્રેરી પણ હતી જેમાંથી એક નાજુક બારણાં માર્ફત એક સીડી ઉપર થઇને પાસેના રમણીય બગીચામાં જવાતુ હતું. બહારના ભાગમાં ઘટાદાર આંબાઓ અને ખજુરી કેલ વિગેરે અન્ય વૃક્ષોથી ઘરનો નીચેનો ભાગ કાયમ આચ્છાદિત રહેતો, અને વસંતરૂતુમાં રંગે બેરંગી ફુલની સુંદર લતાઓ એની બારીઓપર મનોહર ફુલડાંને ઝુલાવતી. ઘરની જે બાજુ પર એક બારણું પાસેના રસ્તા ઉપર પડતું હતું તે બાજુનાં દિવાનખાનામાં એક મોટી ઉત્તરાદી બારી સુચવતી હતી કે તેમા વસનાર કોઇ ચિત્રકાર હશે આવી સુઘડ, હવા અજવાળાવાળી ચિત્રશાળામાં બાબુ પોતાની કળા ખીલવતો હતો.

ઘરની અંદરની રચના પણ કળાથી કરવામાં આવેલી હતી. ઝીણી ઝીણી બાબતોમાં પણ ગૃહિણીનાં કળાકૌશ-

હયની પૂર્ણતા દેખાઈ આવતી હતી અને જોનારને તો એમજ લાગતું કે "આ દંપતિ ઘણાં સુખી છે-અને ખરેખર તેઓ પૈસે ટકે પણ ઠીક છે. જાર બાજરી ખાઇને જીવન ગાળનારા ઘણાએ ચિત્રકારો કદાચ હશે, પણ બાબુ તેમાંનો એક તો નથીજ." બગીચાની રચના પણ મોહક હતી. મખમલના ગલીચા જેવી તેમાંની ઘો સુંવાળી અને સપાટ રાખવામાં આવતી; અને જ્યારે વૃક્ષોના પાંદડાંની ચાળણીમાંથી સૂર્યનાં કિરણો નીચેના એ લીલા ગલીચા પર પડતાં, ત્યારે આપણે એક શેહરની મધ્યમાં હોવાને બદલે જાણે કોઇ જંગલમાં હોઇએ તેવો આભાસ થતો.

ચિત્રશાળા, એ આ દંપતિની પ્રિય ઓરડી હતી .પૂરા પ્રેમથી તેને શણગારવામાં આવી હતી, અને પરિણામે આ કારીગરનું સ્વર્ગ ભુવન મનુષ્યને અને તેમાં વસનારાંને ઉન્નત પુરૂષાર્થ અને વ્હાલસોઇ વાતોમાં પ્રેરતું હતું. લલિતા ચિત્રકળામાં પતિની સહાયકારક મિત્ર હતી. અને ગૃહ કાર્યમાંથી પરવાર્યા પછી વિશ્રાંતિનો બધો કાળ તે સ્વામી પાસેજ ગાળતી. ચિત્રશાળાની રચના બેહદ સુંદર હતી. તેની ચિનાઇ ચાદર, રેશમી ગલીચા, જેપાનીઝ પડદાઓ અને લટકતાં ઝુમ્મરોથી ભરેલી તેની ભવ્યતા આંખોને અંજાવી દે તેવી હતી. આ સર્વથી શાળામાં એક જાતની ઘેન ભરેલી શાંતિ પ્રસરતી હતી દેશદેશની નવાઇ જેવી ચીજો આ શાળામાં ગોઠવવામાં આવી હતી, ઘરના એક ખૂણામાં લલિતાની નાજુક બીન હતી અને તેની પાસે બાબુની ચિત્રકળા વિશે અમુલ્ય પુસ્તકોથી ભરેલી લાઇબ્રેરી હતી. રસ્તા પર પડતી બારી આડે વાળાથી ગુંથેલો એક પડદો નિરંતર ઠંડક આપતો હતો બારીની આડે પણ એક રેશમી કિમ્મતી પડદો નાખેલો હતો, અને આ પંખીના એકાંત માળામાં બ્હારની દુનીયાના કોલાહલનું લેશ માત્ર પણ ભાન થતું ન હતું.

ચિત્રશાળાની મધ્યમાં લગભગ સમાન ઉંચાઇની બે

ઘોડી પાસે પાસે ગોઠવેલી હતી, અને ત્યાં એ દંપતી-બાબુ અને લલિતા, એક બીજાંની સન્નિધિમાં સાથે ચિત્ર કાઢતાં હતાં. આ કારણને લીધેજ આ ચિત્રશાળાને માત્ર એક કારીગરની દુકાનની માફક ન શણગારતાં બે સમાન અને શોખીલા કારીગર પ્રેમીઓના પ્રેમે અને કુશળતાથી ઝીણામાં ઝીણી બાબતોમાં પણ સુઘડ બનાવી હતી. આ બે પ્રેમીઓ દિવસનો ઘણો કાળ આ ચિત્રશાળામાં એક બીજાંની પ્રેમપૂર્ણ સ્પર્ધામાં અને અન્યોન્ય ઉત્સાહ પ્રેરવામાં ગાળતાં.

લલિતાને આ ચિત્રશાળા માટે એટલું બધું માન હતું કે તેમાંના ગલીચા કે પડદાના રંગને મળતા રંગનો કોઇ સ્વચ્છ પોશાક પહેર્યા વિના તે કદિ તેમાં પ્રવેશ પણ ન કરતી. આ નિયમ પાળવો એ એને માટે કાંઇ અશક્ય વાત ન હતી. નાજુક, શ્યામા, આકૃતિ અને ચહેરામાં પ્રભાવતી, તે સુંદરીના ઓષ્ઠ શાંતિમાં જરાક ગર્વપૂર્ણ દેખાતા છતાં શ્વેત દંતરેખાઓ પ્રદર્શિત કરતાં તેનાં મધુર સ્મિત વડે ઘડીમાં આનંદમગ્ન થઇ જતા; તેની કાળી આંખ તો જાણે નિર્મળ આરસી હોય તમાં હૈડાંના સઘળા ભેદની છાપ ધારતી; સુંદર, કોમળ, અને નિર્મળ ચ્હેરાવાળી લલિતા ગમે તે રંગનાં કપડાંમાં આબકુંજ દીપતી. મેઘ ધનુષ્યના દરેક જૂદા જૂદા રંગની સાડીમાં રહેતી પ્રિયાને બાબુ સદાય માન આપતો; પણ એક ચિત્રકારની માફક તેનો પણ પ્રિયરંગ એક હતો ખરો. લલિતા માટે ખીલતા ગુલાબી કે નારંગી અને વાદળી રંગની સાડી તેણે ખાસ પસંદ કરી હતી; અને આ ચિત્રકારના મન તરંગને અંતરથી અનુમોદન આપતી તે કુશલ ગૃહિણી પણ એના મન માનતા રંગ બેરંગનાં સ્વચ્છ વસ્ત્ર સજી તેના કર્તવ્યમાં બમણો ઉત્સાહ પ્રેરતી.

જ્યારે આપણી વાર્તાનો આરંભ થાય છે, ત્યારે બાબુની ઉમ્મર ૨૬ વર્ષની અને લલીતાની ૨૦ વર્ષની હતી. સંસાર પ્રવાહમાં લગ્ન ગ્રંથીથી સહચારી બન્ને

તેમને આજે છ વર્ષ થયાં હતા, અને દંપતીના ખોળામાં આજ એક પાંચ વર્ષની બાળા રમતી હતી. જ્યારે બાબુ પોતાનું નવું ચિત્ર કોઈ મિત્રને બતાવતો અને એક આંખ મીંચીને ઝીણી નજરથી તેનું નિરીક્ષણ કરતો. ત્યારે તે બીચારો મિત્ર એટલું કહ્યા વિના તો રહી શકતોજ નહિં કે "વાહ! ઘણુંજ સુંદર, ઘણુંજ મનહર ચિત્ર–પણ,–મેલી તમારી મિત્ર દેવીની બરાબરી તો કોઇ પણ નહિં કરી શકે"—એ બાળકી માટેની આ પ્રશંસા પરથીજ તેનાં સૌકુમાર્ય અને ચાંચલ્યનો કાંઇક ખ્યાલ તમને આવશે. એક ચિત્રકાર કરતાં બાબુ એક પિતાનો ભાવ વધારે ધારતો, અને આ પ્રશંસાથી સગર્વ હસી તે આનંદથી કહેતો—કે "ખરું કહો છો."

દંપતીનું જીવનપ્રભાત સામાન્ય હતું, પરંતુ લગ્ન પછી થોડાજ કાળમાં ભાગ્યદેવીની તેમના પર કૃપા થઇ હતી. વર્ષે વર્ષે ચિત્રકારની ખ્યાતી અને કિમ્મત વધતીજ ગઈ, અને દિન પ્રતિદિન તેના ચિત્રોની માગણી પણ વધારે ને વધારે થવા લાગી. આપણી વાર્તાની શરૂઆત વખતે તો એની ખ્યાતી એટલી બધી વધી ગઇ હતી કે આખા શહેરમાં તેનું નામ સાંભળી પ્રશંસાના ઉદ્ગાર ન કહાડી ઉઠે તેવું કોઇકજ હશે. આ બે પ્રેમીઓ અને મિત્રોનો જેમનો સંસાર શાંત અને મીઠો હતો, તેઓ પ્રાણમાં પ્રાણ પરોવીને નિર્મળ અને સ્વચ્છ આકાશ નીચેના એક પુષ્પ સુગંધિત માર્ગમાં, આશા, ઉદ્યમ, આબરૂ અને નિવૃત્તિ માત્રને પોતાનાં સાથી તરીકે રાખી, એક બીજાનો હાથ ઝાલી પંથ કરતાં હતાં.

હું ધારૂં છું કે વાંચનારને આટલાં વર્ણન અને વિવેચન ઉપરથી ખાત્રી થઇ હશેજ કે એ વખતે આ દુનિયામાં જો પરમ આનંદપૂર્ણ કોઇ પણ સ્થાન હોય, તો તે માત્ર નં. ૫૦ ચર્નીરોડ મુંબઇ–એજ હતું.

પ્રકરણ ૨

છબી:—

સંવત ૧૯૯૭ ની વસંત પંચમીને દિવસે એટલે કે ભાણુ અને લલિતાના લગ્ન દિવસની છઠ્ઠી વર્ષગાંઠને દિવસે ભાણુએ લલિતાને તેની એક છબી કહાડી આપી ભેટ આપવાનું વચન આપ્યું હતું. ચિત્ર હવે લગભગ પૂરૂં થઇ ગયું હતું કોઇ ચિત્રકાર શિવાય સાધારણ માણસને તો એ અધૂરૂં છે તેમ લાગે એમજ નહોતું.

લલિતાને તેની માતાના મૃત્યુ પછી બાળપણથીજ ઉછેરનારી ધાવ્ય અંબા, તેના લગ્ન પછી તેની સાથેજ ચર્નીરોડ નં. ૫૦ માં આવી વસી હતી. ચિત્રશાળામાંથી કચરો કહાડતાં તેની નજર લલિતાની સજીવ ભાસતી સુંદર છબી પર પડી.

કચરો કહાડતાં તે ભલીબાઇના મનમાં વિચાર આવ્યો "હવે તો બે ચાર પુલજ કાઢશે એટલે છબી પુરી થશે, કેટલાં અઠવાડીયાંથી હું એ જોતી આવું છું? એ કેવું મજાનું થયું છે! આ મીઠું મુખડું ને દયા ભર્યા મલકતા હોઠ તો આબેહુબ જાણે તેનાજ હોયની? બીજાં માણસ તો પોતાની છબી કહડાવવા સો બસેં રૂપીયા ફેંકી દે ત્યારે થાય, પણ જે બાઇડી ચિતારાનીજ વહુ હોય એનાં તે કેવાં ભાગ્ય કે પોતાની છબી મફત મળે!"

આ વિચારમાળા આટલેથીજ અટકી—દરવાજાપરનો ઘંટ વાગ્યો અને કોઇએ ચિત્રશાળાનું બારણું ખખડાવ્યું. અંબાએ દોડી જઇ ટપાલ તપાસી લીધી, અને હાથમાં મોગરાનાં પુલથી ભરેલી નેતરની પેટી લઇ પાછી આવી પેટી જરા દબાવાથી ભાંગી ગઇ હતી, એટલે નેતરમાં ગુંચવાઇ ગયેલાં પુલોને છૂટાં પાડતાં તેને જરા મહેનત પડી.

મનમાંને મનમાં તેણે ધાર્યું "મોગરાનાં પુલ તો

છબી માટે હશે-ચિત્રમાં તેના જેવાં પુલ કાઢવાં હશે—હું જો કોઇ ચિતારાને પરણી હત તો મારા વરને તો મારી છબીમાં આના વિના બીજું એકેય પુલ કાઢવા દેત નહિં-અરે બાઇ, કેટલીક બાઇઓ એવી તે કેવી નફટ હશે કે ચિતારાની સામે અસેતેમ બેસીને પોતાની છબી પડાવે ? પારકા ભાયડા આગળ ઉઘાડું બેસતાં લાજી ન મરે ? એટલું ઠીક છે કે વળી આહીં એવું કોઇ લફરૂં આવતું નથી ને મારા શેઠને એવાંની ગરજેય પડતી નથી-”

કોઇ દિગંબર મનુષ્યને—જીવતાં અને બોલતાં ચાલતાં માણસને--એક પુતળાંની માફક ધારી ધારીને અને નિર્વિકાર સ્વસ્થતાથી નિરખી શકાય, અને છબી ચિતરી શકાય, એ વાત ચિત્રકાર શિવાયનાં બીજાં સાધારણ માણસોના માન્યામાં આવે તેવી નથી; અને સન્નારીઓની દૃષ્ટિમાં તો એવી રીતે છબી પડાવનારી સ્ત્રી વંઠી ગયેલી અને એવી રીતે છબી પાડનાર ચિતારો છાકટોજ ગણાય છે.

આવા આવા તરંગથી ઉશ્કેરાઇ ન જતાં અંબાએ પોતાનું મન પાછું વાળી લીધું ને આ ઘરમાં એવાં નિર્લજ્જ માણસોનો પગ પેસારો થવાનો સંભવ નથી એમ ધારીનેજ મન મનાવ્યું. ચિત્રશાળા વાળીચોળીને સાફ કરી લીધી અને મોગરાનાં પુલ લઇને વ્હેલી વ્હેલી લલિતા પાસે પ્હોચી.

દશ વાગ્યા હતા, બાબુ હજી ચિત્રશાળામાં આવ્યો ન હતો. તે હરરોજ આઠ વાગે કામ પર બેસતો અને બાર વાગ્યા સૂધી સતત તેમાંજ ગુંથાઇ રહેતો. આજે હજી સૂધી શેઠ કામપર બેઠા ન હતા તે જોઇને અંબાને જરા નવાઇ લાગી. વસંત પંચમીએ તો લલિતાની છબી પૂરી કરી આપવાનું તેણે વચન આપ્યું હતું. અંબા તરેહવારના વિચાર કરી અટકળ બાંધવા માંડી--પણ એટલી વારમાં ચિત્રશાળાનું બારણું જોરથી ખખડયું અને તેને તુર્ત તે ઉઘાડવા જવું પડયું.

બારણું ઉઘડયું અને એક ૨૫ વર્ષનો જુવાન કદાવર માણસ જેને અંબાએ ઘણીવાર આ ઘરમાં જોયો હતો તે દાખલ થયો.

"જરા બેસો બાબુ શેઠ હજી અહીં આવ્યા નથી પણ હમણાંજ આવશે. હું હાલને હાલ જઇ તમારા આવ્યાના સમાચાર તેમને જણાવું છું."

ગુણવંતરાયને અંબા સારી રીતે ઓળખતી હતી. ચિત્રકારોની શાળાઓમાં પ્રવેશ કરી કળા વિષેની પોતાની ડોળ ભરેલી માહિતી બતાવી દઇ કામમાં ખલેલ નાખી, કંટાળો આપી આનંદ માનનારા નવરા માણસોના જેવો તે ન હતો. ગુણવંત તો બાબુનો એક ખાસ મિત્ર હતો. અને ઘરનાં બાર તેને માટે સદાય ખુલ્લાંજ હતાં આટલા માટે અંબા એકદમ પોતાના શેઠને ખબર આપવા દોડી ગઈ.

આ નવો આવનાર ગૃહસ્થ મુંબઇ સરકારનાં એલચી ખાતાનો ઉપરી હતો. તેનાં મુખની પ્રભા તેનો આનંદી સ્વભાવ તેની વિવેક ભરી વર્તણુક તેની તીક્ષણ બુદ્ધિ અને પ્રસિદ્ધ કીર્તિને લીધે આખા મુંબઇનો તે એક માનવંતો માણસ બની ગયો હતો. મોટામાં મોટા ગૃહસ્થો તેને આમંત્રણ આપવામાં મોટાઇ માનતા, તે એટલે સુધી કે કોઇને ત્યાં પણ નાચ, જમણ, કે ઉપહાર નિમંત્રણ હોય, તો તેમાં તેની હાજરી ન હોય તેમ બનતુંજ નહિં. ચિત્રકળાની યોગ્ય તુલના કરવામાં કુશલ હોવાથી દરેક ચિત્રકારનો તે પ્રિય થઇ પડયો હતો. અને અદ્‌ભુત વકતૃત્વને લીધે સાક્ષરોમાં પણ તેને સારો આદર મલતો. તેનાં વાચાલપણા અને મીઠા અવાજથી સ્ત્રી મંડલમાં પણ તેની પ્રશંસા થતી. સુધરેલાં મંડલની નારીઓ તેની સાથે વાત કરવાનો અવકાશ જેમ બને તેમ વધારે મેળવવા પ્રયત્ન કરતી-અને થોડાં કૃત્રિમ અને ફેશનમાં અવશ્ય ગણાતાં હાસ્ય ભરેલ મુખે તેને મ્હોડેજ

આડકતરી રીતે પણ વખાણ કરવા ચુકતી નહિ—પછી પતિપાસેજ હોય ન હોય તેની શી પરવા છે તેમને? સ્ત્રી અને પુરૂષના સરખા હક સાબીત થઇ ચુક્યા છે, એટલે નારીને મર્યાદાની શી જરૂર છે? કોઇ કોઇ તો પોતાનું સુંદર વદન અને મીઠો અવાજ અને જીહ્વા લાલિત્ય એ મહાન પ્રતાપી પુરૂષની જાણ બહાર ન રહી જાય, તેટલા માટે ખાસ શેક હેન્ડ કરી 'બોલતી કે' ઓહ મીસ્ટર ગુણવંતરાય, તમારા મેરેજ (marriage) થયા છે કે નહિં?" ઉત્તર નકારમાંજ મળતો. આટલી વખતમાં જો પોતાની કોઇ સ્વરૂપવતી કન્યા નજીકમાં આવી જતી, તો તે કહેતી કે "કોણ બેટા નયનકમલ સુંદરી? આમ આવતો, આ મીસ્ટર ગુણવંતરાયને તું ઓળખે છે? બહુ સારા માણસ છે હોકે, જરા જોતો આવા ભણેલા, પૈસાદાર, ખુબસુરત, ખુસમીજાજી જુવાન કુંવારા હશે એમ તારૂં મન માની શકશે ખરૂં કે?"

બિચારા ગુણવંતરાયને કંટાળો આવતો તો પણ પૂછવાની ફરજ પડતી કે "આ બ્હેન કોણ છે?" "કેમ મીસ્ટર, તમે એને આપણે ત્યાં નહીં જોયેલી કે? એ તો મારી ડોટર મીસ નયનકમલસુંદરી બહુ વિવેકી અને ડાહી થઇ ગઇ છે અને આટલી મોટી થઇ છે ને કુંવારી છે પણ—ગાલે શરમના તો શેરડા—"

આથી વિશેષ વિવેચન સાંભળવાની ગુણવંતરાયને જરાય ઇચ્છા ન થતી, કોઇ પણ બ્હાને તેને સન્નારીની ક્ષમા માગી એકદમ રજા લેવી પડતી અને બસ બિચારી ભોળી સન્નારીને પોતાને તથા પોતાની પુત્રિને માટે નિઃશ્વાસ સિવાય બીજું કાંઇ રહેતું નહીં, કહેવાની જરૂર નથી કે મર્યાદામાં રહેતી સ્ત્રીઓ પણ હાથ લાગેલી દરેક તકનો લાયક ઉપયોગ કરવા ચુકતી નથી, અને બારીમાંથી, બારીની તરડમાંથી, પડદાની જાળીમાંથી, અને ચાલતી વેળાએ પ્હેરેલાં ઝીણાં કપડાંની લાજમાંથી પણ ત્રાંસી કે સ્પષ્ટ દ્રષ્ટિએ જોયા વિના ન રહેતી. એવી

સ્ત્રીઓમાં તેનાં રૂપ રંગનું, તેની વાતચિતનું તેના પોશાકનું, અને એવીજ બીજી ઝીણી ઝીણી બાબતોનું નિત્ય વિવેચન થતું અને એ વિવેચનમાં પણ સ્પર્ધા થતી. ઉપલી બધી વાત અક્ષરશઃ સત્ય છે, તો પણ એટલું તો ખરૂંજ છે કે બધી સ્ત્રીઓ આવીજ હતી તેમ ન હતું-થોડી ઘણી બિચારી આ ચંચળ ધમકતાં મંડળમાં પૂતળાની માફક મૌન અને શૂન્ય બની બેસી રહેતી, અને અન્ય સન્નારીઓની હાંસી અને ટિકાનો ભોગ થઇ પડતી,

આંબાના ગયા પછી ગુણવંતરાય નીરાંતે એક આરામ ખુરસી પર બેઠો અને ગજવામાંથી એક બાદશાહી સીગારેટ કહાડી પીતાં પીતાં વિચાર કરવા લાગ્યો.

"એક ચિત્રકારનાં ચિત્ર મંદિરમાં બેસી બાદશાહી સીગારેટની લ્હેજત લેતાં ગપાટા મારવામાં જે આનંદ મળે છે તેનાથી વિશેષ આનંદ બીજે કયાં છે? મારે જો આખી જીંદગી એકને એક ઓરડીમાં રહીને ગાળવાની હોય, તો સૌથી પ્હેલી હું ચિત્રશાળાનેજ પસંદ કરૂં બીજે નંબરે પુસ્તકાલય—અને બીજી બધી ઓરડીઓમાં તો ખાવા પીવા કે ઉંઘવા શિવાય માણસ બીજું કરે છે શું?"

વિચાર કરતાં તેણે ચોતરફ જોયું અને સહુજજ દૃષ્ટિ લલિતાની છબીપર પડી, ખુરસીમાંથી ઉભો થયો, ચિત્ર નિહાળવા જરા ખુણામાં ઉભો રહ્યો અને નજર ઝીણી કરી નિરીક્ષણ કરવા લાગ્યો—

"સુંદર છબી" તે તેના મનમાં બોલી ઉઠયો "અખંડ કવિત્વ પૂર્ણ-સંપૂર્ણ મૂર્ત ચિત્ર સજીવ જાણે હોય નહિં તેમ તેમાં કંપ જણાય છે. શરીરનો રંગ પણ બહુ સુંદર દેખાય છે. ખરેખર, આખાં મુંબઇમાં કોઇ પણ માણસ એવો છે નહિં કે જે ચિત્ર કામમાં બાબુની સ્પર્ધા કરી શકે. મુંબઇના સઘળા માનવંતા ચિત્રકારોમાં તેને મુખ્ય સ્થાન મળ્યું છે, અને થોડાં વર્ષમાંજ રાજ્યચિત્રકારની

પદવી તેને મળવાની ખાત્રી છે તો પણ આ વિચિત્ર માણસને માત્ર ચિત્રકળામાં સંતોષ નથી થતો."

વિચારમાં ને વિચારમાં ધ્યાન વિનાજ તે હઠતો હઠતો બગીચાવાળા બારણા પાસે પ્હોંચ્યો, તેણે તે ઉઘાડયું. ચંપાનાં અને ગુલાબનાં ફૂલ પૂર્ણ ખીલ્યાં હતાં, અને પવનપર મધુર પરિમલ છવરાવી ચિત્રશાળામાં મીઠી સુગંધ ફેલાવતાં હતાં.

તેને સહજ વિચાર આવ્યો કે જયાં વૃક્ષનાં પાન હાલવાનોજ માત્ર અવાજ છે એવાં આવાં એકાંત શાંત સ્થાનમાં વસનાર માણસ હાલનાં સુદ્ધ પ્રકરણને ખળભળાવી મૂકે એવી હિલચાલ કરી શકતો હશે એમ સ્વપ્નેય કોણ ધારે!"

બાબુએ ઉતાવળાં પ્રવેશ કર્યો.

"અ: હા! કેમ ભાઇ ગુણવંતરાય,-હજી સુધી કંઇ સમાચાર નથી શું!"

"ના--વિગ્રહસભાના અધ્યક્ષો આજે કોટમાં મળનાર છે અને હું ધારૂં છું કે ઘણે ભાગે પરિણામ લાભમાંજ આવશે."

"આસ્તે-આસ્તે" બાબુએ ધીમેસ્વરે કહ્યું " લલિતા કદાચ સાંભળી જશે. તે એ બાબત વિશે કંઇ જાણતી નથી, અહા દોસ્ત, આ જાતની ગોળી શોધવા મેં રાત દહાડો ઉજાગરા કર્યા છે. તેને બનાવવાની ક્રિયા એટલી બધી સાદી છે, અને છતાં અસર એટલી ખાત્રી વાળી છે કે ગોળી છૂટયા પછી જેટલી સેકંડે ફાટવાની ધારણા બાંધી હોય તેટલી સેકંડેજ, વચમાં બીજી કોઇ પણ ચીજને હરકત કર્યા શિવાય, ફાટે. ખુલ્લાં મેદાનમાં કે મજબુત ઘેરામાં તેનો ઉપયોગ કેટલો આવશ્યક છે તે ખુલ્લું દેખાય છે."

"એમજ છે. દરેક વખતે તેનો પ્રયોગ સફળજ નીવડયો છે; અને તેને દાખલ કરતાં આટલી વાર કેમ થઇ એજ આશ્ચર્યની વાત છે,"

"સભાનો ચુકાદો જલદી અપાશે એમ તમે ધારો છો ?"

"ઘણું ભાગે આજેજ અપાશે" ગુણવંતરાયે કહ્યું "કદાચ થોડા કલાકમાંજ થોડા વખતમાંજ આપણને ટેલીફોન મળવો જોઇએ."

"જો એ લોકો તેને ખરીદ કરે તો"–બાબુએ આશાનાં વેનમાં કહ્યું.

"વાહ વાહ, તો તો દોસ્ત તારાં તગદીર ખુલી જાય, ને પૈસાની રેલમ છેલ થઇ રહે."

"સાચે જ ?" બાબુની આંખમાં આશા અને ઉત્સાહનું તેજ ઝળકી ઉઠયું "શું સાચેજ હું ધનવાન થઇશ ?" ભાઇ ગુણવંત મારી સ્થિતિમાં મને પૂર્ણ સંતોષ છે મને તો જોઇએ તે કરતાં પણ વધારે મળે છે પણ મારી સ્ત્રી, મારી લલિતાને ખાતર મારે દોલત મેળવવી છે. એનાં માબાપને ત્યાં એ કેવાં લાડમાં ઉછરી હતી ? છ વર્ષ ઉપર પિતાનો વૈભવને માતાનું લાડ તજી એણે મારા જેવા એક ભટકતા માણસ સાથે સંસાર પ્રવાહમાં ઝંપલાવ્યું. શું તેણે કોઇ દિવસ કોઇપણ જાતનો અસંતોષ બતાવ્યો છે ! એથી ઉલટું સદાકાળ આનંદમાં અને સુખમાં રહી તેણે મારાં જીવનને સુખમય બનાવ્યું છે. દરરોજ ચિત્ર કહાડતી વખતે, મારી પાસે બેસી પોતાની મધુરી સન્નિધિથી અને બારીક તુલના ભરી પ્રશંસાથી તેણે મારી પીંછીમાં બમણું બળ પ્રેર્યું છે. મારી કળા કૌશલ્યની બરાબર તુલના કરી શકવા, તેણે પોતે પણ એ કામ કરવું શરૂ કર્યું છે, અને હમણાં હમણાંમાંજ ચિત્રપ્રદર્શનમાં તેનાં બે ચિત્રો ઘણાંજ માન સાથે સ્વીકારવામાં આવ્યાં હતાં. તેણે મને કેટલી મદદ કરી છે ? કોઇ કોઇ વાર તેના કોમળ હાથ વડે મારો ખભો ચાંપીને વ્હાલથી તે મને કહેતી કે "પ્રિય, એજ માર્ગ–ઉજવલ અને અખંડ કીર્તિનો માર્ગ તને મળી ગયો છે પ્રાણ !" કેવી અદભુત પત્ની ! ખરેખર ગુણવંત–હું પૈસા–પૈસા મેળવવા દિલ તોડી મહેનત કરૂં છું–પણ

ઇશ્વર સાક્ષી છે કે એ મહેનત મારી લલિતા માટેજ છે." છેલ્લું વાક્ય બોલતાં પ્રેમ અને ઉત્સાહથી તે ઘણોજ ઉશ્કેરાઇ ગયો.

"ઓઃ હો ! આજસૂધી આટલો પ્રેમ ? ત્યારે છ છ વર્ષથી પરણ્યા છતાં પત્નીપર પ્રેમ રાખી શકાય છે, એ ખરૂં કે ?"

"આજ સૂધી પ્રેમ રાખી શકાય છે, એમ પૂછો છો તમે ? ખરૂં કહું તો પ્રેમાળ પત્નીની કિમ્મત વખત જાય છે ત્યારેજ થાય છે. ઓ ઇશ્વર લક્ષ્મીની સહાયથી એને પરમ સુખ આપવામાં મને મદદ કરજે !"

"અસ્તુ" કહી ગુણવંતરાગે છબી તરફ મ્હોં ફેરવ્યું "હું ધારૂં છું આ છબી બહુજ સુંદર થઇ છે. આથી ઉત્તમ બીજો કોઇપણ નમુનો તમારાથી થાય નહિં-"

"ખરૂં--મને પણ એ ઠીક લાગે છે" બાબુએ કહ્યું 'આબેહુબ લલિતા જેવીજ છે; નહિં ?

એના હાથમાં મોગરાના પુલનો એક ગુચ્છ—"

"ચિત્રમાં દેખાતો નથી" ગુણવંતરાગે વચમાંજ કહ્યું

"ખરૂં પણ હું હમણાજ તે અંદર મુકવાનો છું. આજે બપોરેજ છબી પૂરી કરવાની છે."

"ત્યારે તો મારાં ભાભીના હાથમાં મોગરાનો ઝુમખો આવશે એટલે એનું સૌંદર્ય પૂરૂં ખીલી નીકળશે, કેમ ?"

"હા, એ પુલ એને બહુ ગમે છે" બાબુએ કહ્યું "અને મને પણ તેમજ છે. જે ભાગ્ય સુભાગી ઘરમાં તેની સાથે મારો પ્રથમનો છુપો મેલાપ થયો હતો. જે ઘરમાં થોડા દિવસો પછી અમારાં લગ્ન થયાં હતાં. તે ઘરમાં એની ઓરડીની બારી નીચેજ મોગરાના છોડ વાવેલા હતા અને લલિતા પોતેજ એ પોતાનાં વ્હાલાંને સપ્રેમ ઉછેરતી. હું તેને મળ્યો ત્યારે તેમાંથી એક પુલ તોડી શરમાતાં શરમાતાં પણ એણે મને સુંઘવા આપ્યું

અને મેં હસી, સુંઘીને એના અંબોડામાં ખોસ્યું ! અલબત આ બધી વાત છોકરવાદી જેવીજ લાગે છે. પરંતુ એવી છે.કરવાદીથીજ આપણું બાલજીવન રમણીય અને આનંદમય બને છે.”

“અહો, હિંદુઓનાં હૃદય પ્રેમથી કેવાં ભરેલાં છે !” ગુણવંતરાય મનમાં બબડયો.

બાબુ એક કબાટ આગલ ગયો અને ખાનું ઉઘાડી અંદરથી એક સાચવણુથી બંધ કરેલ નેતરનો નાજુક કંડીઓ કાઢયો.

“જુઓ, આ રહ્યાં—એનાં વ્હાલાં—” કંડીયાની ગુંથવણીમાંથી પુલ જેવું કંઇક અંદર દેખાતું હતું. બાબુએ બે ક્ષણ તેને બહાર રાખી, પાછો ખાનામાં મૂકી ખાનું બધ કર્યું

“વાહ, ખૂબ કરી—” ગુણવંતરાય આશ્ચર્યથી બોલી ઉઠયો “અદભુત પ્રણય ચિત્ર ! તમેય કોઇ અજબ પ્રકૃતિના માણસ લાગો છો. ધારો કે આ તમારી નવી શોધ સરકારે કબૂલ રાખી, તો આવાં પુલડાં સાથે રમનારી હજારો નિર્દોષ આનંદી બાળાઓને તેને લીધેજ કારમું વૈધવ્ય વેઠવાનો વખત આવશે, ખરૂં ?”

“આહ ! એ વિચારથી કંપારી છૂટે છે.” બાબુએ એક નિઃશ્વાસ નાખ્યો.

“ત્યારે એમ કરોને, સરકારને કહો કે તમારે એ ગોળીની શોધ વેચવાની ઇચ્છા નથી, એટલે થયું !” ગુણવંતરાયે જરા મર્મમાં કહ્યું.

બાબુએ આ માર્મિક વચનનો હસતે મ્હોંએ જવાબ વાળ્યો, “એતો બનેજ નહિં. એ પ્રયત્નમાં હું એટલો આગળ વધ્યો છું, કે એ વિચારજ નકામો છે.”

“હું ધારૂં છું, હવે મારે રજા લેવી જોઇએ” ગુણવંતરાયે ખીસામાંથી ઘડીયાળ કહાડી, જોઈ, કહ્યું. “તમારાં કામમાં હું ખલલ નાખું છું.”

"જરા પણ નહિ. મારે આ છબી આજેજ પૂરી કરવાની છે, એ વાત ખરી. પણ હજી વખત પુષ્કળ છે. હું જરા જઈને મારૂં બદન ન્હેરી આવું છું. લલિતા હમણાંજ નીચે આવશે. પણ જો જે ભાઈ, પેલી ગોળી વિશે એને કંઇપણ કહેતો-કહીશ ? એક બોલ પણ નહિં-હો !"

ગુણવંતરાય એકલો પડયો, અને હવે પોતાની આતુરતાને રોકી ન શકયો. જે ખાનામાં પેલો મોગરાંના પુલનો કંડીઓ મૂકેલો હતો, તે અરધું ઉઘાડું રહી ગયું હતું. તેણે કંડીઓ હાથમાં લઇ બાઝુ અને લલિતાના વિચિત્ર પ્રેમ તરંગ માટે મશ્કરી કરીને અટ્ટહાસ્ય કર્યું.

"કોઇ બાયડીને માટે આમ સૂકાં કરમાયલાં પુલ સાચવી રાખવાની મને ફરજ પડે, તો હું તો આંખોને આખો બળી મરૂં."

આ વિચારો કરતી વખતે જો તેણે બગીચા વાળા બાર તરફ જરાક પણ નજર નાખી હત, તો લલિતાને ચિત્રશાળામાં પ્રવેશ કરતી તેણે દીઠી હત.

સાદા પણ સ્વચ્છ પોશાકમાં રહેલી લલિતા સ્હવારના બાલ સૂર્યના તાપથી ગૌર અને તેજસ્વી દેખાતી હતી. અને સુંદર નેણ નીચે ચમકતી તેની કાળી આંખમાં કોઈ અલૌકિક માધુર્ય ભર્યું હતું; છતાં પણ એ આંખોમાં એટલા પ્રભાવ હતો કે જે કોઇ માણસ માન શિવાય બીજી કોઈ પણ વૃત્તિથી તેની સામે જોવા પ્રયત્ન કરતો, તે તેની નજર પડતાં ગરીબ ગાય જેવો થઇ જતો, ને દીન બની જતો. ગર્વ, સાહસ, ખંત અને ઉન્નતાત્માનું તેજ તેના મ્હોં પર ઝળકી રહ્યું હતું પોતાના ઉત્તમ લલિત સૌંદર્યની અને નિર્દોષ ચારિત્ર્યની કિમ્મત તે બરાબર જાણતી હોય તેમ લાગતું હતું. કોઇને પણ હલકી વૃત્તિનો જોઇ તેને ત્રાસ થતો. કબાટનું ખાનું ખુલ્લું મૂકી મોગરાનાં પુલ તપાસતા ગુણવંતરાયને જોઇ તેની હાંસી કરવી કે તિરસ્કાર કરવો તે લલિતાને સૂઝયું નહિ પરંતુ હૃદય

વેગે મુખ ઉઘડી ગયું અને હાંસીયુક્ત સ્મિત ભરેલ ચ્હેરે તેણે કહ્યું.

"કાં ગુણવંતરાય ભાઇ, કેમ છો?"

"કોણ ભાભી સાહેબ, ભલા તમે કેમ છો!" ગુણવંતરાયે ગભરાટમાંજ સામો સવાલ કર્યો

"અમે તો ઠીકજ છીએ પણ તમારા ભાઇ અહિં બોલતા તા ને!"

"ચિત્ર ક્હાડતી વખતે પ્હેરવાનું બદન પહેરવા ગયા છે." આમ બોલતાં તેની નજર લલિતાના હાથમાંના મોગરાના પુષ્પ ગુચ્છ પર પડી અને ઓચિંતુ તેનાથી પૂછી જવાયું—"મોગરાનાં પુલ વધારે?" વાકય અધૂરૂંજ રહ્યું.

"વધારે કેમ? અરે હા—તમારા હાથમાં પણ થોડાંક છે, તે તો હું ભુલીજ જાઉં છું" શરમને લીધે ગુણવંતરાયનું મ્હોં લાલ થઇ ગયું.

"હા—થોડોક વખત પ્હેલાં બાણુએ મને આ તમારાં વ્હાલાંઓની વાત કરી હતી; અને જ્યારે હું એકલો પડયો, ત્યારે મારા હાથમાં પડેલાં તમારાં પ્રણયનાં પ્રથમ પ્રભાત રૂપ-એ પુલોને એક વાર ફરી નિરખવાની ઇચ્છા હું રોકી ન શકયો."

ચોરીમાં પકડાઇ જવાથી, આમ અધુ ખોટું બોલી લલિતાની શંકા દૂર કરતાં તે અચકાયો નહિં. લલિતા આથી ખશીયાણી પડી ગઇ.

"એ આમ લાવો; તમારા જેવાને તે એ બતાવવાનું હોય! એનેય તે વળી એ શુ સુઝયું આજ?"

કંડીયો લઇ તેણે કબાટમાં મૂકયો. તે મુંઝાઇ ગઇ પોતાને કોઇએ હલકી પાડી દીધી હોય, તેમ તેને લાગ્યું. પતિએ આ પરાયા માણસને આ મોગરાના પુલની વાત શા માટે કહી હશે? પતિ પત્ની શિવાય બીજાને એમાં શું રસ પાડવાનો હતો! વાત તો કહી, પણ વળી પુલ

શા માટે બતાવ્યાં. બાણુની આ વર્તણુક તેને ઠીક ન લાગી હૃદયના આવા ઉશ્કેરાયલા ભાવોને જાણે કેમ ભૂંસી નાખતી હોય, તેમ પોતાનાં કપાલ પર હાથ ફેરવી તેણે ફરીથી હાસ્ય કર્યું—અને ગમ્મતમાં બોલી "હું ધારૂં છું કે આવી વાતો સાંભળી તમને અદેખાઇ બહુ આવતી હશે."

"નારે—મને તો કંટાળો આવે છે! વયમાં અને જ્ઞાનમાં આગલ વધેલા બે મનુષ્યો, આવાં સૂકાં કરમાયલાં પુલનો કંડીયો લઇ રમત કરે! અને તે પણ પરણ્યા પછી આટલાં વરસો સુધી—ચાલે, કેટલાં વરસ થયાં?

"છ પૂરાં થયાં આજે"

"અને છ વરસ થયાં તોય હજી, એ બાલભાવની પ્રણય ક્રીડા શમતી નથી? આ તમારાં ધૈર્ય અને પ્રણય માટે હું આ તમારા પતિનો કુંવારો મિત્ર તમને સવિનય અભિનંદન આપું તો ખોટું ખરૂં કાંઇ?—ખરેખર—એ ખાતે તો મને તમારા સુખની અદેખાઇ આવે છે"

"ત્યારે લગ્ન કરોને" લલિતાએ કહ્યું "એમાં કાંઇ મોટી વાત નથી"

"દુનિયાં ઉંધી વળી જાય, તોય એતો બનેજ નહિં ને" ગુણવંતરાયે જરા ટટાર થઇ જવાબ વાળ્યો."

"મને સ્ત્રીઓ તરફ પ્રેમ થતો નથી."

"ખરૂં."

"અને—" ગુણવંતરાયે મોટેથી હસતાં કહ્યું"

"જો કોઇ મને પરણવામાં રાજી હોય, તો તેને માટે મને માન પણ થાયજ નહિં"

"ઓહો! ત્યારે તો તમારો મિજાજ અમારા ધારવા કરતાં કાંઇક ઠીક લાગે છે. વખતનાં વ્હેણ સાથે તમારૂં મન પણ પીગળશે. તમે પરણશો, તમારા સ્ત્રી ઉપર તમને પ્રેમ પણ થશે, અને એથી પણ વિશેષ—તમારા

ઘરમાં બીજું ચલણ ચાલશે. કુદરતનો એક નિયમ એવો અજબ છે. કે તમારા જેવા મિજાજી જુવાનીયા ગૃહસ્થાશ્રમમાં ઘણું ખરૂં માયાળુ અને પ્રેમાળ પતિ બની દુનિયામાં દ્રષ્ટાંત રૂપ થઇ પડે છે."

"એક એના વિના બીજું તમે જે કહો તે મારે કબુલ છે. પણ ન કરે નારાયણને મને જો પરણવાની ફરજ પાડીને, તો પછી હું તો પરણ્યા પ્હેલાંજ બેભાન થઇ જઇશ.

"પણ વારૂ, તમે ડોસા થશો ત્યારે ડોશીમા ને છોકરાં વિના તમારી ચાકરી કોણ કરશે ?"

"નોકર ચાકર શા કામના છે ?"

"કેવો સ્વાર્થ ?" એ તો ઠીક, પણ રોટલા કોણ ઘડશે ? આ ધન દોલત માન આબરૂ, રૂપરંગ એ બધાંને પ્રેમથી પોષી જીવનમાં અમૃત રેડનાર કુશળ અને પ્રેમાળ હૃદય વાળી ગૃહિણી વિના આ આખું જીવન તમે કેવી રીતે ગાળશો, એ વિચાર તમને નથી આવતો ?"

"બિલકુલ નહિં-બિલકુલ નહિં ! મને આનંદ આપનાર મારા ભાઇ જેવા મિત્રો મારે પૂરતા છે. મુંબઇમાં ઉત્તમ ભોજનગૃહો હવે એટલાં બધાં થઇ ગયાં છે કે મોજ પડે તેવું ખવાય, ને ઘરમાં કાંઈ લાવવા કારવવાની પંચાતજ નહિં. વળી પેસા આપતા હઇએ, એટલે મન માનતું કાંઇ થાય નહિં તો રોફ મારીને નોકરની ધૂળ પણ કાઢી નંખાય.

"એ બધુંય તમારે ઘેર એક માત્ર તમારી સ્ત્રી કરી શકે એમ છે, અને વળી ઘરમાં તો એક પાઇ પણ આપ્યા વિના તમે બાયડીપર બમણો રોફ મારી શકો !!"

ગુણવંતરાયની ગમ્મત ભરી અને નિખાલસ વાતચીતમાં લલિતાને રસ પડયો. કોઇપણ સ્ત્રીને પોતાનો પતિ એવી છૂટ લે ને પોતાપર મિજાજ કરે તે જરાય ગમતું નથી, પણ બીજો કોઇ જો એવો રોફીલો હોય તો તેનાં તો તે

વખાણુજ કરે છે. મને લાગે છે, કે કદાચ કુંવારા રહેલા માણસો માટે સ્ત્રીઓના મત બહુ ભિન્ન ભિન્ન લાગણીઓથી બંધાતા હશે,

ટેબલપર વિખરાઇ પડેલાં મોગરાનાં પુલ સાથે લલિતાના કોમળ કર રમી રહ્યા હતા.

થોડીક વારે ઓચિંતી તે બોલી ઉઠી "આ પુલ જોયાં?"

"હા—કેમ?"

"એમાં ભેદ છે."

"સાચું કહો છો?" લલિતાનો હાસ્યયુકત ગંભીર ચ્હેરો જોઇ ગુણવંતરાયને મનમાં જરા હસવું આવ્યું.

"ખરેખર, બહુ ઉંડો ભેદ છે. મારાં લગનને દિવસે આવાં પુલનો એક આવોજ ઝુમખો અમારી ઉપર આવ્યો હતો. એ કોણે મોકલ્યો, એજ ભેદ છે. અમારી દરેક લગ્નતીથિએ આવો ઝુમખો કાયમ અમને મળે છે. એ પુલ તે મારે માટે છે, કે મારા પતિ માટે છે? એ એક મોટી શંકા છે. આ ભેદ ફોડવા અમે બન્ને એક બીજાંની ન કરવાની મશ્કરી કરીએ છીએ—પણ હજી સૂધી કાંઇ નિશ્ચય નથી થયો. પણ એટલું તો ખરૂંજ કે દર વરસે અમને એ પુલ મળે છે ને અમે તે સ્વીકારીએ છીએ."

"પુલડાંની સંજ્ઞાઓ વિશે મને તો કાંઇ બહુ ખબર નથી, પણ મેં એક સાંભળ્યું હે:—

"પુષ્પ પ્રેમકો દુત હે

"જીસેં તલપતા કોય.

"આખી બેત તો મને સાંભરતી નથી, પણ—કોઇના છૂપા અને તડપતા પ્રેમની એ નિશાની હોય કદાચ—પણ —અરે હવે તો હું જુલમ કરૂં છું" ગુણવંતરાયની દૃષ્ટિ ઘડીયાળપર પડતાં તેને ભાન આવ્યું. "અગીયાર વાગી ગયા ને હું તો હજી અહિં ગપ્પાંજ માર્યા કરૂં છું. મારે

હવે ઓફીસમાં જવું જોઇએ. હું રજા લઇશ. મહેરબાની કરીને મારા ભાઇને કહેશો કે વાત કાંઇ નિશ્ચયપર આવશે કે તુર્ત હું ટેલીફોન કરીશ?—ના—ના— કંઇ નહિ હું પોતેજ આવીશ."

"પણ કઇ બાબતનો નિશ્ચય?"

"અરે—એતો મારી—મારી પોતાની વિષે છે--હયો હવે જઇશ" છેલ્લા શબ્દ બોલી તેણે એકદમ ચાલવા માંડયું.

લલિતા એકલી પડી, અને ટેબલપર વિખરાઇ પડેલાં પુલનો સંચય કરવામાં ગુંથાઇ, મોગરાનાં પુલની તેના ઉપર જાદુઇ અસર થતી, અને એ પુલની વિકસેલ પાંખડીઓમાં તે અનેક કલ્પનામય મનુષ્યચિત્રો જોતી. કેટલાંકને તે ઉદાસ અને ગંભીર માણસોના ચ્હેરા જેવાં કલ્પતી, કોઇ કોઇમાં આનંદી અને સંતોષી મનુષ્યોનાં મુખકમલ તે નિહાળતી, અને બીજાં બધાંમાં તેની કલ્પના સમક્ષ સંકૂચિત અને છાલકાં હૃદયનાં માનવમુખ તરી આવતાં. આ બધાંમાંથી તેણે થોડાંક સુંદરમાં સુંદર પુષ્પો એકઠાં કરીને તેનો એક ગજરો બનાવી બાબુની ચિત્ર કહાડવાની ખુરસી પાસેના નાના ટેબલ પર મૂકયો—એવી ઇચ્છાએ કે બાબુ પોતાના ચિત્રમાં એવોજ ગજરો મૂકે.

ચિત્રશાળાનાં બારમાંથી ઓચિંતો અવાજ લલિતાને કાને પડયો "કેવાં મજાનાં પુલ છે?" લલિતાએ જોયું—અંબાની આંગળીએ વળગી ઉષા તેના તરફ આવતી હતી. બહાર જવાને માટે તેણે સુંદર સ્વચ્છ કપડાં પહેર્યાં હતાં–આછી ભૂરી ઓઢણીમાંથી તેનું ગુલાબી વદન, ઉષ્ણકાલના બાલ અરૂણ જેવું હસી રહ્યું હતું.

"મા, અમારી સાથે માશીને ત્યાં ચાલને—"

"આજ મારાથી અવાય તેમ નથી, બેટા!" લલિતાએ ઉષાના સુંદર કપોલ પર વ્હાલ ભર્યું એક ચુંબન લીધું.

"તારા બાપુ આજે છબી પૂરી કરવાના છે, ને એને મારી જરૂર પડશે."

"તું તો આખો દી મારા બાપુ પાસેજ રહે," ઉષાએ બાલ ચેષ્ટાથી રીસ ચડાવી કહ્યું. "કોઈ દી આમારી સાથે તો અવાયજ નહિ ખરૂં કે!"

"એમ કેમ? હું ઘણી વખત તારી સાથે શું નથી આવતી?—પણ આજ તો નહિ અવાય-કાલવાત-કાલ જરૂર આવીશ. લે ચાલ હવે પાછી ડાહી થઇ જા જોઉં"

"હા-ડાહી થા!" ઉષાએ બોલતાં બોલતાં નિશ્વાસ મૂકયો. "તું તો હરરોજ મને એમ કહ્યા કરે છે."

"જ્યારે હું તારા જેવડી હતી ને, ત્યારે મારેય તે ડાહ્યું રાવું પડતું, ખબર છે?" લલિતાએ જરા ગભરાઇને કહ્યું.

"એ મા, હવે તું સાવ નાની છોકરી નથી, તે તને મજા નથી પડતી?"

"અરે અંબામા આ છોકરી આવી બોલકી થાશે, તો એને કયાં નાખશું આપણે?" બોલતાં બોલતાં લલિતાએ નિર્દોષ ઉષાને વ્હાલથી તેડી લઇ હૈયામાં ચાંપી ચુંબનથી ન્હવરાવી દીધી.

અને છતાં, તે મનમાં સમજી ગઇ કે બાળકીએ યોગ્યજ ઠપકો આપ્યો હતો.

"હેં ત્યારે બા એય શું પ્હેલાં મારા જેવડી છોકરી હતી?" "નિર્દોષ ઉષાએ વૃદ્ધ અંબાને પ્રશ્ન કર્યો.

"હાસ્તો."

"પ્હેલાં સાવ આટલીક, ને પછી આટલી-ને પછી આટલી-ને પછી આટલી?"

"હા-અને પછી આટલી?" લલિતાએ ઉષાને માથે હાથ મૂકી વયનું પ્રમાણ બતાવ્યું.

ઉષાએ તેની સામે જોયું "ત્યારે, તારેય એક મા હતી ને? મોટી મા, ખરૂ? એ તારા જેવીજ રૂપાળી હતી?"

"મારાથીયે વધારે."

"એ તારા ઉપર ખીજાતી ખરી કે નહિં?"

"તોફાન કરૂં તો ખીજાયજ ને?"

"પણ એ કેવું નવાઇ જેવું લાગે છે! મારા બાપુ કયાં?"

"હમણાં આવે છે, બાપુડી! પણ જો હવે તારે જવું હોય તો મોડું બહુ થાય છે પછી. અને અંબાના," બાળકીના નિર્દોષ પ્રશ્નો સાંભળી હસતી હસતી ઉભેલી અંબા તરફ જોઇ લલિતાએ કહ્યું "બહુ વાર લગાડશોમાં બપોર થઇ ગયા છે, ને છોકરીને લૂ લાગશે."

"ઠીક બ્હેન" અંબાએ કહ્યું.

લલિતાએ ઉષાનાં કપડાંની કરચલીઓ સરખી કરી, અને માથાના વિખરાયલા વાળનો અંબોડો વાળી માંહે એક મોગરાનું ફૂલ ખોસ્યું. પછી વ્હાલથી તેની સામે જોઇ રહી, આંખમાં પ્રેમનું તેજ ચમકયું બાલાને ફરી હાથમાં લઇ હૈયામાં લઇ, ફરી તેના પર ચુંબનનો વરસાદ વરસાવ્યો.

અંબા હવે ઉષાને તેડી બ્હાર ચાલી. પણ તુર્તજ પાછી વળી લલિતાના હાથમાં ટપાલનો એક કાગળ આપી ગઇ.

બાળકીનાં નિર્દોષ છતાં માર્મિક વચન સંભારતાં લલિતાનું હૈયું ભરાઇ આવ્યું, અને આંખમાં જળ ઝડીયાં આવી ગયાં. ઘણી સ્ત્રીઓ માતા થાય છે, એટલે બાળક આડે સ્વામીને ભુલી જાય છે. પણ લલિતા પતિસેવામાં એટલી ગુંથાઇ રહેતી, કે ઘણીવાર ઉષા તરફ બરોબર ધ્યાન ન અપાયાથી તેને બહુ પશ્ચાત્તાપ થતો. પત્નીનો

ધર્મ તે પ્રથમ પાળતી, ને પછી માતાનું કર્તવ્ય બજાવતી. આટલું હતું, છતાં પોતાનાં બાળક પ્રત્યે તેની કેટલી મમતા અને કેટલો પ્રેમ હતો, તે તો એક ઇશ્વરજ વર્ણવી શકે એમ છે.

પ્રકરણ ૩.

લલિતાઃ—

ઘરમાં સહુ જમી પરવાર્યાં હતાં—બપોર થઇ ગયા હતા, પણ હજી બાબુ કામગર બેઠો ન હતો.

કેટલાક દિવસોથી લલિતા જોતી આવી હતી કે બાબુનો ચિત્રકળાપરનો પ્રેમ જેવો ને તેવો નહોતો રહ્યો. પણ આ બાબત એક શબ્દ પણ પતિ આગળ ન ઉચ્ચારવા તેણે ખૂબ સંભાળ રાખી હતી. લલિતા ચિત્રકારની એક અમૂલ્ય પત્નિ હતી. કારણકે એ કળાને તે બરોબર જાણતી હતી એટલુંજ નહિં પણ એ કળાને ઉત્તેજન શાથી મળે છે તે પણ તે પૂરે પૂરૂં સમજતી. સ્વભાવે બહુ શાંત અને સહનશીલ હોઇને સ્વામીના દરેક મનોભાવ તે રહેલાઇથી કળી શકતી. એક ચિત્રકારને નિરાશામાં આશા આપવા, તેનામાં ઉત્સાહ પ્રેરવા આવશ્યક અને જ્યારે જ્યારે તેનું હૃદય બળ અને ઉમંગ શિથિલ થઈ જાય ત્યારે તેનાં કળા કૌશલ્યની બુદ્ધિ પૂર્વક બારીક અને આવશ્યક પ્રશંસા કરવા પળે પળે કેવી યુક્તિ પ્રયુક્તિ વાપરવી પડે છે, અને એ કળાના ઉપાસકો કેવા લાગણીવાળા, શંકારાળા, અને કોઇ કોઇ વાર તો ખીજાળ સ્વભાવના પણ હોય છે, તે તેની જાણ બ્હાર નહતું. દરરોજ ચાવી દઇએ તોજ બરાબર ચાલે એવા સંચાકામથી કારીગરના મગજ બનેલ હોય છે. કોઇપણ કારીગર એવો નહિં હોય કે એક કામ પુરૂં કર્યા પછી પોતાનું સઘળું બળ એમાં ખપી ગયું

હોય એમ જેને ન લાગે. કોઇ પણ ચિતારો એવો નહિં હોય, કે પોતાનું નવું ચિત્ર કોઇને પ્હેલીવાર બતાવતી વખતે જોનારની ઝીણી નજરને અને મ્હોંના ભાવને પોતાનાં માંદાં બાળકની નાડ તપાસતા વૈદના મ્હોં સામે તાકી રહેલી વ્હાલઘેલી માતાના જેટલી આતુરતાથી નિહાળીને ન જુએ. ચિત્રકારનું હૃદય તો કોઇ બાળક જેવું છે, કે જેને કાયમ લાડથી અને પ્રેમથીજ પોષવું જોઇએ.

લલિતા આ સર્વ સારી રીતે જાણતી અને તેનું એક પણ કાર્ય એ નિયમોથી વિરૂદ્ધ ન થતું. એથી ઉલટું, પતિની આબરૂ અને પ્રસિદ્ધિ એને લીધેજ વધી હતી—બાબુની આટલી ઉન્નતી કરનાર લલિતા પોતેજ હતી. આટલું છતાં એ વિશે તેને લેશ પણ અહંકાર ન્હોતો થયો, સ્વામી આગળ એ વાત તેણે કદી પણ કહાડી ન હતી, એ વિશે સૂચનારૂપ એક શબ્દ પણ એનાં મુખથી નીકળ્યો ન હતો. લલિતા જેવી સ્ત્રી આવી બાબતોના વિચાર સ્વામીને પોતાનેજ કરવા દે છે, પણ પોતે કહી નથી બતાવતી.

બાબુનો ચિત્રકળા પરનો શોખ શામાટે ઘટતો જતો હતો, એ વિશે પ્રશ્ન કરવા લલિતાની હિમ્મત ચાલતી નહોતી. પરંતુ બાબુને એમ પૂછવાની તો એને ઘણીવાર ઇચ્છા થઇ જતી કે "તમે તો આજેજ મારી છબી પૂરી કરી આપવાનું વચન આપ્યું હતું ને? તમે મને એમ કહો છો કે હવે તો માત્ર બે ચાર કલાકનુંજ કામ છે, પણ મને તો એમ લાગે છે કે સાત આઠ કલાક કામ કર્યા વિના એ પૂરી નહિં થાય..........હવે ત્યારે તમે શું કામ કાંઇ નથી કરતા એમાં?" કલ્પનાથીજ આનું કારણ શોધવા તે બહુ મથતી, પણ તેમાંનાં દરેક એક બીજાથી ચડતાં અસંભવિત લાગતાં હતાં.

ગુણવંતરાયની બેત તેને સાંભરી આવી—"પુષ્પ પ્રેમકો હત હે, જીસે તલપતા કોય." પુષ્પને અને તલપતા પ્રેમને શું સંબંધ? લલિતા માટે રાત દિવસ જીવથી

તલપે એવું બાબુ વિના બીજું કોણ હોય ?—અને બાબુને તો એણે સર્વસ્વ અર્પણ કર્યું હતું ? પણ બાબુ ઉપર કોઇને મોહ થયો હશે ? પણ એવું કાંઇ બાબુએ કહ્યું ન હતું. "કદાચ." લલિતાએ મનમાં કહ્યું "એનાં સૌંદર્ય અને ગુણ ઉપર કોઇનો મોહ થયો હોય ! પણ તેમાંએ તેને શું છે ? અને એવાં પાપીઓનાં નામ કે વર્તન મારા આગળ કહી બતાવ્યાથી ફાયદો પણ શું ? જે પારસમણી સમ નિર્મળ અને સ્વયં પ્રતાપ છે, તેને કાજળનો ડાઘ લાગેજ ક્યાંથી ? અરે મન, એણે તારા આખા જીવનને અમૃત મય બનાવી દીધું છે. તો હવે તારે બીજી શી પરવા છે ?"

ફરી તેની દૃષ્ટિ છબી પર પડી. "હજી પૂરી ન થઇ. "તે મનમાં લવી" શું પોતાનું વચન પણ વીસરી ગયા હશે ? કેટલાક દિવસોથી એમના સ્વભાવમાં કાંઇ નવોજ ફેરફાર દેખાય છે જાણે તે કાંઇ મોટું કામ કરવામાં ગુંથાયા હેય તેમ કોઇ કોઇ વાર તો હું પૂછું તેનો જવાબેય નથી આપતા–કોઇ વાર તો વળી એકદમ ઉશ્કેરાયલા જણાય છે—ને ઘણી વાર વળી કાંઇ ઉંડા વિચારમાં નિમગ્ન થઇ ગયેલા લાગે છે." શંકાનું સમાધાન કરતાં હજાર વિચ ર તેના મનમાં ઉઠી આવ્યા અને પોત પોતાની અયોગ્યતા બતાવી શમી ગયા

ઓચિંતી તેનાથી એક ધીમી ચીસ પડાઇ ગઇ–સ્વામીના બલવંત બાહુ પાશમાં તે સપડાઇ ગઇ.

" મારી નાજુક ગૃહ લક્ષ્મી એવા તે શા ઉંડા વિચારમાં પડી ગઇ છે કે પતિના પગ રવનું પણ ધ્યાન નથી રહેતું ?" બાબુએ કહ્યું

' વિચાર તો એક તમારા " લલિતાએ હસતાં કહ્યું "અને બીજા આ મારાં પુલડાંના"

હા, આવી પહોંચ્યા છે કે આજે પણ તે ? બાબુએ પીંછીઓ હાથમાં લેતાં કહ્યું.

"હા ! પણ એ મોકલે છે કોણ ?"

"હું પણ એજ પૂછું છું. હું તો એમ માનુંછું કે કદાચ—" લલિતાએ બાબુના મ્હોં આડો હાથ દઇ દીધો.

"જુઓ દરરોજ એવી મશ્કરી કરશો તો પછી મારે તમારે નહિં બને હો! અમારી મશ્કરી દરરોજ કરો છો, તે મને લાગે છે. તમનેજ કાંઇ એવો અનુભવ થઇ ગયો હશે—હા હા એમજ—"

સ્વામીની સામે જઇ આંખમાં આંખ પરોવી તે બોલી-
"સાચું બોલોને—!"

"જો સાંભળ" બાબુએ કહ્યું "હું અહિં કામ કરવા આવ્યો છું. અને જો તું આમ નિરર્થક મને પજવીશ, તો મારાથી કાંઇ બનવાનું નથી. સમજી?"

પીંછીની કુમાસ તપાસી, પાટીઆં પર તેણે રંગ મેળવવા માંડયા.

લલિતાએ બનાવી રાખેલો મોગરાનો ગજરો લઇ છબી પાસે મૂકયો.

"મોગરાનો રંગ આ સાડીના રંગમાં કેવો ભળતો દેખાય છે? આ ફુલ પણ કેવાં મધુર છે? જુઓ તો—આ એક નાનકડું ફુલ જૂઓ—કેવાં ખીલતા વદનનું છે એ? એને તો જરૂર છબીમાં ચીતરજો, હો! પણ વાત કહું-એક કાગળ આવ્યો છે."

તેણે ટેબલ પાસે જઇ કાગળ હાથમાં લીધો ને શિરનામું મોટેથી વાંચ્યું "રા. રા, બાબુભાઇ ભાનુભાઇ પેઇન્ટર-સરકારી ચિત્રવિદ્યાલયના મહામહોપાધ્યાય" અરે વાહરે, સ્વામીનાથ તો મહામહોપાધ્યાય બન્યાને શું? હવે તો ખુદ સરકાર તમને માન આપશે, એટલે અમને ભૂલી જશો ને?"

"તારા મોંમાં સાકર જો સરકાર મને માન આપે તો, દેવી!" બાબુએ આનંદથી કહ્યું. "પણ કાગળ તો ફોડો, વાંચો જોઇએ, શું છે એમાં?"

"રાવ બહાદુર યશવંતરાય ગોડબોલ આજે તમને મળવા આવવાનું લખે છે; એક બે ચિત્રો ખરીદવાના છે."

"ત્યારે તો એ મહેરબાન જરા મોડા આવે તો ઠીક" બાબુએ કહ્યું. "વાળુ વખત પ્હેલાં આ છબી પુરી કરવાનો મારો વિચાર છે. કામ બહુ સહેલું છે. બસ બે ત્રણ કલાક મહેનત લીધી કે ખલાસ.

શંકા યુક્ત ચ્હેરે લલિતા હસી.

"ઓછામાં ઓછા સાતથી આઠ કલાક તો ખરાજ" તેણે કહ્યું.

બાબુએ મોગરાનો ગજરો બરોબર ગોઠવ્યો, રંગ મેળવી લીધા, અને કામ કરવાને સાવ તૈયાર થઇ ગયો.

"આમ આવો". તેણે લલિતાને કહ્યું "અહિં, સાવ પાસે—હું જો- આ!હું ! જ્યારે તું પાસે બેસે છે ત્યારે મારાથી એવું સરસ કામ થાય છે, વ્હાલી ! જો, પીંછી તો જાણે હળવી ફુલ થઇ દોડવા માંડી ? હાથ પણ જરા વધારે ઠરેલ જણાય છે. વાહ વાહ—સરસ કામ થાય છે હો— સુંદર—હવે બસ ચાલ્યું એ તો !"

બાબુ અત્યારે કર્તવ્યમાં લીન થઇ ગયો હતો, અને લલિતાનું મ્હોં ઉત્સાહથી તેજ મારતું હતું. આનંદથી કદાચ તે તેને ભેટી પણ પડી હત, પણ માત્ર તેનાં કામમાં વિઘ્ન પડશે એમ જાણીનેજ તેમ કરતાં અટકી થોડીક પળ મૌન રહ્યા પછી તે એકદમ બોલી ઉઠી:—

"સમજ્યા ?"

"હા—શું કહો છે ?" ચિત્ર પરથી દૃષ્ટિ ઉઠાવ્યા વિનાજ બાબુએ જવાબ આપ્યો.

"આપણું જીવન અદ્‌ભુત છે, એમ તમને નથી લાગતું ?"

"અદ્‌ભુત ? કેવી રીતે ?

" આપણે કેવાં—કેવાં સુખી છીએ ? "

" ખરૂં, પણ એને કાંઇ અદ્‌ભુત ન કહી શકાય. અણુધાર્યા સુખ દુ:ખના બનાવોથી છલોછલ ભરેલાં જીવનનેજ અદ્‌ભુત કહી શકાય. પણ સુખી માણસોનાં જીવનમાં એવા બનાવો બનવાજ અશકય છે. આપણો દિનકર આપણાં જીવનચરિત્રમાંથી એક અંકનું પણ નાટક રચી શકે એમ મને નથી લાગતું, કારણ કે એમાંથી કાંઇ વસ્તુજ મળે તેમ નથી. એક નાટક કે નવલકથાની રચનામાં તો પ્રપંચ, વિટંબણા, અવિશ્વાસ, નીતીનાં તોફાન અને એવું ઘણું ઘણું જોઈએ છીએ. કેટલાંક માણસો એવાં હોય છે કે જેને તોફાનજ ગમે. કેટલાંકને તો સમુદ્ર તોફાની હોય ત્યારેજ ગમે છે. તમને પોતાને તોફાનનો શોખ છે કે નહિં ?

" નારે મા " લલિતાએ કહ્યું." તોફાનમાં તરવાનું મારૂં ગજું નહિં ! તમારી સાથે જે જીવન હું ગાળું છું તેજ મને પ્રિય છે, અને તમારી કળા પરના મારા શોખથી એ પ્રેમબંધ દિવસે દિવસે ઘટ્ટ બનતો જાય છે. "

"વ્હાલી," લલિતાને હજી વધારે પાસે ખેંચી, પોતાનાં ઘુંટણપર લચી પડેલાં સુંદર મસ્તકપર વ્હાલથી હાથ ફેરવતાં બાબુએ કહ્યું. " તું જાણે છે ? થોડા દિવસ પછી મને પણ તારી અદેખાઇ આવશે. એટલી સરસ ઝડપથી તું ચિત્રકળામાં આગળ વધતી જાય છે."

"અરે જાઓરે તમે ! હું તમારી કળાને યોગ્ય સમજી શકવા માટેજ એ શીખું છઉં, સમજ્યાને ? તમારી બરોબર તુલના કરવી એથી વિશેષ મને કાંઇ ઈચ્છા નથી."

બાબુએ ઘડીયાળમાં જોયું, પછી રસ્તા તરફ નજર નાખી, અને જરા અસ્વસ્થ જણાયો. લલિતાએ એ જોયું.

' વ્હાલા, " તેણે કહ્યું " શું વિચાર કરો છો ? "

" તારાજ તો. વ્હાલી ! "

"ના, અત્યારે તો તમે મારા વિચાર નહોતા કરતા. મારા આગળ એવી ઠગાઇ નહિં ચાલે." તેણે લાડથી કહ્યું. "થોડા દિવસથી તમારામાં થોડાક—એક જરાકજ ફેરફાર થયેલો હોય એમ મને જણાય છે. કહો, સાચું?"

"ફેરફાર શું વળી? આવી વ્હેમી કયાંથી થઇ તું?"

"ખોટો વ્હેમ આવે એટલી બધી હું મૂર્ખ નથી કાંઇ; પણ વાત એ છે, હમણાં હમણાં તમારૂં મન કાંઇ ઉંડા વિચારમાં મગ્ન, કોઇવાર આતુર અને કોઇવાર તો ઉશ્કેરાયલું પણ જણાય છે; અને એથી પણ વિશેષ ખેદ જનક તો એજ છે કે આજે આપણી લગ્નતિથી છે એ પણ તમે ભૂલી ગયા હતા!"

બાબુ ચમકયો.

"હા–હા–હું કહું છું તે અક્ષરશઃ ખરૂં છે, મને ખાત્રી છે કે આજ સવારે એ વાત તમને ધ્યાનમાં ન હતી"

"કેટલું ખોટું! વ્હાલી એ તો મનના તરંગ માત્ર છે ત્હારા."

"ના–એમ નથી!" લલિતાએ જરા વધારે ભાર દઇ કહ્યું. "અબલાની આંખ ઠગાય છે કદી, પણ પ્રેરણા તો નથીજ ઠગાતી."

"ત્યારે આજે તો તારી પ્રેરણા ખોટી પડી છે."

"વારૂ આમ તો જુઓ" લલિતાએ નમ્રતાથી કહ્યું. "મને કહોને, તમને શું સંકટ છે? શું દુઃખ છે?"

"અરે કંઈ નથી પણ" બાબુના કપાલ પર કરચલી-ઓ વળી. "મને કામ કરવા દે હવે આવા નકામા પ્રશ્નો પૂછ માં, મને"

"બહુ સારૂ" લલિતાએ રીસથી કહ્યું.

બાબુ પાસેથી ઉભી થઇ તે થોડે દૂર ગઇ; પણ પ-તિનો ક્ષમા યાચતો, દયામણો ચ્હેરો જોઈ પાછી વળી, તેની પાસે જઇ, તેના ખભા ઉપર માથું મૂકી, રડી પડી.

પછી અશ્રુની જાળમાંથી હસતી આંખે તે બાબુની આંખ સામે જોઇ રહી અને, કહ્યું કહો, "કહો મને, તમને શું સાલે છે?"

"પ્રિયતમે, તું કેવી બાળક જેવી છો? હું ખરૂં કહું છું કે કાંઇ નથી."

"હું વધારે સમજુ છું"

"તમારે મારા પર વિશ્વાસ રાખ્યા શિવાય છૂટકો નથી" બાબુએ કુત્રિમતાને બનતા પ્રયત્નથી છૂપાવતાં, પોતાની પ્રેમભીની દૃષ્ટિથી લલિતાની અશાંતી હરી લેતાં કહ્યું "હું કહું છું તે સાચુંજ છે જો કે—"

"જો કે? શું જો કે?" લલિતાએ એકદમ કહ્યું. "જોયું? હું ખોટું કહેતી તી?—બોલોને?"

ચિત્તને આતુરતાથી અધીરૂં બનાવી દેનાર પોતાના પ્રશ્નના ઉત્તરની આશામાં તે ઉભી રહી.

"હા સાચું—લે ત્યારે બસ?" બાબુએ દૃઢતાથી કહ્યું "તારી પ્રેરણા ખરી છે. કોઇ કોઇ વખત મને એમ થઇ આવે છે કે હું તારે માટે કાંઇ નથી કરતો. મારે કાંઇક વધારે કરવું જોઇએ."

"કેવી વિચિત્ર કલ્પના આ આખી દુનિયાંમાં એક સ્ત્રી એવી નથી કે, જેનાં સુખની મને અદેખાઇ આવે કે અપેક્ષા રહે. મને આ કરતાં વધારે સુખ બીજે છેજ કયાં?"

"તમે શેને સુખ માનો છો?" બાબુએ ચિતરતાંજ કહ્યું.

લલિતાનું હૃદય ઉન્નત લાગણીઓથી ભરાઇ આવ્યું અને તેણે પ્રેમાવેશથી કહ્યું "જેના પર પોતાનો અતુલ પ્રેમ છે અને જેને માટે પોતાને અહંકાર છે, તેવા પુરૂષનો પ્રેમ અવિભક્ત પોતાનેજ મળે, સંસારની આવશ્યક વસ્તુઓ સુગમતાથી પૂરી પાડી શકાય એટલું ધન હોય, અને એક બીજાને સહાય આપી, એક બીજાની સાથે

વસી, દરેક વિઘ્નોને દૂર કરી પ્રવાહમાં આગળ વધવાનો સાથે પ્રયત્ન કરી શકીએ એટલાં સાધનો હોય એજ સ્ત્રીઓનાં સુખની સીમા છે. અને તમે શેને સુખ કહો છો ?"

"મને તો એમ લાગે છે, કે થોડાક પૈસા વધારે હોય તો વધારે સારૂં" બાબુએ જરા હસીને કહ્યું.

"હું સમજી." બોલતાં બોલતાં લલિતાનું મ્હોં પડી ગયું "આ સરલ અને શાંત જીવનનો હવે તમને કંટાળો આવ્યો છે, ખરૂં ? જોજો, વ્હાલા, એટલું ધ્યાનમાં રાખજો હો કે દુનિયાંના કોલાહલથી સુખશાંતિ દૂર ન્હાસે છે. ઝાંહડાંની ઘટામાં છુપાયેલાં પંખીના માળા જેવાં વૃક્ષોના ઝુંડ પાછળ છુપાયેલાં એકાંત ઘરમાં જે આનંદ છે, તે બીજે નથી, હો !"

"પણ આપણે દુનિયામાં પણ રહેવાની જરૂર છે, વ્હાલી !"

"તમારા બોલવાનો ભાવાર્થ મારાથી સમજાતો નથી" લલિતાએ કહ્યું "હું તો એક અબળા છું. હું જાણું છું કે બહુજ પ્રેમાળ પતિને પણ પ્રીતીમાત્રમાં સંતોષ નથી. સ્ત્રીનું તો જીવનજ પ્રેમને આધારે છે, ને પ્રેમ માટે તે પ્રાણ પણ આપે છે. એટલોજ ફેર છે. હવે કહો જોઉં, તમારૂં સુખ શેમાં છે ?"

"તારા જેવી વ્હાલી સુંદર પ્રભાવતી પત્ની હોય, તેમાં એવી પત્નીને પુલપાનમાં રાખી શકું એવી સારી સ્થિતિ હોય તેમાં-હા-લલિતા-બાપાનો તિરસ્કાર તને નથી સાંભરતો ? એમનાં કાતિલ વચનબાણ તું વિસરી ગઇ છો ?

"હું ભૂલી નથી, મારા પ્રાણ, જે વાત રાત દિવસ તમને સાલે છે, જે વાતનાં સ્મરણ માત્રથી તમારૂં લોહી બળી જાય છે. તે હું કેમ ભૂલું ? પણ એટલું તો ખરૂંજ છે કે માબાપને છોકરો કળાકુશળ થાય તે કરતાં કમાઉ થાય એ વધારે ગમે છે; અને કજામાં પૈસા કયાં છે ?

વળી કળા સંપાદન કરવી એ શું નાની સુની વાત છે? હજારો માણસો ચિત્રકામનો ધંધો લઇ બેસે છે, પણ તેનાં શિખરપર ચડનાર તો વિરલાજ હોય છે. હજારો માણસો પોતાને કવિ ગણાવા મથે છે, પણ તેમાં સાચા અને ઉત્કૃષ્ટ કવિઓ તો ગણ્યા ગાંઠયાજ નીકળશે. ગવૈયા જુઓ તો તેમાં પણ બીજું શું દેખાય છે? આમ છે તો પછી એક બાપ પોતાના છોકરાને એવી કળાને ધંધા તરીકે સ્વીકારવાની ના પાડે તે સ્વાભાવિકજ છે, નહિં વ્હાલા? હા-એણે જરા વધારે સખતાઇ વાપરી હતી એ વાત કબુલ. પણ એ આપણા સ્વાર્થ માટે હતી ને?"

"લલિતા." "ભીખ માગીશ તોય પૂરૂં નહિ થાય," એ વચન તો મને શલ્ય પ્રમાણે ખૂંચે છે. કયારે હું એમને બતાવી આપું કે એમની ધારણા ખોટી હતી. એ વિચારે રાત દિવસ ઉંઘ પણ નથી આવતી."

"મારા વ્હાલા. હવે તો એમની ધારણા ખોટી પડી છે, ને તમારૂં પણ રહ્યું છે—હવે નાહક હાય વરાલ શા માટે રાખવી? હવે તો ગામે ગામ તમારૂં નામ વખણાય છે, અને ગરીબાઇનું સ્વપ્ન તો ઉડી ગયું છે—"

"હુજી થોડા કાલ પ્હેલાંનીજ આપણી ગરીબાઈ તું ભૂલી ગઇ? એ કંગાલ હાલતમાં પિતાનાં વચન સંભારી હું ચામડી દાઝે એવાં આંસુ પાડતો તે તને કયાંથી જાણ હોય? અને હજી આજે પણ આપણી સ્થિતિ એટલી બધી શું સારી છે?"

"શું ખરાબ છે?" લલિતાનો ચ્હેરો ગર્વના તેજથી દીપી ઉઠયો. "આપણો ધંધો ઉત્તમ અને વળી નિર્દોષ છે. આપણાં સુખ ખાતર બીજાં ગરીબ બિચારાં મજુર લોકોને તન તોડી કામ નથી કરવું પડતું. આપણી બધી આવક આપ મહેનતની છે. તેમ આપણું કોઈ ધણી નથી. જીવન રમણીય છે. તમારી કીર્તિ દિન પ્રતિદિન વધતીજ

જાય છે. સહુ તમને માન આપે છે. લોકો તમારાં વખાણ કરે છે. ઉત્તમ ચિત્રકારો તમને અભિનંદન આપે છે, મુંબઇના મોટામાં મોટા માણસો તમારા મિત્ર છે. રાજાને પણ અદેખાઇ આવે એવું સુખ આપણું છે, વ્હાલા !"

લલિતા ઉત્સાહથી ઉશ્કેરાઇ ગઇ હતી અને એનાં મ્હોં સામે જોઇ રહેલા બાબુનામાં પણ એનાં વચનોએ આનંદ પ્રેર્યો હતો.

"તું ખરૂં કહે છે" બાબુએ કહ્યું "અને મારી સ્થિતિ માટે તો મને લેશ માત્ર પણ અસંતોષ નથી. વળી ભવિષ્યમાં સુખ મળશે એમ મને દૃઢ શ્રદ્ધા છે. પણ વ્હાલી, તારા વિચારો મને છોડતા નથી."

"મારા વિચાર ?" લલિતાએ કહ્યું "શું હું તમાર સુખની, તમારી કીર્તિની, તમારાં જીવનની ભાગીદાર નથી ? એથી વિશેષ બીજી શી ઇચ્છા હોય મારે ? ધારો કે સારા સંજોગે દશેક વર્ષ પછી તમને નગર શેઠનો ઇલ્કાબ મળે તો પછી હું એ લોકોમાં શેઠાણી તરીકે માન પામીશને !" છેલ્લું વાકય બોલતાં લલિતાએ એવો ભાવ બતાવ્યો કે બન્ને સાથે હસી પડયાં.

થોડી વાર પછી બાબુએ કહ્યું "તારાં પીયરના જેવાં વિશાળ સુંદર અને ભવ્ય ગૃહમંદિરની તું માલેક થા—લક્ષ્મી થા એ જોવા હું તલપું છું."

"મા—રે ! આ આપણા નાનકડાં ઘરને હું વ્યવસ્થામાં રાખુ છું તે બહુ છે મારે ! વળી મારાં પીયરનું એ ભવ્ય મનોહર મકાન હવે કયાં છે ! મારી માના મૃત્યુ પછી મારા બાપે સટ્ટાનો વેપાર કર્યો ને એક દમડી પાછળ ન રહી. લ્હેણીયાતનાં લ્હેણાં ચુકવવા બધો માલ લીલામમાં આપી દીધો. હું એની સગી દીકરી—મારાથી પણ એને શું મદદ થઇ શકી ? એના જેવો અંત આવે તે કરતાં આપણે જેવાં છીએ તેવાં ભલાં"

"ચાર ઘોડાની રબ્બરટાયરમાં બેસાડી આ મારાં

નાજુક પુલને ચોપાટીપર ફરવા તેડી જાઉં ત્યારે મને ગમે" બાબુએ બોલતાં લલિતાનાં મ્હોં પર હાથ ફેરવ્યો.

"ચાર ઘોડાની ગાડી કરતાં એક ઘોડાની વીકટોરીયા કાંઇ ઓછું કામ નથી સારતી, અને છતાં, ખર્ચ ઘણું ઓછું થાય છે. ને વળી ઘોડાની અને ઘોડાવાળાની પંચાતજ નહિં."

"તારા કમલનાળશા કોમળ કંઠમાં બે મુલાં મોતીની માળા હોય, તારી નાજુક આંગળીમાં મૂલ્યવાન હીરાની વીંટી હોય તો તારૂં દિવ્ય સ્વરૂપ કેવું ઝળકી રહે."

લલિતાનું મ્હોં ગંભીર—ઉદાસ થઇ ગયું.

"વ્હાલારે, તમારા બળવાન બાહુ પાશ વિના બીજી કોઈ માળા મારા ગળામાં નાખવાની મને ઇચ્છાજ નથી. મારી આંગળી ઉપર ?—વીંટી ! આ તમારીજ કમાઇમાંથી ઘડાવી આપેલી પ્રીતિના નમુના રૂપ નાજુક વીંટી જોઇ ?–"

"એક દશ રૂપૈડીની વીંટી !" બાબુએ તિરસ્કારથી કહ્યું "તારા જેવી સુંદરીની આંગળીપર એવી વીંટી જોતાં મને તો હવે શરમ આવે છે."

"એની કિમ્મત શું દસ રૂપીયા છે ? એની કિમ્મત શું રૂપીયાથી અંકાય એમ છે ? મારા વ્હાલા—એની તો કિમ્મતજ નથી—એ વીંટી અમૂલ્ય છે. તમને સાંભરે છે ?–અરે હું તો ભૂલી નથી ગઇ હો, કે કેટલાં અઠવાડીયાંઓ સુધી તમે દર રવીવારે અરધો અરધો રૂપીઓ એક પેટીમાં સાચવી મુકતા. તમારા ખરા પરસેવાથી મળેલા-જીવથી જતન કરી જાળવેલા એ રૂપીયાથી જે વીંટી ઘડાવી તમે મને મારી વર્ષગાંઠને દિવસે પ્હેરાવી તેનાથી વધારે મૂલ્યવાન વીંટી બીજી કઇ હોય ? ખરૂં છે કે માત્ર દસજ રૂપીયામાં એ આવી છે, પણ ઓ પ્રિયતમ, કોઇ મને કોહીનૂરની વીંટી બનાવી આપે, તો તેને બદલે પણ હું આ તો નહિં આપું !" બોલતાં બોલતાં પ્રેમાવેશથી તેણે એ નાજુક વીંટીપર એક ચુંબન લીધું-પછી ફરી બોલી "મારી

દૃષ્ટિમાં તો રત્નની કિમ્મત તેનાં પોતાનાં મૂલ્યમાં નથી, પણ તે આપનારના પ્રેમનાં મૂલ્યમાં છે; અને એવાં મૂલ્યમાં તો આ વીંટીની બરોબરી કરે એવું એક પણ રત્ન આ આખી દુનિયામાં નથી."

બાબુનું હૃદય પીગળી ગયું–તેનો ગર્વ ગળી ગયો. તેણે લલિતાના કપોલપર એક મૃદુ ચુંબન લીધું, અને ફરી ચિત્રકામમાં જોડાયો. લલિતાને હવે પોતાની જીત જણાઇ, અને ફરી બોલવા માંડી—

"રે વ્હાલા, લખપતિનેયે એક સુખની ઓછ રહી જાય છે, એ તમે જાણો છો ? ગરીબાઇનાં સુખની મીઠાશ તેઓને સ્વપ્ને પણ મળતી નથી. એ લોકોને ભેટ આપવામાં આત્મભોગ લેશ પણ નથી દેવો પડતો. પૈસાના માલેક એ લોકો નથી—પણ એમના માલેક પૈસા છે. કોઇ પણ પોતાને પોતાની જાત માટે ચાહે છે એમ જાણી શકવાનું તો એમના ભાગ્યમાંજ નથી હોતું. લખપતિની સ્થિતિનાં દશ વર્ષ સાટે હું મારી આ સ્થિતિનું એક વર્ષ પણ આપું નહિં હો ! અરે, બિચારાઓને પોતે સારી દાનતના છે એમ બતાવી આપવાની તો તકજ નથી મળતી. એક દિવસ કદાચ હું પૈસાદાર થઇશ એવા વિચારથીજ મને તો ધ્રુજારી છુટે છે."

"વારૂ–પણ મને લાગે છે કે આપણને તો એવું કાંઇ થાય નહિં. વ્હાલી, તત્વવેત્તાઓ એમ કહી ગયા છે કે પૈસામાં સુખ નથી; પણ બુદ્ધિમાન પુરૂષો છેવટ એમ નક્કી કરી ગયા છે કે પૈસા વિના સુખ નથી. હું કાંઇ પૈસો મેળવીને સંઘરવા માગતો નથી. રૂપીયો ગોળ છે, તેને દોડાવી શકાય છે, અને મારે તો એને દોડાવવો છે–મારે તો મોજ શોખની લ્હાણ લેવી છે."

"નહિં, વ્હાલા !" લલિતાએ પતિને એવા વિચાર માટે ઠપકો આપતી હોય તેવી કરૂણાર્દ્ર આંખે કહ્યું–રૂપીયો તો ચપટો છે, ને એને તો સ્થિરજ રાખવાનો હોય છે એ તમે ભૂલી

ન જાઓ. અને બીજું વળી–આ વર્ષમાં તમે બે હજાર રૂપીયા કમાય; અને તેમાંથી લગભગ અરધો અરધ તો આપણે બચાવી શકયાં છીએ એ તમે જાણો છો ? જુઓ, હું પણ તમને કંઇક તો કામની છું–હો !”

“હા–તું બહુ હુશીયાર છો હો !” બાબુએ જરા ઉદાસીનતાથી કહ્યું લલિતાને લાગી આવ્યું. તેણે કહ્યું—

“હું હુશીયાર છું ? કદાચ તમે મને લુચ્ચી પણ કહેશો. હોય ! પણ હું તો સાચુ કહું છું. હું હમણાં સુખી છું એ ખરૂ, પણ જયારે આપણે ગરીબ હતાં અને એક બીજાંને મદદ અને ઉત્સાહ આપી કામ કરતાં ત્યારે હું આથી વધારે સુખી ન્હોતી એમ નથી માનવાનું હો ! ગરીબાઇનો ત્રાસ તો મને થયોજ નથી. એથી ઉલટું તમારા પડખામાં રહેતાં મને તો એ મીઠી લાગી છે, મને એનાપર પ્રેમ પણ થયો છે મારા જીવનના સુખીમાં સુખી દિવસો ગરીબાઇનાજ હતા. તમને સાંભરે છે, આપણે વરસમાં માંડ એકવાર અજાણ્યાં અજાણ્યા ઉપલી ગેલેરીમાં બેસીને નાટક જોવા જતાં ત્યારે એમાં આપણને કેટલો રસ પડતો ? એમાં મજા ન પડતી ? અને હવે—ઓરચેસ્ટ્રામાં બેસીએ છીએ તોય કેવાં બગાસાં આવે છે !”

“હા” બાબુએ કહ્યું “અને ગેલેરીની બે ટીકીટ લેવા સારૂ આપણે જરા ખાવામાં પણ કેવી કરકસર કરતાં !”

“અને એટલા માટેજ આપણને એમાં એટલો રસ પડતો. એ દિવસોમાં આપણી હોજરીમાં હદ ઉપરાંત ભાર થતોજ નહિં.”

“ખરૂં કહ્યું.”

“હદ ઉપરાંત ખાધા પછી એવી બુદ્ધિપૂર્ણ વસ્તુ તમને જોવી પણ ન ગમે અને તેમાં તમને ટેસ્ટ પણ ન આવે. એવું ખાધું હોય ત્યારે તો માત્ર નાચરંગ કે સંગીતમાંજ આનંદ પડે, અને તેમાંજ હવે એવા ધંધાની ફતેહ થતી જાય છે. અરે કેટલાક મોટા મોટા શેઠીઆઓ

ઓરચેષ્ટ્રામાં બેઠા બેઠા આળસુની પેઠે આંખો ફાડી આમ ડોળા કાઢી નાટક જુએ તે કેવો હાસ્ય જનક દેખાવ થાય છે !" લલિતા હસી પડી.—

"ખરૂં. વન્સમોર અને તાલીઓના અવાજ ઘણું ખરૂં પાછલા વર્ગોમાંથીજ આવે છે"

"અને સાંભરે છે ? આપણાં લગ્ન પછી ત્રીજે વરસે જ્યારે હું આણું વળીને તમારી સાથે મુંબઇમાં આવી ત્યારે અંબામા પણ દેશમાં ગયાં હતાં, ને પછી હું કેવું રાંધતી, અને તમને એમાં કેવી મીઠાશ લાગતી ! સાચું બોલજો, એમાં વધારે સ્વાદ આવતો કે નહિં ?"

"અલબત આવતોજ, કારણ એ તારા હાથથી બનેલ હતું અને કોઇ કોઈ વાર હું બટેટાંની છાલ ઉખેડાવતો—

"એતો વાત જાણે રહેવાજ દ્યો. અરધો અરધ તો તમે બગાડી નાખતા પણ મજા કેવી પડતી ! આખો દિવસ આપણે હસી હસીને ઘર ગજાવી મૂકતાં; ને એટલા બધાં આનંદમાં રહેતાં કે છોકરીનું લોહી મહીના દિવસમાં તો છ શેર ચડી ગયું હતું ં"

"અને ઘણીવાર તું રાંધતી ત્યારે હું કેવો તારી પાસે બેસી વાતો કરાવતો !" બાબુને હવે પૂર્વનાં કેલીસ્મરણમાં રસ વધવા માંડયો.

"અને એ વખતે તમારા મોંમાં પાણી કેવું છુટતું !"

"અને કોટ સાફ કરવામાં મને કંટાળો આવતો ખરૂ ?"

"હા અને તોય તમે એને કેવો સાફ અને ચલકતો રાખતા !"

"હું એમ કંઇક તો કામ કરતો એ સંભારીને હું સંતોષ પામુંછું"

"એ દિવસો—વ્હાલા, એ દિવસો તો મારા જીવનના મીઠામાં મીઠા દિવસો હતા"

"અને સાદાં કપડામાંથી તારૂં આ વ્હાલું મુખ કેવું હસી રહેતું ! ભૂરાં છાયલમાં તારૂં ગૌર શરીર કેવું સુંદર દેખાતું !"

"અને રસોડામાં આવીને તમે કેવાં તોફાન કરતા એ સાંભરે છે ?"

"હું તે દિવસ જરા તોફાની હતો એતો ખરૂં !"

"ઓ પ્રિયતમ !" લલિતાએ હર્ષ અને ખેદથી ઉદ્‌ગાર કહાડયો "હવે એવાં તોફાન તમે કયારેય નહિં કરો—હવે એવો આનંદનો અવસર ફરી નહિં આવે ! મારા વ્હાલા, જેમ પૈસો વધારે તેમ જીવનમાં શુષ્કતા પણ વધારે હોય છે. જયારે સુખ આપણા હાથમાંજ હોય છે ત્યારે આપણે તેને મેલવવા કોઇ ડુંગરનાં શીખર સામે જોઇ રહીએ છીએ. કહે છે કે સ્વર્ગ મેલવવું તો સાવ સોંઘું છે પણ જેને માટે આપણે અનગલ ધન ખરચીએ છીએ તે તો નર્ક છે ! એ ખરૂં છે. અત્યારે આપણી પાસે પૂરતો પૈસો છે. કદાચ આ તમારા વિચારોને પરિણામે આપણે ધનવાન થઇશું તો જેમ કોઇ સંગીતના પાછળ રહેલા ભણકારાથી માણસ ખુશી થાય છે, તેમ હુંયે મારા ગરીબાઇના સુખી દિવસોનાં સ્મરણથીજ સંતોષ માનીશ. એ આનંદ કેલી સંભારીનેજ મારૂં મન મનાવીશ. એની વાતો કરતાં તો હું થાકુંજ નહીં. હવે વાત કહું તમને ખરાં જીવનનો સૌથી રમણીય દિવસ સાંભરેછે ?"

"આપણા ખીસામાં દસ રૂપીયા લઇને આપણે કાર્નોલા-કેઞ્જ જોવા ગયાં હતાં—તે ?"

"જુઓ, એમ એકદમ કાં કહી નાંખો ? અને દસ રૂપીયા લઇ ગયાં હતાં તોય આપણે જોવામાં કાંઇ બાકી રાખ્યું હતું ? અને પછી પાછાં ઘેર આવ્યાં–"

"ત્યારે ગાડીવાળાને છ આના આપવા આપણે અંબા-મા પાસેથી ઉછીના લેવા પડયા હતા–"

"બરોબર" લલિતા આનંદથી તાળીઓ પાડી બોલી ઉઠી "કેવું ફારસ !—કેવી મજા પડતી ! હવે આપણી આ ઉષાનો વિચાર કરો—એને હમણાં તમે મેળામાંથી જે મોટી ને સુંદર પૂતળી અપાવી છે તેની તો સામુંય એ

નથી જોતી. પણ એ બે વરસની હતી ત્યારે મેં એને જે ચીથરાંની પુતળી શીવી આપી હતી. એની સાથેજ એ આખો દિવસ રમ્યા કરે છે! હવે કહો જોઇએ, આવી સરસ પુતળીઓ મૂકી એને એવી પુતળાએ રમતું કેમ ગમતું હશે?

"કારણ કે એને ગમે એટલી ચુંથી નાખે કે ખરાબ કરી નાખે તોય એને કોઇ વઢે એમ નથી, માટે"

"વાતજ ખોટી; પણ એ પૂતળી તો એના સુખીમાં સુખી અને ગમ્મતી દિવસોનું સંભારણું છે, માટે એ પણ એક ગરીબાઇનીજ મીઠાશ છે, જે કદી પણ ભુલાશે નહિં. કદાચ જે કદી પણ ફરી ભોગવાશે પણ નહિં!"

"પ્રભુ કરે ને એમજ થાય!"

"ઓ વ્હાલા, એમ ન કરો—કહોકે તમે હવે સુખી છો—કહોકે તમારાં જીવનનો મુખ્ય પુરૂષાર્થ પૈસા મેળવવામાં નહિં, પણ તમારૂં કામ-તમારી કળા ખીલવવામાં ગણશો."

"એમજ, પ્રિયે. પણ એટલું તો ખરૂંજ છે કે મારી ગરીબાઇનો વખત સંભારતાં મને સંતોષ એટલોજ થાય છે,—"

"કે—?"

"કે હવે હું ગરીબ નથી."

"વારે તમારી લુચ્ચાઇ!"

લલિતા કેટલીક પળ સુધી જોઇ રહી.

"ઓ પિયુ," તેણે આવેશથી કહ્યું

"કહો—કહો મને કે તમે તો મારી મશ્કરી કરો છો! કહો મને કે તમે માત્ર મને ખીજવો છો--બાકી કાંઈ સાચું નથી!"

"હા-હા--હું તને ચ્હીડવું છું!" બાબુએ બેદરકારીથી કહ્યું "હવે મારાં માનવંતાં મહારાણી, મહેરબાની કરીને

વાત બંધ કરો તો મારાથી કંઇક કામ થાય! નહિં તો આ છબી આમતો દસ કલાકેય પૂરી નહિં થાય"

બાબુએ ઘડીયાળમાં જોયું. સ્ટેન્ડર્ડ અઢી થયા હતા. ચિત્રશાળાનું બારણું ખખડયું. બાબુ કંપી ઉઠયો. "કદાચ ગુણવંત આવ્યો હશે—" તેણે મનમાં કહ્યું.

"પેલો મૂર્ખ યશવંતરાવ ગોડબોલે ત્રાસ આપવા ન આવ્યો હોય તો સારૂં!"

દિનકર, જેને આ ઘરમાં સદાય આવકાર મળતો, તેણે ચિત્રશાળામાં પ્રવેશ કર્યો

"ઓહો! કોણ દિનકર!" બાબુએ મિત્રને આવકાર આપી બેસાડયો.

"કેમ ભાઇ, હવે છબી કયારે પૂરી થવાની છે?" દિનકરે પ્રશ્ન કર્યો.

"અરે દોસ્ત, મને તો લાગે છે કે મારે ઘરથી એક ગાઉ ઉપર ઓરડી રાખી ચીતરવા જવું પડશે, એટલે પછી તારાં ભાભી મને વાતો કરાવા ન આવી શકે. આમ તો જો—આ બે કલાકથી હું છબી આગળ બેઠો છું, પણ અરધા કલાક જેટલુંય કામ નથી કરી શકયો!"

બોલતાં બોલતાં બાબુએ લલિતાના શરમથી હસતા ચ્હેરા તરફ જોયું. "જો, મારૂં કામ ન કરવા દીધું. ને હવે એ હસે છે!—" પછી લલિતાને ઉદ્દેશી કહ્યું "હવે આપણે ન્હાનો વખત થઇ ગયો છે, હું ધારૂં છું—?"

લલિતા એકદમ અંદર દોડી ગઇ, અને થોડા વખતમાંજ બે મિત્રો પણ તેની પાછળ ગયા.

નાટકકાર અને ચિત્રકાર.

દિનકરની ઉમ્મર હજી કંઇ એટલી બધી મોટી નહતી. પણ એટલી ઉછરતી વયમાંજ એણે એક નાટકકાર તરીકે

સારી નામના મેળવી હતી. તત્વવેત્તા જેટલું તેનામાં જ્ઞાન હતું. ભલા ભલાને નમાવી દે એવી તેનામાં બુદ્ધિ હતી. પણ કોઇની ટિકા કરતી વખતે તે સદા દયા અને નમ્રતાજ વાપરતો. મનુષ્ય સ્વભાવની દરેક ખોડખાંપણુ તે સારી પેઠે જાણુતો, અને તેથી જીવનને તે એ નાટક અને તેમાં પણુ એક ફારસ પેઠે જોતો. જગતમાં તેને ઘણું નવું જોવાનું મળતું, અને કંઈક પ્રકારનાં પાત્રો તે એમાંથી ગોઠવી કહાડતો. શરીરે તે સુખી હતો, મ્હોંએ તો સદાય મલકયાજ કરતો, અને જ્યાં જતો ત્યાં આનંદ ફેલાવતો. દેખાવમાં ફાંકડો હતો, રંગે ગોરો હતો, અને સ્વભાવે ચપળ હતો. ઘણાં માણુસો તેને પરણવા શિખામણુ આપતાં પણુ સહુને તે એટલોજ જવાબ દેતો કે "માફ કરો. દુનિયાંને દૂરથી જોવાથી ઘણું શીખાય છે. મને દૂરથીજ અવલોકન કરવા દો."

બાબુની પડોશનાજ એક સુંદર અને દેખાવડાં મકાનમાં તે રહેતો હતો. ઘરમાં ગૃહિણી નહોતી છતાં વ્યવસ્થા એટલી સરસ રાખતો કે જુવાનીયા વર્ગમાં એવો ખરાબ દાખલો બેસાડવા માટે ઘણી સ્ત્રીઓ એની ઉપર બહુ રીસે ભરાતી. પણુ બિચારીને કોઇ પૂછે કે "દિનકરભાઇ પરણુતા કેમ નથી?" તો તેને નિસાસો નાખી એટલુંજ કહેવાનું મળતું કે "હા! મરજી નહિં હોય, બાઇ શું કરીએ?"

પોતાના મળતીયા સ્વભાવથી, ખુલ્લાં દિલથી, અને સત્યનિષ્ઠાને લીધે તે જનસમાજનો મિત્ર બન્યો હતો. તેની ચપળતાને લીધે સ્ત્રીઓમાં પણુ તે જાણીતો થયો હતો. સર્વ સ્થળે તેને ખુલ્લાં દિલથી આવકાર મળતો હતો, અને ધાર્યું કામ સાધી શકે એટલી એને ઓળખાણુ હતી. છતાં પણ તે સખત મહેનત કરતો, ભટકવામાં બહુજ થોડો વખત ગાળતો, અને સલામ વહેવાર સહુ સાથે રાખતો પણુ ખરી લાગણી તો બાબુ જેવા થોડાક પરજ રાખતો.

લલિતા ચ્હા બહુ સારો બનાવતી, અને દિનકરને તે બહુ ભાવતી. આજે તો વળી તેમાં સાથે થોડાક નાસ્તો પણ હતો એટલે ત્રણેને ખૂબ મજા પડી.

“ભાઇ, એક જરાક મોડો થયો” બાબુએ ચ્હાની રકાબીમાંથી ઘુંટડો પી જીભને છૂટી કરી “એકજરાક વ્હેલો આવ્યો હત તો તારાં ભાભીનું ભાષણ સાંભળીને તું તો દિંગમૂઢજ બની જાત. શું એનો પૈસા પ્રત્યેનો ધિક્કાર! અને શું એની કળા પરની પ્રીતિ! એનો તો મત એવો છે કે કળામાં આગળ વધીએ એજ કળાનો બદલો છે.”

“ભાઇ સાહેબ માફ કરજો, પણ સોએ નવાણું ટકા એમજ થાય છે.” દિનકરે કહ્યું. “કળાનો બદલો પૈસામાં બહુ થોડાનેજ મળે છે. એટલે પછી મારાં ભાભીના મત પ્રમાણે ચાલી સંતોષ માની લેવો એ બહુ સારૂં છે,–શું?

બાબુ થોડી વાર વિચારમગ્ન રહ્યો. પછી સાંભર્યું હોય તેમ કહ્યું “અરે હા! આજે પેલો અક્કલનો ઓથમીર યશવંતરાવ આવવાનો છે.”

“વાહ વાહ! બહુ સરસ એતો! ચિત્રો ખરીદવામાં એ ખોબેને ખોબે રૂપીયા ફેંકી દે છે.”

“હા-હોય ગમે તેવાં પણ ડઝનથી ઓછાં તો લેવાયજ નહિં એનાથી! કેવું પોઝીશન? હાઃ હાઃ!” બધાં હસી પડયાં.

“એ માણુસ એવો છે ખરો કે બે ઘડી પાસે બેઠા હઇએ, તો ત્રાસથી મગજ બ્હેર મારી જાય. પણ એના પૈસા મીઠા લાગે છે ખરૂં?” દિનકરે પૂછયું.

“ખરી વાત છે.”

“વારૂ તમારૂં કામ હવે કેવું ચાલે છે?”

“આની છબી હવે થોડાક વખતમાંજ પૂરી થશે.”

“અને પછી એનું નામ શું રાખશો?”

“મોગરાનો ગજરો રાખીએ તો?”

"વાહ, બહુ સરસ! મારાં નવાં નાટક માટે મારે પણ કંઇ એવું નામ શોધી કહાડવું છે."

"અરે હા! તારૂં નાટક હવે પૂરૂં થયું કે નહિ? કેટલુંક લખાયું?"

"અરે એ તો ક્યારનું લખાઇ રહ્યું છે. આજે સાંજે મારે એ નાટકશાળામાં બતાવવા જવાનું છે."

"લખાયું છે તો ઠીકને?"

"જેનામાં કળા છે તેને તો પોતાનું કામ સંતોષકારક લાગતુંજ નથી. પણ એક વાત ઠીક છે કે આપણે તો એક નાટક લખી લીધું કે બીજું લખવાશિવાય કંઇ વિચારજ નથી કરતા?"

"પણ તને એ બાબતનો અનુભવ ઘણો છે ખરૂં?"

"હા મેં પહેલું નાટક લખ્યું ત્યારે હુ કેવડો હતો એ ખબર છે?" તેણે પોતાની ચપળતા ભરી આંખો લલિતા તરફ ફેરવી કહ્યું. કેવડો હદ્દશ, કહો જોઇએ."

"પચીસ વર્ષના" લલિતાએ કહ્યું

"નહિંજી માત્ર સત્તર વર્ષનો.

"હેં! સત્તરજ વર્ષના?" લલિતાએ આશ્ચર્યથી પૂછયુ.

"હા–અને શું નાટક હતું! એ તો સંસારી હતું અને વળી ચમત્કારીક પણ હતું. અને ભયંકર તો એટલું બધું હતું કે ત્રાસથી તમારૂં લોહી ઠરી જાય. એમાં મેં પાપ, પ્રપંચ અને અસત્યના પાસા થોડીવાર સવળા પડતા બતાવી પછી પરિણામે એનાં કેવાં કડવાં ફળ મળે છે એ ચિતર્યું હતું. અને—"

"અને પછી એ બહાર પડ્યું હતું?" લલિતાએ વચમાંજ પૂછયું.

"વંચાવ્યું હતું" દિનકરે કહ્યું "નાટક કંપનીના માલેકે મને એ કળામાં ઉત્સાહ આપવા એક કાગળ

લખ્યો હતો. તેણે લખ્યું હતું કે તમને રંગભૂમિ વિશે કંઇ પણ માહિતી ન હોય તેમ જણાય છે. છતાં લેખ બહુ સારો છે અને તેમાંપણ કેટલાક પ્રસંગો બહુ અસરકારક ગોઠવેલા છે. પરંતુ ભયંકર અને ત્રાસજનક પ્રસંગો એક પછી એક એવા આવે છે કે જોનારા એક ઘડી પણ સ્વસ્થ ન રહી શકે, અને તેમની આંખનાં આંસુના સૂકાયજ નહિં અને છેવટમાં તેણે થોડીક શીખામણ આપી હતી કે સ્વતંત્ર વિચારને અનુસરીને નાટકનાઅંતમાં બધાં પાત્રોને મારી નાખવા કરતાં, છેવટમાં સહુને આનંદ થાય એમ રાખ્યું હોય તો લોકોને પ્રિય લાગશે."

"વાત સાચી છે!" બાબુએ હસતાં કહ્યું.

"પછી તો કામ વધ્યું' દિનકરે વાત આગળ ચલાવી "થોડા દિવસ પછી નાટકના લેખકોએ નિજબાની કરી હતી, તેમાં મને પણ બધા મોટા મોટા કવિઓ અને માલેકોની સાથે નિમંત્રણ કરવામાં આવ્યું હતું!"

"ત્યારે તો તમે ફુલીને ઢોલ થયા હશો!" લલિતાએ હસતાં હસતાં કહ્યું.

"એમાં શું શક?"

"એ તો ઠીક પણ હવે આ તમારાં નવાં નાટકની તો વાત કરો!" બાબુએ કહ્યું.

"જો ભઇ, મને તો એમ લાગે છે કે એ સારૂં કહેવાશે. પણ મુંબઇના લોકને શું ગમશે એ કહી શકાય નહિં! જુઓ, ભાષણ સરસ છે, પાત્રો મજાનાં છે, પ્રસંગો બિભત્સ નહિં છતાં અસરકારક છે, અને વિચારો પણ નવા છે કહો એથી વધારે શું જોઇએ?'

"શાબાશ! અને—વસ્તુ પણ નવું હશે?"

"સાવ નવું. આપણે એ પુરાણ પુરાણનાં થોથાં ઉખેળતા નથી, ને ઇતિહાસની આરસીમાં જોતા નથી."

"પોતાની કલ્પનાનાં ચિત્રને સજીવ ભજવાતુ જોવામાં આનંદ પડતો હશે, નહિં ?" લલિતાએ ઉત્સાહથી પૂછ્યું.

"હા, બે ચાર મહિના સૂધી—જ્યાં સૂધી એ નવું લાગે ત્યાં સૂધી મોહ રહે. ચિત્રકારની કલ્પના તો વર્ષો સૂધી મોહક રહે છે, વર્ષો સૂધી એની કિમ્મત એવીજ રહે છે."

"એ વાત સાચી" લલિતાએ ત્રાંસી દૃષ્ટિથી બાબુનો ભાવ જોવા પ્રયત્ન કર્યો.

"કાલીદાસ અને ભવભૂતિનાં નાટકોનાં ભાષાંતર હજી એવા ને એવા રસથી ભજવાય છે અને લોકોને પસંદ પણ પડે છે!" બાબુએ કહ્યુ.

"એનું કારણ છે—એ બન્નેએ મનુષ્યના જેવા ભાવ ચીતર્યા છે તેવાજ ભાવ હાલના જમાનાનાં માણસોના પણ હોય છે. એની તો વાતજ જવા દ્યો-એનામાં તો દૈવી પ્રેરણા હતી. પણ સામા પક્ષનો વિચાર કરીએ તો બહુજ જુના વખતના કેટલાક ચિત્રકારો અને શિલ્પશાસ્ત્રીઓની કૃતિઓ હજી એવીને એવી વખણાય છે!"

વાતનું આ પ્રકારનું વલણ જોઇ લલિતા બહુ ખુશી થઇ હતી. તેને એમ લાગતું હતું કે બાબુને હવે પોતાની કળા માટે જરા પણ માન નહોતું રહ્યું અને એ તેજથી ફરી પતિનાં હૃદયને પ્રકાશિત કરવા એ પ્રયત્ન કર્યાજ કરતી હતી એટલે, દિનકરને એવી વાતમાં ઉત્તેજન આપતી હોય તેમ તેણે કહ્યું.—

"તમે ખરૂં કહો છો. સૃષ્ટિનાં સૌંદર્યને પૂર્ણ રીતે બતાવી શકે એવી તો એક માત્ર ચિત્રકળાજ છે."

"હા, અને તેમાં પણ મારા ભાઇની કળા સર્વોત્તમ છે" લલિતાનાં ઉત્તેજીત વાકયોનો ભાવાર્થ જાણે કેમ સમજી ગયો હોય તેમ દિનકરે કહ્યું, "દોસ્ત તુ કુદરતનાંજ ચિત્ર કહાડે છે, અને બીજા ચિતારાઓની માફક નગ્ન છબીઓ નથી ચીતરતો એ બહુ સારૂં કરે છે હો!"

"પણ કુદરત તો જ્યાં હોય ત્યાં રમણીયજ લાગે છે" લલિતાએ કહ્યું.

"જો જે દોસ્ત, એ વિષય ઉપર તું લલિતા સામે ટક્કર ઝીલી શકીશ નહિં એ ધ્યાનમાં રાખજે હો!" બાબુએ કહ્યું.

"ગમે તેમ હો પણ કોઈ પણ કારીગરને સ્ત્રીને દિગંબર ચીતરી લોક દ્રષ્ટિમાં ઉભી રાખવાનો અધિકાર નથી. તમને ગમે તો મને એકપક્ષી ધારો પણ નારીને પોતાની મર્યાદા અને વસ્ત્રથી પણ ભ્રષ્ટ થયેલી જોતાં મને તિરસ્કાર વછૂટે છે."

"અને છતાં હાલના નવલકથાકારો અને નાટકકારો બીજું શું કરે છે?" લલિતાએ શાંતિથી પ્રશ્ન કર્યો.

તમે શું કહેવા માગો છો? નવલકથાકારો અને નાટકકારો તો મનુષ્યના સ્વભાવો, હૃદયની લાગણીઓ, અને ચિત્તની વૃત્તિઓ આલેખે છે. મન ખુલ્લું કરવું અને તન ખુલ્લું કરવું એમાં ઘણો ફેર છે. અને તેમાં પણ છેવટ તો ધર્મનોજ જય બતાવવામાં આવે છે."

"એ તો વાતજ રહેવા દો! કેટલીક સ્ત્રીઓને એમાં દુષ્ટ, નીચ, ભ્રષ્ટ, ઘાતકી, ખુની બનતી ચીતરવામાં આવે છે! એનાથી લોકો પર શું અસર થાય?"

"જોયુ મેં ન્હોતુ કહ્યું કે તું એને નહિં પહોંચી શકે?" બાબુએ દિનકરને કહ્યું.

"રંગભૂમિ પર કંઇ બધીએય સીતા ને સાવિત્રિ જેવી મૂકાય નહિં. રંગભૂમિ એ તો માત્ર આ સંસારની એક છબી જેવીજ છે. સંસારમાં હવે તમે હરિશ્ચંદ્ર તારામતી જેવાં માણસો કેટલાંક જુઓ છો? દુનિયામાં હવે ટેકીલા પુરૂષો અને શીયળવતી સતીઓની ખોટ પડવા માંડી છે, એ જાણો છો ને!" "તેમાંય સતીઓની તો મુખ્યત્વે—" બાબુએ આસ્તેથી કહ્યું.

લલિતાનો મિજાજ હાથ ન રહ્યો—"તમે સાવ જુઠું બોલો છો." તેણે દીનકરને કહ્યું "લખતી વખતે સંસાર કેવો છે એવું ધ્યાન રાખવાનો ખોટો ડાળ શીદ કરો છો? કહી ઘોને કે જેમાં પૈસા વધારે મળે એવું લખવું એજ અમને તો સારૂં લાગે છે! હવેની કળા તો પૈસાની થેલીઓ કેમ મેળવાય તેમાંજ સમાયલી છે. એવું જોઉં છું ત્યારે મને તો એમ થાય છે કે મારા એ પણ હવે સાબુવાળા ને દવાવાળાની જાહેરખબરોનાં પાટીયાં ચીતરી આપવાની શીદ ના પાડતા હશે?"

"હા–હું પણ એજ કહું છું." દીનકરે હસતાં કહ્યું "ભાઈ, એમ શા માટે કરે છે? કાલબાદેવી ઉપર હવે કેટલા પાટીયાં રંગનારા પૈસાદાર થઈ બેઠા છે. ને તું શા માટે ના કહે છે?"

"હવે બોલતાં બંધ રહેવું છે?" લલિતા ખીજવાઇ કંટાલી અને છેવટ હસી પડી

બાબુએ જોયું કે હવે આ વાત આટલેથીજ બંધ પડે તો ઠીક. તેથી તેણે કહ્યું "ચાલ ભાઇ, ચિત્રશાળા આપણી વાટ જોતી હશે." બન્ને ઉઠયા અને લલિતા તેમની સાથે ન ગઇ અને દિનકરને "માફ કરજો ભાઇ!" કહી એવી ગંભીરાઇથી હાથ જોડયા કે ત્રણેને ખૂબ હસવું આવ્યું.

બન્ને મિત્રો ચિત્રશાળામાં ગયા અને ત્યાં પડેલા પાન સોપારીના ડાબલામાંથી પાન કહાડી બનાવવા લાગ્યા. દિનકરની દ્રષ્ટિ પાન બનાવતાં એ લલિતાની છબી પર ઠરી રહી હતી.

"અહો દોસ્ત સ્ત્રીની બાબતોમાં તો ખરેખર ભાગ્યશાળીજ છો હો! તારા જેવા ચિતારાને એથી ઉત્તમ મિત્ર મળે નહિ હો, મને જો એવા સ્વભાવની બૈરી મળી જાય, તો હું છાતી ઠોકીને કહું છું કે આખી દુનિયાંને ડોલાવે—નચાવે એવાં નાટક હું લખી શકું."

બાબુને એની વાત પર લક્ષ ન હતું. થોડીવારમાં ઘડીયાળ તરફ તો થોડીવારમાં બારણાં તરફ જોતો અને

બહાર કંઇ ખખડાટ થાય કે એકદમ બારમાં દોડી જતો. એ ઓરડામાં અવિશ્રાંત આંટા મારતો હતો.

"આખી દુનિયાં જીતીને આ સ્ત્રીના પગ આગળ ધરૂં તો મારાં દિલને તૃપ્તિ થાય." એ છબી આગળ ઉભો રહીને તે આખર બોલી ઉઠયો. પળે પળે તેની અસ્વસ્થતા વધતી ચાલી. દિનકરે તેના સામે દ્રષ્ટિ માંડી—કહ્યું "કેમ, શું છે ભાઇ, આજ તે તને થયું છે શું?"

"દિનકર—" બાબુ હવે પોતાની લાગણી વધારે વખત છૂપાવી ન શકયો "દિનકર, આજે તું મને ઉશ્કેરાયલો જુએ છે ખરૂં? શામાટે કહું?—એક થોડીક-થોડીકજ પળમાં હું એક મોટો પૈસાદાર ગૃહસ્થ બની જઇશ."

"મને બનાવતા તો નથીને!" દિનકરે આશ્ચર્યથી કહ્યું "શું કોઇ બુઢ્ઢા કાકો બાકો બિનવારસ આ દુનિયાંની રૂખસદ લે છે કે શું?"

"ના ના" બાબુએ કહ્યું "આતો મારૂં કામ, મારી જાત મહેનતજ કદાચ ઘડી બેઘડીમાં મને અઢળક ધનનો માલેક બનાવી દેશે. મહિનાઓથી રાતને દિવસ સખત મહેનત કરી—"

"એક અદ્દભુત ચિત્ર બનાવ્યું છે!" દિનકર વચમાંજ બોલી ઉઠયો.

"એક અદ્દભુત શોધ કરી છે."

"હેં હેં! સંભાળજે, જનમારો બધો વેતરૂં કરવામાં ગાળવો પડશે."

"એમ તો નહિંજ થાય—"

"વારૂ પણ ભાઇ. એ શું છે તે તો કહે!"

"હાલની આખી યુદ્ધ પદ્ધતિને ખળભળાવી ફેરવી દે એવી એક ગોળી શોધી કહાડી છે. અત્યારે કોર્ટમાં એના ગુણદોષ તપાસવા સરકારી સભા મળેલ છે. કદાચ થોડીક પળમાંજ મને ટેલીફોન મળશે. અંગ્રેજ સરકારને એ પસંદ પડે છે કે નહિં તેના જવાબની આશામાંજ હું છું."

"તમે ખરૂંજ કહો છો?"

"નહિં તો શું મશ્કરી કરૂં છું? મારૂં મન આતુરતાથી કેટલું ઉશ્કેરાઇ ગયું છે તે જોતો નથી? પીંછી પકડતાં પણ મારો હાથ કેટલો ધ્રૂજે છે! એક કલાકમાંજ પૂરી કરી શકું એમ છે, પણ આ છબી ચીતરવાની મારામાં અત્યારે શક્તિ નથી રહી. પણ લલિતાને એ વિષે ઇસારોએ નથી કરવાનો; અત્યાર સૂધી એ કંઇજ જાણતી નથી અને જો પ્રયત્ન અફળ જશે તો હવે પછી પણ નહિંજ જાણે."

બારણું જોસથી ખખડયું.

"જો ખબર આવ્યા—" બાબુએ દોડીને બારણું ઉઘાડી નાખ્યું.

બારણામાં કોણ ઉભું હતું? એક કદાવર, ભભકદાર સદ્‌ગૃહસ્થે બાબુની સલામ સ્વીકારી દમમાંજ ગૃહ પ્રવેશ કર્યો. તે ગૃહસ્થને માથે ટાલ પડી ગઇ હતી. હિંદુસ્થાનને બે ભાગમાં પાડનાર વિંધ્યાચળ જેવું તેનું મ્હોટું અને જાડું નાક તેના મુખ પ્રદેશને બે ભાગમાં વ્હેંચી નાખતું હતું. તેની મ્હોટી આંખની કીકીઓ સરોવરમાં તરતા દેડકાની માફક તરવરતી હતી. તેનાં શરીર પરનો એક સફેદ, ચળકતો લાંબો મ્હોટો ડગલો, અને નવુંજ રેશમી ખોખું જોનારને ખાત્રી કરી આપતાં હતા કે આ મહેરબાન કોઇ સંભાવિત વેપારી હોવા જોઇએ.

આ ભવ્ય મૂર્તિનાં દર્શન થતાંજ બાબુને શું થયું. તે વર્ણવી શકાય તેમ નથી. "આ ગર્ધવનો અત્યારે શું ખપ હતો!" તે મનમાં બબડયો.

"ઠીક ત્યારે હું રજા લઈશ." દિનકર ટોપી માથે મૂકી ઉભો થયો.

"ના ના બેસો—બેસો—રાવસાહેબ યશવંતરાવને કંઇ અહિં બહુ વાર નહિં લાગે."

"ઓહ, મીસ્તર બાબુરાવ પેન્ટર," ભવ્ય મૂર્તિએ ગર્જના કરી કહ્યું "આમિ તમને લખેલા અસતાત કે હું અત્તારે અહીં આવીસ, તે નોટ તમને મીલલી કાય ?

બાબુએ ડોકું ધુણાવી હા પાડી. રાવે દક્ષિણી ખોખું ટેબલ પર મૂકયું, હાથ મસલ્યા અને બાબુ સામે ગર્વથી જોઇ રહ્યા. જાણે કેમ એમ કહેતા માગતા હોય "મારા જેવા સદ્‌ગૃહસ્થ તમારે ત્યાં આવે એ તમાર માટે બહુ મોટું માન ગણાય. પછી ચિત્રશાળામાં ચોતરફ તણે દૃષ્ટિ ફેરવી,

ઘરતો ફાર મજાના છે.—ફાર ચાંગલા પૈસા પુષ્કલ મીલતાત કા ? લોક બોલતે ચિત્રકારચા ઘર તો કંગાલ અસતે આણી ચિત્રકાર તો જોધરી બાજરી વર પોટ ભરતે. પરંતુ હમે સત્યજ બોલતો, હમને ચિત્રકારના ઘર સૌથી સરસ દીસતા—આણી હમને ઇતકા સંતોષ આહેકી હમે તસા સર્વ ઘર પાહિલા આહે"

"બુદ્ધિ અને કલાને ઉત્તેજન આપવા ચિત્રકારો પોતાના ઘરને બન તેટલું સુંદર અને રમણીય બનાવે છે." બાબુએ કહ્યું—"અને રાવસાહેબ," તણે હસતાં હસતાં કહ્યું મને કહેશો "સુખ ભોગની સર્વ ચીજો મૂર્ખોધીશોને માટેજ શા માટે હોવા જોઇએ ? હું-બેસોને—"

"ઉપકાર—" કળાના ઉપાસકનું ડોલ ઘાલનાર રાવ સાહેબે કહ્યું "પરંતુ હમે એટલા માટે આવ્યા છે કે—"

છબી ચિતરવા આપવાની છે ?

"નહિ-નહિ-અસા નહિં. તમને ખોટું નહિં લગાડતા હું-પરંતુ હમને છબીના કામ બીલકુલ પસંદ નહિં. તમે ગમે તે બોલો, પરંતુ જો મનુષ્યાચી અસ્સલ પ્રતિમા પાયજે તર ફોટોગ્રાફજ સર્વોત્તમ આહે. હમારા વિચાર તો એજ આહે. કશાલા ?—વિચારા—જબી સર્વ પ્રકારે ઠીક આહે —પરંતુ—"

"ગમ્મત ઠીક જામી છે" દિનકરને આ ગૃહસ્થની ભાષા અને વિચારોમાં એટલો બધો રસ પડવા માંડયો કે તે ઉઠી પાસેની બારી આગલની ખુરસી પર બેઠો."

"પરંતુ જે વખત કલર સહિત ફોટોગ્રાફ પાડાયચી કળા હાથ યેલ, તે વખત કોણી છબીચા ભાવજ નહિં હેલ" યશવંતરાવ બોલેજ ગયા "છબીસાઠી તમને બુદ્ધિ વ કલ્પનાચા કાહીતરી ઉપયોગજ નાહિં પાયજે. પરંતુ કેવલ સત્યજ—મૂળચા સત્યજ નમુના પાયજે."

"છતાં કેટલાકને ફોટોગ્રાફથી ભરેલું સંગ્રહસ્થાન છોડી આર્ટ સ્કૂલનું ચિત્ર પ્રદર્શન જોવું વધારે રૂચે છે." દિનકરે વચમાંજ કહ્યું.

"માનવંતા રાવસાહેબે ડોકું ફેરવી દિનકર સામે જોયું, એટલે બાબુએ ઓળખાણ આપી.

"રાવસાહેબ, એતો આપણા પ્રખ્યાત કવિ દિનકરરાય સુમનરાય છે. હું ધારૂં છું, એ નામ તમારાથી અજાણ્યું તો નહિં હોય?"

"આપને જોયાથી હમને ફાર આનંદ પ્રાપ્ત ઝાલા" યશવંતરાવે દિનકર સાથે શેકહેન્ડ કરી "હમને છાપામાં વાંચેલો છે કે હમણાં તમારો નવો નાટક બ્હાર પડવાનો છે. હમે નાના હતા, ત્યારે હમે પણ નાટક લખતા પરંતુ વેપાર કરી આપણા દેશની સેવા કરવી ફાર યોગ્ય આહે અસા હમારા વિચાર અસતા—તમને ખોટું નકો લાગેલ કાય?"—રાવસાહેબે પૂર્ણ છૂટથી અટ્ટહાસ્ય કર્યું.

'આ મૂર્ખાધિરાજ હવે કેટલીકવાર અહિં રહેવા ધારે છે?" બાબુ મનમાં બબડયો.

"પરંતુ આતા હમારા વિષયનાજ વિચાર કરા" યશવંતરાવે કહ્યું "હમણાં હમારી છોકરીચા લગ્ન ઝાલા. ત્યાલા સર્વ ભેટ મદી બે મન પસંદ ચિત્ર દેલા. તે દિવાલ વર ખાલી જગા પડલી આહે, એક અઢાર, ચોવીસ—બીજા

છત્રીસ-પંચાસ. તો જમા ભરાયલા તુમચી જવલ ચિત્ર આહે કાય ?"

"ફ્રેમ વાળાં કે ફ્રેમ વગરનાં ?" બાળુએ પૂછયું. યશવંતરાવનાં લાંબાં ભાષણોમાં હવે તેને ખૂબ મજા પડવા લાગી.

"ફ્રેમવાલાજ પાયજે, વાહ !" યશવંતરાવે કહ્યું.

"ચિત્રનું માપ કરવા મેં તો પૂછયું હતું,"

"તુમચી જવલ એવા ચિત્ર અસેલ કાય ? તાજાજ તૈયાર કેલેલા હોઈલ કાય ? જરા લ્હાન હોઈલ તો ચાલેલ. ફ્રેમ જરા મોઠ્ઠી અસેલ તરગરા—માલા અસીજ ફ્રેમ પસંદ પડતી. કશાલા કે ત્યાંચી મદી ચિત્રચા પ્રકાશ પૂર્ણ દિસતાત, માજી જવળ પારીસચી ફ્રેમવાલા પુષ્કળ ચિત્ર આહે—ફ્રેંચ લોકાજ ફ્રેમાચા બરોબર માહિતગાર આહે."

"વાહ, મત બહુ સરસ બાંધ્યો !" દિનકરે મનમાંજ કહ્યું.

"દિલગીર છું, કે તમને ગમે એવું, તમારે જોઇએ છે તેવું. એક પણ ચિત્ર મારી આગળ નથી."

લલિતા જે ઘોડીપર ચિત્ર કાઢતી, તે પરની છબી ઉતારી લઇ બાળુએ એક પછી એક અનેક ચિત્રો મૂકયાં અને તે દરેકને યશવંતરાવે ખીસામાંથી કાઢેલ ફુટ વડે માપી જોયાં "આતો લ્હાન છે—આ તો ફાર લ્હાન—અરે આતો ફારજ ફાર લ્હાન છે. રામ રામ !"

"પરંતુ રાવસાહેબ, એવાં બે ચિત્ર તમે સાથે મૂકશો તો મોટાં એકની બરોબર થઇ રહેશે !" દિનકરે બાળુ સામે ત્રાંસી દૃષ્ટિ ફેંકી સ્મિત હાસ્ય કર્યું.

"બે ! નહિંરે બાવા, એ તો ફારજ વિચિત્ર દિસેલ. હમારી ચિત્રશાળા પ્રત્યે હમને ઘણાજ માન આહે. કવાં કવાં તે જોવાયલાયે. સર્વ ઉત્તમ ચિત્રકારાંચે ચિત્રો તિથે

પાહેલ તુમે. કળાલા ઉત્તેજન આપવા જોઇએ, અસા હ્રુમારા વિચાર આહે. આણી Modern ચિત્રકારાંને બરોબર ઉત્તેજન દેવા અસીજ આમચી ઇચ્છા આહે. તુમે જૂનાં ચિત્રાચા પૈસા દેતે ને બેચનારના પોકેટમાં પડેલ આણી નવા ચિત્રાચા પૈસા દેલ તર ચિત્રકારાચા ખીસ્સામાં જાઇલ. કેમ, બરાબર કે ના?"

બાબુ અને દિનકરે કબૂલ કર્યું કે હાલની કળાવૃત્તિને ઉત્તેજન આપવાનો આજ માર્ગ છે.

"બરા. પરંતુ જરા પહા તો, તુમચી જવળ હમને પાહજે અસા પીકચર નાહિંજ આહે કાય?"

"મારાં ચિત્રો કાંતો બહુ મોટાં ને કાંતો બહુ નાનાંજ થાય છે. તમારી મરજી હોય તો એકાદ મહિનામાં એવું એક ચિત્ર કરી આપું ખરો."

"હો હો! અસા લાંગ કાલ આમી Wait કરણાર નાહિં. તો દોન ખાલી Space હમને ફારજ ત્રાસ દેતે."

"ત્યારે તો દીલગીર છું" બાબુએ કહ્યું "હમને પણ તેમજ છે. હમને તમારા ચિત્રચી ફારજ અપેક્ષા અસતી, કશાલા કે હમને Variety ખાસ પસંદ આહે"

"ખાત્રી છે કે તમને એ મલીજ રહી હશે" દિનકર મનમાં બોલ્યો.

"Well મીસ્તર બાબુરાવ" યશવંતરાવે પ્રચંડ ગંભીરતા ધારણ કરી કહ્યું "તમને ભવિષ્યમાં પુષ્કલ કીર્તિ વ લક્ષ્મી સંપાદન કરેલ. સર્વાચી વાણીજ અસી આહે. પંચવર્ષ નાહી હોઇલ, તે વેળ તમને રાજ્ય ચિત્રકાર બની જવાતા. તમને હમારા ભવિષ્યના મહાન ચિત્રકાર આહે!"

ફરી એકવાર તેણે ચિત્રશાળામાં ચારે ખુણે નજર ફેરવી, અને લલિતાની છબી જોતાંજ બોલી ઉઠયો, "અરે, હે ચિત્ર બરોબરજ આહે! હમે તો એજ લેસું. મૂલચી

હમને માહીતી નથી. પરંતુ બાયકા દીસતી. ફાર સુંદર, આણી જો તે કલ્પનાજ હોય—"

"પણ એ હજુ અધુરીજ છે."

"સત્યજ આહે" યશવંતરાવ પરિક્ષકના અવાજથી બોલ્યા. "મુખ આણી હાથાલા જરા ટચ કરાયલા આહે"

"નહિં-પુલને. બાબુએ વચમાંજ કહ્યું "પણ આજે પૂરી થઇ જશે."

"વાહ વાહ, ! બરા, તર ઉદીયા સકાલી તે હમારે ઘરી પાઠવા !"

"રાવસાહેબ, આ ચિત્ર કોઈ ખાસ સંયોગોને લઇનેજ કહાડવામાં આવ્યું છે. તે—"

"કંઇ ફિકર નહિં-કંઇ ફીકર નહિં-તમને જે બોલેલ તેજ Price દેલ. હમને અસી ખાલી ખટપટ પસંદજ નથી. એક ચિત્ર પસંદ પડલા—કે બસ. ત્યાંચી કિમ્મત વર માથા ફોડ કરાયચી અમને ઇચ્છાજ નહિ."

"હું એમ નથી કહેવા માગતો, રાવસાહેબ !" બાબુએ કહ્યું. "હું તો એટલુંજ કહું છું કે આ ચિત્ર વેચવાનું નથી. એ મારી સ્ત્રીની છબી છે, અને એનેજ આપવાની છે,"

"ઓહ ! તે બીજીજ વાત છે. એમ હસે તો હમને કાહી બોલવાના નથી." યશવંતરાવ મનમાં પાછો પડી ગયો.

"બીજી કોઇ વખતે મને આપનો લાભ મળશે એવી આશા રાખું છું."

"હમને પણ એમજ છે. બરા-આતા રામ રામ—" યશવંતરાવે ટેબલ પરથી પાઘડી લઇ માથે મૂકતાં કહ્યું. "તમને મળવાથી હમે ઘણા ખુશી થયા છે. આતા કોઈ વેળ ચિત્રચી જગા ખાલી પડેલ તર—"

"તુરત ખબર આપજો" દિનકરે વચમાંજ કહ્યું.

"બરાબર બરાબર—ખાતા 'રામ રામ' તેને પાછળથી લાત મારવાનો લાગ ફાવ્યો હત તો બાબુ બહુ ખુશી થાત. યશવંતરાવ ગોડબોલેને બારણા સૂધી વળાવી પાછા ફરતાં તેણે જોયું તો દિનકર પેટ પકડીને હસે છે. બાબુએ કહ્યું:—

"આ લોકો મને બહુ ત્રાસ આપે છે. આ કળા ઉપર પણ એવા લોકો આપણને કંટાળો ઉપજાવે છે. મૂર્ખાઇની તે કાંઇ હદ હશે!"

"એ વાતની આપણને ખબર ન પડે; પણ એ લોકો ચિત્રો ખૂબ ખરીદે છે, ને પૈસા પણ રોકડાજ આપી જાય છે. હું ખાત્રીથી કહું છું કે જો એવા મધ્યમ વર્ગના લોકો મુંબઇમાં ન હત, તો બધી ચિત્રશાળાઓમાં કાંડાં કાંડાં ધૂળ ભરાઇ જાત ને બાવાં બાઝી જાત તોય કોઇ ભાવ ન પૂછત. આપણા લખપતિઓને તો હવે દેશી કારીગરી માટે પૈસા ખરચવા ગમતાજ નથી. હું તો સાચું કહું છું કે મને તો મધ્યમ વર્ગ માટે માન છે. એ લોકો ન હત તો તમારો સહુનો વહીતરૂં કરીને ડૂચો નીકળી જાત એ જાણો છો? અને એ તો ઠીક, પણ તમે એટલું તો કબૂલ કરશો ને કે એ બિચારાએ તમને આનંદ તો ખૂબ કરાવ્યો? એનો ચ્હેરો કેવો ભવ્ય હતો!" બોલતાં બોલતાં તેનું સ્મરણ થવાથી દિનકર તો કોચપર પડ્યો એટલે બધો હસવા લાગ્યો કે ઓરડામાં આવતી લલિતાને એને પગ ઉછાળી હસતો જોઇ બહુ આશ્ચર્ય થયું.

લલિતાને જોઇ દિનકર એકદમ બેઠો થયો, ને કહ્યું, અરે ભાભી, એક જરાકજ મોડાં આવ્યાં હો–એતો ગયા–"

"કોણ પણ?"

"કોણ કેમ? આપણી કળાને ઉત્તેજન આપનારા માનવંતા રાવસાહેબ યશવંતરાવ ગોડબોલે" આટલું કહી દિનકરે બધો બનાવ થોડાં વાકયોમાં કહી સંભળાવ્યો. પણ પછી, એકદમ કંઇ સાંભરતાં તેણે ઘડીયાળ તરફ જોયું.

"હેં! ચાર થઇ ગયા! એટલા વાગે તો મેં નાટક-શાળાના માલેકને મળવાનું વચન આપ્યું હતું—ઠીક હું જઇશ–"

"કેમ, જાય છે?" બાબુએ કહ્યું "ત્યારે તો હું તારી સાથેજ આવીશ. મને જરાક તાજી હવા લેવાની જરૂર જણાય છે. આ બંધાર અને કંગાલ ઘરમાં આખો દિવસ ગોંધાઈ રહેવાથી હું તો ગુંગળાઇ જાઉં છું. કંઇ ચિંતા ન કરશો, હું કે!" તેણે લલિતાને છબી તરફ જોઇ નિ-સાસો નાખતી જોઇ કહ્યું "હું આવીને તુરત છબી પુરી કરી આપીશ. મેં તમને કહ્યું છે ને, કે એકજ કલાકનું કામ છે હવે"

"અરે પણ મારૂં નાટક ક્યાં?" દિનકર ચોતરફ શો-ધતો બોલ્યો.

"આ રહ્યું એ" લલિતાએ કહ્યું "ભૂતકાળના તરં-ગમાં રમતી કોઇ સ્ત્રી ચીતરી છે તમે એમાં?"

"ભૂતકાળના તરંગ?" દિનકરે કહ્યું "હા–એવાં તો ચાર ચિત્ર છે અંદર, અને એને લીધેજ ખોડ ખાંપણ બધી ઢંકાઇ જાય છે. પણ ભાભી સાહેબ, હવે તો મારા નાટ-કમાં હું કોઇ દિવ્ય સ્ત્રી નહીં આલેખું ત્યાં સૂધી અહીં નહિં આવું, બસ?

"દિવ્યતાનું કંઇ કામ નથી. લલિતાએ કહ્યું" માત્ર સ્ત્રીનું સત્ય—ઉંડામાં ઉંડુ હૃદય બતાવજો એટલે બસ થશે "

"હા–ભલે–ભલે પણ આમાં જે સ્ત્રી ચીતરી છે તેનેય જો કે ભુતકાલ બહુ સાંભરે છે. પણ ભવિષ્યમાં બહુ સુખ મલે છે."

"હું પણ એવીજ આશા રાખુ છું. હવે આવજો હો ભાઇ—"

બાણુ અને દિનકર વિક્ટોરીઆમાં બેસી ચાલ્યા ગયા. સંધ્યાના ઝાંખા ઉજાસમાં ગાડી અદ્રશ્ય થઈ ગઇ. ત્યાં સુધી લલિતા બારમાં ઉભી રહી. અનિમેષ જોઈ રહી. પછી એક ઉંડો નિશ્વાસ મૂકી તે ઘરમાં ચાલી ગઇ.

શોધક:—

બાબુની અવસ્થા અને અશાંતિ લલિતાના ધ્યાન બહાર ન્હોતી રહી. આજ પર્યંત કોઇ દિવસ પણ તેને આવા ઉંડા વિચારમાં તેણે જોયો ન હતો. એ કાંઇક એનાથી છુપાવવા પ્રયત્ન કરતો હતો એ તો ખુલ્લુંજ હતું. અને એ કંઇક મોટા મહત્વની બાબતજ હોવી જોઇએ. એ શું હશે? આજ સુધી જે ખુલ્લાં દીલથી પ્રિય તમોને હૃદયનાં ઉંડામાં ઉંડા પડ ઉખેડી નિઃશંક ત્યાંના ભાવ બતાવતો, તે આજે પેલીજ વાર પોતાનાં જીવનની ભાગિયણ કરવાને પણ પોતાનો મનોભાવ કહી બતાવતાં અચકાયો હતો. હવે લલિતા પતિને દુઃખમાં દિલાસો આપનારી. પતિને નિરાશમાં ઉત્સાહ પ્રેરનારી વિશ્વાસ મૂર્તિ કે પ્રેમદેવી ન્હોતી રહી. ખરેખર પતિ કંઇ અવર્ણનીય કાર્યમાં ગુંથાયલા હોવા જોઇએ. કંઇક દુનીયાને અજાણી એવી બાબતમાં ગુંથાયલા હોવા જોઇએ, કેમકે તેને વિશે લલિતા પણ કશું ન જાણતી. મજબૂત મનોબળ અને સહન શક્તિ વાળી અબળાનાં અંતરની અનિશ્ચિતતા એ બહુજ કારમી કસોટી છે. કોઈ પણ સાધારણ ભય કે દુઃખની સામે ટક્કર ઝીલી શકે એવી લલિતા કઠણ અને હિમ્મત વાળી હતી. પણ જ્યાં એવો ભય હતોજ નહિં ત્યાં એ સર્વ શા કામનું? આ અનિશ્ચિતતાએ એનું મન ભમાવી દીધું હતું. દિનકર સાથે બહાર જતાં પહેલાં બાબુએ કહ્યું હતું કે "આ બંધાર અને કંગાલ ઘરમાં આખો દિવસ ગોંધાઇ રહેવાથી હું તો ગુંગળાઇ જાઉં છું." જ્યાં બંને પ્રેમીઓએ અનેક સુખી પળો શાંત અને મધુર કેલી ક-

સ્વામાં ગાળી હતી, તે સુરસદન માટે આવા તિરસ્કાર ભર્યાં વચન તેણે પહેલાં કદી ઉચ્ચાર્યાં ન હતાં.

થોડા કાળમાંજ હવે તેમનાં જીવનમાંથી કળા નષ્ટ થશે એવાં ભવિષ્યના ભણકારા લલિતાનાં હૃદયમાં વાગવા લાગ્યા દંપતિનું આગલું જીવન પૂર્ણ આનંદમય દિવસોની પરંપરામાં વહ્યું ગયું હતું, ભવિષ્યમાં તેમને માટે શું નિર્માણ હશે? જીવનમાં પ્હેલીજ વાર લલિતાને પોતાની દ્રષ્ટિને રૂંધી દેતી શંકાનો અનુભવ થયો. આજ દિવસ સૂધી સુખ સ્વપ્નમાં તેને સંસાર પંથ સરળ અને સીધો લાગ્યો હતો, પણ હવે શંકા રૂપી વાદળાંએ તેનાં નિર્મળ આકાશને આચ્છાદિત કીધું, અને પોતાની આગળનો માર્ગ જોઇ શકવા તે હવે અશક્ત નીવડી. કદાચ એ પંથના બે ફાંટા નીકળવાનો સંભવ છે—એ બેમાંથી તે કયો પસંદ કરશે? જમણે પંથે જશે કે ડાબે?

“આ અંધાર અને કંગાલ ઘર” બાણુનાં એ વચનોએ તો લલિતાનાં કોમલ હૃદયનાં મર્મ સ્થલને બાણ બની ભેદી નાખ્યું હતું. મનુષ્ય સ્વભાવ એવો છે કે, કોઇવાર ક્રોધ, હઠીલાઇ, અને કદીકદી તોછડાઇ પણ દેખાઇ આવે. કદાચ એમ પણ બને કે પોતાની વૃત્તિને વશ થઇ એ કોઈવાર ન બોલવાના બોલ પણ બોલી નાખે; પણ દરેક મનુષ્યને એક વસ્તુ તો એટલી વ્હાલી હોય છે કે, જેમે તે ક્રોધમાં કે શાંતીમાં આનંદમાં કે ઉદાસીનતામાં સરખીજ રીતે ચ્હાય—સરખુંજ માન આપે, લલિતાને મન ચિત્રશાલા એ એક આવીજ વસ્તુ હતી—જાણે પોતાની અંતિમ આશાઓનું એ દેવાલય હોય તેવી તે તેને લાગતી

“આ કંગાલ ઘર—” એ વચનોમાં બાણુએ જે કહેવા માગ્યું હતું તે કરતાં ઘણું વધારે લલિતાને લાગ્યું હતું. તેની દૃષ્ટીમાં નજીવી બાબતો પણ ઘણી મોટી લાગવા માંડી. ચિત્રશાળાને ધિક્કારી કહાડતાં તેણે પોતાની કલા પ્રત્યેનોજ ધિક્કાર બતાવ્યો હતો. અને તે પણ આજે!

લગ્ન તિથી જેવા સુભાગી અને મંગળ દિવસે? જે છબી માટે લલિતા પુંકને એક સપાટે ઉડી જાય એવા પાનાંનાં ઘર ચણતાં બાળક જેટલી આતુર બની રહી હતી, તે પ્રિય છબી, પ્રિયતમની એ ઉત્તમ કારીગિરી જ્યારે સ્વામીએ તેને ભેટ આપવાનું વચન આપ્યું હતું તેવે દિવસે!

જીવનમાં પહેલીજવાર લલિતાને દુઃખનો અનુભવ થયો. પોતાનાજ ઘરમાં પોતાનો પતિ કંઈક અજાયબ કામમાં ગુંથાઇ રહે છે, અને એ બાબતમાં એણે પોતાના પર પણ વિશ્વાસ નથી મૂકયો, એ વાતથી એને બહુ લાગી આવતું. લલિતાને એવો તો વિચારેય ન આવ્યો કે ઘણીવાર પત્નીને નિરાશાથી આઘાત ન થાય એટલા માટેજ પુરૂષો એવા સાહસિક કામની વાત શરૂઆતમાં તેમને કહેતા નથી. વળી કેટલીક અંગત્યની બાબતો એવી હોય છે કે માણસે તેને છૂપી રાખતાં શીખવું જોઇએ છાની વાત કોઈ આગળ ખુલ્લી પાડવાથી જેમ તે માણસ પરનો આપણો વિશ્વાસ દેખાઇ આવે છે તેમજ આપણી પોતાની દ્રષ્ટિ મર્યાદા ટૂંકી છે એમ પણ સાબીત થાય છે પણ લલિતાને પોતાનાપર એટલો વિશ્વાસ હતો. તેની પતિભક્તિ એટલી દ્રઢ હતી, કે તેનાં મનમાં પતિ પોતાના પર પૂર્ણ વિશ્વાસ મૂકતાં અચકાય છે એવો તો તિલ માત્ર પણ વિચાર ન આવ્યો.

માશીને ઘેરથી જમી રમીને ઉષા છેક સાંજના પાંચ વાગે અંબા સાથે ઘેર આવી. ઘરમાં પેસતાંજ તેણે જોયું કે કોચપર ઢળી પડી હાથમાં મ્હોં છૂપાવી મા અવિશ્રાંત આંસુ સારે છે.

ઉષાએ કદી પણ માને રડતી ન્હોતી જોઇ. બાલકના મનમાં એથી કારમી અસર થઇ.

"શું થયું છે, બા?" ઉષાએ બૂમ પાડી, અને તુરતજ આંસુથી એની આંખો છલકાઇ ગઇ.

લલિતાએ રૂમાલ વડે એકદમ આંખ લ્હોઇ નાખી, અને હસતે મુખે બાળક સામે જોયું.

"કંઇ નથી, મારી બાપુડી—કંઇ નથી, હો!" બોલતાં બોલતાં તેણે બાળકને હાથમાં લઇ તેનાં નાજુક ઉછળતાં હૃદયને પોતાની છાતીમાં ચાંપ્યું. પણ જેમ જેમ તે તેને શાંત રાખવા પ્રયત્ન કરતી ગઇ, તેમ તેમ ઉષા વધારે ને વધારે રડવા લાગી. એનો શોક એટલો બધો હૃદયવેધક હતો કે તે શાંત પાડવો અશક્યજ હતો.

"હેં માડી, હવે આપણે સુખી નહિ થઇએ?"

લલિતાએ પોતાની વ્હાલી બાળકીને કરપારણે ઝૂલાવી આનંદ પૂર્ણ હાસ્યથી કહ્યું "ભોળીરે ભોળી! મારી ઘેલી ગાંડી!"

જે નવોજ ભાવ માતાનાં મુખપર જોવાથી તેનાં હૃદયમાં ફડકો પડયો હતો, તે ફરી ન જોવાઇ જવાય તેટલા માટે તેણે માતાનાં વસ્ત્રમાં છૂપાવેલું મુખ બ્હાર ન કહાડયું. તેનાં રૂદનનો અવાજ ડુસકાં અને છેવટ હીબકાંમાં ધીમે ધીમે લય પામ્યો, અને લલિતાએ બાલિકાને પ્રિય એવું એક હાલરડું ગાવા માંડયું. માતાના ખભામાં છૂપાયલું નાનકડું મુખકમલ ઉઘડતું હોય તેમ આસ્તેથી ઉંચું થયું—ઉષા, માતાનું ધ્યાન ન ખેંચાય તેમ, અનેક પળ સૂધી તેના ફરી શાંત અને સ્વસ્થ બનેલા ચહેરા તરફ તાકી રહી. પછી જાણે પોતાનામાં હિમ્મત આવી હોય તેમ ટટાર થઇ ઘરના ચારે ખૂણે જોયું. પોતાની આસપાસ શું છે તે ધારી ધારીને જોયા પછી, ઘરમાં કોઇ નથી એમ જોઇને ફરીવાર હાસ્યથી મુખ પ્રફુલ્લિત કરતી, માતાના ઉત્સંગમાં વ્હાલથી લપાતી તે નિર્દોષ બાળા બોલી,—

"બા, આપણે બહુ બ્હીકણ છીએં, ખરૂં? અહીં તો કોઇ નથી—છે કાંઇ? પણ બાપા કયાં હશે? આજ આળસુ કેવા થઇ ગયા છે!"

"હા બહુ આળસૂ થઇ ગયા છે, ખરૂં? કજીયાળા હું! એણે કામ કરવા બેસવું જોઇએ ને હવે?"

"હું પરણીશ ને," ઉષા એ બાલભાવથી કહ્યું "તે ચિતારા વરનેતો નહિંજ પરણું."

"શું કામ?" બાળકીના નિર્દોષ વાકયોમાં અદ્ભૂત રસ પામતી માતાએ પ્રશ્ન કર્યો.

"કહું?—હેં સાચેય કહું કે-?-હેં કહું?"

"હા કહે"

"એ મને નથી ખબર પણ કહું? ચિતારા હોયને એતો દી ને રાત કામજ કર્યા કરે. નવરાજ ન થાય; ને નાનકડી છોકરીઓને તો બોલાવેય નહિં ને રમાડેય નહિં જયારે મારે છોકરી હશે ને, ત્યારે હું તો બસ આખો દી એની સાથે રમ્યાજ કરીશ"

બાળકનાં આ નિર્દોષ પણ મર્મભેદક વાકયોએ લલિતાનાં ઉંડા મર્મસ્થાનને ભેદ્યું. એ સ્થાનમાંથી અશ્રુપ્રવાહ ઉછળી આંખમાં ધસી આવ્યો. ગળાંને રૂંધી નાખ્યું અને ફરીવાર આંખ ભરી ગાલ પરથી સરી પડવા પ્રયત્ન કરવા લાગ્યો; પણ લલિતાએ છાતીપર હાથ દાબી, અને ખાળી રાખ્યો

"ત્યારે તું કેવા વરને પરણીશ!" અવાજને બને એટલો દ્રઢ અને આનંદી બનાવતાં તેણે કહ્યું.

"કેવાયને નહિં—હું તો બધાય દી તારી સાથેજ રહીશ; અને નહિં તો છેને. તે આપણાં સુંદર માશી જેમ માંદાંને સંભાળવાવાળી ઓલી શું કેવાય?—નર્સ થઈશ."

"ને માંદાની ને ગરીબ માણસોની સારવાર કરીશ?"

"હા, ને એ જેવાં ધોળાં ધોળાંને ચોખ્ખાં લુગડાં પ્હેરે છે ને. એવા લુગડાંયે પ્હેરીશ."

"હં, એટલા માટેજ નર્સ થવું છે કે? ત્યારે તો બહુ સરસ, હો!"

ઉષાને મોહ પમાડનાર નર્સના પોશાકમાં સુંદરબાઇ ખરેખર બહુજ સુંદર દેખાતી. ગુલાબી વદન, નાજુક બાંધો, મીઠી અને નરમાશવાળી આંખો, લાંબા સુંવાળા વાળ, અને આર્ય સુંદરીઓની સ્વાભાવિક શરમ અને વિનયથી વિભૂષિત સુંદરબાઇ નર્સના સફેદ અને સ્વચ્છ પોષાકમાં સૌથી સુંદર દેખાતી. પારકાંની વેદના અને દુઃખને શમાવવા, પરનાં જીવનને સુખી અને મીઠું બનાવવા જેણે પોતાનાં જીવન સર્વસ્વનો ભોગ આપ્યો છે, એવા સાધુઓ-અને ખાસ કરીને સાધ્વીઓનાં મુખપર જે દેવી તેજ સદાય પ્રકાશી રહે છે તે તેજથી આ બાળાની આંખ અંજાઇ ગઇ હતી,-તે તેજથી એનું હૃદય લોભાઇ ગયું હતું. માશીની એ પ્રભાની જાદુઇ અસર ઉષાપર તેના અજાણતાંજ થઇ ગઇ હતી. માશી ગમે તેવાં કપડાં પહેરે તોય સુંદર લાગે એમ એ માનતી, છતાં એમ કહેતી કે નર્સનાં કપડાંમાં તો સૌથી સુંદર લાગે છે.

ઉષા રડવું તો સાવ ભૂલી ગઇ હતી, અને માતાની સાથે છૂટથી લાડ કરતી હતી.

સાંજના છ વાગવાનો વખત હતો. ચોપાટીના સમુદ્રની ક્ષિતિજ પર સૂર્ય નારાયણનું પ્રકાશિત ગોળ બિંબ ઝુમી રહ્યું હતું અને વિશ્રાંતિનો કાળ સમીપ જણાતો હતો, તેવે સમયે બાબુ કંઇક મ્લાન ચ્હેરે મનમાં બબડતો ઘેર આવ્યો.

"ઉષા," તેણે કહ્યું "તું આ બહાર જવાનાં કપડાં બદલી સ્વચ્છ અને સાદાં કપડાં પહેરી લાવ જોઇએ, જા, બહુ ડાહી છો હો ! આપણે ત્રણેય આજે સાથે બેસી વાળુ કરવાનાં છીએ. તને ખબર છે ને કે આજે તો આનંદનો અને ઉત્સવનો દિવસ છે; આજે તો બાપા ને મા પરણ્યાં હતાં. જમવામાં પણ આજે મિઠાઇ મગાવી રાખી છે જા—!"

નિર્દોષ આનંદમાં ગીતડાં ગાતી પંખીણી જેવી નિર્દોષ ઉષા ઉત્સાહથી મીઠું ગીત લલકારતી અંબા પાસે દોડી ગઇ. પળ એકમાં દાદરા ઉપરથી તેનો મધુરસ્વર સંભળાયો,

"અંબા મા, અંબા મા, મને ઝટ લુગડાં પેરાવો–ઝટ. બાપા સાથે જમવા બેસવું છે ઝટ કરો." થોડા વખતમાં બારણું બંધ થવાનો અવાજ સંભળાયો અને તે સાથેજ બીજો અવાજ આવતો બંધ થઇ ગયો.

"આટલી થોડી વારમાં તમે નાટકશાળામાં જઇ આવ્યા?" લલિતાએ પૂછ્યું.

"ના" બાબુએ કહ્યું "દિનકરે તો પોતાની વાતોનું લપ ફરી પાછું શરૂ કર્યું–અને આજ તો મને એવો કંટાળો છુટયો કે ન પૂછો વાત. વળી મને એમ લાગ્યું કે ઘેર જઇને છબી પૂરી કરી નાખું તો વધારે સારૂં."

ઘડીયાળમાં જોઇ તેણે કોટ ઉતાર્યો.

"ત્યારે તો એ અભાગણી છબી હવે પૂરી થશે ખરી!" લલિતાએ હસતાં હસતાં અભાગણી એ શબ્દ ઉપર ભાર મૂકી કહ્યું

"એમ કેમ બોલો છો?"

"કારણ, મને લાગે છે, હવે એનાથી તમે થાકયા છો. કંટાળી ગયા છો.'

"ખરેખર કહું, તો એને પૂરી કર્યા વિના મને જંપ જ વળે તેમ નથી."

લાલ બદન પહેરી, હાથમાં પીંછી વિગેરે લઇ તે ઘોડી સામે બેઠા.

"ચાલો, હવે કામ શરૂ કરીએ"

"હજી તો છજ વાગ્યા છે. વાળુને હજી ઘણો વખત છે." લલિતાએ કહ્યું.

પાટીયાં પર રંગ મેળવી તેણે ફુલ ચિતરવાં શરૂ કર્યાં. લગભગ પોણો કલાક સૂધી એણે આંખ ઉંચી કર્યા વિના ચિતર્યા કર્યું. પોણા કલાક પછી લલિતા અંદર રસોઇ માટે ગઈ હતી તે પાછી આવી, અને ઘોડીથી થોડે દૂર છબી જોતી બેઠી.

બરાબર સાત વાગે બાર બહુજ જોરથી ખખડયું, અને બહારથી બૂમ સંભળાણી "બાબુ ભાઇ, બાબુ ભાઇ!" બહાર ગાડી આવી ઉભી રહી., તેના અવાજથીજ ચમકેલો બાબુ આ બૂમ સાંભળી આતુરતાથી ઉભો થઇ ગયો, અને તેના હાથમાંથી પીંછી અને રંગનું પાટિયું નીચે પડી ગયાં તેનું પણ તેને ભાન ન રહ્યું.

"ગુણવંત આવ્યો!" તે મોટેથી બોલ્યો. "બીજું કોઇ હોય તો આવા જોરથી બારણું ન ખખડાવે. એ કંઇક સમાચાર લાવ્યો છે–હા–એ આવ્યો!" બોલતાં બોલતાં તે ગુણવંતની સામે દોડયો ગયો.

સ્વામીને એકાએક ઉશ્કેરાયલો જોઇ લલિતા ચમકી ઉભી થઇ ગઇ.

થોડીજ વારમાં ગુણવંતે ઉતાવળે પ્રવેશ કર્યો "ફતેહ! ફતેહ!! ફતેહ?!!" તેણે મોટેથી કહ્યું "મીઠાં મોઢાં કરાવ, દોસ્ત, એક મત પસાર થઇ. ગવર્નમેન્ટે એના બદલામાં તને લાખ રૂપીયા આપવાનું કબુલ કર્યું છે."

બાબુનો આનંદ તો કયાંય માતો ન હતો. તેણે ગુણવંતની સામે ને લલિતાની સામે વારા ફરતી જોયાજ કર્યું.

લલિતા તો એવીજ શાંત, ગંભીર, ટટાર ઉભી રહી હતી.

"અરે લલિતા, લલિતા, આજે મારો શ્રમ સફળ થયો. મહિનાઓ સૂધી મેં છાનું રાખી કામ કર્યાજ કર્યું છે. નિષ્ફળ થવાની મને એટલી બધી બ્હીક હતી, કે આજ સૂધી મેં તને એ વિષે ઇસારો પણ કર્યો નથી; પણ ઇશ્વરે આજે મારી મહેનતનો બદલો વાળી આપ્યો છે. મારો શ્રમ અને મારી આતુરતા એ બન્નેને આજે મીઠાં ફળ આવ્યાં છે. અંગ્રેજ સરકારે આ ગોળી પસંદ કરી છે, અને ખરીદી છે. હું હવે પૈસાદાર બન્યો છું ધનવાન બન્યો છું" તેણે આવેશથી કહ્યું "લલિતા, પ્રિય લલિતા, સાંભળ્યું?"

પિતાની બૂમો સાંભળી ઉષા નીચે દોડી આવી "બાપા, બાપા, શું છે?"
બાબુએ બાળકીને પકડી અને ઉંચી ઉછાળી ઝીલી લીધી.

તારા બાપા આજે પૈસાદાર બની ગયા છે. કેમ, તું ખુશી થઇ ને?"

"હાસ્તો" પિતાનાં પ્રફુલ્લિત વદનને જોઇ ઉષાએ કહ્યું "ત્યારે, હવે આપણે બહુ સુખી થશું ને?"

"શામાટે નહિં? આજથી આપણાં નસીબ ખુલી ગયાં." બોલતાં બોલતાં તેણે ફરીવાર ઉષાને ઉંચે ઉછાળી ઝીલી લીધી.

લલિતા તો સજ્જડજ થઇ ગઇ હતી. શું થયું છે તે તે પૂરૂ સમજી શકી નહિં-બાબુના કહ્યા વિના એ વિષે ખબર પડે તેમ નહોતું. એ વખતે તો એ બિચારી એટલુંજ સમજી શકી કે આવી ઉશ્કેરાયલી સ્થિતિમાં બાબૂ હવે આજ તો છબી પૂરી નહિંજ કરે.

બાબુએ ગુણવંતને આજ ત્યાંજ જમવાનું કહ્યું અને દિનકરને પણ આમંત્રણ મોકલ્યું. પોતાના આનંદમાં ભાગ લેવા તેને મિત્રોને બોલાવવા પડયા. એજ સ્થાને લલિતા હોત, તો તેણે બાબુની સાથે એકાંતમાંજ આનંદ ભોગવવો ઉત્તમ ગણ્યો હોત.

આનંદના અવસરમાં સ્ત્રીઓ તો પતિ સાથે એકાંત કેલીજ સર્વોત્તમ ગણે છે. બાબુને આવે વખતે મિત્રોને નિમંત્રતો જોઇ લલિતા જરા ગુંચવાઈ ગઇ.

કદાચ પુરૂષ પ્રકૃતિ એક બીજાંને પૂર્ણપણે સમજી શકશેજ નહિં. એનું કારણ કદાચ એમ પણ હોય કે તેમાંનાં પ્રત્યેક સામાને પોતાની આંખથીજ જુએ છે.

૬

નવું ઘર:--

લગ્ન વિધિના ગંભીર મંત્રો લલિતાએ સાંભળ્યા હતા. સૂર્ય અને અગ્નિની સાક્ષીએ બોલાયલી સપ્તપદી તેણે સાં-

બળી હતી, પતિ પત્નિની એ અરસ પરસ લીધેલી પ્રતિજ્ઞાઓ તે સમજીને બોલી હતી, અને એ પ્રતિજ્ઞાઓ તે પ્રાણથી પણ અધિક જાણતી. સર્વની સમક્ષ જ્યારે ચોરીના ચાર ફેરા ફર્યા, જ્યારે અગ્નિને અને દેવોને આવાહન કર્યું, ત્યારે પતિએ તેને સ્પષ્ટ કહ્યુ હતું કેઃ—

मम व्रते ते हृदयं दधामि
मम चित्तमनुचित्तं तेऽस्तु
मम वाचमेकमना जुषस्व
प्रजापतिना त्वं नियुक्ता मह्यम्

"મારા વ્રતમાં તારૂં હૃદય હું જોડું છું, મારા ચિત્તને અનુસરનારૂં તારૂં ચિત્ત હો, મારા વચનને તું એક મન વડે પાળ, પ્રજાપતિએ તને મારામાં જોડી છે."

આ વચનોમાં લલિતાને મન સર્વસ્વ આવી ગયું હતું. અને એ ઉપરાંતની ગોર મહારાજની શ્લોક અને આશીર્વાદ વચન બોલવાની શ્રદ્ધા તેને નકામી અને વધારે પડતી લાગી હતી. એ અદભૂત ગંભીર ઘડીએ ઉચ્ચારાયલા મન્ત્રોએ એના જીવનનું ભવિષ્ય વલણ નક્કી કરી નાખ્યું હતું. તેના જીવનના માલેક હવેથી પોતે નહિં પણ પતિ હતા. વળી એણે શુદ્ધ સ્વરે પતિ પ્રત્યે દૃઢ પ્રેમ, શ્રદ્ધા અને માન રાખવાની, પતિની દાસી થઈ રહેવાની, તેમને હરકોઇ પ્રકારે સુખનું સાધન થઇ પડવાની અને તેમની ચિંતા હરી લેવાની પ્રતિજ્ઞા ન્હોતી લીધી? ખાલી વાક્યો કરતાં એમાં તેને કંઇક વિશેષ લાગતું. વિશ્વસૂત્રને ધારણ કરનારી સંસારના સાર રૂપ એ પ્રતિજ્ઞા કાલાંતરે પણ તોડી કેમ શકાય? અને લલિતાએ પોતાના મનમાં દૃઢ ઠરાવ કર્યો હતો કે ગમે તે થાઓ, પોતાનાં સુખની આહુતી અપાઓ, પણ એ પ્રતિજ્ઞાથી વિરૂદ્ધ એક પગલું પણ ન ભરવું.

પોતાની અંતરેચ્છાને, અવગણીને છુપાવીને, પતિનાં

સંતોષનાં સ્મિત માત્રથીજ આનંદ પામનારી એ સતી જે ઉત્સાહથી પતિનાં દરેક કાર્યમાં પોતાની પૂર્ણ સમ્મતિ બતાવી મચી રહેતી, તેજ ઉત્સાહથી તેણે પોતાનું આ નવું જીવન શરૂ કર્યું.

પોતાનાં જૂનાં ઘરનું-ચર્નીરોડ નં. ૫૦ નું-ભાડું એમને એમ ચડતું રાખી એને ભાડે આપવાની પણ દરકાર કર્યા વિના બાબુએ નેપીઅનસીરોડ ઉપરનો એક સુંદર બંગલો ભાડે રાખ્યો, અને ત્યાં મુંબઇના મોટા મોટા શેઠીઆઓના સમુહમાં તે રહેવા ગયો. બંગલાનું ભાડું વર્ષના ૧૦૦૦) રૂપીયા ઠરાવ્યું હતું એ ઉપરાંત મ્યુનિસીપાલિટીના કર ભરવામાં અને રંગ તથા ચૂનો દેવરાવવામાં અને માળી તથા ગાડી વિગેરેમાં જે ખરચ થાય તેનો અડસટ્ટો કહાડતાં રૂ. ૧૫૦૦) તો તેને ઘર ખાતેજ દર વરસે થશે એમ તેને લાગ્યું.

બંગલામાં ફરનીચર ગોઠવવામાંજ તેણે લગભગ પાંચસો રૂપીયા ખરચી નાંખ્યા. ફરનીચર પસંદ કરવાનું કામ લલિતાને સોંપવામાં આવ્યું. ઝીણામાં ઝીણી બાબતમાં પણ બાબુ તેનો મત પૂછયા વિના ન રહેતો. ચર્નીરોડ વાળા ઘરનો બધો સરસામાન નવા બંગલામાં જ્યાં ફાવ્યો ત્યાં ગોઠવી દીધો, પણ જૂના ઘરની લાઇબ્રેરી જેવીજ એક ઓરડી બંગલામાં પસંદ કરી, લલિતાએ જૂની જેવીજ એક નવી લાઇબ્રેરી પણ ગોઠવી-એટલી કાળજીથી ગોઠવી કે એક ચોપડી કે એક ચિત્ર કે એક છબી પણ મૂળ કરતાં બીજી જગ્યાએ ગોઠવાયલી ન હોતી. આ ગોઠવણીમાં લલિતાએ પોતાની અદભૂત સ્મરણ શક્તિ બતાવી આપી હતી.

"હવેથી આ લાઇબ્રેરી મારી પ્રિય ઓરડી થશે અને એ ભૂતકાળનાં સુખી જીવનનું સ્મરણ કરાવનારી હોઇને તેમાં હું દરરોજ એકાદ બે કલાક બેસીશ." એવી ધારણા લલિતાએ બાંધી હતી, બંગલાનાં ઉપલાં દિવાનખાનામાં

બીજી ચિત્રશાળાઓ જોઇને ટેવાઇ ગયેલી લોક દૃષ્ટિને ઉત્તમ લાગે એવી એક ચિત્રશાળા બાબુએ ગોઠવી. ખરૂં જોતાં એમાં હવે ચિત્રશાળાપણું કશું ન્હોતું રહ્યું.

ચિત્રકળા—એ બિચારી કોઇ અવમાનિતા સ્ત્રીની પેઠે ખૂણામાં પડી હતી. બાબુનાં મગજના નવા તરંગોએ એને વિસારે પાડી હતી. સંસાર સુધારાના અટપટા સવાલે તેનું ચિત્ત લભાવી મૂક્યું હતું. ખરા સુધારાવાળાએ મોટા મોટા ગૃહસ્થોને નાચ પાર્ટીમાં નિમત્રવા જોઇએ, આવા ગૃહસ્થ મંડળની મધ્યમાં એક ભવ્ય મકાનમાં રહીને એવી પાર્ટી ન આપીએ તો લાંછન લાગે, એવા વિચાર બાબુને હવે થવા લાગ્યા. આવી એ મિજબાની આપવા માટે તેણે મોટા મોટા માણસો સાથે ઓળખાણ બાંધવી જોઇએ, અને પોતાની નવી શોધથી તેની પ્રખ્યાતિ એટલી બધી વધી ગઇ હતી, કે એ કામ કંઈ મુશ્કેલ નહોતું. તેના મનમાં કોઇ પણ જાતનો ભય, કે શંકા નહોતી. ભવિષ્યમાં તેને માટે હવે મોજ શોખજ લખાયલાં છે એમ તેને લાગતું.

આમ હતું, છતાં કોઇ કોઇ વાર તેને વિચાર થઇ આવતો. બંગલામાં રહેવા જવામાંજ એણે પાંચ હજાર રૂપીયા ખરચી નાખ્યા હતા. ઘરમાં પૈસા તો પાણીની રેલ પેઠે ચાલ્યા જતા હતા. જે ઠાઠથી તેણે આ નવું જીવન શરૂ કર્યું હતું તેમાં વરસે ઓછામાં ઓછા દશ હજાર રૂપીયા તો વપરાયજ, એમ હતું. આવાં ગંજાવર ખરચ સામે પાછી એટલીજ આવક કરવી જોઇએ એમ બાબૂને લાગ્યું. કારણ કે બેઠાં બેઠાં ખાય તો તો આઠ નવ વરસમાં બધું ફના થઈ જાય.

પૈસો કંઇ માણસને પૈસાદાર નથી બનાવતો, પણ ખર્ચ કરતાં આવક વધે ત્યારેજ માણસ પૈસાદાર થાય છે. મોટા મોટા માણસો આ બાબત ઉપર ઘણી શીખામણ આપી ગયા છે. છતાં સંસાર એવો છે કે બુદ્ધિમાન પુરૂષો પણ એ બાબતનું લક્ષ ચૂકી જાય છે.

બાબુએ વિચાર્યું, "છટ ! આજથી એની શી એવડી બધી ચિંતા છે ? નસીબે એક વાર મને નવાજ્યો છે, તો બીજી વખત પણ નવાજશેજ.

એક અક્ષર બોલ્યા વિના લલિતાએ પતિનું મન સાચવ્યું. મનને ન રૂચતી કોઇ પણ બાબત માટે તેણે પતિ આગળ મ્હોં ન બગાડયું—દરેક બાબતમાં એણે તો પતિની હાએ હાજ કહ્યા કરી. માત્ર જે અવર્ણનીય ઉદાસીનતાએ એને ઘેરી લીધી હતી, તેની છાપ મુખપરથી ઉડાવી ન શકી. પતિની ભૂલ ભરેલી ઇચ્છાઓને ઉત્તેજન મળે તેમ તો નજ કરતી, પરંતુ તેનું મન પડી જાય એવું બોલતાં પણ તેનો જીવ ન ચાલતો. પોતાને દોષ દેવાય એમ તે ન ઇચ્છતી. પતિ વગર વિચાર્યે જે અવળે રસ્તે ધસી જાય છે તેને છેડે ઉંડી અને ભયંકર ખાઇ આવશેજ એમ તે જોઈ શકી હતી, અને એ ખાઇમાં પડતાં પહેલાંજ એને બચાવી લેવાય એટલી સાવધાનતાથી સ્થિર રહેવું એજ માર્ગ લલિતાને ઉત્તમ લાગ્યો; અને એ માર્ગ ગ્રહણ કરવામાંજ તેને હવે આનંદ લાગ્યો. "હું એમને પડવા નહિં દઉ" આ વાકય તે સદાય મનમાં રટતી.

આનંદ ઉડી ગયો હતો. કયાંય હવે મીઠાં હાસ્ય સંભળાતાં નહિં અને વાતચીતમાં હવે માત્ર સટ્ટા શિવાય બીજી બાબત કવચિતજ નીકળતી. સવારનો બધો વખત બાબુ છાપાંઓમાં વેપાર અને સટ્ટા સબંધી વાંચવામાં ગાળતો.

"કોઇ માને સાચું ? આ મીલના શેરનો ભાવ શરૂઆતમાં દશ રૂપીઆ હતો. અને આજ જુઓ તો એકસો રૂપીઆ સુધી ચડી ગયો છે !" આવી આવી બાબતો એ કાયમ વાંચ્યા કરતો. ઘણે ભાગે તેના મનમાં એક વિચાર કાયમ ઘોળાયા કરતો હોય એમ લાગતું—કે "મારે આટલું હાથાનું ખરચ કયાંથી કાઢવું ?" તેના ચિત્તમાં ભરેલ

ભૂત તેને જવાબ આપતો કે "એવા ધંધામાં પૈસા રોક કે જ્યાંથી ચોગણા પાછા મળે.!"

બાબુ ચિંતાતુર રહેતો; લલિતા ઉદાસ રહેતી; જીવન કંટાળા ભરેલું થઈ પડયું હતું, અને બન્નેને હવે જીંદગી અકારી લાગવા માંડી. લલિતાને સરકારે પૂછયું હત તો તેતો એજ જવાબ આપત કે "આ તમારા પૈસા પાછા લઇ જાઓ, મારે તેનું કામ નથી. મારે તો મારી ઝુંપડીને મારાં ગીતડાં બહુ સારાંછે. મને એ પાછાં આપો.!"

જે ચિત્રકારો, કારીગરો, લેખક અને દોસ્તદારો જૂના ઘરમાં ઘણીવાર મળવા આવતા તે હવે એક પછી એક ઓછા થવા માંડયા, તે એટલે સુધી કે જૂના મિત્રોમાંથી હવે એક માત્ર દિનકરજ કોઇ કોઈવાર ત્યાં આવતો જતો. બાબુ માટે તેને અતિશય લાગણી હતી, અને એ દંપતિનાં આ નવાં જીવનમાં તેને એક ફારસ જેવું ઘણું જોવાનું લાગ્યું. ફારસનો અંત કેવો આવશે એ જોવાનેજ તે ઉત્સુક હતો. પ્હેલાંની જેમજ એટલીજ સરળતાથી તે ઘણીવાર ત્યાં આવતો, જ્યારે એ આવતો ત્યારે લલિતાને જરા હાશ થતું, કેમકે એ એકજ માણસ એવો હતો કે જેની આગળ એ મન ખોલી વાત કરી શકે, કે જેની પાસેથી એને સાચી અને સારી શીખામણ મળી શકે. "ધીરજ રાખો" તે જવાબમાં કહેતો "થોડા વખતમાંજ બાબુ આ જીવનથી કંટાળી જશે; એક દિવસ એવો આવશે કે જ્યારે એ પોતાની ચિત્રશાળામાં એવું કામ કરવા માંડશે કે પછી કદી પણ છોડશેજ નહિ"

ખરૂં કહીએ તો ભૂતકાલનું સ્મરણ કરવાનો લલિતાને વખતજ નહોતો. એવડાં મોટાં ઘરની વ્યવસ્થા, બગીચાની વ્યવસ્થા, માળી, ભટ, બે ચાકર, ઘોડા વાળો અને એક આયા એટલાં ઉપર દેખરેખ, ઉષાની કેળવણી અને સંભાળ, અને ઉંચા ગૃહસ્થ કુટુમ્બોના સંબંધની સાચવણ એવાં એવાં કામોમાંથી લલિતાને ઘડીભરની નવરાશ ન

મળતી આવી રીતે તેનો આખો દિવસ પ્રવૃત્તિમય રહેતો, છતાં પણ જે જીવન તેમણે આજસુધી ગાળ્યું હતું તેના પ્રમાણમાં આ જીવન તેને શુષ્ક અને પુરૂષાર્થહીન જણાતું હતું.

દર અઠવાડીયે તે મહિલા સમાજ ભરતી, અને જે વાણીની મીઠાશ, વર્તનની સાદાઇ અને વદન અને અવયવની સુંદરતાથી તેણે કળાવાળી દુનિયાંને વશ કરી લીધી હતી, તેજ જાદુઇ સાધનો વડે તેણે ગૃહસ્થ અને સુધારક મંડળને પણ વશ કરી લીધું. મોટી મોટી ગૃહસ્થની સ્ત્રીઓ અને સન્નારીઓ એક અવાજે તેનાં વખાણ કરવા લાગી. જગતની કુથલી કરવા માંજ જેને રસ પડતો, એ સ્ત્રીઓને પણ લલિતામાં કોઇ ખોડ ન જડી આવતી એટલે એમને પણ એટલું તો કહેવુંજ પડતું કે "લલિતા સારી છે". બીજી કેટલીક એમ કહેતી કે એ બહુ ઉમદા સ્વભાવની છે, અને કેટલીક તો વળી એટલે સુધી પણ કહી નાખતી કે "રાણી હોય તે એની આગળ પાણી ભરે છે."

એક દિવસ આવી મહિલા સમાજ માટે સગવડ કરવામાં દિનકરે લલિતાને સારી રીતે મદદ કરી હતી. મહિલાઓને વળાવી પાછી વળી ત્યારે લલિતાએ દિનકરને કહ્યું "આ મારી નવી સહીયરો વિષે તમારો શું મત બંધાયો ?"

"ઇન્દુ બ્હેન સારાં લાગે છે" દિનકરે કહ્યું "પણ બિન્દુ બ્હેનનો સ્વભાવ કંઇ બરોબર ઠીક ન લાગ્યો—અને કાન્તા બ્હેન તો—"

હું તમને જૂદા જૂદા મત નથી પૂછતી. હું તો કહું છું, એકંદર કેમ લાગે છે ?"

"એકંદર ? મોટું મીંડું !"

"તમે પણ મારાજ મતના છો." લલિતાએ કહ્યું. "મારાં ચર્નીરોડપરનાં ઘરની નાની બાગને સાટે કોઇ માગે તો અહિંનો સર્વ વૈભવ હું તેના પગમાં ધરૂં. આ

મૂર્ખ મનુષ્યો કાળનો કેવો નકામો વ્યય કરે છે ! આટલા આટલા પૈસા, આટલા આટલા ચાકર નફર, છતાં બિચારાંને ઘડીભર આનંદ કે શાંતિ મળતી નથી. તેમનાં કરચલી પડી ગયેલાં ભાલમાં અને હીણી-થાકી ગયેલી આંખોમાં તેમની દુર્દશા તુર્ત દેખાઇ આવે છે. જ્ઞાનની વાતો સાંભળતાં તેમને બગાસાં આવે છે; ચોપડી વાંચતાં તેમની આંખો દુખે છે; કળા એ તો વસ્તુજ શું છે એ પણ તેઓ નથી જાણતાં. બે ઘડી ભેગાં મળે, તો ત્યાં પણ પારકી કુથલી કરવા શિવાય કશું સૂઝેજ નહિ; પોતાનાં સુખનું વર્ણન કરતાં પણ બિચારીઓ નિઃશ્વાસ નાખતી જાય છે. મુંબાઇનું પાણી અને તેમાં પણ હાથ પગ હલાવવાની બાધા—એટલે છ મહિના થાય કે શરીર નબળું પડી જાય છે, રોગિષ્ટ થઇ જાય છે, અને છ મહિના લાનોલી કે દેવલાલી જેવાં સ્થાનમાં હવા ફેર કરવા જવું પડે છે. હાય હાય ! પૈસાએ તેમની કેવી દુર્દશા કરી નાખી છે ? જગત જેમાં સુખ દેખી અંજાઇ જાય છે, તેનાં બીજ, મૂળ, થડ, પાન, ફુલ, ફળ સર્વ કેવાં સળી ગયેલાં હોય છે ! અને છતાં એ ફળને માટે મનુષ્યો મરી પડે છે !"

"જરાક વધુ પડતું બોલાઇ જાય છે. ધનવાનોની સ્ત્રીઓમાં કેટલીક કળા અને કળાની કિમ્મત જાણનારી પણ હોય છે ખરી; ભણેલી, સુશીલ, કામગરી, અને ડાહી સ્ત્રીઓ પણ હોય છે ખરી, પણ ઘણે ભાગે એવી બહુ થોડીજ નીવડે છે; અને બાકીની બધી કેવળ અધમ સ્થિતિમાં સડયા કરે છે, એ તમારૂં કહેવું ખરૂં છે."

સંસાર સુધારાનો ઉંધો અર્થ બેસારી અર્થનો અનથ કરી નાખનારી સ્ત્રીઓ માટે લલિતાને હવે બહુજ તિરસ્કાર પેદા થયો હતો, અને ઘણીવાર દિનકર આગળ તે પોતાના વિચાર કહી પણ બતાવતી.

હમણાં હમણાં કેટલાક વખતથી બાબુ એકલોજ લલિતાને સાથે લીધા વિના ઘણીવાર પૂના જતો, અને ત્યાં બે ત્રણ દિવસ રહી આવતો. ત્યાં જવાનું કારણ તેણે

સફિતાથી છૂપાવ્યુ હતું; તેને તો માત્ર એટલુંજ કહ્યું હતું કે " હું ધંધાને લઇનેજ જાઉં છું."

વિશેષ વિવેચન કર્યા શિવાયજ એ ઘણીવાર જાપાનનાં એલચી ખાતાંની મુલાકાતની વાતો કરતો. કોઇ કોઈ વાર વળી તે એટલે સૂધી પણ કહી દેતો કે જો સરદાર જયંતની વગ લાગે તો જાપાનનો શાહ આ નવી ગોળીની શોધ પોતાનાં લશ્કરી ખાતાંમાં પણ સ્વીકારે. વળી ઇંગ્લાંડ અને જાપાન વચ્ચે હાલ સંધી અને સંપ હોવાથી અંગ્રેજ સરકાર પણ એમાં વાંધો લેવાને બદલે ખુશી થાય."

આમ બનવું કંઇ અસંભવિત કે આશ્ચર્યકારક નહતું. સર્વની સાક્ષીએ અંગ્રેજોએ જાપાનીઝોની મિત્રાચારી સ્વીકારી છે. જાપાન, એટલુ નાનકડું રાજ્ય, જેનું બળ કંઇજ નહતું, જે સાવ નિર્માલ્ય નિર્જીવ રાજ્ય ગણાતું, તે એક થોડાજ કાળમાં કેટલું ઉત્સાહી, સાહસી, આગળ પડતું અને માનનીય રાજ્ય બની રહ્યું છે! સર્વની દૃષ્ટિ હવે એના તરફ વળી છે. એટલા નાના બેટમાં વસનારી મનુષ્યની એટલી નાની સંખ્યા પણ સાહસ ખંત અને ઉત્સાહથી કેટલી આગળ વધી શકે છે, એ એક જોવા જેવું છે. એવું નવું નવુંજ જામતું રાજ્ય જાપાન, અને અનેક વરસોથી બીજ વાવી; ધીમે ધીમે ઉંડાં મૂળ નાખી, ઉગાડેલાં ઘટાદાર વૃક્ષ જેવું મજબૂત અને છાયાવાળું ભવ્ય અંગ્રેજી રાજ્ય, એ બન્ને હવે મિત્ર બન્યાં છે. એવીજ મિત્રતા અને સલાહ શાંતિ સદાકાળ રહે, તો પ્રજા કેવી સુખ અને શાંતિમાં રહે!

મિજલસઃ—

કાર્તિક માસમાં મુંબઇના ખાસ શ્રીમાન ગૃહસ્થ મંડળને એક નાચપાર્ટી આપવાનો અને તેમાં મોટી મોટી ગાનારીઓને બોલાવવાનો બાબુએ નિશ્ચય કર્યો. જૂદાં જૂદાં રાજ્યના એલચીઓને, મોટા મોટા ગૃહસ્થોને, વડા

વડા અધિકારીઓને અને શેરીફ, નાઇટસ, અને મેસર્સને આમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી. તેમાં કેટલાક વિદ્વાનોને પણ નિમંત્રવામાં આવ્યા, પણ પોતાથી ઓછાં ભાગ્યવાળા પોતાના સદ્ભાગ્ય ચીઓને નિમંત્રવાથી જાણે તેમની સ્થિતિની હાંસી કરવા જેવું તેમને લાગશે, એવી બ્હીકથી કોઇ ચિત્રકારને નિમંત્રણ મોકલ્યું ન હતું. વળી એમને મળવામાં એને ક્ષોભ પણ થતો હતો, કારણ થોડાજ વખતમાં પૈસા વાળો થઇ જઇ બંગલામાં રહેવા જાય એવા ચિત્રકાર માટે બીજા ચિત્રકારોને બહુ માન કે પ્રેમ ન રહેતાં. ચારસોથી પાંચસો માણસોએ એનું આમંત્રણ સ્વીકાર્યું. સુધારામાં આગળ પડવા ઇચ્છતા બાબુએ પોતાને બદલે લલિતાના નામથી આ પાર્ટી આપવી ધારી હતી, એટલે નિમંત્રણ પણ તેનાજ નામથી મોકલવામાં આવ્યાં હતાં. જે થોડા ઘણા ચિત્રકારોને આમંત્રણ પત્રિકા મોકલી હતી, તેમણે તો ઘણે ભાગે નાજ પાડી, એમ કહીને કે "દિલગીર છું કે એક બીજા મેળાવડામાં જવાનું મેં વચન આપી દીધું છે. એટલે લલિતા બ્હેન અમને જરૂર માફ કરશે એમ આશા છે." કળા વિમુખ થયેલ ઘરમાં પોતાના હાથમાંથી જાણે કળા સર્વસ્વ સરી પડતી હોય તેમ બિચારી લલિતાને લાગ્યું. દિનકરે આમંત્રણ સ્વીકાર્યું હતું. પ્રભુની દયા કે આવા વખતેય તે એને એક તો ખરો મિત્ર મળશે. આ મિજલસ જેમ બને તેમ ભવ્ય અને આનંદદાયક થાય એવી વ્યવસ્થા કરવામાં તે ગુંથાઈ. મુંબઇના જેટલા સંભાવિત ગૃહસ્થોએ આમંત્રણ સ્વિકાર્યું હતું તેમનાં નામોનું એક લાંબુ લીસ્ટ તેના હાથમાં સોંપવામાં આવ્યું હતું. મુંબઇની સુપ્રસિદ્ધ નાયકા ચંપા તથા ગાયનમાં એકકા ઉસ્તાદ હુસેનને તેણે આ મિજલસને સંગીતથી રીઝવવાનું કામ સોંપ્યું. દિવાનખાનાંમાં કિમ્મતી હાંડી ઝુમ્મર લટકાવ્યાં, ભોયપર ચચ્ચાર તસુ દળના સુંવાળા ગલગલીયા ગલીચા પાથરી દીધા, અને જેપાનીઝ રેશમના પડદાઓથી ભપકો વધારી દીધો. ઠેકઠેકાણે બિ-

લોરી કાચના કુંજાઓમા રંગ બેરંગી પુલો ગોઠવી તેની પાસે અગરબત્તાઓ સળગાવી દિવાનખાનાંને સુગંધથી ભરી દીધું. એક ઉસ્તાદ દરજી પાસે એક ફેન્સી પોલકું સીવડાવ્યું જેની કિમ્મત, ઉપર ટાંકેલાં મોતી સાથે, ફક્ત દોઢસો રૂપીયાજ થઇ, અને ચાઈનીઝ સીલ્કની એક બહુજ ઉમદા રંગની સાડી આશરે ત્રણુસોએક રૂપીયામાં ખરીદી. શું લલિતાએ આંધળા બની ને આટલું ખર્ચ કર્યું હતું ? શું પોતાનો પ્હેરવા ઓઢવાનો શોખ પુરો પાડવા એણે સ્વાર્થી બની આવાં કપડાં લીધાં હતાં ! બેલાશક, નહિં જ. લલિતા પતિ ભકત હતી, અને સ્વામીની ઇચ્છા પુર્ણુ કરવાજ એણે આ ખરીદી કરી હતી. કપડાં જોઇને બાબુએ સંતોષ અને આનંદનો ઉંડો ઉદ્ગાર કાઢયો, જેમાં લલિતા એ પોતાનાં દુઃખનો સર્વ બદલો માની લીધો.

લલિતા બાળપણુથીજ પીઢ જેવી હતી. સત્ય છે કે આજ દિન સુધી જે સાદું ઉદ્યોગી જીવન તેણે ગાળ્યું હતું તે તેને સૌથી વધારે ગમતું હતું; પરંતુ આવા ભભક ભરેલા મેળાવડામાં પણ તેનું સૌંદર્ય પ્રકાશી ઉઠતું.

બાબુની ઇચ્છાને પૂર્ણુરીતે સંતોષવા લલિતા પૂરતી સમર્થ હતી. જે અવર્ણુનીય ઉદાસી તેના અંતઃકરણમાં છવાઇ રહી હતી, તેને સ્રીનાં સ્વાભાવિક ચાતુર્ય અને હાવભાવથી ઢાંકી દઇને લોકદ્રષ્ટિમાં તો આનંદ બતાવી શકવા તે પુરતી બળવાન હતી.

× "જગત કેરી વાત ન્યારી
"અમારી અમૂલી—"

* * * * *

તે મનમાં લવતી—

"ઘાવ પડયો ઉંડો હ્રદય
"ઉપર રહું પુલી.

---

* "અજબકુમારી નાટક"—કવિ મૂળશંકર હરિનન્દ

પણ વળી,

"જાશે દિન એક, આડું
"અંતર પટ ખુલ્લી"

એમ કહી મન વાળતી હતી. અને બીજી ટુંક અનુસાર "ઉપરથી પુલી" રહીને તેણે પોતાનાં સર્વ સૌંદર્ય અને ચાતુર્યને ભોગે પતિને આનંદ આપવાનો નિશ્ચય કર્યો હતો. બાબુએ પણ એક ઉમરાવજાદાની માફક વ્યવસ્થાનો તમામ અધિકાર લલિતાનેજ સોંપી દીધો હતો, અને તે બાબત પર એક પ્રશ્ન પણ એને પૂછતો નહતો.

બાબુ લોક કીર્તિનો ભૂખ્યો હતો. પતિને કંઇ પણ જણાવ્યા વિના એણે દરેકે દરેક મોટાં છાપાં વાળાઓને નિમંત્રણ મોકલ્યાં હતાં. તેના મનમાં એમ હતું કે જો એ લોકો જાતે નહિં આવે, તો રીપોર્ટર્સ તો જરૂર મોકલશે; અને એવી રીતે બાબુ અને લલિતાનું નામ છાપાંઓમાં છપાવાથી, જે શ્રીમંત વર્ગમાં માન મેળવવા પોતે ઇચ્છતો હતો તેમાં તે પ્રસિદ્ધિ પામશે.

માત્ર સંગીતની ગોઠવણ કરવામાં લલિતાને જરા ગુંચવણ થઇ. આમંત્રણ પત્રિકાપર પ્રોગ્રામમાં સંગીતનું નામ છપાવ્યું તે વાસ્તે તેને ઘણો પશ્ચાત્તાપ થયો. સંગીતનાં મંગળાચરણમાંજ જાણે કેમ પ્રેક્ષકોને ગપ્પાં મારવાનું સૂચન મળ્યું હોય, તેમ ગપાટા મારવા આડે કોઇ સારા ઉસ્તાદોની કદર બુજતું નથી એ જોઇ લલિતાનું કળા ભક્ત હૃદય ખિન્ન બનતું. આવી રીતે વાતો કરવી તે ઘરધણીનું તેમજ સંગીત શાસ્ત્રીઓનું અપમાન છે, એમ તે માનતી સાધારણ વેપારી પોતાના માલની કિમ્મત માત્ર તમારી પાસે માગે છે,—એ માલનો તમે ઉપયોગ કેવો કરો છો, તેની તે થોડીજ દરકાર રાખે છે! પરંતુ એક કળા ભકતને રીઝવવો વધારે મુશ્કેલ છે. તે તો તમારી પાસેથી પૈસા ઉપરાંત કંઇક કદર પણ માગે છે. અને એટલા માટેજ એક ગરીબ પણ કદરદાન શખ્સ આગળ

ઉત્સાહથી આલાપ કરનારા મોટા મોટા ઉસ્તાદો એક લખપતિ પણ બેકદર ગૃહસ્થનાં નિમંત્રણને તુચ્છકારી કાઢે છે.

પણ જે ગવૈયાને લલિતાએ બોલાવ્યો હતો તેણે તેને એવી ચિંતાથી મુક્ત રહેવા કહ્યું. તેણે ખાત્રીથી કહ્યું કે મુંબઈની પ્રજાને હું સારી રીતે ઓળખું છું, અને ગમ્મત જેમ વધારે જામે તેમજ કરીશ

આટલી તૈયારી પછી લલિતાએ સર્વ ઉત્સુકતા કોરે મૂકી અને પૂર્ણ શાંતિથી બીજા દિવસની રાહ જોવા લાગી.

૮

મર્મનું ઉકેલાવું:—

રણસંગ્રામની આગલી રાત્રિએ પૂર્ણ શાંતિથી સૂનારા કોઈ વીરની માફક લલિતાએ મિજલસની આગલી રાતે ઘણીજ મીઠી નીંદ લીધી. દિવસના ભાગમાં પણ પોતાને થાક લાગે તેવું કંઈ પણ ન કરવા એણે ખાસ ધ્યાન રાખ્યું કે જેથી રાત્રિના નવ વાગે જ્યારે ગૃહસ્થો એક પછી એક આવવા માંડે તે વખતે પૂર્ણ સ્ફુર્તિમાં રહી શકાય.

આવી જાતની મિજલસમાં સત્કાર તરીકે ઉભું રહેવું એ લલિતા જેવી નાજુક અને બાલક ગૃહિણીને થકવી નાખે એવું કામ છે. નિયમિત વખતેજ પધારે એવા સજ્જન તો કોઈકજ હોય છે કારણ જરાક અસૂરા આવવામાં માણસોની માન્યતા પ્રમાણે મોટાઇ વધે છે. આ કારણને લીધે સત્કારક યુવક કે યુવતીને આશરે ત્રણથી ચાર કલાક ઉભે પગે રહેવું પડે છે. અને આવો બેન, બેસો ભાઇ-પધારો સાહેબ ઇત્યાદિ શબ્દોનાં પુનરાવર્તનથી જીભના કુચા કરવા પડે છે. એમાં પણ સત્કારકનું કામ સુધરેલા રીવાજ પ્રમાણે જ્યારે ગૃહિણીને માથે આવી પડે છે, ત્યારે તો તે બિચા-

રીની બહુજ દુર્દશા થઇ પડે છે; કારણકે તે બિચારીને એ શિવાય બીજી ઘણી બાબતોની વ્યવસ્થા કરવાની હોય છે. એ વખતે તો બેને બદલે બસ્સો આંખ હોય તો વધારે સારૂં એમ એને થઇ જાય છે-કે જેથી દશે દિશમાં નજર પડે ને કશામાં કંઇ પણ ખોડ ખાંપણ ન આવી જાય. કારણ કે એક બારીકમાં બારીક ભુલ પણ વખતે રંગમાં ભંગ પાડી દે છે. નિમંત્રાયલા ચારસો ગૃહસ્થોમાંથી લગભગ બસ્સો જણા તો કોઇ સંગીતની તો કોઇ નાચની, કોઇ ગૃહ રચનાની તો કોઈ મિજબાનીની, તો કોઇ વસ્ત્રભૂષણની તો કોઈ એવીજ બીજી હરકોઈ પ્રકારની વ્યવસ્થાની ખોડ ખાંપણ કહાડી ટીકા કરવા માટેજ આવે છે. એક અણુ જેટલી પણ ભૂલ માટે કલાકો સુધી ટીકા ચાલે છે. સંગીત જરા ઠંડું પડે તો શ્રોતાઓ પોતાના વાર્તાલાપથી એને ઢાંકી દે છે. ખાણુંમાં કંઈ ઓછું લાગે તો સજ્જનો ઘણી વ્હેલી રૂખસદ લેવા માંડે છે. બારણાં બ્હાર પડેલી લાકડીઓની નોકરે જો બરોબર વ્યવસ્થા ન રાખી હોય તો જે સૌથી સારી લાગે તે લઇને ભાઈઓ ચાલવા માંડે છે. ગૃહિણીનાં વદનપર લેશ પણ ગભરાટ જણાય તો તેઓ મશ્કરીમાં હસે છે. ખરેખર, આવી મિજલસમાં બિચારી ગૃહિણીના તો ભોગજ મળે છે-ને એનો થાક ઉતારવા તેને બે ત્રણ દિવસ સુધી સૂઇ રહેવું પડે છે.

સાંજના સાત વાગે લલિતાએ થોડું ખાઇ લીધું, અને નોકરોને છેવટની વરધી આપી કપડાં પ્હેરવા પોતાની ઓરડીમાં ગઈ. નવ વાગ્યા પ્હેલાં તો તે બરોબર તૈયાર થઇ ગઇ. ચાયના સીલ્કની, ઝીકની ભરેલી, આસમાની કોરવાળી, સફેદ ચાંદની જેવી આછી સાડીમાં તે આકાશ ગંગાના જેવી નિર્મળ અને તેજસ્વી દેખાતી હતી. જાણે એ સાડીમાં તેનું સૌંદર્ય ઓતપ્રોત થઇ રહેલું જણાતું હતું. ગોળ, પાણીદાર મોતીનો ત્રણ સરોહાર તેની હંસી જેવી ડોકમાં ઝુલતો હતો. અને મોતીએ ભરેલાં લાલ ચણીઠીના

રંગનાં પોલકાં ઉપર જડાઉ હીરાનાં ત્રણ નંગ વીજળીની માફક ચમકારા મારતાં હતાં. લલિતાની છબી પૂરી ન થઇ શકી, એટલે તેના બદલામાં બાબુએ એ અલંકારોથી લલિતાનું મન મનાવ્યું હતું. તેને મન તો છબીની કિમ્મત એ હીરા કરતાં ઘણા ગણી હતી. પરંતુ એક વિચારે તે હીરા આપવા માટે સ્વામીને ધન્યવાદ આપતી હતી. તે મનમાં કહેતી "જ્યારે ઘડો ફૂટશે ત્યારે તેનાં કાચલાં કામમાં આવશે. આપત્તિના સમયમાં પણ મારી પાસે આ દસ હજારની કિમ્મતનાં ઘરેણાં હશે તો ઘણા ઉપયોગનાં થઇ પડશે." તેના રેશમ જેવા સુંવાળા કાળા ભમ્મર વાળમાં એક પણ અલંકારની અગત્યજ નહોતી. એવાં નાજુક બદન પર એવી ગોળ અને સીધી ડોક, અને એના ઉપર પૂર્ણિમાના ચંદ્ર જેવું ગોળ શીતળ મુખડું, અને એના પર સેંથી પાડેલા એ અલક ગુચ્છ--અહા, એ સોંદર્ય તો અદભૂતજ હતું.

દિવાનખાનાનો શણગાર છેલ્લી વાર તપાસી લેવા તે ત્યાં ગઇ. સર્વ સંપૂર્ણ રીતે ભવ્ય લાગતું હતું.

પોતાનો મોભો સમજનારી અને પોતાની ફત્તેહમાં ખાત્રીવાળી કોઇ સુજ્ઞ સુંદરીની પેઠે લલિતાએ ઘણોજ શાંત અને ગંભીર ભાવ ધારણ કર્યો હતો. છતાં તેના ચ્હેરાને બારીકીથી તપાસનાર તુરત કહી શકે તેમ હતું કે તેના દિલમાં કોઇ નવીનજ ઉત્કંઠા ઉત્પન્ન થઇ છે; જો કે બહુ મોટી નહિં, પરંતુ ગમે તેમ પણ ગુંચવણ ભરેલી તો ખરીજ

જેપાનનાં એલચીખાતાંનો વડો સરદાર જયંત અત્યારે પુનાથી મુંબઇ આવ્યો હતો. બાબુએ લલિતાના નામથી પરબારૂંજ એને આ મિજલસ માટે આમંત્રણ મોકલ્યું હતું, અને તે તેણે સ્વીકાર્યું પણ હતું. લલિતાને આ વાતની છેક સાંજે ખબર પડી.

બાલદેશે વિચારનાં વાદળાં છવરાવી લલિતા દિવાનખા-

નાંના કોચપર બેઠી—બેઠી બેઠી એ વાદળાંમાંથી ધીમે ધીમે ધાગ પાડવા લાગી–"જયંત! સરદાર જયંત! કદાચ જેને હું સાત વર્ષ પ્હેલાં કાર્નોલામાં મળી હતી તે તો એ ન હોય! એ વખતે પણ એની વાતો જયાં ત્યાં થતી. આજ હવે એ જેપાનનાં એલચીખાતાનો વડો બનેલ છે—એમજ; પણ તેથી?-શું મારે એને ફરી મળવું?—ના, ના, કદિ નહિં! અને છતાં, મને એનો સત્કાર કરવાની ફરજ પડશે–ના. હું એમને કહીશ-કે એ માણસની સ્ત્રીઓ પ્રત્યેની ચાલ ચલણ બહુ તો-છડાઇ ભરેલી અને ધિક્કારવા પાત્ર છે–અને જો એટલાથી પણ એ નહિં સમજે, તો—તો પછી બધી વાત કરીશ. બીજું શું? અને શા માટે ન કહું? સાચી વાત કરવી તેમાં ભય શાનો? અને આ વાત તો ઘણીવાર મારે હોઠે આવીને પાછી રહી ગઇ છે. ગમે તે થાય, પણ એટલું તો નક્કીજ કે આ માણસને મારે મળવું નહિં. હું એનો સત્કાર તો કરીશ–પણ દૂર રહીને; મારા તરફથી જે માનની એ આશા રાખી શકે તે એને નહિં મળે, એટલે પછી હું ધારૂં છું કે એ વાતનો હવે અંત આવશે."

આ દૃઢ સંકલ્પથી જાણે વાદળાં વિખરાઇ ગયાં હોય તેમ તેના ચ્હેરા પરથી ઉત્કંઠાની છાયા ઉડી ગઇ. દિવાનખાનામાં ખુશ મિજાજમાં પ્રવેશ કરતા પતિ સામે પ્રફુલ્લ વદને જોઇ તેણે સ્મિત કર્યું.

"દરેક વ્યવસ્થા બહુજ ઉત્તમ પ્રકારની છે" બાબુએ પ્રવેશ કરતાંજ ઉદ્ગાર કાઢયો. "દિવાનખાનાંને તો એવી સરસ રીતે શણગાર્યું છે! અહો મારી ગૃહલક્ષ્મી, આ દરેક રચનામાં તારો હાથ છે એ ચોખ્ખું દેખાઈ આવે છે. એક હજાર ઝીણી ઝીણી બાબતોમાં તારી કાળજી હું જોઇ શકયો છું. આ તમારી મિજલસ ખરેખર જનસમાજમાં છાકો પાડશે. આખું ઘર ઝાકઝમાળ થઇ રહ્યું છે–સંગીતની ગોઠવણ કેટલી સરસ છે! ખાણું તો ભલભલાએય ન દીઠું હોય એવું છે. અને આજે અહિં આવનારૂં મંડળ

ના મોટા મોટા માણસોનું છે. અને આજનો દિવસ તો સહુને સદાય સાંભરશે- અને તું ? વ્હાલી તું પણ અત્યારે કેવી સુંદર લાગે છે ? તારાં વસ્ત્ર તો તને આબેહુબ ભળી જાય છે ! મને એમ થઇ જાય છે કે આવી મનોહર પ્રિયા સાથે અત્યારે હું એકલોજ રહી શકું-તો કેવું સારૂં ?"

"હવે કહો તે શા કામનું ! જરાક વ્હેલું બોલ્યા હત તો એમ કરવું કંઇ મુશ્કેલ નહોતું." લલિતાએ કટાક્ષથી કહ્યું.

લલિતાનું આજનું સૌંદર્ય જોઇ બાબુ ખરેખર મોહ પામી ગયો હતો. તેણે કહ્યું "અને પેલા હીરા અહા તારી છાતી પર એ કેવા શોભે છે ! કે શું એ તે તારાં નિર્મળ અંતઃકરણની પ્રભા પ્રકાશે છે ? અહો રમણી, મૂલ્યવાનમાં મૂલ્યવાન હીરા માણેક પણ તને શણગારવા બસ નથી ! કારણ એ સર્વ તારી અજાચબ કાંતિ આગળ ઝાંખાં પડી જાય છે. ખરેખર, તારા જેવી સ્વરૂપવાન અને કાર્યકુશળ ગૃહલક્ષ્મી મેળવીને હું તો ભાગ્યશાળી બની ગયો છું."

લલિતાનાં મ્હોં પર લેશ માત્ર પણ ભાવ ફેર ન જોવાથી તે વળી બોલ્યો.

"લલિતા, આશ્ચર્યની વાત છે, કે આટ આટલું થાય છે, પણ તારાં મ્હોં પર એક જરા પણ ઉત્સાહ નથી પ્રકટતો. તારો મનોભાવ હું ઘણીવાર નથી કળી શકતો. હું તો આનંદથી છલકાઇ જાઉં છું. જો સાંભળ." પોતાના હાથમાં પ્રિયાનો નાજુક હાથ લઇ, બે હથેળી વચ્ચે તેને ચાંપતો તે બોલ્યો. "હું જાપાન સાથે અમુક મસલત કરૂં છું. મારી ધારણા પ્રમાણે જો એ લોકો મારી શોધ સ્વીકારશે, તો મારી મોટામાં મોટી ઉમેદ બર આવશે. મારાં સ્વપ્નને હું પ્રત્યક્ષ જોઇશ. હું ધનવાન થઇશ. તું જાણે છે કે હજી આપણે પૈસાદાર ન ગણાઇએ. આવી રીતનું ઘર ખરચ ચલાવવા નાણાંની રેલમ છેલ જોઇએ. અરે પણ

ચિંતા શી છે? સરદાર જયંત મારી ગોળી મારી છે એમ કહે, કે એજ વખતે નાણાંનો ઢગલો તારી આગળ ખડો થયો સમજ, વ્હાલી !"

આનંદથી તેણે બે હાથેળી વચ્ચે લલિતાના બન્ને કોમળ કપોલ ચાંપ્યા.

"વ્હાલા,—એ સરદાર જયંત માટે મારે તમને થોડું કહેવાનું છે."

"હા, હા." બાબુએ લલિતાની દરકાર કર્યા વિનાજ કહ્યું," હુ પણ એજ કહું છું મારી પણ એજ ઇચ્છા છે કે એ ખુશ થઇ જાય તેમ કરવું. તારૂં વાકચાતુર્ય બધું એની આગળ બતાવી આપવાનું છે હો. એટીકેટમાં કંઇ ખામી ન આવે તે સંભાળવાનું છે. ગમે તે રીતે પણ એનું દિલ આજ ખુશ ખુશ થઇ જાય તેમ કરવાનું છે. જાપાનના રાજા ઉપર એની ઘણી વગ લાગે છે. મેં સાંભળ્યું છે કે એ એનો ખાસ મિત્ર ગણાય છે. લશ્કરી એલચીખાતાનો ઉપરી છે એટલે આ ખાતુ' તો એનાજ હાથ તળે છે. આપણાં ભવિષ્યની સર્વ સોનેરી આશાઓ એના હાથમાં છે. સાટે વ્હાલી. એને આપણો કરી લેવામાં તું મને મદદ જરૂર આપીશ ?"

લલિતાના હૃદયમાં તીર ભોંકાયાં—"અહા—પૈસા—પૈસા—પૈસા વિના બીજી વાતજ નથી સૂઝતી પીયુ ?" હજી પૈસાની તૃપ્તિ નથી થઇ ? જો આવડું મોટું ખર્ચ રાખવા અને આવા બંગલામાં રહેવા આપણી શક્તિ નથી તો પછી આપણે અહિં રહેવુંજ શામાટે જોઇએ ? આપણાં ગજા ઉપરાંત શા માટે કંઇ કરવું જોઈએ ? એમાં હું તો કંઈ સાર જોતી નથી. અરે, જયારે તમને તમારી કળા શિવાય બીજું કશું રૂચતું નહિ, ને જયારે તમારો મારાપર અમાપ પ્રેમ હતો, એ સુખીયા દિવસો કયાં ચાલ્યા ગયા ? અરે નાથ, મને તો મારી એ વ્હાલી ચિત્રશાળા પાછી આપો !"

"હું હજી પૂરો પૈસાદાર નથી એ વાત ખરી—પણ

કદાચ પૈસાની રેલ આપણે ત્યાં આવવાને હવે વાર નહિં લાગે," બાબુએ કહ્યું.

"થોડાક દિવસો પ્હેલાં તમે ખરેખરા પૈસાદાર હતા, અને તમારો માર્ગ કીર્તિ મળે તેવો હતો. મને એ ચિત્રકાર પર પ્રેમ હતો, અને એની કળાની હું ભક્ત બની ગઇતી!"

"અરે જહાનમમાં પડે એ કળા, ને કળાવાળા!" બાબુએ ચ્હીડવાઇ જઇને કહ્યું.

'હાં હાં પ્રાણુ-એ શું બોલો છો! તમે જાણો છો કે તમારાં એવાં વચનો સાંભળી મારાં હૃદયમાં કેટલી વેદના થાય છે?"

"ત્યારે, હું ખરૂં કહું તને? હમણાં હમણાં મને ઘણીવાર તારી વર્તણુક બહુ અતડી લાગે છે.—મને લાગે છે કે હમણાં કાંઇક મારાપરથી તારી લાગણી ઓછી થઇ ગઇ છે."

"અરે પતિ, શું તમે ઉઠી મને આવાં વચન કહો છો?" લલિતાએ દુઃખથી પોતાને લમણે હાથ દઇ માથું ચાંપતાં ઉદ્ગાર કહાડયો—"શું તમારીજ નજરમાં હું બદલાઈ ગઇ? ઓ કળાના મહાન ભકત, શું આમ પૈસા પાછળ ખુવાર મળી તમે તમારી તુલના શકિત પણ ગુમાવી દીધી? હું ખરૂં કહું છું કે મારો જીવ અહિં જરા પણ વળગી રહ્યો છે તે માત્ર મારી ઉષા માટે ને તમારે માટે, હા- તમને પણ હું રેઢા મુકી શકતી નથી. કેમ કે મને ખાત્રી છે કે એક દિવસ તમે મદદ માટે બુમ પાડશો ને મારે તમને ડુબતા બચાવવા પડશે."

"લલિતા, તું જરાક કૃતઘ્નતા વાપરે છે. હું આટલો પરસેવો તારે માટે કાઢું છું હો!"

"મારે માટે! અરે પણ આવાં જીવનપર મને કેટલો

કંટાળો છે એ તમે જોઇ નથી શકતા ? મારે માટે ! ખરે, જ્યારે ધનની તૃષ્ણા માણસનાં મનને છોડતી નથી ત્યારે તેને કાયમ એજ બહાનું કહાડવાનું મળે છે કે એ બધું પોતાને માટે નથી ! લોભી માણસ પણ એમજ કહે છે, એ બધું તો એનાં બચ્ચાંઓ માટે છે; અને એ બહાનાં આડે એ પોતાને, પોતાની બૈરીને, પોતાનાં છોકરાંને સહુને દુઃખી કંગાલ કરી મૂકે છે. "

" રાત ને દિવસ મેં મજુરી કરી છે અને પરમાત્મા સાક્ષી છે કે એ મજુરી કરતી વખતે મારા સઘળા વિચાર તારા વિશેજ હતા. હવે જ્યારે હું દોલતના દરવાજા આગળ પહોંચ્યો છું ત્યારે તું મારી સામે થઇ બેસે છે ? જેના પર મારી સર્વ આશાઓ છે એની સાથે મીઠી જીભે બોલવાની પણ તું ના પાડે છે ? "

" અરે પણ તમે એક એનેજ શા માટે પસંદ કર્યો ? " લલિતાએ ભવાં ચડાવી કહ્યું.

" કેવો વિચિત્ર સવાલ ? જાણે કેમ એને મેંજ પસંદ કર્યો હોય ની ? "–બાબુએ કહ્યું.

પણ લલિતાના મ્હોં પર અસ્વસ્થતા અને મુંઝવણનાં ચિન્હ જોઇ તેણે પુછયું– " તને શું વાંધો છે ! "

" મેં સાંભળ્યું છે કે એ જયંત બહુ ઉદ્ધત માણસ છે–પ્હેલા નંબરનો બદમાશ છે–તમે જાણો તો છોજ કે એવાની સાથે વાત કરવી મને ગમતી નથી. "

" એ બદમાશ હોય કે સેતાન હોય–તેની આપણે શી પરવા છે ? શું મારી ઇચ્છા પ્રમાણે વર્તવા તું ના કહીશ ? " બાબુએ કહ્યું.

બન્ને એક ક્ષણ એક બીજાં સામે જોઇ રહ્યાં–બન્નેની આંખમાં સમાન દૃઢતા દેખાતી હતી.

છેવટ લલિતાએ મૌન તોડયું–" એમજ ? તમને એમ

એ વાત સમજાતીજ નથી, તો ત્યારે હવે બધું સાંભળો—બેસો—"

બાબુએ ઘડીયાળ તરફ જોયું.

"વખત ઘણો છે-હજી અરધો કલાક સુધી કોઇ અહિં આવે તેમ નથી," કહી લલિતાએ બાબુનો હાથ પકડી પોતાની પાસે બેસાડયો અને બોલવું શરૂ કર્યું-"મારા વ્હાલા, મને હરકોઇ પ્રકારે લાગે છે કે આ માણસ-જયંત-મારાથી સાવ અજાણ્યો નથી.-એ વાત મેં તમને જરા વ્હેલી કહી હત તો ઠીક હતું. પણ જયારે જયારે એ કહેવાની મને ઇચ્છા થઈ છે, ત્યારે "કહીને ફાયદો શું?" એ વિચારે એ કહેતી મને અટકાવી છે-અને ખરેખર આજસુધી એ કહેવાની મને અગત્ય જણાઇ નથી. પણ હવે તો છુટકોજ નથી, માટે ટુંકમાં કહું છું તે સાંભળી લ્યો. જયારે હું તેર વર્ષની થઇ અને નિશાળ છોડી ઘેર વસવા લાગી ત્યારે એક વખત મારાં કાકી સાથે હું કાર્નોલા કેવ્ઝ જોવા ગઇ હતી. ત્યાં અમે જે ઘણાં માણસોના પરિચયમાં આવ્યાં તેમાં એક પચીસ વર્ષનો જયંત નામનો જુવાન પણ હતો. એણે મને જોઈ ત્યારથીજ જાણે મને બહુ પ્રેમ બતાવવા લાગ્યો. અને અમે પૂના ગયાં ત્યાં પણ સાથે આવ્યો. બે મહિના પછી તેણે મને એકાંતમાં કહ્યું—"મારો પ્રેમ તું સ્વીકારે તો તારાં કાકીને કહી લગ્નનું નક્કી કરૂં" એ જુવાન હતો, રૂપાળો હતો—ફાંકડો હતો, લશ્કરમાં પંકાયલો હતો, અને સહુ કોઈ તેની મૈત્રિ કરવા ઇચ્છતું. એવા પ્રખ્યાત અને ઉમરાવજાદા જેવાની નજરમાં હું ગમી ગઇ એ વિચારે મારાં બાલક મનનેતો ફુલાવી ઢોલ બનાવી દીધું સારાં ભાગ્યે મેં વિચાર કરવા એક અઠવાડીયાંની મુદત માગી-ત્યાર પછી મેં એને શું જવાબ આપ્યો હત તે હું કહી શકતી નથી,-પણ એટલું તો ખરૂંજ કે મારાં હૃદયમાં એના પ્રત્યે યત્કિંચિત્ પણ પ્રેમ ઉદ્દભવ્યો નહોતો. એ વખતે ત્યાં એક જાહેર ઉજાણી થવાની હતી,

ગઇ, એ વિચારે મારાં બાળક મનને તો ફુલાવી ઢોલ બનાવી દીધું. સારાં ભાગ્યે મેં વિચાર કરવા એક અઠવાડીયાંની મુદત માગી ત્યાર પછી મેં એને શું જવાબ આપ્યો હત તે હું કહી શકતી નથી. પણ એટલું તો ખરૂંજ કે મારાં હૃદયમાં એના પ્રત્યે યત્કિંચિત્ પણ પ્રેમ ઉદ્ભવ્યો નહોતો. એ વખતે ત્યાં એક જાહેર ઉજાણી થવાની હતી, અને મારાં કાકીએ એના ખર્ચના ખરડામાં પૈસા ભર્યા હતા. પણ એવા જાહેર મેળાવડામાં, અજાણ્યા સ્થાનમાં બે જુવાન સ્ત્રીઓ એકલી જાય એ મારાં કાકીને બિલકુલ ગમતી વાત ન્હોતી. અને તે દિવસ તો મારાં કાકી પણ હજી જુવાન અને પુટડાં હતાં. પણ ભાગ્યજોગે ઉજાણીને દિવસેજ મારા કાકા મુંબઈથી આવી પ્હોંચ્યા. તેમણે મારી ઉજાણીમાં જવાની તીવ્ર ઈચ્છા જોઈ મારાં કાકીને સમજાવી દીધાં અને અમને બન્નેને લઇ ત્યાં ગયા. અમે ત્યાં ગયાં ખરાં પણ બહુ મોડાં પ્હોંચ્યાં. થોડીવાર બગીચામાં આમ તેમ આંટા માર્યા પછી અમે એક અંધારા જેવા ખુણામાં બાંક પર થાક ખાવા બેઠાં. મારા મનમાં તો જયંતને તેના પ્રશ્નનો શું જવાબ દેવો એજ વિચાર ચાલી રહ્યા હતા, એવામાં અમારી પાછળનાં ઝાડનાં ઝુંડની પેલી મેરથી કોઇ સ્રી સાથે તકરાર કરતો હોય તેવો જયંતનો કઠોર અવાજ મારા કાને અથડાયો. બેમાંથી એકેય નજરે તો દેખાતાંજ નહોતાં, અને મરાઠી ભાષામાં તકરાર ચાલતી હતી, એટલે મારાં કાકા કે કાકી તો બિચારાં બિલકુલ સમજી શક્તાં ન્હોતાં. પણ હું એ ભાષા જાણુતી હોવાથી મારા કાકાને બે ઘડી મૂંગા રહેવાની ઇશારત કરી સાંભળવા લાગી. એ બે ઘડીની અંદર મારૂં બધું ભવિષ્ય નીમાઇ ચૂકયું. હું તમને વધારે શું કહું? હું તે દિવસ હજી સાવ બાળક હતી, નિર્દોષ હતી, દુનિયાંના છળપ્રપંચ હું જાણુતી નહિં. એવી મેં, જયારે, જે માણુસેં હજી બે દિવસ પ્હેલાંજ મારા પ્રેમની માગણી કરી હતી, એ માણુસને હલકા શબ્દથી એક પોતેજ ભોળવી ફસાવેલી સ્રીને ધુતકારી કાઢતાં લાત મારી, દુર્દશા કરી કહાડી

મૂકતાં જોયો, ત્યારે મારૂં નિર્દોષ અંતઃકરણ ભય અને ત્રાસથી જડ બની ગયું—એવું જૂઠાણું અને દગો જોઈ હું દિગ્મૂઢ બની ગઇ !"

"પછી તેં શું કર્યું ?" બાબુએ પૂછ્યું.

"જ્યાંસુધી એ બે જણની વાત ચાલી ત્યાંસુધી હું પૂતળાંની માફક સજ્જડ બની બેઠી રહી; પણ જ્યારે એ લોકો ઉઠીને અમારી આગળથી પસાર થયાં, ત્યારે મેં મારી ઓઢણી જરા ઉંચી લીધી, પેલા નરાધમ તરફ એક તીક્ષ્ણ દ્રષ્ટિપાત ફેંકયો, અને બને એટલા સ્વસ્થ અવાજે મારા કાકાને ઘેર ચાલવા કહ્યું."

"ત્યાર પછી તેં એને કયારેય જોયો કે નહિ ?"

"ના—બીજેજ દિવસે મારી વિનતિ અનુસાર અમે પૂના છોડી મુંબઈ ગયાં. મુંબઈ પ્હોંચ્યા પછી પણ એણે મારૂં શિરનામું કયાંથી મેળવ્યું તે એ જાણે-પણ મારા પર એના કેટલાક કાગળો આવેલા-કે જે બધાને હું વાંચ્યા વિનાજ ફાડી નાખતી. ઇશ્વર કૃપાએ પછી એ પણ બંધ થયું, ને થોડા દિવસ પછી તો એ જીવે છે કે નહિં તેની પણ મને ખબર રહી નહિં."

"કદાચ—મોગરાનાં પુલ મોકલનાર એ હશે—?" બાબુએ કહ્યું.

"અરે એવી ગાંડી વાત તે શું કરો છો ?"

"પણ તમારા વાળો જયંત એજ કદાચ સરદાર જયંત નહિં હોય."

"મને ભય લાગે છે કે એજ એ હશે." લલિતાએ ભાર દઈ કહ્યું—"કારણ મારૂં દરેક વર્ણન આબેહૂબ એને મળતુંજ આવે છે પણ વ્હાલા, જો એજ એ હોય, તો તમે હવે તો મને એની સાથે વાત કરવા નહિં કહો, તમે મને એનો આદર કરવા હવે તો નહિ કહો ?"

એ વખતે એક નોકરે આવી વરધી આપી કે ભોજનગૃહમાં પુલ તોરણ ટંગાઇ રહ્યાં છે, માટે લલિતા એક છેલ્લી વારની નજર ફેરવી આવે તો ઠીક.

"બર, જા, મી ચેતે."—લલિતાએ ધાટીને કહ્યું, અને પછી જતાં જતાં બાબૂ તરફ દ્રષ્ટિ ફેંકી—કહ્યું,

"હવે તો ત્યારે સમાધાન થઇ ગયું ને?—હું ધારૂં-છું હવે તો તમે હઠ નહિં પકડો!"

તે ગઇ.

"નશીબ તો જાણે પૂતળાં પેઠે મને નચાવે છે!" એકલો પડેલો બાબુ મનમાં બબડવા લાગ્યો. "મને તો લાગે છે કે મારાં નશીબને નક્કી રાહુ ગળી ગયો છે!"

હજી સાડા નવ થયા હતા દસ વાગ્યા પ્હેલાં કોઇ આવે તેમ ન હતું. તે ભોંય તળીયે ગયો, અને તૈયાર રાખેલ સાધનોમાંથી પીકમી અપમાં આઈસ નાખી પીવા માંડયો. લલિતાને નિરૂત્સાહ બનતી જોઇ તેના મનમાં ક્લેશ થતો હતો. તેના મનમાં એમ હતું કે ધારેલો પૈસો એકઠો થાય તો પછી પ્હેલાંની માફક ફરી પોતાની પ્રિય-તમા સાથે આનંદમાં બધો કાળ ગાળવો. એમ એકદમ કરી શકવા અસમર્થ હોવા માટે તે ઘણી વાર પોતાને નિન્દતો. પણ પાછું તો નજ વળી શકાય એટલાં પગલાં તો એ હવે ભરી ચૂકયો હતો. જાણે કોઇ પ્રવાહમાં તે ઘસડાઇ જતો હોય તેમ તેને લાગતું હતું. એનાં અંતઃકરણનાં ઉંડાણમાં એની ભૂલ માટે એને ઘણો પશ્ચાત્તાપ થતો, પણ છતાં ભવિ-ષ્યની એ વ્હાલી આશાઓ છોડી દઇ પાછા વળવાનું એને મન થતું નહોતું. એની પોતાનીજ નજરમાં એને પોતાની વર્તણુક હલકી પડી જતી ભાસતી હતી, પણ છતાં એ કબૂલ કરતાં એનો જીવ ન્હોતો ચાલતો. ઘણી—ઘણી વાર એને લલિતાની ક્ષમા માગવાની ઇચ્છા થઇ જતી, પણ પત્નિનાં સર્વ સુખને પાછું લાવી આપે એવું પગલું ભરવાની તેની હિમ્મત ન્હોતી ચાલતી. તેના લલિતા પ્રત્યેના પ્રેમને લીધે દરેક કોમળ અને ઉત્કૃષ્ટ ભાવો તેનાં હૃદયમાં તોફાન જગાવી મૂકતા તે ઘણીવાર એ તુફાનમાં ભળી લ્હડાઇ કરવા જતો, પણ સામનાં રાક્ષસી સૈન્ય આગળ કાયમ પાછો પડી જતો.

ઉપરથી આટલો બધો આનંદી દેખાવા છતાં બાબુ ઉદાસ હતો; એનાં હૃદયમાં કોઇક મર્મવેધક ઉદાસીનતા છાઇ રહી હતી.

તે ભરેલો ગ્લાસ ગટગટાવી ગયો, ને લલિતાનાં વચનોપર વિચાર કરવા બેઠો.

"ધારો કે—કદાચ સરદાર જયંત એ લલિતાનો જૂનો ઓળખીતોજ નીકળે–પણ, તેથી શું ? આટલા બધા દિવસે તો એ એને ભૂલી પણ ગયો હશે–અને લલિતાને તો એનાપર પ્રેમ હતોજ નહિં–એક છાંટો પણ નહિં, ત્યારે પછી ભય શાનો છે ? લલિતાને એની વાત સંભારતાં બહુ દુઃખ થાય છે એ ખરૂં; પણ હવે તો એ કંઇ ન્હાની નથી. સંસારમાં પડી છે, તો હવે એણે પોતાના મનોભાવ છૂપાવતાં પણ શીખવું જોઇએ. શું બે ઘડી પોતાનો તિરસ્કાર છૂપાવી એ મારૂં કાર્ય સાધવામાં મદદ ન કરે ? અને મારે પણ એ જયંતનો અભિપ્રાય ર્‌હેલો જોઇએ છીએ. બધો આધાર એનાપર છે."

તેનાં અંતઃકરણમાં ભરાયલા રાક્ષસે તેનાં મનને અવળે માર્ગે વાળ્યું—

"બસ નક્કીજ. ગમે તે ભોગે પણ મારે એ માણસને તો હાથ કરવો જ જોઇએ—અને મારે ધનવાન થવા એ પૈસા પણ મેળવવાજ જોઇએ. હા મારા પૂજ્ય પિતા, હું ખરેખર પૈસા મેળવીશ–અને હું સાબીત કરી આપીશ કે મારે એકલે હાથે પણ હું પૈસા કમાવા શક્તિમાન છું."

તેના મનમાં જુસ્સો ચ્હડી આવ્યો અને અભિમાનથી તેણે પોતાની છાતી ઠોકી. જાણે પોતે કરેલા નિશ્ચય વડે તે આખી દુનિયાંને જીતી જવાનો હોય તેમ તે ઉત્સાહમાંજ આમ તેમ આંટા મારવા મંડયો.

"ધારો કે મને ફતેહ મળી—! અરે, પણ ફતેહની શંકાજ કયાં છે ? મારાં મનમાંથી કોઇ મને કહે છે કે મને ફતેહ મળશેજ મળશેજ. હા એ સરદાર જયંતને પણ

મારે વશ કરી લેવો જોઇશેજ. અને લલિતા માટે-ખરેજ, કોઇ બીજીને એવી કસોટીએ ચ્હડાવવામાં ભય રહે-ખરો પણ લલિતા--અરે, એના માટે ભય કે શંકા રાખું તો મારા પોતાના પર પણ અવિશ્વાસ કાં ન રાખું? એ મારી વ્હાલી!" સામે પડેલી લલિતાની છબીને આવેશથી ઉપાડી એક ચુસ્ત ચુમ્બન લેતાં તેણે ઉદ્ગાર કહાડયો, "તારે માટે એવો વિચાર કરવા માટે પણ મને ક્ષમા કર!"

સારંગી હારમોનીયમની ગતના છેલ્લા સ્વર, અને તેની પાછળ તાળીઓના મોટા અવાજ તેને કાને અથડાયા.

"આઃહા! હું મિજલસને તો સાવ ભૂલીજ ગયો કે શું?"

તે એકદમ સીડી પર થઇને દીવાનખાનામાં દોડયો ગયો.

૯

નેપીઅન સી રોડઃ—

પ્હેલે માળે, મોટા દિવાનખાનાનાં બારમાં ઉભી ઉભી લલિતા સર્વ સન્નારીઓ અને સજ્જનોને આવકાર આપતી હતી. બાબુએ અંદર જતાં જોયું કે આશરે ત્રીસ પાંત્રીસ માણસો તો આવી પણ પ્હોંચ્યાં હતાં. તે દરેકની સાથે હાથ મિલાવી વિવેક કરવામાં તે ગુંથાયો. સાડા દસ વાગ્યા ત્યાં તો દિવાનખાનામાં છૂટથી ફરવાનો પણ માર્ગ ન રહ્યો. દિવાનખાનું અને સીડી માણસોથી ભરપૂર હતાં, અને ગાડીઓની તો હજી રેલ ચાલી આવતી હતી.

અગીયાર વાગે તો બધું ખીચોખીચ ભરાઇ ગયું-અને જોતાંજ આંખ ભરાઇ જાય એવો દેખાવ થઇ રહ્યો. રોશની અને ફુલ તોરણોને લીધે તે દિવાનખાનું એક બેહેસ્ત જેવું લાગતું હતું.

મનુષ્યરૂપી સમુદ્રમાં કયાંક પાઘડીવાળાં તો કયાંક સેંથી અને વેણીવાળાં માથાંઓ બોયાંની માફક તરતાં

દેખાતાં હતાં; સમુદ્રમાં કોઇ વાર કાળા ડગલા રૂપી તો કોઇ વાર રંગ બેરંગી ચકતી ચકતી સેટીનની સાડી રૂપી વિવિધ જાતના ઝળકતા તરંગો આવતા હતા. અને તેમાં હીરા મોતીના દાગિનાઓ સોનેરી માછલાંઓની પેઠે તરવરતા ચમકી રહ્યા હતા. એટલાં બધાં માણસોના શ્વાસોચ્છ્વાસને લીધે હવા ગરમ થઇ જતી હતી. પણ પુષ્પપરાગનો પરિમલ લઇ વહતો વાયુ ફરી બધે ઠંડક ફેલાવતો હતો.

જાત જાત અને ભાત ભાતનાં માણસો ત્યાં એકઠાં થયાં હતાં. અપટુડેટ ફેશનનાં કપડામાં સજ્જ થયેલા કાયમ કૃત્રિમ સ્મિત ભર્યાં વદનવાળા સુધારકો, અને ક્વચિતજ પરાણે સ્મિત કરતા પણ કાયમ દહિંથરાં જેવું મોં કરી બેસી રહેનારા મિથ્યાભિમાનીઓ, એ મંડળમાં અગ્રપદ ધરાવતા હતા. પૈસાની ઉથલ પાથલ કરવામાં માથાં ઝીંકનારા, ચિંતા અને સંપત્તિની મુખપર રેખાઓ ધારનારા, જુવાન છતાં પણ ધોળાવાળવાળા વૃદ્ધ જણાતા વ્યાપારીઓ બને તેટલા સુંદર દેખાવાની ઇચ્છાથી ભપકાદાર પાઘડીઓ માથે મૂકી હીરાની વીંટીઓ આંગળીએ પ્હેરી ત્યાં પધાર્યા હતા. હજી નાજુક છોડ જેવા ઉગતા સાહિત્યના ઉપાસકો, અજાયબ સ્ફુર્તિથી આસપાસની દરેક ચીજ કે બનાવને તીક્ષ્ણ દૃષ્ટિથી જોતા, પોતાની વાક્પટુતાથી ઘડી ઘડીમાં સ્ત્રીઓમાં હાસ્ય ઉત્પન્ન કરતા, સહુ કોઈની આગળ ઉત્સાહથી પોતાનાં જ્ઞાનની પ્રસાદી ધરતા, એક ઠામે ઠરીને બેસતા નહતા. ઉત્તમ કલાઓના ઉંડાણમાં ઉતરી તેના ખરેખરા જ્ઞાતા બનેલા ગંભીર, ભવ્ય અને તેજસ્વી દેખાતા સજ્જનો પણ હતા ખરા--પણ તેવા બહુ થોડાજ હતા.

દરેક બાજુએથી સુગંધી તેલ અત્તર, અને સેન્ટની વાસ આવતી હતી. અને એવાં સુગંધી તેલ નાખેલા કેશ નીચે ગુલાબી છતાં પણ ફિક્કાં, પ્રફુલ્લ છતાં પણ ઉદાસ, ગોળ છતાં પણ નૂર વિનાનાં અબળાઓનાં અર્ધ ખીલેલ

ને અર્ધ કરમાયલાં કુમુદ જેવાં વદન લચી રહ્યાં હતાં. આર્ય પ્રજા જાણે લક્ષ્મી હીણુ, ધર્મ હીણુ, અધિકાર હીણુ થતાં કેવળ તેજ હીણુ બની ગઇ હોય તેમ પ્રકૃતિ માત્રનું મુખ ઝાંખું અને નિસ્તેજ લાગતું હતું. હા, દીન આર્ય પ્રજા !

દિવાનખાનાંના એક ખુણામાં દિનકર અને ગુણવંતરાયનો ભેટો થઇ ગયો.

" શું મિજલસની બહાર છે ! " ગુણવંતરાયેજ બોલવામાં પ્હેલ કરી " અત્યારે આખાં અંગ્રેજી રાજ્યમાં પ્રસિદ્ધિ પામેલી ગોળીના શોધકને જોવા આજે આખું મુંબઇ અહિં ઉલટી આવ્યું છે ! "

" અને લલિતા બ્હેનને પણુ " દિનકરે કહ્યું.

"અને લલિતા બ્હેનને પણુ-ખરૂં-મેં એનું આટલું સોંદર્ય કોઈ વાર જોયું નથી. ચંદ્રે એની મુખાકૃતિ ચોરી હશે-અને ખંજને એની આંખની ચપલતા ચોરી હશે- અને ફણી ધરે એના વાલની લટ ચોરી હશે—

" અને હિંદે એના મુખ પરની ઉદાસીનતા ચોરી હશે"—દિનકરે વચમાંજ ઉમેર્યું. " એ બિચારી અકળાયલી નિરૂત્સાહ બની હોય તેમ નથી લાગતું ?"

" અને એજ એનાં સોંદર્યની પરિસીમા લાગે છે. આખો દિવસ હસ્યા કરે તે એવું સુંદર ન લાગે આના જેવી જરાક ઉદાસીનતા હોય તો સોંદર્ય ખીલી ઉઠે ! "

" સોંદર્ય કરમાઇ જાય, ભાઇ ! હું ખરૂં કહું ? મને તો આવી મિજલસ જોઇને ધ્રુજારી છૂટે છે ! " દિન કરે કહ્યું.

" ત્યારે તો અહીં આવ્યાજ શા માટે ? "

" આવ્યો શા માટે કેમ ! હું તો અહીં વૈદ્ય તરીકે આવ્યો છું. હું તો એક વિચિત્ર રોગની ચિકિત્સા કરૂં છું. "

" અને તમારો દરદી—

" આપણા માનવંતા શોધક સાહેબ " દિનકરે કહ્યું.

" એમ ? એને કેમ છે આજે ? "

" રોગ વધી પડયો છે. જોકે એ સાજા થશે એમાં શક નથી: જરા વખત લાગશે. "

દિનકર ચસ્માં ચડાવી ભેગાં થયેલાં મંડળનું નિરીક્ષણ કરવા લાગ્યો.

" અહા-" તેણે ચસ્માં ઉતારી ફરી ખીસામાં મૂકતાં કહ્યું, " આ બંગલા કરતાં પેલી ચર્નીરોડવાળી મઢૂલી કેટલી સુંદર લાગતી ? આવી વૃત્તિને શિથિલ કરી નાખે એવી મિજલસો કરતાં ત્યાંની શાંત એકાંત ગોઠડીઓમાં કેટલો આનંદ મળતો ! આટલા બધા ચાકર નફરનો ત્યાં ત્રાસ ન્હોતો, અને સહુ કોઇ એક બીજાંને કેવાં મદદ કરતાં ! એ મઢુલીમાં તો કાયમ આનંદ આનંદ છવાઇ રહેતો. ત્યાં આપણે કેવાં મીઠાં ગીતડાં ગાતા અને સાંભળતા ! દરેક બાબત ઉપર કેવી રસભરી અને બુદ્ધિ પૂર્ણ ચર્ચા ચાલતી ! કલાવાનો, કવિઓ, અને કારીગરો એક એકના ગાંજયા ન જાય એવા કેવા એક બીજાની સ્પર્ધા કરતા ! હાલનાં જીવનને બોજા રૂપ બનાવે એવી દરેક વાતોથી આપણે વેગળા રહેતા. કોઇ દિવસ પણ બાર કરતાં વધારે માણસો ત્યાં એકઠાં ન મળતાં, એટલે વાતો કરવામાં પણ મજા પડતી અને વળી એ ઘરમાં એક ડઝનથી વધારે સામટાં સમાય એમ પણ ક્યાં હતું ? એનું નામ તે ખરી ગોઠ અને એનું નામ તે ખરી મિજલસ ! આનું નામ તો મિજલસ નહિં પણ મ્હોતખાસ ! નાનાં ઘરમાં તો વાત ચિત પણ છુટથી થઇ શકે ! પણ આવામાં તો માણસની જીભજ શીવાઇ જાય-મારા બાપ ! કેટલાં માણસો ! માણસોનો તો જાણે સમુદ્ર ઉભરાઇ ચાલ્યો ! "

" હં ! હં ! " ગુણવંતે ડોકું હુણાવતાં કહ્યું-" ત્યારે શું આપ આપનાં આટ આટલાં વખાણ સાંભળવા છતાં હજૂ તત્વ જ્ઞાનીજ રહ્યા છો કે ? "

"આજે તો એમજ છે પણ તમારી આસપાસ જરા નજર તો નાંખો ! આ બધાંનાં મોઢાં તો જુવો ! શું એ લોકો લપાટ મારીને ગાલ લાલ રાખતા હોય એમ નથી લાગતું ?–પરાણે પેટ પકડીને હસવાનો પ્રયત્ન કરતા હોય એમ નથી લાગતું ? જો તમારી નજરમાં એનું નામ આનંદ હોય તો અમારે એવો આનંદ નથી જોતો ! અરે બિચારો બાબુ –! એની સ્ત્રીને લોક સમુહમાં માન પામતી જોવાને એ રાત દિવસ ઝંખતો, અરે પણ એ પણ પોતાની સ્ત્રીને એવાં માનનો મોહ નથી એમ સ્વપ્નેય સમજી ન શક્યો. લલિતા બ્હેન પોતેજ આપણા તરફ આવે છે ને શું ? જો, જો, એનાં મ્હોંનો રંગ તો જો !"

ગુણવંતરાય પોતાના કેટલાક ઓળખીતાઓને દુર વાતો કરતા જોઇ તેઓમાં ભળી જવા તે તરફ ગયો. દિનકર લલિતા તરફ વળ્યો, અને આવા જન સમૂહમાં પણ એને જોયાથી જાણે માંડ શાંતિનું સ્થાન મળ્યું હોય તેમ લલિતાએ હાશ ભર્યું એક સ્મિત કર્યું. લગભગ બધાં માણસો હવે આવી પહોંચ્યાં હતાં એટલે એને હવે બાર આગળ ઉભા રહેવાની ખાસ જરૂર નહોતી છતાં પણ કોઇ હજી આવે તો ખબર પડે, એટલા માટે એ એ બારની નજીકમાંજ આંટા મારતી હતી. તેનો ચ્હેરો ફીકકો થઇ ગયો હતો, તેનાં શરીરમાં અતિશય થાકની અસર જણાતી હતી, અને આંખો હદ ઉપરાંત મ્હોટી લાગતી હતી.

"હાશ ! અહા, આવી મિજલસમાં એક જૂના મિત્રનો મેળાપ થવાથી કેવો આનંદ થાય છે !" દિનકરને બાર તરફ લઇ જતી તે બોલી. "સાચું કહું તો આ મારા મિજમાનોમાંથી અરધાને તો હું પૂરા ઓળખતી એ નથી !"

એને એ વાત એવી વિચિત્ર લાગી, કે પેટ પકડીને ખૂબ હસી.

"ત્યારે અરધાને તો તમે ઓળખોછો ને! એટલું એ ઘણું છે. અને અહીં ગર્દી ઘણી છે એમ તો કહેશોજ નહિં. કેમકે દિવાનખાનામાં માણસો ગુંગળાઇ ન જાય તો પછી તે મિજલસનો મોભો શું? અને તેમાંય જો બે ચાર અબળાઓ મુંઝાઇ જાય તો તો તમારી ખ્યાતી ખરેખર વધી એમજ જાણજો. દરેકે દરેક છાપાંમાં તમારી મિજલસનું અને તમારૂં વર્ણન છપાશે. તમને થાક બહુ લાગ્યો હોય તેમ લાગે છે, ખરૂં?"

"હા થાકતો એવો લાગ્યો છે કે હવે તો ઉભાં રહેવાની પણ તાકાત નથી."

"ત્યારે જરાક નીચે આવી જાઓ તો?"

બન્નેજણ નીચે ગયાં, અને દિનકરે એક પ્યાલો ગરમા ગરમ સ્ટ્રૉંગ કૉફી લલિતાને લાવી આપી. તે પીધાથી લલિતા ફરી પાછી ટટાર થઇ.

દિવાનખાનાં તરફ જતાં, દાદરો ચડતાં દિનકરે ફરી વાત ઉપાડી.

"ચાલો, લલિતા બ્હેન, તમે એટલું તો કબુલ કરશો કે તમારે સુખની કાંઇ ખામી નથી. હવે-તમે જુવાન, સુંદર, ને પૈસાદાર છો, અને લોકો તમને દેવી પ્રમાણે પૂજે છે, એથી વિશેષ શું જોઇએ?"

"એથી વિશેષ મારે કશું નથી જોતું" લલિતાએ કહ્યું "મારે તો એથી ઉલટું ઓછું જોઇએ છે. લોકો મને દેવી તરીકે પૂજે છે! એના કરતાં પ્હેલાંની જેમ ફરી મારા ઘરમાંજ દેવી જેવી ગણાઉં એટલે ઘણું છે મારે. એ વખતમાં અમને ઘણી શાંતિ મળતી. અને હવે? હવે ગામના આળસુ-નવરા લોકો બધા અમારાં જીવનમાં માથું ઘાલે છે. અને એ પણ શા માટે? અરે એ તો વાતજ જવાદો. પેલા યશવંતરાવ ગોડબોલેને મારી છબી વેચવાની એમણે ના પાડી એટલા માટે એ પણ નિન્દા કરવા લાગ્યો છે; હા, જો અત્યારે એ લોકો ભેગા મળી એજ વાત કરે છે. એ બધા એક પછી એક છબી જોવાને

મિશે જાય છે, ને જોઇને હસે છે. અરે ભાઇ, એવો વિચાર પણ તમે કરી શકો ખરા ? અરે એક વખત એક ચિત્રકાર એવો હતો, કે જે પોતાની પત્ની પ્રત્યેના પ્રેમ ખાતર એ છબી એવા કોઇને પણ બતાવતો નહિં. શું એ બતાવવામાં કંઇ હલકું તમને નથી લાગતું ? મને લાગે છે કે એજ લોકો ભેગા મળીને અમારી નિંદા કરતા હશે. અહો પુરૂષો, તમે ભલે એમ કહો કે બે બૈરીઓ મળે તો કોઇનું ઘર ઉખેડી નાખે, પણ તમારામાંનાજ થોડાક નવરા ભેગા થાય તો એ લોકો પારકી નિંદા અને મજાક શિવાય બીજું શું કરે છે ? એ લોકો જે નિન્દા કરી શકે છે તેટલી તો કોઇ ન કરી શકે. અરે, આટલા બધા ન્હોતરીયાને સાટે બે ખરા મિત્રને તેડયા હુત તો હું કેટલી ખુશી થાત ? "

" આજ દિવસ સુધી તમે એકલાં આનંદ ભોગવ્યો. હવે એ આનંદમાં તમારે બીજાંને ભાગ આપવો જોઇએ. જુઓ, એ તમારા ભાગીદારોને તમે આળખો છો? "

" હા-હા: તમે મને સહુની ઓળખાણ આપશો ને ?' લલિતાએ કહ્યું. " મારે તો એ સહુનાં નામ જાણ્યા વિના કાંઈ છૂટકો છે ? હું-ત્યારે કહો જોઇએ, પેલાં કટીથી લચી પડેલાં, ઉંડી ગયેલી આંખોવાળાં, અને ખાડા પડેલા ગાલમાં વારંવાર સ્મિત કરી વધારે ખાડા પાડનારાં સુંદર કોણ છે ? "

શ્રીમતી બ્હેન ઉન્નત શ્રૃંગવાસિની, સુધારામાં અગ્રભાગ લેનારાં વયોવૃદ્ધ બાઈસાહેબ. એને વરસ કેટલાં થયાં છે એ કોઇ જાણતું નથી. કોઇ કહે છે કે એને બ્હોંતેર વરસ થયાં છે, ને કોઇ તો વળી એકસોને બ્હોંતેર વરસ થયાં છે એમ કહે છે ! એના મ્હોંપર તમે જે સ્મિત જુઓ છો તે સતત ત્રણ કલાક સુધી એમને એમ રહેશે. લોકો કહે છે કે વૃદ્ધ થયા પહેલાં એમનું સાંદર્ય ઠીક દેખાતું. જાણવા લાયક દરેક માણસોને બરોબર જાણવાં એ એ ધંધો લઇ બેઠાં છે. વારસામાં જરૂર

કંઇક જાણવા જેવું મુકી જશે-કંઇક નહિં તો છેવટ એક નોંધ પોથીજ—"

"અને પેલાં કોણ! પોતાની પાસેથી પસાર થતાં યુગલને સંબોધી લલિતાએ પ્રશ્ન કર્યો.

"રાજેશ્રી મનમોહનરાય, અને તમની પાછળ પેલી બંગાલી યુવતી, કે જેના પૈસાંવડે એણે પોતાની પેઢીને ડુબતી બચાવી."

"કહે છે, પૈસાને ખાતરજ એ માણુસ એને પરણ્યો છે. એવા સ્ત્રી ધન ખરચીને આબરૂ બચાવનારા પુરૂષ ઉપર તે સ્ત્રી માન કે પ્રેમ કેમ રાખી શકતી હશે, અને પતિ માટે પત્નિને માન હોય અને પત્નિ માટે પતિને માન હોય, તોજ સંસારમાં સ્વર્ગ મળે છે. અને પેલાં ડોશીમા કોણ—?"

"સૌભાગ્યવતી રામકુંવરબાઇ, જેનાં પરાક્રમે આઠ વરસ પ્હેલાં આખી મુંબઇ ખળભળાવી મુકી હતી, તે."

"રામ રામ! એવી નીફફટ સ્ત્રીઓ તે શાને થતી હશે! અરે એનો વેશ તો જુઓ! અરધ છાતી દેખાય તેવી કસ કસતી બહુજ ટુંકી બ્હાંયની ચોળી અને માથે તો ઓઢવાનાજ સમ! હાય હાય. આખી ઐરી જાતને બટ્ટો બેસે છે. હું તો એના ઢંગ જોઇનેજ લાજી મરૂં છું."

"અરે આતો હવે ઠીક છે એના પ્હેલાના ઢંગ જોયા હોય તો તો આ તમને સાધુવેશજ લાગે! હવે તે. સો ઉંદર મારીને મીની બાઇ પાટ બેઠા છે હવે તો બાઇ સાહેબ સ્ત્રી કેળવણીમાં સુધારો કરવા આગળ પડયાં છે. ને કન્યાઓને વિનય રાખતાં ખાસ શીખવવું જોઇએ એવો એમનો ખાસ મત છે.

"શા માટે ન હોય?

ઉપરકી અચ્છી બની
ભીતરકી જાણું રામ.
ધ્યાન ધરત બગ લોક જો
હરે મીનકે પ્રાણ."

આ પ્રસંગ ચાલતો હતો ત્યાં એક નોકરે આવી કહ્યું, "બાઇ કોણી આવે—"

"બાઇ કોણી નહિં—મણિ—" નવાં આવનાર સુંદરીએ નોકર પ્રતિ ચ્હીડવાઇને કહ્યું."

"રામકુંવર બાઇને ટપ્પે મારે એવાં આતો મણીબાઇ આવ્યાં!" દિનકરે લલિતાના કાનમાં કહ્યું.

લલિતા મણિબાઈને આવકાર આપવા સામે ગઇ.

"મને જરા મોડું થયું તે માફ કરશો." મણિબાઇએ સવિનય કહ્યું. "હું જરા નોવેલ્ટીમાં "પ્રેમની પ્રતીતિ" જોવા ગઇ હતી. અદ્ભૂત નાટક છે હો! આવતી દિવાળી સુધી તો ચિક્કાર હાઉસ હેશે. તમે તો જોયેલાજ હશે?"

"હાજી, પ્હેલીજ રાત્રે. એના લેખક, આપને મળવાની ઇચ્છા હોય તો—રા. દિનકરરાય સુમનરાય."

"એ હો," તેણે ઉભાં થઇ સવિનય આગળ આવેલા દિનકરને સસ્મિત કહ્યું "ખરેખર, આવા લેખ માટે મુંબઇની પ્રજાએ તમારો આભાર માનવો જોઇએ. તમારા ભાવ માણસના મનને જાણે પાંખ આપી કયાંઇ ઉંચે ઉડાવી જાય છે. પ્રેક્ષકો નાટકશાળામાં માતા નથી, અને તેમનો આનંદ તેમનાં અંતરમાં માતો નથી!"

"મુંબઇની પ્રજાએ મારી કદર કરી છે, એજ મારો બદલો છે." દિનકરે પણ વિવેકના ધારા પ્રમાણે જવાબ વાળ્યો.

"ખરેખર આ નાટક લખીને તમે હાલના સર્વ નાટકકારોમાં પ્રથમ પદ મેળવ્યું છે."

જાણે કેમ એ સન્નારીનાં આ છેલ્લાં વાકયને સહુ કોઈ વધવી લેતાં હોય, તેમ દિવાનખાનાંને બીજે છેડેથી તાળીઓના અને વાહ વાહના અવાજે મહાન ઘોષ મચાવી મૂકયો. થોડીજ વારમાં કોઇની પણ પ્રશંસા ન કરે એવાં મંડળમાં પણ ચોતરફથી જે ધન્યવાદ વાચક

શબ્દો પોતા પર વરસી રહ્યા હતા તેને સલામથી અને ખુશ મીજાજથી સ્વિકારી લેતો, માણસોની ગીર્દિ વચ્ચેથી મહા મુશ્કેલીએ માર્ગ કરતો એક ફાંકડો જુવાન દેખાયો. એતો મુંબઇનો માનીતો ઉસ્તાદ હુસેનજ હતો. તે નીચે ઉતરવા જતો હતો ત્યાં લલિતાએ એને રોકયો.

" હુસેનખાં, તમે આ મિજલસને આજ જે આનંદ આપ્યો છે તેનો બદલો કેમ વાળવો તે મને સૂઝતું નથી. " આમ કહી તેણે મણિબાઇને એનું ઓળખાણ આપ્યું.

" મેંય બડોદેમેં એક બખ્ત આપ ા મીલા થા, બાઇ સાહબ " હુસેને તે માનવંતાં બાઇને નમીને કહ્યું.

" એમ ! હું—કયારે વારૂં ?" મણિબાઇ એ પૂછયું.

" કયોં ? દો બરસ પહિલે, તુમેરાહિ ઘરમેં મંય ગાને કો આયા થા-વો ધ્યાનમેં નહિં હય આપકો ?"

" હા હા ? સાંભર્યું, સાંભર્યું !—હા—હું તમને જોઇને ઘણી ખુશી થઇ છું–ભાઈ– અરે, મને તે નામજ કેમ યાદ નથી રહેતાં– એનું નામ શું ? " મણિ બાઇએ લલિતાને પૂછયું.

હુસેનખાં કાંઇ વિશેષ સાંભળવા ઉભો રહ્યા નહિં. મણિબાઈની રજા લઇને બે ચાર મિત્રોને મળી તે નીચે ઉતરી ગયો.

" હુસેનખાં હાલના મોટા ગવૈયાઓમાંનો એક ગણાય છે. " લલિતાએ કહ્યું.

" હું જાણું છું, હું જાણું છું—" એમ કહી મણિબાઇ સઘળા મોટા ગવૈયાઓનાં નામની કડકડાટ પાઠ લઈ ગયાં—" પણ આ બધા સજ્જનોનાં મંડળમાંય જેની તેની વાતમાં માથું મારે છે, તે એ તે એટલો દમ શાનો ધરાવેછે ? ખરેખર, ગવૈઆઓ વિનય કે વિવેકમાં તો સમજતાજ નથી." તેણે બે ડાબલા જેવાં મોટાં ચસ્માં આંખ આગળ પકડી રાખી તે ગવૈયો ગયો ત્યાં સૂધી તેની પાછળ જોયા કર્યું. પછી એકદમ બોલી.

"અરરર ! જુવો, જુવો. અત્યારે એ કોની સાથે વાત કરે છે ! વડોદરામાં તો અમે ગવૈયાને આટલી છૂટ ન આપીએ. પૈસા લે છે ને, મફત આવે છે કાંઇ ?"

"કદાચ આહિંના મોટા મોટા ગૃહસ્થોને ત્યાં પણ એને માન મળે છે, એને આધારે એ એટલી હિમ્મત ધારે ખરો."

"હશે—" મણિબાઇ મનમાંજ બોલ્યાં, અને એક કટાક્ષ ભર્યું કૃત્રિમ હાસ્ય કરી, એક સુંદર રેશમી રૂમાલ વડે મુખપરની ઝાકળ ઉડાડતાં ઉડાડતાં પોતાની પુત્રિ પ્રતિ ચાલ્યાં ગયાં.

આ બધી વાત દિનકર એક બાજૂ ઉભો ઉભો સાંભળતો હતો. સાંભળતાં સાંભળતાં લલિતાને સ્હાબાશી દઈ દેત, એટલો એ ખુશી થઈ ગયો હતો.

"વાહ બ્હેન, તમેય કંઇ ભોળાં નથી લાગતાં, ધીમે ધીમે જોર વધતું જતું હોય તેમ લાગે છે."

"મને લાગે છે કે મારૂં અંતઃકરણ તિરસ્કારથી હવે ભરાઇ ગયું છે. કોઇની સાથે વખતે વધારે બોલી જવાશે—"

બોલતાં બોલતાં લલિતાની નજર બારણાંપર પડી, અને તેણે એક માણસને કંઇ નોંધ લેતો જોયો. એને એણે ઘણાં માણસોમાં ભળી જઇ તેમની ચિકિત્સા કરતો, અજાણ્યાંની સામે તાકીને જોઈ રહેતો ઘણીવાર જોયો હતો. એને જોઇ લલિતાએ દિનકરને કહ્યું.

"દિનકર ભાઇ, મને પેલો માણુસ કોણુ છે તે કહેશો ? એ તે કરે છે શું—કંઇ સમજાવશો ? કંઇક નોંધ લેતો હોય તેમ લાગે છે. હમણાંજ કંઇક ચિત્રની રેખાઓ કહાડતો હતો. કોઇ ચિત્રકાર છે, ખરૂં ?"

"ભોળાં રે ભોળાં બ્હેન" દિનકરે હસતાં કહ્યું. "હા-હા-એ ચિત્રકાર છે—જો છાપાંઓને માટે નોંધ લેનારાને તમે એ નામ આપો તો એ એક ચિત્રકાર છે."

"પણુ હું એને ઓળખતી નથી. અમારી તરફથી એને આમંત્રણુ મોકલ્યું હોય એમ હું નથી ધારતી."

"તમે નહીં મોકલ્યું હોય, તો કોઇ બીજાએ મોકલ્યું હશે. અને મોકલ્યું ન હોય તોય એ લોકોને શું વાંધો છે? ગમે તેવી મંડળીમાં કોઇ પણ રીતે ઘુસી જવું, એ તો એમનો ધંધોજ છે. આ માણસ પણ તમારી આ મિજલસનો અહેવાલ પોતાનાં વર્તમાન પત્રમાં આપવા નોંધ લઇ લે છે."

"પણ એતો અમારૂં અપમાન થાય છે" લલિતાએ રહીડવાઇને કહ્યું. અમને અહીં એકલાં રહેવા દેતા હોય તો પાડ માનું એનો. મારે છાપાંમાં એવા વાવટા ઉડાવવા નથી. અમારાં ઘર સાથે લોકોને કે છાપાંને શું સંબંધ છે?"

"ઉભાં રહો, જોઇએ" દિનકરે ચશ્માં ચડાવી પેલા માણસ તરફ જોતાં કહ્યું, "અરે હા, એને તો હું સારી પેઠે ઓળખું છું. એ તો પેલો" "લોક તરંગ" નો નોકર છે. મેં એને ઘણીવાર દીઠો છે. માણસ જરા હુશીયાર છે, અને લોકોને પસંદ પડે એવા લેખો લખતાં એને ઠીક આવડે છે."

બોલતાં બોલતાં દિનકરે એ માણસની નોટમાંથી એકાદ બે કાગળીયા નીચે પડતા જોયા. લાગ ફાવ્યો કે તુર્ત એ કાગળીયા ઉપાડીને તે લલિતા પાસે લઇ આવ્યો.

"જુઓ જુઓ, જરા ગમત કરીએ. આ એક બે નમૂના મારા હાથમાં આવ્યા છે. સાંભળો, 'ચળકતા આસ્માની રંગની સાડીમાં શ્રીમતિ સૌંદર્યલતા માણસના મગજને ધમધમાવી દે એટલાં સુંદર લાગતાં હતાં. એમનાં વિશાળ ઉર ઉપર—"

"રાખો, રાખો, બધું સમજાઇ ગયું!"

"જરા ધીરજ રાખો; જુઓ, આ વળી કંઈક બીજું છે."

"આછાં ભૂરાં અંબરમાં સજ્જ થયેલાં કમલા લક્ષ્મી બ્હેનને જોવાથી સરોવરનાં આછાં પાણીમાં તરતાં લાલ કમળનો આભાસ થતો હતો. માનવંતાં બાઇ મણિબાઇને

સહુ કોઇ તેમની પુત્રિનાં રાજેશ્રી મનુભાઇ સાથે લગ્ન થયાં તે માટે હરખ કરતાં હતાં."

"આવું વાંચવું ગમે છે માણુસોને ?"

"ન ગમે તો છાપું લે કોણુ ? ને કોઇ લે નહિ તો એ ચાલેજ કયાંથી ? અરે, પણુ સાંભળો સાંભળો, આમાં કંઇક તમારે વિશેજ લખ્યું છે. "રા. રા. બાબુરાયનાં ધર્મ પત્નિ સૌભાગ્યવતી લલિતા બ્હેને ચાઇના સીલ્કની એક સફેદ સુંવાળી સાડી પ્હેરી હતી, અને તેનાં શરીર પરના દાગીનાનો ચળકાટ જોનારની આંખને અંજાવી દેતો હતો. જે વિનય અને વિવેકથી તે પોતાના મિજબાનોને આવકાર આપી તેઓની સરભરામાં કરતાં હતાં, તેને લીધે તેનું નામ મુંબઇનાં ગૃહસ્થ કુટુમ્બોમાં થોડા દિવસમાં પ્રસિદ્ધ થઇ જશે, તેમાં કંઇ શક નથી. કહો લલિતા બ્હેન, આ તમારૂં વર્ણુન કરવામાં તો એણે બિચારાએ બહુ વિનય વાપર્યો લાગે છે, હો-"

"આ તે શું લેખ છે !"

લલિતાએ ચ્હીડવાઇ તે પાનાં દિનકરના હાથમાંથી ઝુંટી લઇ ફાડી નાંખ્યાં. પછી પોતાના મિજબાનોમાં ભળી જવાને બદલે પોતે એકલી ઉભી ઉભી વાત કરે છે, એ ખોટું દેખાય, એવો વિચાર આવતાં ઇસારાથી દિનકરની રજા લઈ, પોતાનાં ઓળખીતાંઓને મીઠાં મીઠાં વચને રીઝવતી એ કુશળ ગૃહિણી પલ એકમાં તો એ લોક પ્રવાહમાં કયાંય અદૃશ્ય થઇ ગઇ.

૧૦

સરદાર જયંતઃ—

કોઈ સર્વવ્યાપીની માફક બાબૂ આશ્ચર્યકારક ત્વરાથી અહીં, તહીં-સઘળે, સઘળાં મિજમાનોની સેવામાં હાજર રહેતો હતો. સર્વ કોઇ એના આનંદી સ્વભાવનાં વખાણુ કરતાં હતાં. પારકી નિન્દા કરવી એજ જેઓ ધંધો લઇ બેઠાં હતાં, એ લોકો પણુ કબૂલ કરી ગયાં કે બાબુ જેવો

સરળ શાંત અને ઉમદા માણસ હજારે એક મળવો મુશ્કેલ છે.

હવે તો દિવાનખાનામાં ઉકળાટ એટલો બધો વધી પડયો હતો કે શ્વાસ લેતાં પણ મુંઝાઇ જવાય. છતાં પણ કોઇ પણ માણસ જવાની વાત બિલકુલ નહોતું કરતું. સરદાર જયંત આવવાનો છે એ વાત જ્યાં ત્યાં ચર્ચાઇ રહી હતી, અને સહુ કોઇ એનાં આગમનની આશામાં એવો ઉકળાટ સહન કરીને બેસી રહ્યાં હતાં.

બાબુને હવે ધીમે ધીમે ચિંતા થવા માંડી કે સરદાર જયંતને કોઇ અણધાર્યું કામ આવી પડયું હશે તો આજે મિજલસમાં આવશે નહિં. એણે કંઇ સરદાર જયંતને મળવા માટે સહુને આમંત્રણ ન્હોતું કર્યું, પણ છતાં એણે એમાંના ઘણા ખરાને એ વાત આગળથી કહી મૂકી હતી; પણ વાયે વાત ઉડી હતી. અને સરવાળે એવું બન્યું હતું કે જાણે સહુને જયંતને મળવાજ નિમંત્રેલ હોય.

એટલામાં બાઇશ્રી મણિબાઇની વાગ્‌જાળમાં ફસાઇ પડેલા ગુણવંતરાયપર બાબુની દૃષ્ટિ પડી. ગુણવંત બાબુ સામે "આના પંજામાંથી મને બચાવો" એવા ભાવથી દીન બની જોઇ રહ્યા. બાબુ તરત તેની મદદે ગયો, અને એક માનવંતા બેન્કરની સાથે મણિબાઇને વાતમાં ઉતારી ગુણવંતને એક બાજૂપર લઈ ગયો.

ગુણવંતે છૂટકારા માટે ઉપકાર માનતાં બાબૂને કહ્યું "ભાઇ, તેં એ બુઠ્ઠી મામીના પંજામાંથી મને છોડવી બહુ આભારી કર્યો છે. મારે એના જમાઇની વંશાવળી સાંભળવાની ફરજ પડી હતી. એને તો એવો ધનવાન જમાઇ મળ્યો છે તે મનમાં અભિમાન માતું નથી."

"જમાઇ મળ્યો તે એને મન નવાઇ હશે......પણ સરદાર જયંત હજી કેમ ન આવ્યા? અત્યારે આવવાનું એણે મને વચન આપ્યું હતું."

"જો હું તારી જગ્યાએ હોઉં તો હું તો એની આટલીએ પરવા ન કરૂં. પણ એ હમણાં મુંબઇ આવેલ છે."

"અને માટેજ અહિં આવવાની હા પાડી છે—"

"વાહરે વાહ ભાઇ, તમે તો બડા હુશીયાર દેખાઓ છો હો!" મણિબાઇ ગુણવંતરાયને શોધતાં શોધતાં હવે આવી પહોંચ્યાં.

"કેમ, અમારી સાથે વાત કરવી નથી ગમતી?"

"અરે એમ તે હોય-તમારે માટે વળી એમ તે હોય?" બિચારો ગુણવંતરાય ફરી મણિબાઇની સાથે વાત કરતો અંદર ગયો.

આ વખતે ગેલેરીમાં ઉભેલાં માણસો એક સાથે બોલી ઉઠયાં "સરદાર જયંત—"

ક્ષણ એકમાં તો ચો તરફથી એજ નામ સંભળાવા માંડયું, બારણાં તરફ માણસોની ઠઠ જામી અને સહુ એક બીજાના ખભાપર હાથ મૂકી ઉંચી ડોકીયો કરી નવા આવનારના મ્હોની ઝાંખી કરવાનો પ્રયત્ન કરવા લાગ્યાં.

લલિતાએ તો તુર્ત એને ઓળખી લીધો. એ, એજ હતો. એનામાં બિલકુલ ફેર નહોતો થયો. સરદાર જયંતે પણ જેવી લલિતાને જોઈ, કે મનમાં કહ્યું "એ એજ છે. મને સમાચાર સાચ્ચા મળ્યા છે એજ મારા દિલની ચોરી કરનાર પેલી પૂનાવાળી પરીજાદી છે."

લલિતાનો કે જયંતનો એક પણ ભાવ બાબૂનાં ધ્યાન બ્હાર નહોતો રહી ગયો.

"એ એજ માણસ છે" તેણે મનમાં કહ્યું—"બન્ને એક બીજાંને ઓળખે છે."

બાબુ સરદારને લેવા સામો ગયો.

"આપે અત્યારે પધારી મને ખરેખર આભારી કર્યો છે." એમ કહી, જયંતનો હાથ ઝાલી તેને લલિતા ઉભી

હતી ત્યાં લઇ ગયો, અને લલિતાને કહ્યું "મેં તમને જેમને વિષે ઘણીવાર વાત કરી હતી, તેજ આ માનવંત સરદાર જયંત અત્યારે આપણે ત્યાં પધાર્યા છે." લલિતાની દીન દૃષ્ટિ ભૂમિપર જડાઇ રહી.

સરદારે સાધારણ રીતિ પ્રમાણે વિવેક કરી કહ્યું "મને જરા મોડું થયું, તે માફ કરશો. કામ વધારે આવી પડવાથી હું ધાર્યા પ્રમાણે આવી ન શકયો."

જાપાનના રાજાનો ખાસ માનીતો ઉમરાવ, અને ત્યાંનાં એલચી ખાતાંનો ઉપરી સરદાર જયંત અત્યારે ચાલીસ વર્ષની વયનો હતો, પણ પ્રગલ્ભને પણ જુવાન રાખે એવાં લશ્કરી ખાતાંના પ્રભાવે તે હજી માંડ પાંત્રીસ વર્ષનો લાગતો હતો. ઘણી સ્ત્રીઓની દૃષ્ટિ એના તરફ ખેંચાઇ; અને ખરેખર, એ ખેંચાય એમ કંઇ નવાઇ નહોતી. સરદાર જયંત ઘણોજ દેખાવડો પુરૂષ હતો.

વિશાળ વક્ષસ્થળવાળો, મુખ પર દૃઢ સંકલ્પની છાપ ધારનારો, ભીમ જેવો બલવાન, અને નેતરની માફક અંગ વાળવામાં કુશળ, ભવ્ય મુખાકૃતિ અને તીક્ષ્ણ દૃષ્ટિ ધારનારો, લાલ ચણોઠી જેવા હોઠ અને મોટી ભરાવદાર અને અણીયાળી મૂછવાળો સરદાર જયંત જેવો રણમાં તેવોજ રણવાસમાં પણ પંકાય એમાં નવાઇ નહિં. ખરી વાત કહીએ તો એણે એકમાં જેમ ઘણાં યુદ્ધ જીત્યાં હતાં, તેમ બીજામાં ઘણાં હૃદય જીત્યાં હતાં. જાતે કુંવારો હોઇને તેણે બેધડક પોતાની જીંદગીને રાજ્યસેવામાં અને પોતાની કીર્તિને સ્ત્રી સેવામાં સમર્પી હતી.

"તમારી સાથે ઓળખાણ થવાથી હું ઘણો રાજી થયો છું." તેણે લલિતાને કહ્યું; અને પછી ધીમેથી બોલ્યો "જુની ઓળખાણ તાજી થવાથી હું ખરેખરો ખુશી થયો છું."

લલિતાએ જોયું કે સરદારની વાત વખતે અવળે માર્ગે વળશે, એટલે પોતાના મનમાં જામેલાં તોફાનની બિલકુલ અસર જણાવા દીધા વિના તેણે જે સૂઝે તે પર

જલદી બોલી નાખવું ઉચિત ધાર્યું. તેણે અત્યંત સ્થિર અને શાંત સ્વરે કહ્યું–" આપને મુંબઇ આવ્યે ઘણા દિવસ થયા—? "

" ઘણાજ થોડા. એક આંખના પ્રખ્યાત ડાક્ટરને મારી આંખ બતાવવાની હતી; અને વળી અહિં મારાં કેટલાંક સગાં વહાલાં છે, તેમને મળવાની પણ બહુ ઇચ્છા હતી. "

સરદાર જયંત લોક વ્યવહારની રીત સારી પેઠે જાણતો, એટલે એને લાગ્યું કે એકલી લલિતા સાથેજ વાત કર્યા કરવી એ લોક દૃષ્ટિમાં સારૂં નહિં લાગે, એટલે તેની સાથે બે ચાર સાધારણ બાબત પર થોડી વાતચિત કરી તે બાબુ સાથે દિવાનખાનાંની અંદર ગયો; જે થોડાં ઘણાં ઓળખીતાં મળ્યાં તેની સાથે થોડી ઘણી વાતો કરી; બાબૂએ થોડાં માણસો સાથે એને ઓળખાણ કરાવી અને થોડી વારમાં તો ઘણાં રસીલાં માણસોના સમૂહમાં તે ઘેરાઇ ગયો.

" કેમ સાહેબ. " એક પૈસાદાર કુટુમ્બના ખાઇ પીને જામી ગયેલા યુવકે જયંતને સંબોધીને કહ્યું. " મુંબઇનાં માણસો કેવાં ? અજાણ્યાં માણસો સાથે પણ હળી મળી જાય એવાં ખરાં કે નહિં ? "

" મુંબઇનાં માણસો, અજાણ્યાં માણસો તેમની કિંમત કેવી કરી જાણે છે, એ જોવા બહુ આતુર હોય છે. " માલિની નામની એક સોળ વર્ષની ખુબસુરત પણ વહી ગયેલી સુંદરીએ પાછળથી ટહુકો કર્યો, અને ધીમે ધીમે આગળ આવી જયંતની બરોબર સામે ઉભી રહી. કે જેથી તેને મુંબઇનાં સૌંદર્યની સર્વ ખુબી ધારી ધારીને નિહાળવામાં અડચણ ન પડે.

" ખરેજ, અહિંનાં માણસો જેવાં મળતીયાં અને સભ્ય માણસો મેં બીજે ક્યાંય નથી જોયાં. " સરદાર જયંતે પેલા જુવાનને જવાબ આપતાં કહ્યું—" કદાચ પરદેશમાં એ લોકો કોઇવાર મિજાજી અને—"

"બહુજ અતડા લાગે છે—" પેલા જુવાને વાકય પૂરૂં કર્યું.

"ના-ના-હું એમ નથી કહેતો એ મિજાજ તો અમથો ઉપરનો બતાવતા હશે, કેમકે ઘેર તો બધા પૂરે-પૂરા સભ્ય દેખાય છે. અને માણસની ખરી પરિક્ષા તો એ પોતાને ઘેર હોય ત્યારેજ થાય. કારણ બહાર ગામમાં તો એ પોતેજ બિચારો બહુ અજાણ્યો હોય છે, ને છૂટથી કામ પણ નથી કરી શકતો ઘણીવાર એનાં વર્તનનો અર્થ પણ ઉંધો થાય છે. પોતેજ ઠરીને ઠામ બેસી શકતો ન હોય ત્યાં એનો જીવ તો શેનોજ ઠેકાણે હોય?" મને લાગે છે કે જયારે બ્રહ્માએ માણસને ઘડયાં હશે ત્યારે એણે એમ આજ્ઞા કરી હશે કે તારે તારી જન્મભૂમિ-માંજ રહેવું"

"હા, અને હિંદુઓ એ આજ્ઞા સારી રીતે પાળે છે. પણ હમણાં હમણાં કયાંક કયાંક લોપતા પણ જણાય છે." બાબુએ ટકોર કરી.

"પણ એતો પુરૂષોના ગુણદોષ કહ્યા. હવે કહો જોઇએ, અહિંની સ્ત્રીઓ કેવી?" એક નાજુક ફેન્સી પંખાવડે ઘણીજ સુઘડતાઇથી પોતાને પંખો નાખતી પેલી માલિ-નીએ ફરી સરદારનું ધ્યાન પોતાના પ્રત્યે ખેંચવાનો પ્રયત્ન કર્યો.

"કેવી? ઘણીજ સુંદર—ખુબસુરતીની ખાણ—વળી બીજું શું? જયંતે છેવટ પોતાનો મત પસાર કર્યો— "સ્વપ્નાની સાથી એતો—શું બાલની છટા, શું નાજુક બાંધો, શું મુખની મધુરતા અને શું નયનની ચપળતા એતો જાણે અપ્સરાજ સાક્ષાત. જો સ્ત્રી સુંદર હોય, તો એની બરોબરી કોઇ ન કરી શકે—"

"અને જો સ્ત્રી બદસુરત હોય તો—" માલિનીએ પૂછયું.

"તો ભોગ બિચારીના—" દિનકર કે જે થોડા વખતથી ત્યાં ઉભો હતો, તેણે આસપાસ ઉભેલી સ્ત્રીઓ બધી સુંદરજ હતી એમ જોઇ માલિનાના પ્રશ્નનો ઉડાઉ જવાબ આપવામાં કંઇ અનુચિત ન ધાર્યું.

"સૌંદર્યની કિમ્મત કરનારાય હજૂ છે જગતમાં, એ જોઇને મને ખરેખર બહુ આનંદ થાય છે." માલિનીએ પવન નાખતાં કહ્યું.

"અને," સરદાર જયંતે તેજ માત્ર સાંભળે તેમ આસ્તેથી કહ્યું—"એ સૌંદર્યની પરિસીમા હું મારી સમીપમાંજ જોઉં છું."

અને, એકજ ત્રાંસા દૃષ્ટિપાતથી તેણે માલિનીનાં અંગરંગનું નિરીક્ષણ કરી લીધું.

વાઘને પોતાનાં ભક્ષ્યની જેમ દૂરથી ગંધ આવે છે, તેમ જયંતને પણ માલિની જેવી સ્ત્રીઓની દૂરથીજ ગંધ આવતી. કેટલીક સ્ત્રીઓને તેઓનું અપમાન કર્યા વિનાજ કેટલે સૂધી કહી શકાય, તે તે સારી પેઠે જાણતો. એવા વખતે જેમ કોઇ પણ સ્ત્રીએ કરવું જોઇએ, તેમ માલિનીએ રૂમાલવતી પોતાની ડોક અને કપાળ લ્હોઇ પંખા વડે પવન નાંખવા માંડયો, અને આસ્તેથી સરદારનાં વાકયને અનુમોદન આપવા મિષે નમન કરી, પંખાની પાછળથી તિરછી આંખ કરી સરદારસામે એક કટાક્ષ બાણ ફેંકયું–લંપટ સ્ત્રીનું કટાક્ષ–કે જેમાં ઘણું સમાયલું દેખાય છે, છતાં ખરી રીતે કંઇજ હોતું નથી.

પાસેનાંજ એક મંડળમાં રાવ સાહેબ યશવંતરાવ ગોડબોલે વ્યાપાર, રાજનીતિ, નાટયશાસ્ત્ર, અને ઉત્તમ કલાજ્ઞાન એ બધાં ઉપર એક સાથેજ વ્યાખ્યાન આપતા હતા, કારણકે એ બધી ચીજો આ સફેદ બદનવાળી ભવ્ય મૂર્તિના પ્રદેશ બહાર ન હતી.

"હા—હા—કાય ? અશા બર્યા વસ્તુચી અપેક્ષા કરે છે, મ્હણુજે આપલ્યા લોકોને મૂળીંચ બુદ્ધિ વ કિમ્મતજ નથી.

હિંદુ લોક નવિન વિચાર ગમે તેવા સારા હોઇલ પરંતુ તો ગ્રહણ કરનાર નાહિં. છેઃ છેઃ—" વળી ચોતરફ દિવાનખાનાનો ઠાઠ જોઇ તે બોલ્યો—"આહા મિત્રાંનો હ્યા ભાગ્યવાન પશુના ઘેર કેવા મજાના છે! સહા માસ પહેલાં તો ચનીંરોડ વર એક ક્ષુદ્ર છાપરીમાં રહેતો તો. કાય વૈભવ લાગેલ્લો છે આતાં! ચિત્રા પેક્ષાં દારૂ ગોળયા જાસ્તી કિમ્મત હેતાત—ઓઃહો!—હે કોણ—?—અહો મિસ્તર દિનકરરાવ—દિનકરરાવ—તુમચ્યા Success વર અસ્માહિકાંચે અભિનન્દન સ્વિકારા. હું તુઝા નાટક–બસ; અશી દુસરી કૃતિજ નહિ મલે છે કુઠે તરી હોલ મુંબઇ બસ તો નાટકવર મેડ ઝાલી આહે. આણી હી બાબુરાવચી નવીન ગોળી-તેણે આખી જગત ઉલટાવેલી છે."

"ગદ્ધો" દિનકર મનમાં બબડયો.

"તી ગોળી આપલ્યા મસ્તક ઉપર થન્ડર માફક પડલી કા–ઓ–હા–હા–હા" બોલતાં રાવ સાહેબ હસી પડયા, અને હસવું ન રોકી શકાયાથી તેમનાં બદનનું એક બટ્ટન ટુટી ગયું.

દિનકર લાગ જોઇ ત્યાંથી ન્હાસી લલિતાને મળ્યો. પણ તુર્ત રાવસાહેબે ત્યાં પણ દર્શન દીધાં.

લલિતા બેન, મીસીસ યશવંતરાવ પેલા સુપ્રસિદ્ધ ચિત્ર જોવા માગે છે" તેણે લલિતાને કહ્યું.

"કયું સુપ્રસિદ્ધ ચિત્ર ?" લલિતાએ પૂછયું.

"કેમ ? આખા મુંબઇ જેની ચર્ચા કરેછ, તો–આ માલા જોઈતા હતા તો—"

"કાં નથી સાંભરતું—? પેલું છત્રીસ પચ્ચાસ—" દિનકરે કહ્યું.

"અરે, હા–હા–તમે આ દિવાનખાનાંની બાજુની ઓરડીમાં જાઓ. ત્યાં એ પડયું છે."

"બર" કહી રાવસાહેબ બતાવેલે માર્ગ વળ્યા.

" કાયમ એની એજ વાત ! " લલિતાએ દિનકરને કહ્યું. " મારૂં તો માથું ભમી જાય છે; નીચે જઇ સહુ જમવા બેસીયે તો શું ખોટું છે ? શા માટે વાર લગાડવી જોઇએ ?–અરે, એ તાળીઓના અને વાહવાહના અવાજ શાના થાય છે ? શું થાય છે ત્યાં—? "

દિનકર માણસોની ગીર્દીમાં ઘુસીને થોડીવારમાં પાછો લલિતા આગળ આવ્યો. તેણે કહ્યું.

" છટ, એ તો પેલી ચંપા નાયકા–મુંબઇનું જ વાહર. તમે આજ એને અહીં બોલાવી હતી ? "

" હા મેં બોલાવી હતી. ના–મારા મુનીમે મારી રજા લઇ એને મોકલી હતી. "

" એમાં કંઇ ખોટું નથી થયું; ચંપા એતો મુંબાઇના માણસોનું મણિ ગણાય છે; માણસો એનાપર મરી પડે છે; અને તમે એવી નાયકાને તમારા મીજમાનોને રીઝવવાને મોકલી તે ઘણુંજ ડહાપણ ભર્યું કામ કર્યું છે. તમે જ્યારે ચર્નીરોડ રહેતાં ત્યારે તમારે ત્યાં એવાં માણસો આવતાં કે એ તમારા પેલા ઉસ્તાદનાં ગાયન પ્રીતિથી સાંભળે ને તેની કિમ્મત જાણે; હવે તમે એવા માણસોમાં રહોછો, કે જ્યાં એક પોલીસને જોતાંજ જેમ જુગારખાનું ખાલી થઇ જાય, તેમ એક ઉસ્તાદી ચીજ સાંભળતાંજ આ તમારૂં દીવાનખાનું ખાલી થઇ જાય. ";

ચંપા નાયકાએ પોતાનું ગીત પુરૂં કર્યું. ફરીને વાહવાહના પોકારથી દિવાનખાનું ગાજી રહ્યું. અને દિવાનખાનાંને બીજે છેડેથી ગુણવંત સાથે ચંપા, પાંચ છ જુવાનીયાઓથી વીંટાયલી, લલિતા ઉભી હતી તે તરફ આવી.

" કેમ ગુણવંત બધાને છક કરી દીધા કે નહિં ? "

" કેમ નહિં ? તું તો એ લોકોને વીજળીની માફક ચમકાવી મૂકે છે. સહુ કહે છે કે તારાં ગાયનો બહાર ઓર છે–ન્હાનાં, મધુર, અને વળી સાદાં છતાં

મીઠાં, પણ એમાં તું છૂટ તો બહુ જબ્બર લે છે. હો ! પણ એ લોકો કંઇ સમજતા નથી-"

"અરે સમજે શું નહિં, એ તો બધા ઢોંગા છે, ઢોંગા. જ્યારે હું જલસામાં જાઉં છું ત્યારે આખું મકાન શેઠીઆઓથી ભરાઇ જાય છે, ને ફુલ ગજરાનો તો મારી આગળ મોટો ઢગ ભેગો થાય છે. અરે મેહરબાન, મારાં ગીત એવાં છે તો મહિને ચારસો પાંચસો પડી રહે છે. હમણાંજ વડોદરામાં એક સામંતે મને ૧૦૦૦) રૂપીયાથી એક મહિના માટે તડાવી છે; માનવામાં આવે છે ? અરે, ગુણી, આજ મારી ફુલ છાબમાં મેં શું જોયું તે ખબર છે ?—" તેણે ખીસામાંથી એક સુંદર સાટીનનું પરબીડીયુ કહાડી બતાવ્યું.

વાહ" ગુણવંતે કહ્યું

"એ તો ઠીક, પણ અંદર શું છે તે જોયું—?"

એમ કહી ચંપાએ એક સુંદર હીરાની વીંટી કહાડી બતાવી.

"વાહ, વાહ !" ગુણવંતે જોયું કે વીંટી ઠીક કિમ્મતની હતી. "આ તો કોઇ ઉપરથી વિશુદ્ધતાનો ડોળ રાખનારનાં અંતરની ઉંડી કાળાશ બતાવે છે—ખરૂં કે નહિં ? કોઇ ખરા હુશીયારનું આ કામ છે."

"ચુપ, ચુપ ! બોલશોમાં—એ તો સરદાર જયંતની ભેટ છે. ઓછામાં ઓછા બે હજારની કિમ્મતની એ વીંટી છે."

"જયંત ? એ તો અહિંજ છે—"

"હું તે સારી પેઠે જાણું છુ." ચંપાએ એના તરફ ગુણવંતનું ધ્યાન ખેંચતાં કહ્યું—"જો એ પેલી પત્થરીયા રંગની સાડીવાળી બૈરી સાથે વાત કરે છે"

"હા એ તો એની સામેને સામે જોઇ રહ્યો છે." ગુણવંતે કહ્યું,

"એની આંખનો વિકાર જોયો ? સ્ત્રીઓની સામે તો એ કંઇ એવી અજાયબ રીતે જુએ છે કે કોઇ કાચી પોચી હોય તો તો બિચારી બ્હાવરી બની જાય "

"અરે ચંપા, તને એટલી જલદી અસર કયારથી થવા માંડી ?"

"હું કંઈ એવી કાચી પોચી નહિં હો ! મને તો એવી બલાએ અસર ન થાય. પણ અમારે શું ?—અમે તો હુકમેં હાજર—ફકત એક મ્હેરબાનીની નજર હોય તો તન, મન, સઘળું આપી દેનારાં—અમારે શું ?"

લલિતા આ બધું સાંભળતી હતી. એનો પિત્તો સખ્ત ઉકળી આવ્યો હતો.

"હું એ રાંડને ધકકે મારીને બહાર કઢાવું છું—" તેણે દિનકરને કહ્યું.

"મહેરબાની કરીને એવું પગલું ન ભરતાં. નાહકનો ભવાડો થશે. નીચને શરમ ન હોય. એને તમારૂં મ્હોં તોડી લેતાં વાર નહિં લાગે."

પણ લલિતાએ ચંપાને કહ્યું, "ચંપા બાઇ, હવે વધારે ગાવાની તસ્દી લેવાની કંઇ જરૂર નથી; હું કાલે તમારા પૈસા મોકલાવી દઈશ." એમ કહી તુરત વાંસો વાળી તે ત્યાંથી ચાલી ગઇ

"ઉપકાર !" પેલી નાયકાએ જવાબ આપ્યો, અને પછી ગુણવંત તરફ ફરી કહ્યું–"મારે તે શી એવડી ગરજ છે ! એ પોતેજ મને કહાડી મુકે છે. આવું જોયું છે કયાંય ? બહુ ઉપકાર થયો. પણ મને તો હવે કકડીને ભૂખ લાગી છે. હું તો જરા નાસ્તો કરી લઉં છું-જઇશ પછી."

એમ બબડતી તે નીચે ચાલી ગઈ. દિનકરને હવે લલિતા માટે ખરેખરી ચિંતા થવા માંડી હતી. તેનો ચ્હેરો અતિશય ફિકકો પડી ગયો હતો, અને ઘડી એ ઘડીમાં બેશુદ્ધ થઇ જશે તેમ લાગતું હતું આજે તે

વેદનાની પરંપરા વચ્ચેથી ચાલતી હતી; પણ હમણાંજ એક બે માણસોની વાતચિત સાંભળી તેના હૃદયને જે ઘા વાગ્યો હતો, તે અસહ્ય હતો. તે વાત આ પ્રમાણે હતી.

"આ કંઇ નવું નથી," એક લલિતાને અજાણ્યા માણસે કોઇ બીજાને કહ્યું. "મેં તો એવું ઘણીવાર જોયું છે. પોતાનો સ્વાર્થ સાધવામાં હાલના સુધારકો ઘણીવાર પોતાની સ્ત્રીને હથીયાર કરે છે. અને એતો વળી આવડત અને ડહાપણ ગણાય છે."

"એવા પ્રસંગે ઘણું ભાગે સ્ત્રીતો બિચારી નિર્દોષજ હોય છે"

"એ ખરૂં. પણ તેથી કંઇ પતિનો દોષ ઓછો થતો નથી!" એક ત્રીજાએ કહ્યું.

એ લોકો કોની વાત કરતા હતા?

લલિતાના કાનમાં ભણકારા વાગ્યા. ઓ પ્રભુ! શું એ વાત પોતાને વિશેજ હતી? એણે આંખ વીંચી દીધી; એને એમ લાગ્યું કે હમણાં મારૂં ભાન ચાલ્યું જશે.

છેવટ દિનકરે બાબૂને જઇ કહ્યું કે લલિતા હવે અતિશય થાકી ગઇ છે, ને હવે એને વધુ વખત ત્યાં રાખવામાં માલ નથી–એ સૂઇજ જાય તો સારૂં. બાબુએ કહ્યું.

"અરે દોસ્ત, હવે કયાં વાર છે? એક બે ઘડીમાંજ આપણે નીચે જમવા જવાના છીએ."

જ્યારે દિનકર બાબૂને મળ્યો ત્યારે તે સરદાર જયંત આગળ પોતાની નવી ગોળીનું વર્ણન કરી બતાવતો હતો.

બાબૂ એકદમ લલિતા પાસે ગયો. એનો ફિક્કો ચ્હેરો જોઇ તેને ઘણો ભય લાગ્યો. તેના હાથ પોતાના હાથમાં લઇ તેણે કહ્યું "કેમ છે તને, વ્હાલી? તને બહુ થાક લાગ્યો છે. ખરૂં? હવે એક થોડીકવાર હિમ્મત રાખ. હમણાં આપણે જમવા જઇએ છીએ. એક કલાકમાં તો તું સાવ છુટી થઇ જઇશ. પછી નિરાંતે થાક ખાજે;

કાલે બિલકુલ કામ ન કરીશ અને પરમ દિવસે તો થાકની અસર સાવ ઉડી જશે. બધું કામ બહુજ સંતોષકારક રીતે પસાર થયું છે; બધાં માણુસો આજની મિજલસથી પ્રસન્ન થઇ ગયાં છે. સરદાર જયંતને પણ મારી ગોળી નજરમાં આવી ગઇ છે—મને લાગે છે કે જાપાનમાંથી મને જરૂર પૈસાની ખાણુ મળશે;—કેમ ? એમ કેમ જુએ છે ?"

"હું બહુ થાકી ગઇ છું: મારૂં માથું સખત દુખે છે: એક ઘડી પણુ હવે ઉભાં રહેવાય તેમ નથી."

"એક જરાક હિમ્મત રાખ. એમ હારી શું બેસે છે ? હવે કયાં વાર છે ? વ્હાલી, હવેજ એ પળ આવી છે કે જ્યારે તું મારે માટે ઘણું-ઘણું કરી શકે તેમ છે; એક સ્રી પતિને કેટલી સહાય કરી શકે-એક જરાક ડહાપણુ વાપરે તો ?"

લલિતા કંપી ઉઠી—એજ, એજ વાકય એણે થોડી વાર પહેલાં પેલી વાત ચિત્તમાં સાંભળ્યું હતું. બાણુને મ્હોંએ એનાએ શબ્દો સાંભળતાં તેની આંખે અંધારાં આવી ગયાં-આખું ઘર જાણે ફરતું હોય તેમ તેને લાગ્યું

"તમારે મારૂં શું કામ છે ?"

"એમાં તારાથી ન બને તેવું કંઇ નથી. માત્ર તારે એને આજે પીરસવાનું છે. બીજાં સહુને રસોયો પીરસશે; તારે તો માત્ર આ એકનેજ પીરસવું. સમજીને !"

"મેં તમને ખરી વાત કર્યા પછી પણુ તમે મને એના સંસર્ગમાં શા માટે ખેચી જાઓ છો ? મને અનું મ્હોં પણુ જોવું નથી ગમતું"

તો પણુ આજે તો જોજે. એને પીરસવાનુંજ કામ છે એમાં શું થઇ જવાનું છે ?"

"બધા માણુસના દેખતાં—મને, તમને, આપણાં કુળને બે આબરૂ શા માટે કરવા બેઠા છો ? અરે આતે

તમને શું થઇ ગયું છે ? કહું છું મારૂં માનો હો—"
લલિતાએ પતિને દીનતાથી પ્રણામ કર્યાં—તેની આંખ
માંથી દડ દડ આંસુ પડવા લાગ્યાં.

" કેમ, શેવું શરૂ કર્યું કે ? એ હથીયારં ઠીક છે
હો તમારા હાથમાં."

" હાઃ ! એમાંયે તમને વાંકુ પડે છે ? "

" નહિં તો શું ? આ શું નાટક માંડયું છે ? ચાલ
આંખ લ્હોઇ નાખ જોઇએ. આબરૂ શાની જવાની છે ?
એઠ પીરસવું છે, એમાં આબરૂ શું જશે ? આવી ગાંડી
શાને થઇ ગઇ છે ? ચાલ ડાહી થઇજા જોઉં—"

આથી વધારે વાત થઇ શકી નહિં. સહુને જમવા
તેડતો ઘંટ રસોડામાંથી વાગ્યો, અને લોક પ્રવાહ કચરા
કચરી કરતો દાદરા તરફ વળ્યો. એ લોક પ્રવાહમાંથી
સરદાર જયંત પણ બાબુને શોધતો ત્યાં આવી પહોંચ્યો,

" કેમ બાબુરાય, શી વાર છે ? " જયંતે કહ્યું.
લલિતાએ બારીમાંથી આકાશ તરફ દૃષ્ટિ ફેંકી દીન
આંખે અંબામા આગળથી હૃદય બળ માગી લીધું.

" જી. કંઇજ વાર નથી. કેમ લલિતા, શું વાર
છે ? " બાબુએ કહ્યું.

ના પાડવાનો હવે વખત નહોતો. લલિતાએ પોતાની
વેદના, નિર્બળતા અને ધિક્કારને એકદમ દબાવી દીધાં.
સહુની નજર તેના ઉપર હતી; એક પળ પણ ગુમાવ-
વાની નહોતી. તેણે સિંહણની પેઠે માથું ટટ્ટાર કર્યું,
અને દૃઢતાથી કહ્યું,

" જી. કંઇજ વાર નથી, પધારો. "

૧૧

પતિ, પત્નિ, અને પરઃ—

આગલાં બે પ્રકરણોમાં આપણે જે ન અનુ-
ભવેલાં અને થકવી નાખે તેવાં કામનો ચિતાર આપવાનો

પ્રયત્ન કર્યો છે, તે પૂરૂં કર્યા પછી લલિતાએ એક બે દિવસ સૂધી ખૂબ વિશ્રાંતિ લીધી. આ વિસામાના વખતમાં, તેણે બહારનાં માણસો સાથેનો સંબંધ બહુ ઓછો કરી નાખ્યો, અને દિવસનો ઘણો ખરો ભાગ પોતાનાં બાલક તરફ ધ્યાન આપવામાં ગાળવા લાગી. ઉષાની સ્થિતિએ હમણાં હમણાં માતાના દિલમાં ચિંતા ઉત્પન્ન કરી હતી. તે હમણાં કંઇક નબળી પડી ગઈ હતી, અને તેની વારંવારની ફરિયાદ ઉપરથી એમ લાગતું હતું કે દીકરીને ગળાંનું દર્દ લાગુ પડયું હતું. જે ઉષા આજ સૂધી એક નિર્દોષ પંખીડાં પેઠે કાયમ ખુલ્લી હવામાં રમતી અને ચોપાટી જેવે ઠેકાણે દરરોજ ફરવા જતી, તેને હવે માત્ર ઘરના બગીચામાંજ, આખે શરીરે ગરમ કપડાં પ્હેરીનેજ, અને એક બાઇની સાથેજ થોડીવાર આંટા મરાતા. સલામ, ઓ સુખી દિવસો! એ નાની બાલાઓ સાથેની તોફાની અને આનંદ પૂર્ણ ગમ્મતોના વખત હવે ગયા; એ ખુલ્લાં મેદાનો અને સમુદ્રની સફેદ રેતીમાં સખીઓ સાથે કુદવાના દિવસો ગયા. જ્યાં મન ઉપર કોઇ પણ જાતના અંકુશ ન હોય, ત્યાંજ બાળકો આનંદ મેળવી શકે છે, બીજે નહિં.

લલિતા હવે ગૃહવ્યવસ્થા તરફ વિશેષ કાળજી રાખવા લાગી. જે ફટકો હવે થોડા વખતમાં પડવાનો છે એમ તેને લાગતું હતું એને અટકાવી ન શકાય તો છેવટ સહી શકાય એટલુંએ બળ મેળવવા તેણે હવે પોતાની કરકસરની વિદ્યાનો બને તેટલો ઉપયોગ કરવા માંડયો. તેના પરણ્યા પછીના ગૃહસંસારના સુખી દિવસોમાં મળેલાં સર્વ શિક્ષણનો એ હવે યોગ્ય ઉપયોગ કરવા માંડી. સાથે સાથેજ, પતિને પોતાનો આવાં જીવન પ્રત્યેનો તિરસ્કાર ન જણાઇ જાય, અને પતિને પોતે સુધારકોથી અતડી રહે છે એમ ન લાગે, તે માટે પોતાનું સર્વ કલા ચાતુર્ય વાપરી ગૃહ મંદિર બને તેટલું મનોહર બનાવવા યત્ન કરતી.

એ દુઃખી અબલા પોતાનાં અંતઃકરણની છુપી આધિઓથી પીડાતી હતી; અને તેમાં પણ વળી પતિનાં હૃદયમાંથી પોતાને માટેની લાગણી ધીમે ધીમે સાવ ભુસાઇ જતી જોઇ એનું ચિત્ત બ્હાવરૂં બની જતું હતું. પોતાની સ્થિતિના એકેક વિચાર તરંગે પોતે પતિ પાસેથી એકેક પગથીયું નીચે પડતી હોય—દંપતિનાં અંતર વચ્ચે અંતર વધતો જતો હોય, તેમ તેને લાગતું હતું. પતિનો પૈસા માટેનો રાક્ષસી લોભ જોઇ તેનાં કાળજાંમાં ધાસ્કો પડયો હતો. પતિના વર્તન માટે અનેક દુષ્ટ ક્રૂર શંકાઓ તેનાં મનમાં ઉપડી આવતી, પણ તેનો શુદ્ધ પતિભાવ—એ સર્વને હાંકી કહાડતો.

"નહિં-માણુસ એટલું જલદી બદલી ન જાય; છ છ વર્ષ સૂધી અસ્ખલિત પ્રેમ વરસાવનારો પુરૂષ એમ થોડા દિવસમાં એવી હલકી વૃત્તિનો થઇ જાય એમ બનેજ નહિં." વિચાર કરતાં કરતાં એવા વિચારોથી મનને કલૂષિત થવા દીધા માટે તે પોતાને ફિટ્કાર આપતી, અને છતાં, ગમે તેટલા પ્રયત્ને પણ એ વિચાર એનાં મનને છોડતો નહીં.

લલિતામાં બીજા ગુણો સાથે દૂરદર્શિની બુદ્ધિ પણ હતી. પુખ્ત વિચાર કરીને તેણે એક ડહાપણ ભરેલો માર્ગ પોતાને માટે શોધી કહાડયો. સૌથી પ્હેલો તેણે એ એક દૃઢ નિશ્ચય કર્યો કે ગમે તે થઇ જાય પણ પતિને એક શબ્દ પણ ઠપકાનો કહેવો નહિં. કારણ કે વાત એટલે સૂધી વધી ગઇ હતી કે હવે નગારામાં તતુડીનો અવાજ સાંભળાવો અશક્ય હતો. તેનામાં એટલી તો સ્ત્રીબુદ્ધિ હતી કે પતિનો ખોવાયલો પ્રેમ ઉપાલંભથી કે કટુતાથી નથી મળતો, પણ વાણીની મીઠાશ, પ્રેમનાં માધુર્ય, રસના આનંદ અને અંતરના ઉમળકા વડેજ મળે છે. તેને મોટામાં મોટો ભય એ હતો કે કદાચ પોતાનો સ્વભાવ ખાટો થઇ જશે, અને આ ભયની સામે ધ્યાન રાખવા તેણે પોતાનું લક્ષ

ખેંચ્યું. પતિની નજરમાં પોતે બને એટલી આકર્ષક દેખાવા પ્રયત્ન કરવા લાગી; અને જે અવર્ણનીય ઉદાસીનતાએ પતિના પ્રેમનું દ્વાર દઇ દીધું હતું, તેને પલાળી ગાળી નાખવા તેણે પોતાનાં વદનપર કોઈ અલૌકિક આનંદ પેદા કર્યો, સૌંદર્યની કેવળ ઉપેક્ષા કરનારી લલિતા હવે પોતાનાં સૌંદર્ય માટે ખૂબ ધ્યાન આપવા લાગી. અને પોતાની સર્વ ચતુરતાને વાપરી પોતે મ વધારે સુંદર દેખાય, એમ પ્રયત્ન કરવા લાગી.

એક દિવસ કપડાં પેહરતાં પેહરતાં તેને પેલી મિજલસની રાત્રિએ પતિએ કહેલાં વચન યાદ આવ્યાં "વ્હાલી, તું પણ અત્યારે કેવી સુંદર લાગે છે! તારાં વસ્ત્રો તને આબેહુબ ભળી જાય છે. મને એમ થાય છે કે આવી મનોહર પ્રિયા સાથે અત્યારે હું એકલોજ રહી શકું તો કેવું સારૂં?" સ્ત્રીઓ પતિનો આવી પ્રશંસા કવચિતજ ભુલી જાય. તે સાંજે લલિતાએ પતિને એટલો મોહ પમાડનાર એ પોશાક ફરીથી પ્હેર્યો અને ફરી સૌંદર્યની પુર બહારમાં તે નીચે ગઇ. વાળુ કર્યા પછી લલિતા પતિને શયન ગૃહમાં લઇ ગઇ, અને પાનનું બીડું બનાવી પોતાને હાથે પતિના મ્હોંમાં મુકયું. પણ બાબૂનું ધ્યાન આજે પત્નિનાં વસ્ત્રથી કે સૌંદર્યથી આકર્ષાયું નહિ; વખાણુનો કે સંતોષનો એક બોલ તેનાં મ્હોંમાંથી નીકળ્યો નહિં. પત્નિની નિર્દોષ વાતચિતથી કંટાળી આખરે એક ચોપડી લઈ, ઝોલાં ખાતાં ખાતાં બગાસાં ખાતાં તે વાંચવા બેંઠો અગીયાર વાગે તે અકળાઇ ગયો હોય તેમ બગીચામાં આંટા મારવા ગયો "હવે આશા કયાં રહી? મારૂં હવે આવીજ બન્યું—" એમ કહી લલિતાએ સુની સેજમાં પછડાઇ તેને પલાળી દીધી.

આવી યુવતી, સુંદર, સ્ત્રીઓનાં સઘળાં ગુણરૂપથી પરિપૂરિત પ્રમદા, જેને માટે એકવાર પોતાના પ્રાણ પાથરવા તે તૈયાર થયો હતો, તેનાં કોમળ અંતઃકરણમાં એજ બાબુએ આટલો કલેશ પેદા કર્યો, એ તે શું?

દિનકરે ખરૂં કહ્યું હતું; આ રોગ અસામાન્ય હતો, અને એ મનનો વૈદ એ રોગની લક્ષપૂર્વક ચિકિત્સા કરતો આવ્યો હતો. મનના વૈદો કહે છે કે જે માણુસ અમુક એકજ કામમાં બહુ ગુંથાઇ રહે છે, તો તેને પછી જીંદગીનાં બીજાં કર્તવ્યોનું ભાન રહેતું નથી. બાબુનું મન પણ એવુંજ થઇ ગયું હતુ. કોઇ માયાની જાળમાં એનું મન ગુંથાઇ ગયું હતું, કે જેમાંથી કોઇ અણુચિંતવ્યા આંચકાવિના એનો છુટકારો થઇ શકવો અસંભવિત હતો.

લલિતાનાં ચિત્તમાં ભમી રહેલી બધી શંકાઓ ખોટી હતી. બાબુને એની પત્નિ પ્રત્યે માન અને પ્રેમ બન્ને હતાં. પરંતુ એની આંખ આડે એક અંધેરો ઘટ્ટ પાટો બંધાઇ ગયો હતો, કે જેને ચીરી ખોલી નાખવાની એનામાં હિમ્મત નહોતી. થોડા દિવસમાંજ પોતાનાં ધારેલાં શિખરે પ્હોંચવાની એના મનમાં એટલી બધી સખત શ્રદ્ધા ચોંટી ગઇ હતી, કે એ ઘણીવાર મનમાં કહેતો, "હું હવે થોડા દિવસમાંજ મારી સઘળી ભૂલોને સુધારી આપવા શકિતમાન થઇશ. એક થોડાકજ દિવસ જશે—અને પછી સઘળું પ્હેલાંની જેવીજ શાંતિ અને સરળતાથી ચાલવા માંડશે. ફરી પાછો હું પ્હેલાંના જેવોજ સ્વતંત્ર, મનસ્વી બની જઇશ; અને પછીની બધી જીંદગીમાં અત્યારે લલિતાના મનને હું જે ઉદ્વેગ કરૂં છું તેનો બદલો વાળી આપીશ." એ સત્યપ્રેમી હતો. અને તેનાં દિલમાંથી લલિતા માટેનો પ્રેમ એક તિલમાત્ર પણ ઘટ્યો ન હતો; પણ બહારથી જોનારાંને, અને અત્યારે તો લલિતાને પણ એ વાત માન્યામાં આવે તેમ નહેતું.

જયંતની વિશેષ પ્રીતિ મેળવવા બાબુએ તેની છબી કહાડી આપવાનુ માથે લીધું હતું. છબી કેટલી તૈયાર થઇ તે જોવાને મિષે સરદાર જયંત અઠવાડીયાંમાં બે ત્રણવાર દિનકરની નવી ચિત્રશાળામાં બેસવા આવતો. લલિતાએ આટલું અપમાન સહી લીધું. "એમણે મારી છબી હજી પૂરી નથી કરી આપી, પણ પેલા માણુ-

સની છબી પૂરી કરતાં એમને વાર નહિં લાગે.' લલિતાને લાગી આવ્યું. પરંતુ બાબુ આગળ એ વિષે એક ઉચ્ચાર પણ તેણે ન કર્યો.

દર ગુરૂવારે જયંત બાબુને ત્યાં જતો, અને લલિતા તેને આવકાર આપતી, પણ અત્યંત વિરકત ભાવે. ઘણીવાર જયંત આવે ત્યારે લલિતા એકલીજ ઘેર હોય એમ બનતું, પણ ભોળા બાબુનું એ બાબતપર ધ્યાન નહોતું એંચાયું. જ્યાં ચિત્તમાં કેવળ વિશુદ્ધતાજ ભરી હોય, ત્યાં અશુદ્ધ વિચારેય તે કયાંથી આવે? પણ આની અસર જયંત પર ઉંધી થઇ. તેણે ધાર્યું કે બાબુ એ વાતને ઉલટું અનુમોદન આપે છે. શિવ! શિવ! માણસ પોતાનાં અંતરનાં માપથીજ પારકાંનાં હૃદય માપે છે. પણ લલિતાનાં તેજનો એનાપર એટલો પ્રભાવ પડતો કે એની આગળ એક સ્હેજ પણ અણઘટતી ચુંચાં કરવાની એનામાં હિમ્મત ન રહેતી. જેનું અંતઃકરણ એક વિચારમય દૃષ્ટિપાતથી પણ કલૂષિત ન્હોતું થયું, તેવી આ પવિત્ર અબળાના સાન્નિધ્યમાં સરદાર જયંત કોઇ અજાણ્યા પ્રદેશમાં હોય તેમ મંદમતિ બની જતો. જેણે આજ દિવસ સૂધી અનેક અબલાઓને સહેલાઇથી ધર્મભ્રષ્ટ નીતિભ્રષ્ટ કરી આંગળીએ નચાવી કંગાલ કરી મૂકી હતી, અને જેનો નારીજાત પ્રત્યેનો ભાવ અતિ ઉન્મત્ત ક્ષણિક વિકાર અને તિરસ્કાર પૂર્ણ થઇ ગયો હતો, એ મદોન્મત્ત સરદાર આ હરિણી જેવી રાંક અને નિર્દોષ પણ અગ્નિજેવી પ્રભાવતી લલિતા આગળ રંકથી પણ રંક બની જતો. આજ સૂધી એક પણ સ્ત્રી એવી ન હતી કે જેણે એક અઠવાડીયાંથી વધારે આ દુષ્ટનું પત્નીપદ ભોગવ્યું હોય. અને છતાં જીંદગીમાં એકજ વખત, જેની આંખમાં સત્ય અને એકનિષ્ઠાનું તેજ ચમકતું હતું, અને જેનાં વિશાલ નયન તખ્તે પવિત્રતા સાક્ષાત વિરાજતી હતી, તેવી એક ઉત્તમ અને નિર્મળ સૌંદર્યવાળી બાલા ઉપર તેને વિશુદ્ધ

પ્રેમ ઉપજ્યો હતો. અને એ બાલા, કે જેનાપર તેનો એવો પ્રેમ ઢળ્યો હતો, અને જેની મૂર્તિ તેનાં ચિત્તમાંથી કદીપણ સાવ ભૂંસાઇ નહોતી, તે બાલા તેજ લલિતા હતી! અને એ બાલાને એણે અહિં, પ્હેલાંના કરતાં પણ વધારે મોહક બનેલી, અને એક પોતાના ધંધામાંજ ગુંથાઇ રહેલા અરસિક માણસને પરણેલી જોઇ.

જયંત બાબૂ તથા લલિતાની બારીક ચિકિત્સા કરવા લાગ્યો. જે હજાર બીજી બાબતોની ઓથે છુપાયલી કેલી એક પ્રેમી અને સંતુષ્ટ જોડાંના જીવનમાં દેખાઇ રહે છે, તે એણે આ દંપતિના વર્તનમાં ન જોઇ. એણે એમ પણ ધાર્યું કે બાબુ જાણી જોઇને પોતાનું ઘર એના આગળ ખુલ્લું કરે છે. પણ લલિતાનું વર્તન કેવલ વિરક્ત અને અનુત્તેજક જોઇ, એ ગુંચવાતો હતો. છેવટ તેણે એમ નિર્ણય કર્યો કે લલિતા તેને માટે સાવ બેદરકાર છે, અથવા તો એ પોતાના મનોભાવ બહુજ સારી રીતે છુપાવી શકે છે પણ જેમ જેમ એ મનની ગુંચ ઉકેલવા જતો તેમ તેમ ગુંચ બમણી પડતી. એની નજરમાં બાબુ કાં તો સ્ત્રીની દરકાર ન કરનાર એક મૂર્ખ હતો, અને નહિં તો પોતાનો સ્વાર્થ સાધવામાં બૈરીનો ઉપયોગ કરનાર એક બદમાશ હતો. સરદાર જયંત જેવો માણસ બીજું શું ધારી શકે? એક વિચાર તો એના મનમાં સજજડ ચોટી ગયો હતો; તે એજ કે લલિતા ઉપર બાબુને કોઇ-પણ જાતનો ભાવ નહોતો, તો પછી પ્રેમતો કયાંથીજ હોય? એ એક ચિત્તાની માફક તલપ મારવાની તૈયારી કરીને બેઠો હતો, પણ માત્ર લાગનીજ વાટ જોતો હતો.

બાબુએ છબી પૂરી કરી, અને સહુ કોઇ એકી અવાજે જે મહેનત લીધી છે તેણે ખરેખર મને એનો આભારી કીધો છે. અને અત્યારે પણ ગોળી બાબતમાં કંઇ પુછવા માટેજ મને એણે તેડાવ્યો હશે. અને તું એક બીજી વાત કેમ ભુલી જાય છે? પંદરમી તારીખે જેપાનવાળાનો નિર્ણય મારે જાણવાનો છે, અને એટલા માટે તે દિવસે તો સરદાર જયંતનુ મારે અહિં ખાસ કામ છે!"

બાબુએ છબી પૂરી કરી, અને સહુ કોઇ એકી અવાજે એનાં વખાણ કરવા લાગ્યાં. ઇર્ષાથી બળતી છતાં પણ લલિતા પતિની ઉત્તમ કૃતિની કદર કર્યા વિના ન રહી શકી. તેણે પતિને એક વાર કહ્યું, જેને માટે તમે આટલા તલપી રહ્યા છો, એ પૈસા મેળવવાનો રસ્તો તો આ તમારા હાથમાંજ છે. આવી અદભુત બુદ્ધિ અને શક્તિ છે તો એક છબીના તમે હજાર રૂપીયા તો સ્હેલથી પાડો, અને બાર મહિને દસ બાર છબી કરવી એ કંઇ તમારે માટે મોટી વાત નથી."

પોતાની છબી પૂરી થઇ, એટલે હવે જયંતને બાબુને ત્યાં જવાનું ઓછું થયું, તો પણ એ ગુરૂવારે ગુરૂવારે જવાનું તો ચુકતો નહિં. એકવાર, જયારે બાબુના બ્હાર ગયાના ખબર તેને મળ્યા, તે વખતે એ તેને ઘેર ગયો; પણ લલિતાએ અંબા સાથે કહેવરાવી દીધું કે આજે શરીરે ઠીક ન હોવાથી મળી શકાય તેમ નથી માટે દિલગીર છું. એજ સાંજે બાબુએ એને પંદરમી ડીસેંબરે પોતાને ત્યાં જમવા આવવા આમંત્રણ કર્યું, અને જયંતે તે ઘણુજ હર્ષથી સ્વિકાર્યું.

સરદાર જયંતનો બાબુની ગોળી વિષેનો પોતાનો મત ઘણા દિવસથી જેપાન રવાના થઇ ગયો હતો, અને એમાં "અગત્યની, અને લાભ લેવા યોગ્ય છે" એમ લખેલ હોવાથી, જવાબ જલદી આવશે એવી વકી હતી.

બાબુએ જયંતને જમવાનું કહ્યું, તેને બીજે દિવસે સરદાર તરફથી તેને નીચે પ્રમાણે પત્ર મળ્યો:—

"રા. રા. બાબુરાય,"

હમણાંજ મને જેપાનથી એક કાગળ મળ્યો છે તેપરથી જણાય છે કે, તમારી ગોળી વિષે મારા તથા તમારી ગોળીનો પ્રત્યક્ષ ઉપયોગ કરી જોવા નીમાયલી સભાના મત તપાસવા અમારા માનવંતા મહારાજા સાહેબ તરફથી નીમાયલી સભા પંદરમી ડીસેંબરેજ મળવાની છે, અને મને મારા

જવાબનો તાર પણ તેજ દિવસે મળવાનો છે એટલે મને લાગે છે કે હું તમને તે દિવસે મળીશ ત્યારે કંઇક આનંદનો સંદેશો પણ સાથે લેતો આવીશ.

"મહેરબાન, આ સારા સમાચાર તમારાં ધર્મપત્નિને પણ આપજો, અને આ ખુશાલીના સમાચાર સાંભળવા તૈયાર થઇ રહેજો.

"લી. તમારો જયંત"

બાબુ તો કાગળ વાંચતાંજ હર્ષથી છલકાતો લલિતાને એ વંચાવવા દોડયો. તેણે તેને જોઇ કે તુર્ત બોલ્યો. "અંતે અંતે હવે આપણે ધારેલી ટોંચ પાસે પ્હોંચ્યાં છીએ. એક અઠવાડીયામાં તો જે હશે તે સમાચાર મને મળી જશે અને ત્યાર પછી નવી શોધ કે નવી આતુરતા કે નવી ચિંતા મગજ ઉપર આપણે વ્હોરવાનાજ નહિં; પૈસા હાથમાં આવ્યા કે તારા પ્રિય ધંધામાં આપણે તુર્ત જોડાવાના. પણ હવેનું કામ બધું નિશ્ચિંતપણે થશે, વ્હાલી. હવે કંઇ ગાંધી કે મોદીના પૈસા ચુકાવવા હું કામ નહિં કરૂં; ખરેજ, હવેનું કામ બરોબર મન દઇને હું કરી શકીશ."

લલિતાનાં મ્હોં પર આનંદનો ચમકારો જોઇ તેણે વળી કહ્યું, "તું જુવે છે ને, કે હું કંઇ બધું ફેંકી દેવા નથી ધારતો. જો તું મને છ વરસથી પરણી છે, અને હજી તું મારો સ્વભાવ જાણતાં ન શીખી, ખરૂં ? એમાં ભુલ કોની ?"

તેનો પૂર્વકાલનો આનંદ અને ઉત્સાહ તેનામાં ફરી તાજો થયેલો જોઇને લલિતાનું મન અંતરમાંજ ઉછાળા મારવા લાગ્યું. તેણે પતિને તેની આશામાં અનુમોદન પણ આપ્યું, પણ પતિએ પોતાના ધંધા તરફ ફરી વળવાની જે ઇચ્છા દર્શાવી હતી તેને માટે તેણે તેને અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપ્યો. ગયા છ માસથી જેવી લાગણી નહોતી બતાવી તેવી પ્રેમ લાગણીથી બાબુએ પ્રિયાને બાથમાં લઇ એક ચુમ્બન કર્યું.

લલિતાના મનમાં શું થયું? તેણે મનમાંજ કહ્યું, "રે મન, તારી શંકાઓ બહુધા ખોટીજ હતી; પાયા વગરની ઇમારત જેવીજ હતી; મને કોઇ એક ખરાબ સ્વપ્ન આવી ગયું—હા-ત્રાસદાયક સ્વપ્ન-મારે એને દૂર ફેંકી દેવું જોઇએ. જે થાય છે તે ઠીકજ થાય છે, ધીરજ ધર મન ધીરજ ધર. હવે ઝાઝીવાર નથી."

એ ગુરૂવારે જયારે જયંત આવ્યો ત્યારે લલિતા પ્હેલાં જેવી અતડી ન રહી. તેનું મન આનંદમાં હતું. એ આનંદ જયંત આગળ છૂપાવવાનું શું પ્રયોજન હોય? આ નવો ભાવ જોઇ જયંત તો બહુ ખુશી થયો. આજની જયંતની આંખમાં ચોખ્ખો વિકાર દેખાતો હતો. એની વર્તણુક આજે એના સઘળા મનોભાવ તદ્દન ખુલ્લા પાડી દેતી હતી

લલિતાએ જોયું, પણ મનમાં ધાર્યું—"હવે તો ઝ્હોત ગઇ થોડી રહી. થોડા દિવસમાં જેપાનના એલચી ખાતાંના ઉપરી મહેરબાન જયંત સાહેબ જેપાન જશે, એટલે પછી આપણે કયાં એનું મોં ફરી જોવા પડવાનું હતું?"

તેરમી તારીખે પૂનાથી બાબુપર એક તાર આવ્યો. ત્યાંના લશ્કરી ખાતાંના ઉપરી અમલદારે તેને એક દિવસ પૂના તેડાવ્યો હતો.

એનાથી ના પડાય તેમ નહોતું. એણે તુર્ત સામો તાર કર્યો કે બીજીજ ટ્રેનમાં આવું છું.

લલિતાએ સ્વાભાવિક રીતેજ કહ્યું કે સરદાર જયંતને પંદરમી તારીખને બદલે બીજે કોઇ દિવસે જમવાનું ઠરાવીએ.

"નારે ના" બાબુએ કહ્યું. "હું પરમ દિવસ સવારની દસની ટ્રેનમાંજ પૂનાથી નીકળીશ, એટલે સાંજના ચાર પાંચ વાગે ખુશીથી અહિં પહોંચી જઇશ. જમવાનું છેક રાતના છે એટલે હું જરા પણ મોડો નહિં થાઉં."

લલિતાની સઘળી આનંદની વ્યર્થ હતી, કારણ બાબુ

પોતાની ધારણામાં એક લેશ માત્ર પણ ફેર કરે તેમ ન હોતું. તેણે કહ્યું,

"ગાંડી, સરદાર જયંત તે કાંઇ સાધારણ વેપારી છે, તે એમ જમવાનું કહી ને વળી ઘડીમાં ના પાડી શકાય? હજુ તું કહે તો હું પૂના જવાનું બંધ રાખું. પણ એમ કરવાનો તું મત આપીશ? આવું આમંત્રણ અને તે પણ લશ્કરી ખાતાંના ઉપરી તરફથી આવ્યું હોય, તેની ના કેમ પડાય? એ લોકોએ મારી ગોળી પસાર કરાવવામાં જે મહેનત લીધી છે તેણે ખરેખર મને એનો આભારી કરી દીધો છે, અને અત્યારે પણ એ ગોળી બાબતમાં કંઇ પુછવા માટેજ મને એણે તેડાવ્યો હશે. અને તું એક બીજી વાત કેમ ભુલી જાય છે? પંદરમી તારીખે જેપાનવાળાનો નિર્ણય મારે જાણવાનો છે, અને એટલા માટે તે દિવસે તો સરદાર જયંતનું મારે અહિં ખાસ કામ છે।"

લલિતાએ જોયું કે વધુ બોલવાથી કંઇ વળે તેમ નથી.

બાબુની મુસાફરીની તૈયારી થોડા વખતમાંજ થઇ ગઇ; અરધા કલાકમાં તો તે પુના જવા તૈયાર થઇ ગયો. બપોરની મેલ ઉપડવા પહેલાં દસ મીનીટે તે બોરીબંદર સ્ટેશનપર પહોંચ્યો, બરાબર સાયંકાળે તો તે પુનામાં હતો.

૧૨

એક કારમી કસોટીઃ—

તા. ૧૫ મી ડીસેંબરે રાતના સાત વાગે બાબુ હજી ઘેર ન્હોતો આવ્યો.

સરદાર જયંત નિયમિત વખતે જમવા આવ્યો. ઘરમાં માત્ર લલિતા અને તેની બ્હેનનેજ જોઇ તેને ઘણુંજ આશ્ચર્ય થયું. એને જમવાનું ખાનગીજ કહેવામાં આવ્યું હતું પણ કંઈ નહિં તો આશરે એકાદ બે બીજાં માણસો તો જમવામાં સાથે હશેજ એમ તેણે ધાર્યું હતું. પોતાની ધારણામાં નિષ્ફળ થવા માટે તેને જરા

પણ ખેદ ન થયો. તે તો ઉલટો પોતાને આવી સુંદર તક મળવા માટે ભાગ્યશાળી માનવા લાગ્યો. અને પોતાને એક ઘરના માણુસ માફક નોતરવા માટે લલિતાનો તેણે ઉપકાર માન્યો. વળી એને એવો વિચાર આવ્યો કે લલિતાની બ્હેન કદાચ જમ્યા પછી પોતાને ઘેર જવાની હશે. પતિની ગેરહાજરીથી ક્ષોભ પામેલી લલિતાએ પતિ પૂને ગયાની અને હજી પાછા ન આવ્યાની વાત કરી, અને પતિની ગેરહાજરીમાં પણ ઘરની આબરૂ જાળવવા ખાતર તેણે જયંતની એ ખાતે સવિનય માફી માગી. દુષ્ટ માણુસની કલ્પના પણ દુષ્ટજ હોય છે, તેમ જયંતે પણ ધાર્યું કે આમાં અંદર ખાનેથી કંઇ ગોઠવણુ કરેલી લાગે છે. તેણે મનમાં કહ્યું કે "જે હશે તે થોડીવારમાં જણાઇ રહેશે."

મહારાજે કહ્યું કે રસોઇ તૈયાર છે. ત્રણે જણુ નીચે ગયાં. જયંતને માટે એક બાજઠ ઢાળેલો હતો, અને તેની સામે બે પાટલા ભાણ્યાં વિનાજ ઢાળેલા હતા, તેનાપર લલિતા તથા તેની બ્હેન સુંદર બેઠાં.

જયંત ઠંડે કલેજે જમતો હતો, પરંતુ એ બધો વખત એ ત્રણે જણુને કંટાળા ભરેલો થઇ પડયો. પોતાનાં તિરસ્કારનાં પાત્રની પોતાનેજ આવી ખુશામત કરવી પડે છે, એ વિચારે લલિતા મનમાં બળી જતી હતી. સુંદર તો બિચારી માંદાંની સારવાર કરવામાંજ સમજેલી અને કંઇ બહાર માણુસોમાં બહુ ઝાઝું ફરેલી નહિં એટલે સ્વભાવથી વાચાળ નહિં, તેથી તેને પણુ સાવ મુંગુંજ બેસી રહેવું પડતું હતું. સરદાર જયંત પણુ આ અનેક માંદાંની આશીષ પામી પુણ્યથી તેજસ્વી બનેલી અબળાની સન્નિધિથી દબાતો હતો, એટલે એ પણુ અમુક અંશે મુંઝાતો હતો. પોતાને એકલી અને અસહાય પડેલી માનતી લલિતાના મ્હોં પર બધો વખત બહુજ ગંભીર ઉદાસીનતા છાઇ રહી હતી; અને સુંદરબાઇ પણુ જેમ જેમ વખત જતાં તેણે જયંતના લલિતા પ્રત્યેના વિકારમય દ્રષ્ટિપાત જોયા તેમ

તેમ અનેક માઠી શંકાઓ કરી મનમાંજ ગભરાવા લાગી. જમણુ બહુ સાદું હતું. અને અરધા કલાકમાં તો જયંત જમીને ઉઠયો પણુ હશે. પણુ બિચારી સુંદરને તો એ અરધો કલાક એક આખા યુગ જેવો લાગ્યો.

આખરે ત્રણે જણાં ઉઠયાં અને લલિતાએ ઘાટીને દિવાનખાનામાં પાનનો દાબડો મૂકી આવવા કહ્યું; અને પછી જયંતને કહ્યું.

"દિવાનખાનામાં પાનનો દાબડો છે; અને બીજું જે જોઇતું હશે તે રામો તમને લાવી આપશે." આમાં રહેલા અર્થ પ્રમાણે જયંતને દિવાનખાનામાં જવું પડયું, અને પાછળ બન્ને બ્હેનો એકલી પડી.

લલિતા સુંદરને પોતાની ખાનગી ઓરડીમાં લઇ ગઇ અને ત્યાં પ્હોંચતાંજ તેની ડોકે વળગી પડી કહ્યું "બ્હેન, તું આજે આવી છો તેથી તો હું એવી રાજી થઇ છું! ઉષાને હમણાંનું બિલકુલ ઠીક રહેતું નથી. એ છોકરી તો જેમ મોટી થાય છે તેમ નબળી પડતી જાય છે. મને ઘણીવાર એની બહુ ચિંતા થાય છે. આજ તો આખો દિવસ એને તાવ ઉતર્યો નથી; અને તું જાણે તો છેને, કે એ માંદી પડે, ત્યારે તારી વિના એને ગોઠતુંજ નથી. તારી આ સફેદ સાડી ચોળી જોઇનેજ એનો અરધો રોગ તો મટી જાય છે. હું હમણાંજ મારા ઘાટી સાથે હોસ્પીટલ-માંથી તારે માટે આજ રાત અહિં રહેવાની રજા મગાવી જોઉં છું—અને આજ તો એ ઘેર નથી એટલે મારે તારો ખાસ ખપ હતો. અરે બ્હેન, ભગવાનેજ તને અહિં મોકલી છે......પણુ તારૂં મોં કેમ પડી ગયું છે? તું હસતી કેમ નથી? આજ કયારની તું બોલતીએ નથી. તને શું થયું છે?"

સુંદર લલિતા સામે થોડીવાર જોઇ રહી. લલિતાના પ્રશ્નનો જવાબ આપતાં તે બહુ અચકાતી હતી, પણુ

પછી લલિતાએ વારંવાર પુછવાથી છેવટ તેની બરાબર સામે જોઇ તેણે પુછયું—

"મને શું થયું છે તે તારે જાણવુંજ છે? તો લે સાંભળ. આજે, અત્યારે, જયારે તારા વર ઘેર નથી એવે ટાણે આ માણસ અહિં જમવા આવ્યો છે, એ શું?"

લલિતાને લાગી તો આવ્યું, પણ તેણે જણાવા દીધું નહિં. હસીને તેણે કહ્યું,

"હા-જોયું કે? મેં ધાર્યુંતુંજ તારા મનમાં કંઇક ચટપટી થાય છે, પણ તું ખરી વાત જાણુતી નથી એજ એનું કારણ છે. જો સાંભળ, થોડાક દિવસ પહેલાં મારા પતિએ આ માણુસને એક કુટુમ્બના ખાસ મિત્ર તરીકે જમવા આવવાનું નિમંત્રણ કરી રાખ્યું હતું, અને એ આણે સ્વિકાર્યું પણ હતું. એવામાં પરમ દિવસે એવું બન્યું કે એમને એમની શોધના કંઇક કામસર પુનાથી તેડાવવાનો તાર આવ્યો એટલે આજે સાંજના પાંચ વાગે પાછા આવવાનું વચન આપી એ તો તેજ દિવસે પુના ગયા એ અત્યાર સુધી પાછા કેમ ન આવ્યા એ તો એક મારા અંબા મા જાણે છે. આજે સવારે મારા પર તેમનો એક કાગળ હતો તેમાં પણ આજે સાંજે પોચશે એવાજ સમાચાર હતા. મેં તો એમને આ જયંતને જમવાનુ આગળ ઉપર રાખવા કહ્યું હતું. પણ એમને તો આજ આવવાની એટલી બધી ખાત્રી હતી કે મારૂં માનવામાંજ ન આવ્યું. બ્હેન હવે એવી દુઃખદાયક રીતે મારી સામે ન જોઇશ હો, નહિં તો પછી મારૂં મન ઠેકાણે નહિં રહે. કેઇ એમ ધારે કે તું તારી બ્હેન પર શંકા લાવે છે મેં તને હમણાંજ શું નથી કહ્યું કે તારા આવ્યાથી આજ મને કેટલી નિરાંત વળી છે? પણ આ વાત કેવી વિચિત્ર લાગે છે? જાણે કેમ હું મારો બચાવ કરવા બેઠી હોઉં એવું લાગી જાય છે, ખરૂં? એ વાતજ હવે તો પડતી મુકો; અને હવે પેલા ગૃહસ્થ પાનપટ્ટી કરી લે ત્યાં હું મારાં બાળકડાંની ખબર કહાડી આવું, ને માશી આવ્યાના સમાચાર દેતી આવું."

"લલિ, એક જરાક ઉભી રહે; કહેવા માંડયું ત્યારે તો હવે પૂરૂંજ કહેવાદે. મારાં વચન પર માઠું લગાડીશ નહિં, અને તારાં જીવનમાં હું માથું મારતી હોઉં એમ લાગે તો મને મૂર્ખ ગણી કહાડીશ નહિં; કારણ હવે તો એ વાત મારા મનમાં ઝાઝી વાર રહી શકે તેમ નથી. હમણાં હમણાં આ ઘરનાં માણુસોનું જીવન જોતાં મારૂં મન વલોવાઈ જાય છે–કહે મને, એ બધાંનો અર્થ શું છે? જો, તું મને કહેતાં અચકાય છે; ખરૂં બોલતાં તારી છાતી નથી ચાલતી."

"વ્હાલી બ્હેન, તારાથી તે મારે શું છાનું હોય?" લલિતાએ બ્હેનની સામે કોઇ વિચિત્ર જાતના દ્રઢભાવથી જોઇ કહ્યું, "પ્રેમ આ ઘરને તજી ગયો છે એજ સત્ય છે, કે જે સત્ય મારૂં મ્હોત જલ્દી—જલદીજ લાવશે, ને મને સુખી કરશે."

"પણ એમાં વાંક કોનો છે?" સુંદરે બ્હેનને પૂછયું "આ પેલો સરદાર જયંત-એ અહિં બહુ કેમ હળયો છે? એનો આ ઘરમાં વધારે પડતો પગ પેસારો, અને તારા વરની ઉદાસ મુખાકૃતિ, અને તારૂં સ્વામી પ્રત્યેનું અતડાપણું એ બધી બાબતે મારૂં ધ્યાન અણુચિંતવ્યુંજ ખેચ્યું છે. એ બધાંનો અર્થ શું નીકળે છે? તારો પતિ કોઇ મનોવ્યથાથી પીડાય છે એમાં તો જરા પણ શક નથી; તારી તેના પ્રત્યેની બેદરકારી એના મનને સાલે છે. જે માણુસને તું અંતઃકરણથી ધિક્કારતી હતી, જેનું મ્હોં પણ તને જોવું ગમતું નહિં, એવા આ સરદાર જયંત જેવા એક ક્ષુદ્ર માણુસને ખાતર તું તારા પ્રભુ જેવા પ્રેમાળ અને ભોળા પતિને ભુલી જાય છે? રે બ્હેન, આ શું?"

"રે બ્હેન, આ શું? પ્રેમ અને દયાની મૂર્તિ, આ શું?" અપમાન અને કોપથી ગુંગળાઇ જતી લલિતાએ વેદનાનો ઉદ્ગાર કહાડયો.

પણ સુંદરે તો બહેનના ભાવ પર લક્ષ ન આપતાં પોતાનું ભાષણ ફરી ચલાવ્યું—"માણસ જે હૃદય માત્ર પરમાત્માનેજ સમર્પે છે. એવું અમૂલ્ય હૃદય પણ જેણે તને સોંપી દીધું છે એવા પ્રેમી પતિને તું ભૂલી જાય છે? હા—મારી સાથે તકરાર ન કરીશ. તારી પતિભકિત સાવ ભૂંસાઇ નહિ ગઇ હોય. તોપણ ઝાંખી તો પડીજ ગઇ છે." લલિતા ધ્યાન રાખજે, તારો પતિ તારા પર હજી એવોજ પ્રેમ રાખે છે. ઘરમાં શું થાય છે, શું નહિં, એનું એ ભોળાને હજી કશું ભાન નથી. હજી વખત છે. કંઇ પણ નુકસાન પ્હોંચ્યા પ્હેલાંજ તારા ઘરમાંથી આ માણસનો પગ કહાડી નાખ હું તને ફરી ફરીને કહું છું કે સરદાર જયંતની તારા તરફની નજરને બાળી નાખ."

હવે તો લલિતાથી ન સહેવાયું. લલિતા પોતાના અંતરનું દુઃખ કોઇને ન કહે, તેણે આજ બહેનના બે હાથ જોસથી પકડી, આવેશથી પોતાનાં દિલનું ઉંડામાં ઉંડુ પડ ઉખેળી બતાવ્યું—

"પરમાત્માનેજ સમર્પાય એવું અમુલ્ય હૃદય પણ જેણે મને સોંપી દીધું છે. એવા મારા પ્રેમી પતિ પૈસા ખાતર મારાં વેણ વેચવા બેઠા છે—સાંભળે છે સુંદર?" લલિતાએ સુંદરના હાથ જોસથી દાબી દાંત કચડયા—"એ પેલી મારી વ્હાલી શોકય ચિત્રકળાને તજી—હવે મને એકલીને રાખી બેઠા છે—પણ જે પાપ એ કરવા બેઠા છે, હાય—અંબામા એ કેમ સાંખી રહે છે?—પતિ! હા—આહ!—આ છાતી જોવી છે?—હા, જો! જો!" બોલતાં બોલતાં આવેશથીજ તેણે ચોળી ચીરી નાંખી પોતાની છાતી બેનને બતાવી.

"લલિતા, લલિતા, આ તું શું કહે છે? શું કરે છે? ગાંડી તો નથી થઇ ગઇ?"

"હું ખરૂં કહું છું કે મારા પતિ બધું જાણે છે, ને તું કંઇ નથી જાણતી આ માણસને આ ઘરમાં આવવા

દેવાની મને ફરજ પાડનાર મારા પતિજ છે. એ માણસ માટે મારાં ઘરનાં, મારાં દિવાનખાનાંનાં, મારાં ભોજન ગૃહનાં બાર ખુલ્લાં મુકનાર મારા પતિજ છે અત્યારે એને જમવા બોલાવનાર પણ મારા પતિજ છે, હું નહિં !"

"પણ ત્યારે એ પોતે અત્યારે અહિં કેમ નથી ?

"હા—કેમ નથી ? હું પણ તને એજ પૂછું છું કે એ પોતે અત્યારે અહિં કેમ નથી ?"

લલિતા, કોપ અને પરિતાપથી કંપતી લલિતા સુંદર સામે જોઇ રહી ; સુંદર તો બિચારી સજ્જડ થઈ ગઇ હતી.

"ના ના નહિં હો. મારા બોલવાપર ધ્યાન ન આપીશ. મને બોલવાનું ભાન નથી રહેતું" લલિતાએ કપાળપર હાથ ફેરવતાં કહ્યું." મારૂં મગજ ભમી ગયું છે ના, ના, મારી શંકાઓ ખોટી છે. જૂઠ્ઠી છે. એમને કંઇ અણધારી અડચણ આવી નડી હશે. બીજું કાંઈ હોય નહિં."

લલિતા ફરી પોતાના આવેશને કાબુમાં લાવી શાંત અને સ્વસ્થ થઇ શકી; ને બોલાઇ ગયું તે માટે તેને અત્યંત પશ્ચાત્તાપ થવા માંડયો. અને અર્ધ વિકળ અને ગાભરી બની ગયેલી સુંદરને કહ્યું—

"મેં જે કહ્યું છે તે બધું તું ખોટું માનજે હો—માનીશને ? અને હવે. હું ઉષા પાસે જાઉ છું. બિચારી તું આવી છે એ જાણીને બહુ રાજી થશે. એણે બેનને જોસથી ભેટી પડી, અનેક ચુમ્મનો લીધાં.

સુંદર તો સ્તબ્ધજ થઇ ગઇ તેણે ઘણા દિવસથી જોયું હતું કે આ ઘરમાં હવે પ્હેલાંની જેવી સુખશાંતિ નહોતી રહી; પણ લલિતાને પતિ પ્રત્યે આવી લાગણી થઇ ગઇ, એટલે સુધી વાત વધી હશે એમ તો એની કલ્પનામાં એ નહોતું આવ્યું. સુંદર પોતાની બેનને માન તથા પ્રેમની લાગણીથી જોતી; એની નજરમાં તો લલિતા એ સ્ત્રીઓનાં ભૂષણ રૂપ, બીજીઓને દ્રષ્ટાંત લેવા યોગ્ય લાગતી; બીજી બધી સ્ત્રીઓ કરતાં એની નજરમાં તે એટલી ઉન્નત

જીવનની ભાસતી કે પોતે તેને જે ભુમિ ઉપર કલ્પનાથી મુકી હતી તે ભૂમિ આમ ટૂટી ભૂકા થઇ જાશે એમ તો એણે સ્વપ્નેય ન્હોતું ધાર્યું.

લલિતા થોડીવારમાંજ ઉપર જઇને પાછી આવી. સુંદર પાસેથી ગઇ ત્યારે એના મ્હોંપર જે ગભરાટ હતો. તે કરતાં પણ હમણાં કંઇક વધારે દેખાતો હતો. તેણે સુંદરને કહ્યું. "ઉષા તને બોલાવે છે. એના ગળામાં દુખવા આવ્યું છે, અને થોડોક તાવ પણ ચડયો હોય એમ લાગે છે. મને લાગે છે કે એને શરદી લાગી હશે. જા બેન, તું ઝટ એની પાસે જા. જરૂર જેવું લાગે, ને તાવ વધારે ચડે તો ડાકટરને બોલાવવા માણસ મોકલજે. હું એને તારા હાથમાં સોંપું છું." તેણે હસતાં દેખાવાનો પ્રયત્ન કર્યો—પણ વૃથા. ફરી તેણે કહ્યું. "મારી કશી ચિંતા ન કરીશ. હું હમણાંજ તારી પાસે આવીશ. હું ધારૂં છું કે જયંત અહિંથી જલદી રજા લેશે એટલી તો અક્કલ એનામાં છે. એને અહિંથી વળાવીને હું તુર્ત ઉપર આવીશ. જા, બ્હેન, નિશ્ચિંતપણે જા."

સુંદર ઉપર ગઇ, પણ એ ગઈ કે તરતજ લલિતાનું હૃદય બ્હીકથી ટાઢું પડીજવા લાગ્યું. ભય અને શંકાને લીધે એનું ચેતન મંદ પડી ગયું હતું. એની સ્વાભાવિક હિમ્મત અને નિડરતા આજ એનામાંથી ચાલી ગઇ હતી. એને એકલાં રહેતાં ભય લાગતો હતો. પોતાનાં ઘરમાં ગમે તે વખતે પણ પ્રવેશ કરતાં અચકાય નહિં એવા એક પરાયા માણસનો એને ભય લાગતો હતો. પણ એ સર્વથી એની ઉષા માટેની ચિંતા ઘણી વધારે હતી." "હું અભાગણીનું અણમોલું મોતી, અરેરે–બિચારી તાવથી પીડાય છે!" એક ત્રાસદાયક વિચાર એના મગજમાં આવ્યો અને એનાથી એક કારમી ચીસ પડાઇ ગઇ. "રે ના–ના–ના એ પ્રભુ. એ નહિ––હો! જો તારા રાજ્યમાં ન્યાય હોય, તો એક એ ન થવા દઇશ!" તેણે ચિત્તમાં પરમાત્માનું ચિન્તવન કર્યું, એટલે

ઉશ્કેરાયલું અને અતિશય ગભરાયલું મન જરા સ્વસ્થ થયું, પણ વિચારમાળા અટકી નહિં. "મને અહિં બાંધી રાખનાર જો આ બાળક ન હોય તો—રે માડી ક્ષમા કર પણ મને ઘણીવાર એમ થઇ આવે છે કે આ ઘર છોડીને હું કયાંય નાસી જાઉં—જયાં પરમાત્મા લઇ જાય ત્યાં જઇ એકલી વસું, અને પેલી વિસારે પડેલી ચિત્રદેવીને સેવી મારૂં ગુજરાન ચલાવું. આવા નીચોવી નીચોવી શુષ્ક કરી નાખે તેવા સંસાર કરતાં એ એકાંત જીંદગી હજારો હજાર ગણી રમણીય લાગશે. અરે અહિં કેવું સુનું લાગે છે! આ ઘરમાં કેવી ભયંકર શાંતિ પથરાઇ રહી છે! અહિંનું વાતાવરણજ મને મુંઝવી દે છે—મારા નાથ, અત્યારે તમે કયાં છો? અરે તમને શું થયું છે, કે અત્યાર સુધી અહિં નથી આવતા? અત્યારે તમે શું કરો છો? અરે મારૂં માથું બળવા માંડે છે. સુંદરને બોલાવું—ના, ના, એતો બિચારી ઉષાની સારવારમાં છે; એતો ભલે ત્યાંજ રહી—ત્યારે શું કરૂં? દિનકરને તેડાવું? ના—તેડાવીને એને કહું શું? સરદાર જયંતનેજ એમ કહેવરાવું કે મને ઠીક નથી એટલે મળી નહી શકું?

વિચારમાળા આટલેથીજ અટકી, કેમ કે એજ વખતે એક નોકર તાર લઇને આવ્યો. ધ્રુજતે હાથે કવર ફાડી. લલિતાએ તાર વાંચ્યો. "નવની ગાડી ચુકયો છું, બપોરની ગાડીમાં ઉપડયો છું, અને રાતના આઠવાગે ત્યાં પહોંચીશ."

લલિતાએ ઘડીયાળ સામે જોયું. દસ વાગ્યા હતા, અને હજી બાબૂ આવ્યો ન હતો. તાર પૂના સ્ટેશનેથી હતો. ત્યાર પછી શું થયું હશે? "ત્યારે શું આજ એ નહિંજ આવે? શું આજ આખી રાત મારે આમને આમ ગાળવી પડશે? હે રામ!—" તેના મનમાં કોઇક જૂદીજ જાતનો જુસ્સો ચડી આવ્યો. તેના મનમાં કોઇક જાતની હિમ્મત, અબલાની સબળ દૃઢતાએ પ્રવેશ કર્યો.

"નહિં—એણે આજ નજ આવવું એમ ધાર્યું હોય

તો શું થયું ? જ્યાં સુધી મારામાંથી હુંપણું ગયું નથી ત્યાં સુધી ભય શાનો છે ? જ્યાં સુધી હૃદયમાં બળ છે, ત્યાંસુધી વાંકોવાળ કોણ કરી શકે એમ છે! જ્યાં-સુધી સ્ત્રીનું અંતઃકરણ પવિત્ર છે, ત્યાંસુધી કોઇનો ભાર નથી કે તેના સામે ઉંચી આંખ પણ કરી શકે. તો હવે ભય શેનો ? હું એ જયંતને આજે બરોબર સમજાવી લઇશ. મારા સ્વામી, આજ પછી મેં તમારૂં ઇચ્છિત મેળવી આપવા પ્રયત્ન નથી કર્યો, એ આળ મારી માથેથી ઉતરશે. હું આજે પેલી ગોળી માટે જયંતની સહી લઇશ–જો પ્રભુ મારામાં એટલું બળ આપશે તો. પતિને એના પ્રાણથી પણ અધિક વ્હાલા પૈસા મળશે–એનો જીવ તૃપ્ત થશે; એની આશા ફળશે; પછી આ જીવનનો એને શો ખપ છે ? પછી હું જ્યાં હરિ દોરી જશે ત્યાં જઈશ—હરિ જેમ પ્રેરશે તેમ —પ્રેરાઇશ.

" હરિને હાથે રે, દોરી અમારી દેશું,
" જીવનજી સાથેરે, એકાંતે જઇ રહે શું-હરિને.
" કલા ભકત અંતરમાં હરિની કલા પ્રીતે ખીલવશું
" છબી હરિની ચિતરી સુંદર ચિતમાં નિત ચીંતવશું
" હરિશું હેતેંરે, પ્રીતીરસ લેશું ને દેશું—
હરિને હાથે રે. "

હરિનાં સ્મરણમાં લીન થયેલી સુંદરી શાંત ચિતે અર્ધ આંખ મીચી બેઠી હતી. એ શાંત મુખમુદ્રા અને અપ્રતિમ પ્રભાવાળી સુંદરી શારદાના જેવી નિર્મળ સ્વરૂપિણી દેખાતી હતી. તેને બહારની દુનિયાંનું ભાન ન હતું. તેના ઉન્નત વિચારો ઘણીવાર સૂધી કોઇ ઉંચા પ્રદેશમાં ઉડી રહ્યા. છેવટે વિચાર બંધ પડયા, અને આંખ ઉઘડી. આંખ ઉઘડી ત્યારે એ દિવ્ય સ્વરૂપ કયાંય અદૃષ્ય થઇ ગયું–પણ એને બદલે એની સામેજ સરદાર જયંત ઉભેલો દેખાયો ! ધ્યાનગ્રસ્ત થયેલી અબળાએ આ ધૃષ્ટ પુરૂષને પોતાનાં ખાનગી દિવાનખાનામાં પેસતો જોયો ન હતો. આમ અચાનક એ માણસને પોતાની સામે તાકીને ઉભેલો જો

યાથી તે જરા પણ ગભરાઇ નહિં. હવે તેનામાં હિમ્મત આવી હતી. જરા પણ આશ્ચર્ય કે ગભરાટ બતાવ્યા વિનાજ તે ઉભી થઇ; તૂટેલી સેરમાંથી ખરી પડેલાં મોતી જેવા અમૂલ્ય અને અસ્તવ્યસ્ત થઇ ગયેલા વિચારોને ફરી એકઠા કરી ફરી દોરીમાં પરોવતી તે બોલી:—

'સરદાર સાહેબ, આપને મારા પતિ માટે બહુ બેસવુ પડયું—પણ શું કરવું? હમણાંજ એમનો એક તાર હતો તેમાં લખે છે કે નવની ટ્રેન ચુકવાથી બપોરની ટ્રેનમાં નીકળી રાતના આઠે અહિં આવશે. પણ આઠને બદલે તો દસ થયા, ને હજી કોઇ ન આવ્યું; એટલે મને તો હવે ચિંતા થાય છે. રસ્તામાં અકસ્માત તો નહિં થયો હોય? નહિંતો અત્યારસૂધી ન આવે એમ કેમ બને? તમારે એમની વાટ જોઇ આમ બેસી રહેવું પડયું, તેથી મને ખરેખર બહુ ક્ષોભ થાય છે; ખરેખર હૂં તો મુંઝાઇ ગઇ છું-"

આ શબ્દો સાંભળી જયંતે જે સ્મિત કર્યું, તેના પર લલિતાને અત્યંત તિરસ્કાર છૂટયો પણ કરે શું?

સરદાર જયંતે હવે મૂળ બાબત પર આવતાં ઝાઝીવાર ન લગાડી. એ દિવાનખાનામાં પેસતાં જયારે તેણે લલિતાને એકલી જોઇ હતી ત્યારથીજ એણે તો નિશ્ચય કરી મૂકયો હતો; અત્યારેજ એનો સમય હતો.

તેણે કહ્યું, "બાનું મૂંઝાવાનું કશું કારણ નથી. બાબુભાઇની ગેરહાજરીથી મને કંઇ અપમાન નથી લાગ્યું. એથી તો ઉલટો મને આનંદ થાય છે. તમને આમ મળવાની આવી સારી તક મને વિના પ્રયાસે મળી છે, એ ખરેખર મારાં સુભાગ્યનીજ નિશાની છે."

લલિતાથી થોડે દૂર એક ખુરસી પડી હતી, તે પર જયંત બેઠો. લલિતાને હવે કસોટીનો સમય પાસે લાગ્યો, પણ પતિની અનેક આશાઓ જેના ઉપર અટકી રહી હતી, એવા માણસનું પ્રત્યક્ષ કારણ મળ્યા વિના અપમાન કરતાં

તેનો જીવ ચાલ્યો નહિં. નિરૂપાય બની નીચી નજર કરી તે બેઠી રહી. પણ જયંત કંઇ એમ મૂંગો રહે તેમ નહોતું. એના જેવા પુરૂષને એકાંતમાં અબળા આગળ ધૃષ્ટ બનતાં વાર નથી લાગતી.

"આપણા હિંદુઓ, ઘણા–ઘણાજ પછાત છે, ખરૂં ?" જયંતે મૌન તોડયું.

લલિતા આ અણધાર્યા આક્ષેપથી ચમકી.

"કેમ ?"

"સ્ત્રીઓને જોઇએ તેટલી છૂટ નથી આપતા. બીજા દેશોમાં જોશું તો પુરૂષ અને સ્ત્રીના હક્ક સમાન ગણાય છે; જેટલું માન સ્ત્રી પુરૂષને આપે, તેટલુંજ માન પુરૂષ સ્ત્રીને આપે. જેટલી સ્વતંત્રતા પુરૂષ ભોગવે તેટલીજ સ્વતંત્રતા સ્ત્રી ભોગવે. અને આપણા દેશમાં—? પુરૂષ રાજા, અને સ્ત્રી ગુલામ ! પુરૂષ ચાહે ત્યાં જાય, ચાહે તે કરે એને પૂછવા સરખો એ સ્ત્રીઓને અધિકાર નહિં. અને સ્ત્રીઓ ઘરમાં ગોંધાઇ રહે, રાત દિવસ વહીતરૂં કર્યા કરે. ઘરમાંથી બહાર પગ મૂકવાની તો વાતજ નહિં. અહા, એ કેદખાનાની જીંદગી તે તમને કેમ ગમતી હશે ?"

"સ્ત્રીઓ સુખી છે કે દુઃખી એ વાત તો જાણે બાજુ રહી; પણ મને આશ્ચર્ય થાય છે કે પુરૂષો આટલા બધા ઉદાર થતાં કયારથી શીખ્યા ? બિચારા સ્ત્રીઓ આ વાતે દુઃખી છે અને સ્ત્રીઓ તે વાતે દુઃખી છે એમ ચોતરફ બૂમો પાડી રહ્યા છે. ભલા બિચારા પુરૂષો સ્ત્રીઓનાં સુખની ચિંતામાં તો નથી પૂરૂં ખાતા કે નથી નિરાંતે ઉંઘતા ! ત્યારે સ્ત્રીઓ તો બિચારી નથી બોલતી કે નથી ચાલતી; ભાગ્યેજ બિચારી જાણતી હશે કે પોતે એટલી બધી દુઃખી છે !"

"પણ સ્ત્રીઓ પોતાનું દુઃખ સમજી ન શકે. તો શું એને એ દુઃખમાં સડવા દેવી ? નહિંજ; પુરૂષોનો ધર્મ છે કે સ્ત્રીઓની આંખ હવે ખોલવી, અને તેમની

માથે કેટલો જુલમ થાય છે તે બતાવવું. જે પુરૂષ સ્વાર્થી બની એથી વિરૂદ્ધ વર્તે તેને કેવળ નિર્માલ્ય જાણવો."

"ખરૂં!"

"પણ હું ધારૂં છું, તમે તો એવાં અજ્ઞાન નહિંજ હો!"

"જી, ભૂલો છો, હું કંઇ મારી બ્હેનોથી વધારે જ્ઞાનવાળી નથી!"

"ત્યારે શું તમને તમારી સ્થિતિમાં પૂરતો સંતોષ છે?"

"શા માટે ન હોય?"

"શા માટે ન હોય? અહાહા! કેવી દયાપાત્ર દશા! અરે, સ્વતંત્રતા, જે પંખીઓ અને પશુઓને પણ પ્રિય હોય છે, તેની એ હિંદુ સ્ત્રીઓને અપેક્ષા નથી, એથી વધારે ખેદ જનક બીજું શું?"

"કદાચ અજ્ઞાન પતિના આશ્રયમાં રહેતી મારી કેટલીક બ્હેનોને એવી કંગાળ હાલત ભોગવવી પડતી હશે; પણ મારે માટે તો ખેદ કરવા જેવું કે ફરીયાદ કરવા જેવું હું કશું જોતી નથી! હું શું ઓછી સ્વતંત્ર છું?"

શું આને તમે સુખ કહો છો? આને તમે સ્વતંત્રતા કહો છો?"

"ત્યારે કહેશો મને, તમે શેને સ્વતંત્રતા કહો છો?

"સ્ત્રીઓને સ્વતંત્રતા કેમ આપવી, એ તો માત્ર અંગ્રેજ સમજ્યા છે. આપણા લોકો વગર મફતના બકી મરે છે કે સ્ત્રીઓ તો અમારૂં અર્ધું અંગ છે, પણ એ અર્ધા અંગને પોતાના હાથને ટેકે પોતાની સાથે ફરવા લઇ જતાં તો એ લોકોનો જીવ જાય છે! વળી પોતે સોસાયટીમાં હળે મળે, અને બૈરી તો બિચારી જાણવાએ ન પામે કે પતિના મિત્રો કેટલા છે? પુરૂષો મિજલસ અને મેળાવડાઓમાં જાય, પણ સ્ત્રીઓને તો ઘરમાંજ

ગોંધતા જાય. એમ શામાટે હોવુ જોઇએ? પતિ જેટલી છુટથી હરી ફરી શકે તેટલીજ છુટથી સ્રી શામાટે ન ફરી શકે? અને જો પતિની વાતમાં માથું મારવાનો સ્રીને અધિકાર નથી, તો સ્રીની વાતમાં માથું મારવાનો પુરૂષોને શું અધિકાર છે?"

"તમે તમારા પોતાના પક્ષ સામે અમારા પક્ષ માટે આવી સારી વકીલાત કરી શકોછો તે ખરેખર અમારે માટે તો ઘણીજ સારી વાત છે. પણ હું તો એજ જોતી આવું છું કે બોલનારા બધા સ્વાનુભવે પોતાના વિચાર બદલાવી નાખે છે. વળી તમે પણ એમાંના એક ન ગણાઓ એટલું સંભાળજો!"

"અરે, હું એવો બે વચની માણસ નથી એમ તમને બતાવી આપવાનો મને તમે વખતજ કયાં આવવા દીધો?"

સરદારે લલિતા સામે જોયું, અને લલિતાએ વદન નમાવી તિરસ્કાર ઢાંકયો. હવે જયંતને બાજી પાસે લાગી; તેણે કહ્યું,

"અહા, ત્યારે તમેય એ દિવસો ભૂલી તો નથીજ ગયાં? ખરે, એ તે કેમ ભૂલાય? એ દિવસોમાં તો સોનાના સૂર્ય ઉગતા. જગતનું સત્વ શોધતાં જેને અંદરથી રાખ અને કાંકરા શિવાય બીજું કશું જડયું નહોતું, એવા મારા જેવા એક થાકેલા મુસાફરને તમારી સન્નિધીએ એ વખતે એક નવીજ રમણીય, અદ્‌ભુત મનમોહક દુનિયાં બતાવી હતી—"

"ભાઇ—"

"ના, ના, મને બોલતો અટકાવશો નહિં. અરે, તમારી આગળ દિલ ખોલવાનો એ મારો હક નહિં? લશ્કરની ઢોર અને જડ નોકરીથી કંટાળી ગયેલ મારાં મનને તમારી સાથે ભવિષ્યમાં સુખી જીંદગી ગાળવાની આશાએ એ દિવસોમાં નવુંજ જીવન આપ્યું હતું. તમને સુખી કરવાનાં મધુરાં કામમાં મેં મારી પાછળની

બધી જીંદગી ગાળી હત. મને તમે તક આપી હત તો બતાવી આપત કે મારા મનના વિચારો અમલમાં મૂકતાં હું લોકાપવાદથી ડરૂં તેવો માણુસ નથી. પણુ તમારી નજરમાં હું ન આવ્યો, ને મારી સર્વ આશાઓ ધૂળમાં મળી ગઇ. અરે એ દિવસો સંભારતાંતો—"

લલિતાએ વચમાંજ કહ્યું, " ભાઇ મારી આગળ એ દિવસો સંભારવામાં તો તમે ભૂલો છો. અલબત, મારાથી તો એ દિવસો ભૂલાય તેમ છેજ નહિં. જેમાંના એકજ દિવસે, એકજ પળે મારૂં આખું જીવન બદલાવી દીધું. મને એક ભોળી અને નિર્દોષ બાલાને, સંસારની દુઃખમય અને દગાખોર બાજુનું ચિત્ર બતાવી, હજૂ ભોળી છતાં સંસારની જાણુ પ્રૌઢા જેવી બનાવી દીધી, તે દિવસો તે શું મારાથી ભૂલાય તેમ છે ? અહા, એ બે પળમાં તો હું બાલજીવનનાં સુંદર શાંત ઉદ્યાનમાંથી સંસારના લપસણા અને વિકટ માર્ગમાં ધકકેલાઇ પડી; અને એ માર્ગમાં પ્રવેશતાંજ જીવનની દુઃખીમાં દુઃખી અને કાળામાં કાળી બાજૂ મેં જોઇ. જે માણુસે જેની સાથે પ્રેમથી પોતાનું આખું જીવન ગાળવું જોઇએ, એજ માણુસને હાથે એવી એક અબલાને તિરસ્કાર પામતી, એક કંગાલ પશુથી પણુ અનંત ગણી દુર્દશા ભોગવતી મેં જે દિવસે જોઇ, તે દિવસો તે કેમ ભૂલાય, ભાઇ ? "

પ્રેમ કે માનનાં પાત્ર આગળ પોતાનું પાપ ખુલ્લું થતાં ગમે તવા દુષ્ટ માણુસને પણુ ઘણો આઘાત લાગે છે. જયંતનું મ્હોં પણુ લલિતાના વચનો સાંભળતાં પડી ગયું. થોડીવાર તે મૌન બેઠો રહયો પણુ પછી લાગેલા જખમને રૂઝાવવા જાણે આસ્તે આસ્તે મલમ લગાવતો હોય, તેમ બોલ્યો,

" ખરે, મારી એવી છુપી વાત, અને તેમાં પણ તેની એકજ, કાળીજ બાજૂ તમારા સાંભળ્યામાં આવી ગઇ તે ખરેખર મારાં દુર્ભાગ્યનીજ વાત છે. પણુ એવો એકજ અને અપૂર્ણુ સંભળાયલો પ્રસંગ તમારા જેવાં પરિપકવ

બુદ્ધિવાળાં સુંદરીની નજરમાં મને શું સદાને માટે હલકો પાડી નાખશે ? વારૂ, દુનિયામાં એવાં કેટલાંક માણસો છે, કે જે નીતીથી, એક જરા પણ, કદી પણ ન ડગ્યાં હોય ? જેણે મનથી પણ પાપનો ડાઘ લાગવા દીધો ન હોય ?"

"જગતમાં પાપ સો ગણું વધી પડે, તો તેથી શું પાપ તે પુણ્ય કહેવાશે ?" જેમાં ધર્મ અને નીતીનું વ્યાખ્યાન આપી જયંતને શાંત કરી દેવાની પોતાને તક મળે, એવી બાબતપર વળેલું વાતનું વલણ જોઇ, લલિતાએ ખુશી થતાં કહ્યું, "કે શું પાપીઓને પ્રભુ તરફથી પાપ કરવાનો પરવાનો મળેલ છે ? ઉત્તમ જ્ઞાતીમાં અને ઉત્તમ કેળવણી પામેલાં મનુષ્યોમાંજ આ ઝેરી ઝાડનાં બી વવાયાં છે તે ઘણુંજ દુઃખદાયક છે; કેમકે જો એ ઝેરી બીને જડમૂળથી ઉખેડી નાખવામાં નહિ આવે, તો ભવિષ્યમાં ઉત્તમની પણ અધમ દશા થશે "

' દુનિયાનું તો જે થવાનું હશે તે થશે, પણ મેં કેટલું ગુમાવ્યું છે, તે તો એક મારૂં મનજ જાણે છે. એ દિવસો જતાં મારી આસપાસ સઘળે અંધકાર વ્યાપી રહ્યા. મારાં વ્હાણનું સુકાન ભાંગી ગયું, મારૂં જીવન મૃતપ્રાય થઇ ગયું !"

"મન ઉપર જે કાબૂ હજારો અબલાઓને જીંદગી પર્યંત ઘણીજ દૃઢતાથી રાખવો પડે છે, તે કાબૂ તમારા જેવો વીર પુરૂષ એટલોએ ન રાખી શકે, એ જરા શરમ ભરેલું નથી લાગતું ? કેટલી વિધવાઓ આ આર્યાવર્તમાં જીવન પર્યંત મનનું ઉગ્ર તપ તપે છે ? તમે શું એમ ધારો છો, કે માત્ર પુરૂષોનેજ લાગણી થાય છે ? આ સંસારમાં શું કોઇ સ્ત્રી એવી નહિં હોય કે જેને જીવનમાં એકાદવાર પણ એવી અસર થઈ હોય ? પણ આર્ય અબળા પોતાનાં મનને એમ ઢીલું પોચું મૂકી દેતાં હજી શીખી નથી, ભાઇ ! હજારો બલવાન યોદ્ધાઓ કરતાં એવી એક સતીનું બળ વિશેષ છે; કેમ કે યોદ્ધાઓ તો

શારીર બળથી સ્થૂળ શત્રુઓનેજ હણી, જીતી શકે છે, પણ સતી તો આત્મબળથી અજીત જેવા માનસિક શત્રુઓને પણ હણી જીતી શકે છે. કહો ભાઇ, સતીનું બળ વધારે, કે તમારા યોદ્ધાઓનું ? "

લલિતાએ જોયું કે પોતાથી જરા વધારે પડતું જુસ્સાદાર બોલાઇ જવાયું હતું, તેથી તેણે હવે વાત ફેરવી, "કહે છે, તમારા ઉપર જેપાનના શહેનશાહની ઘણી મહેરબાની છે ? "

" એમની મહેરબાની મારા ઉપર અસામાન્ય છે. પણ એમની મહેરબાનીથી તમારે માટે કંઇક કરવાની મને જે તક અને શક્તિ મળી છે, તેના જેવું સુખ મેં એની મહેરબાનીમાં કદી મેળવ્યું ન હતું. "

" તમે મારા પતિની કૃતિની આવી સારી કદર કરી છે, એ માટે હું અંતઃકરણથી તમારો આભાર માનું છું. અને, ત્યારે તો તમે એ ગોળીને જરૂર તમારા રાજ્યમાં દાખલ કરશો ! "

" કેમ નહિં ? હું લેખ બેખ બધું સાથે લાવ્યો છું. માત્ર મારી ઉપર ત્યાંનો તાર આવવાનો છે, તે મારો નોકર અહિં લાવે એટલી વાર છે સહી કરવાને—"

" ભાઇ, ઇશ્વર તમારૂં કલ્યાણ કરો. અહા, એ એટલા રાજી થશે !" લલિતાએ હર્ષનું એક બિંદુ આંસુ મ્હોં કરી લુછી નાખ્યું.

" અહા—એ રાજી થશે ?" જયંતે આવેશથી કહ્યું. "અરે, તમે રાજી થશો ? એ કહો ને !—લલિતા, હું જે કંઇ કરૂં છું તે તમારે માટે કરૂં છું, મારાં પ્રેમપાત્રને ઝુંટવી જનાર માટે નહિ—"

પરપુરૂષને મ્હોંએ પોતાનું નામ સાંભળી લલિતાને ગુસ્સો ઉપજ્યો. એ અવિવેક સહન ન કરતાં તેણે મૃદુ કોપથી કહ્યું, " ભાઇ આ ઠીક નથી, મર્યાદામાં રહો ! "

એજ વખતે એક નોકરે આવી જયંતના હાથમાં એક તાર મૂકયો.

જયંતે વાંચી અર્થ કરી બતાવ્યો. "યુદ્ધ સભાએ પસાર કરી છે. છેવટનો નિર્ણય તમારે કરવાનો છે. જો તમને યોગ્ય લાગે, તો પાંચ લાખ રૂપીયા માટે ખરીદી લેજો." વાંચતાં વાંચતાં એક અત્યંત ગર્વપૂર્ણ દૃષ્ટિ તેણે લલિતા તરફ ફેંકી.

લલિતા તેનો ભાવ સમજી. પણ બોલી નહિં.

જયંત તાર વાંચતી વખતે ઉભો થયો હતો. તે હવે લલિતાની વધારે નજીકની એક ખુરસી પર બેઠો. લલિતાને મૌન જોઇ તેણે કહ્યું.

"તમને માઠું તો નથી લાગ્યું ! અહો, જો મેં તમારૂં એ મીઠું નામ લેવામાં કંઇ અવિવેક વાપર્યો હોય તો ક્ષમા કરજો, પણ મારાં સ્વપ્નોમાં હું એજ નામને સદા પૂજું છું" એમ કહેતાં ખીસામાંથી એક મોગરાનું પુલ કહાડી તેણે કહ્યું, "જુઓ, આ મોગરાનું પુલ કાનોલામાં તમારા વાળમાંથી ખરી પડયું હતું તે—એ પુષ્પ મેં એમનું એમ સાચવી રાખી, સદાય એમાં તમારાં નામને સંભાર્યું છે."

દર લગ્નતિથીએ અજાણ્યા માણુસ તરફથી આવતાં મોગરાનાં પુલનો ભેદ આજે ખુલ્લો થઇ ગયો પણ જેણે પોતાની વેણીમાંથી ખરેલાં પુષ્પને આટલા દિવસો સુધી સાચવી રાખ્યું હતું, એવા યુવાન સાથે આવી સ્થિતિમાં રહેવામાં લલિતાને હવે વધારે ભય લાગવા માંડયો. અને તેણે હરકોઇ પ્રકારે પૂર્ણ સાવધ રહેવાનો નિશ્ચય કર્યો.

દૃઢ શાંતિથી તેણે કહ્યું "પરંતુ હું એમ ઇચ્છું છું કે મારૂં એ નામ હવે ભુલી જઇ, મને તમારે બ્હેન તરીકેજ માનવી."

"જો હું એમ માનતો હત, તો અત્યારે હું અહિં ન હત-તો હું આ ઘરમાં આવ્યોજ ન હત—તો જે માણુસે

મારી ઇચ્છામાં ઈષ્ટ વસ્તુ છીનવી લીધી છે, તેને પુષ્કળ દોલતનો માલિક બનાવી દે એવાં આ લખતરપર અત્યારે હું સહી કરવા ન બેઠો હત. સહી કરૂં ! શામાટે કરૂં ?" તેણે ખીસામાંથી લખતનો કાગળ બહાર કહાડતાં કહ્યું. "મારી શું કદર થવાની છે! મને શું બદલો મળવાનો છે!"

ભયથી કંપતી લલિતાએ, હજી પણ શાંતિ બતાવતાં કહ્યું " અરે ભાઇ, તમારાં રાજ્યને લાભ થનો હોય. તો તમારા જેવા રાજ્ય ભક્તને એથી વધારે બદલો બીજો શું જોઇએ ?'

"બીજું ઘણું જોઇએ. હું રાજ્ય ભકત છું એ વાત ખરી. પણ મને તમારા પતિ પર સ્નેહ નથી. તમારે ખાતરજ હું સહી કરૂં છું. તમારી પાસેજ હું મારો બદલો માગું છું. અરે, એક વાર એ મુખથી મને એટલું કહો કે હજુ એ મારા પ્રત્યેના તમારા વિચાર દયામય, અને સ્નેહપૂર્ણ છે."

જયંતની આંખ જાણે કોઇ નવાજ પ્રકારના અગ્નિથી સળગી રહી હતી, અને તેના દૃષ્ટિપાતની ભોગ થઇ પડેલ લલિતાને ભયથી બાળી નાખતી હતી.

"હા, હું એ કહું છું, તમારો ઉપકાર..." લલિતામાં એ વાક્ય પૂરૂં કરવાની શક્તિ ન હતી " અરે હાય, મારે આવા માણસની સાથે વાત કરવાની યે શીદ ફરજ પડે?" તેણે મનમાં કહ્યું. "અરે, એને લાત મારી કહડાવી મૂકી શકું—"

જયંતે પોતાની દ્રષ્ટિ તેના પરથી ઉઠાવીજ નહિં. તેના હૈયાના ભાવ ઉકેલવા તે મથતો હતો.

"હું કંઇ મૂર્ખ નથી." લલિતાએ છેવટ કહ્યું—" આપણી વચ્ચે જે થઇ ગયું છે, તે તો મેં ઘણા દિવસોથી વિસારી મેલ્યું છે અને જો તમે પણ એમ વિસારી શકતા હો, તો મારે કંઇ તમારા પ્રત્યે દ્વેષ ભાવ છેજ નહિં."

જયંતે લખતનો કાગળ ટેબલ પર મૂકયો, અને સહી

કરી. લલિતા, તે જોતી, પાસેજ ઉભી હતી. તેનો એક હાથ ટેબલ પર મૂકેલો હતો. જયંતે તે હવે એકદમ પકડયો, અને પોતાની પાસે ખેંચ્યો—

"લલિતા ! પ્રિય લલિતા !"

ત્વરાથી હાથ છોડાવતાં લલિતાએ કહ્યું "ફરી મારે કહેવું પડે છે, મર્યાદામાં રહો. જો એ અહિં હત......"

"જો એ અહિં હત ? હાઃહા—" જયંતે મશ્કરીથી કહ્યું "અરે લલિતા, એના દાવપેચ શું હજી તમે નથી સમજ્યાં ? શું તમે એટલાં બધાં અંધ છો ? જરા વિચાર તો કરો, કોઈ માણસ પોતાની પત્નિના નિરાશ થયેલા આશકને પોતાના ઘરમાં આવો આવકાર આપે ખરો કે ? જ્યારે એને ખબર છે કે એ આશકની સાથે પોતાની પત્નીને રાતના ચાર કલ્લાક એકલાં રહેવું પડશે, ત્યારે એ આમ ગાડી ચુકે ખરો કે ? નહિં, નહિં, લલિતા. માણસ તમે બીજું જે કહો તે ભૂલે ખરો, પણ એ કદી, કદી, એવી ગાડી તો ચુકે નહિંજ. અરે, હવે એ જૂઠાં બ્હાનાં છોડી દ્યો. એ ગાડી ચુકનાર પતિ કેવો છે, એ તમે પૂરે પૂરૂં સમજો છો. તમે જાણો છો કે તમારા મનમાં હવે એને માટે એક તિલમાત્ર પણ પ્રેમ રહ્યો નથી, અને, જે માત્ર પૈસા ખાતર આવી રમતો કરતાં શરમાતો નથી, એને તમે તમારા અંતઃકરણથી ધિક્કારો છો."

"જૂઠું—તદ્દન જૂઠું !" ક્રોધથી કંપતી લલિતાએ કહ્યું.

"તમે એને ધિક્કારતાં નથી, એમ ? ના--ના—મેં જ્યારથી આ ઘરમાં પગ મૂકયો ત્યારથીજ મેં તમો બન્નેની વર્તણુક બહુજ બારીકીથી જોઇ છે. મને જૂઠો પાડવાનો પ્રયત્ન કરશો માં, અને તમારાં પોતાનાં મનને છેતરશો નહિં. મને ખાત્રી છે, કે તમને તમારા પતિપ્રત્યે પ્રેમ છેજ નહિ. આ પાછલા બે ચાર મહિનાની એની અતડી વર્તણુકથી તમારાં દિલને કેટલું વેઠવું

પડયું છે તે હું સારી પેઠે જાણું છું. કદાચ એક વાર એને તમારાપર એવો શાંત પ્રેમ થયો હશે; કદાચ તમને પોતાને પણ એક વખત એનાપર પ્રેમ હશે. પણ જ્યારથી એની ધનની તૃષ્ણાએ એને તમારા વિનોદથી વિમુખ કર્યો છે, ત્યારથી એનાપરનો તમારો પ્રેમ ક્ષીણ થતો ગયો છે. અને એથી એ વિશેષમાં, તમને એના પ્રત્યે તિરસ્કાર પણ પેદા થયો છે. તમારી જેવાં દેવના દેહ તથા હૃદયવાળાં મનુષ્યના પ્રેમને એ યોગ્ય નથી એ તમે સારી પેઠે સમજો છો. નહિં તમે અંધ નથી; તમે કંઇ બાળક નથી, કે એના પ્રપંચને પણ ઓળખ્યા વિના બેસી રહો. તમારામાં સ્ત્રી પણું હોય, તો હવે બતાવી આપો. એની નઠોરતાનું વૈર લ્યો. એને જે પ્રેમનો અખુટ ઝરો સમર્પ્યો છે, તેમાંથી માત્ર એક ચંચુ ભરી મને પીવા દ્યો અને હું જીંદગી ભર તમારો વેચાણ થઇ રહીશ. અરે લલિતા, મારો પ્રેમ સ્વિકાર." તેણે હવે નિર્ભયપણે લલિતા પ્રત્યે પગલું ભર્યું.

"આહ! આ શબ્દો હવે મારાથી સંભળાય તેમ નથી. તમે મારી ધારણાને હવે હદ ઉપરાંત કસી જોઇ છે. સરદાર, આ લખતપર તમારી સહી કરી આપવા માટે હું મારા સ્વામિના નામમાં તમારો ઘણોજ ઉપકાર માનું છું; પણ, મારી તબીયત અત્યારે સારી નથી. અવિવેક માફ કરો. તમારી આગળ અત્યારે તમારા ઉપકારથી વિનીત બની ગયેલી એક અબળા ઉભી છે; પણ એના વિનયનો લાભ લઇ તમારે તેને આમ એકાંતમાં બેસાડી રાખવાનો અધિકાર નથી. મહેરબાની કરીને હવે અહિંથી પધારો."

"અહિંથી જાઉં? તને છોડી જાઉં? આહ! અને આજ શું મારો બદલો કે? તને જે જોઇતું હતું તે મળ્યું, એટલે હવે મને ધકેલી કહાડવો છે? લલિતા, સંભાળજે! તારા જેવી ચતુર સ્ત્રી એટલું તો જોઇજ શકે કે મારો તારા પરનો પ્રેમ આજ બમણા જોસથી પાછો

ઉછળી આવ્યો છે, એણે મને અંધ કર્યો છે, એણે મને મત્ત બનાવી દીધો છે, અને તારી આજીજી કે પ્રતિબંધ માત્ર એના અગ્નિમાં ઘીજ હોમે છે."

હવે લલિતાને ખરેખરો ભય લાગ્યો. તેણે મોટેથી કહ્યું "મહેરબાની કરીને અહિંથી એકદમ ચાલ્યા જાઓ. હું હુકમ કરૂં છું કે અહિંથી ચાલ્યા જાઓ. હું કોઇ પણ રીતે હવે તમારૂં સાંભળવાની નથી.

"એમ કે? તો તું મને મળી શા માટે? મળીને, આમ અનેક દિવસો સન્નિધીમાં રાખીને, તારી સન્નિધીવિના મારૂં જીવન અકારૂં કરી નાખી. એવા એક નિરસ પતિનું કામ કાઢી લઇ, હવે મને ઉપકાર માત્રથી તું સમજાવી દેવા માગે છે? નહિં નહિં. લલિતા," તેણે મોટેથી કહ્યું "મને સમજાવવો એમ સહેલો નથી. આમ જો," તેણે લલિતાનો હાથ પકડી કહ્યું "શું હું એમ ફોસલાઇ જાઉં તેવું બચ્ચું લાગું છું કે?"

"આટલો અવિનય કરતાં તારી હિમ્મત કેમ ચાલે છે? છોડ મારો હાથ."

"મારી હિમ્મત કેમ ચાલે છે?' તેણે હાથ મૂકતાં કહ્યું "હિમ્મત કેમ ચાલે છે એમ તું પૂછેછે? અરે આટલા દિવસો સૂધી, આ ગુલાબી મુખને જોતાં છતાં, આ કામણગારી આંખોથી લલચાતાં છતાં, આ અધરનું અમૃત પાસેજ છતાં, આ સૌંદર્યની પૂતળી મારી સમીપમાંજ હોવા છતાં હું ધીરજ કેમ રાખી શકયો, એજ મ્હેલાં તો સવાલ છે. મને તે તું શું ધારે છે? ભૂખ્યાને પકવાન્ન બતાવી, એક કોળીયોજ મ્હોંમાં મૂકાવી, એમને એમ પાછો કહાડો તો તે જશે કે? તૃષાથી વ્યાકુળ થયેલા મુસાફરને પાણીની પરબ બતાવી, એકજ ઘુંટ પાણી પાઇ, જલપાત્ર છીનવી લેશો કે! લલિતા, તારી સન્નિધીમાં હું તારો પ્રેમ માગું છું!"

"નાથ, વ્હાલા!—કયાં હો?" ભયથી ગાભરી

બનેલી અને મરણતોલ અવસ્થામાં આવી પડેલી દીન અબળાએ પોકાર કર્યો.

તેણે બાર તરફ જવાનો પ્રયાસ કર્યો, પણ જયંત આડો ફર્યો.

" લલિતા, આ નાટક હવે વધારે ચલાવવાથી શું ફાયદો છે ? પ્રમાણીક થા. તારા મ્હોં પરથી પટ ચીરી નાખ, કેમકે મને ખાત્રી છે કે ત્યાં તેં એક પટ બાંધેલ છે. બાપુને સાદ શીદ કરે છે ? એ અહિં છે નહિં. અને શા માટે નથી, એ સર્વ તું સારી રીતે જાણે છે. જે માણસને રત્નની કિમ્મત નથી, એને હાથે રત્ન પડેલું હું જોઉં છું. અને, એને હાથે એને છુંદાતું જોઇને હું જો એ રત્ન લેવા જાઉં છું તો રત્નજ મારાથી દૂર ન્હાસે છે ! અરે સમજ. કે તારા પતિએજ તને મારા હાથમાં ધકેલી મૂકી છે, અને માટે નિર્ભય બની તું એ હાથનો આશ્રય લે, અને ખાત્રી રાખજે, કે એ પગલું ભર્યા માટે તને ભવિષ્યમાં કદી પણ પસ્તાવા વારો નહિં આવે."

" બસ કર ! બસ કર ! તારાં એ અશ્લીલ સંભાષણને બંધ કર, અને હજી માનમાં રહીને આ ઘર છોડી જા." લલિતાએ ક્રોધથી ભ્રકુટિ ચડાવી આંખ લાલ કરતાં કહ્યું, અને કહેતાં કહેતાં તે ઘંટડી તરફ ગઇ.

" લલિતા ! " જયંતે વચમાંજ તેને બલવાન બાહુઓથી પકડી લીધી

પણ અત્યંત પ્રયત્ન કરીને તે એના પાશથી છુટી.

" હું કહું છું કે આજ પળે અહિંથી જા. અરે, કોઇ બાઘરીની કન્યાની સાથે પણ જેવી રીતે વર્તતાં માણસ આંચકો ખાય, તેવી વર્તણુક આજે મારી સાથે તેં ચલાવી છે. મને તું શું વેશ્યા ધારે છે ? મને તું શું તારી ચંપા જેવી લેખે છે ? નરાધમ "

લલિતાની સર્વ તાકાત હવે ખપી ગઇ હોય તેમ લાગતું હતું. એનામાં બૂમ પાડીને કોઇને બોલવવાની

પણ શક્તિ નહોતી. એજ સ્થળે કોઇ વેશ્યા હોત તો તેને છૂટકારો મેળવતાં એટલી મુસીબત ન પડત. પણ લલિતા જેવી નિર્મળ સ્ત્રીને એવો સમય ઘણોજ વિકટ થઇ પડે છે, અને એમાં એ જ્યારે પુરૂષ મરણીયો થઇને સામે આવે છે, ત્યારે તો બિચારી વિકાળ સિંહના પંજામાં સપડાયલી હરિણી જેવી અસહાય બની જાય છે. લલિતાને તો હવે શું કરવું તેજ સૂઝતું ન હતું. તેણે ત્વરાથી ઘંટડીપાસે પહોંચવાનો બીજીવાર એક પ્રયત્ન કર્યો; પણ આ વખતે તેને જયતે પહેલાં કરતાં ઘણુજ વિશેષ જોસથી પકડી લીધી, અને તે બોલ્યો—

"બદલો ! લલિતા, આટલી ધારણા ખમી રહ્યાનો હું બદલો માગું છું."

નિર્દોષ લલિતા, થાકથી હાંફતી, અર્ધ બેભાન અવસ્થામાં, હજી તેના હાથમાંથી છૂટવા મથતી હતી. દુષ્ટે દુષ્ટતા વાપરી, એ પવિત્ર હૃદયને અપવિત્ર હૃદય સાથે અનેકવાર ચાંપ્યું—અને ઉન્મત્ત બની તેનાં નિષ્કલંક વદન પર અનેક અપવિત્ર ચુમ્બનો કર્યાં. એક મહાન પ્રયાસે લલિતા એ નીચના હાથમાંથી ફરી એકવાર છૂટવા પામી ખરી; પણ જયંતે તરતજ તેનો હાથ પકડી લઇ તેને મુખસ્પર્શ કરી અભડાવ્યો. અને લલિતા બેભાન બની કોચપર પછડાઇ પડી.

એજ પળે બાર ઉઘડયું, અને દુઃખથી બ્હાવરી બની ગયેલી સુંદર ઉતાવળી અંદર દોડી આવી. ઉષાની તબીયત વધારે બગડતી જતી હોવાથી, તે લલિતાને તેની પાસે તેડી જવા નીચે આવી હતી. આવી અવસ્થામાં પડેલી બ્હેનને, અને તેની પાસે જમીનપર બેઠેલા જયંતને જોઇ, એક ધીમી ચીસ પાડી તે પાછી ખસી ગઇ, અને દુઃખથી કપાળ કુટતી ત્યાંથી એકદમ ચાલી ગઇ.

જયંતે તેની ચીસ સાંભળી, પણ હલ્યો નહિં. બે પળ પછી પાછું વાળી જોતાં, કોઇ ન જણાયાથી, તેણે ઘંટડી વગાડી, અને બેભાન અવસ્થામાં પડેલી અબલાના ભાલ

પર ફરી એક ચુમ્બન લઇ, નોકરના આવી પ્હોંચતાં પ્હેલાંજ ત્યાંથી ચાલતી પકડી.

જ્યારે નોકર ત્યાં આવ્યો, ત્યારે લલિતાને પાછી શુદ્ધિ આવી હતી.

"બાઇ, મલા બોલવતે કાય ?

"નકો—કાય આહે ?"

કપાળ અને આંખો પર હાથ ફેરવી તેણે ચો તરફ નજર નાંખી. હવે તેને ભાન આવ્યું કે તે એકલીજ હતી. તેની આંખો મોટી, અને બિહામણી લાગતી હતી. તે અર્ધ ગાંડા જેવી, મૂઢ જેવી થઇ ગઈ હતી. તેણે ફરી પાછું નોકર સામે જોયું; એને હજી કાંઇ કહેવાનું હોય તેમ લાગતું હતું

"કાય વિચારતો" લલિતાએ પૂછ્યું.

"સુંદરબાઇ મ્હણતે, ત્યાની ડોકટરા કડે મનુષ્ય પાઠવલા હોતા, આણી આતાં તો ઉષા તાઇલા બગાયલા આલા આહે. તર આપલ્યાલા લવકર વર જાયલા કાંહી હરકત આહે ?"

અનિમેષ દૃષ્ટિથી લલિતા તે નોકરનાં મ્હોં સામે જોઇ રહી નોકરનો એક પણ શબ્દ તેણે સાંભળ્યો નહોતો, અથવા સમજી નહોતી. તેણે તેને જવા નિશાની કરી, એટલે તે ગયો.

બન્ને હાથથી માથું ચાંપતી લલિતા ઘડી પ્હેલાં શું થયું હતું તે સંભારવા લાગી.

મારૂં શરીર બળે છે. જાણે કોઈ વીછીએ મને ડંખ દીધો હોય, એવી બળતરા આખા શરીરમાં થાય છે." તેની નજર પોતાના હાથ પર પડી. એજ હાથને જયંતે પકડી એક ચુસ્ત ચુમ્બનથી અભડાવ્યો હતો. અને એ સ્થળે પડી રહેલો લાલ ડાઘ હજી એવોને એવોજ હતો. એ ડાઘ જોતાંજ તેનાથી ત્રાસથી એક ચીસ પડાઈ ગઇ. ફરી તેણે એ ડાઘ તરફ જોયું, એકદમ

ઉભી થઇ ગઇ, અને ક્રોધના આવેશમાં દિવાન-ખાનામાં આંટા મારવા લાગી. એ ડાઘ કેમ ભૂંસી નાખવો, એજ વિચાર એના મનમાં ઘોળાઇ રહ્યો હતો. ટુવાલ લઈ તેણે તેને ઘસી લુછી નાખવાનો પ્રયત્ન કર્યો; એમ ન ફાવતાં, વધારે આવેશમાં આવી જઇ, જાણે કેમ સર્પદંશનું ઝેર ત્યાંથી ઉતારતી હોય નહીં, તેમ એ સ્થાન વારંવાર ચુસી થુંકી નાખવા લાગી. તેનું સ્વરૂપજ બદલાઇ ગયું હતું. છોડાયલી સિંહણની માફક જે આવે તેનાપર છાપો મારવા તે ચોતરફ ઘુમતી હતી. એમ ક્રોધવશ થઇ ઘુમતાં તે રસોડાં નજીક જઇ પ્હોંચી. ત્યાં ચુલામાં હજુ અગ્નિ સારી રીતે પ્રકાશતો હતો. એકદમ તેના મનમાં એક વિચાર આવ્યો. પાસે પડેલો એક લોખંડનો સળીયો લઇ તેને તેણે એ બળતા અંગારામાં ઓરસ્યો.

એજ સમયે બ્હાર ગાડીનાં પૈડાંનો અવાજ આવ્યો. એ અવાજ બંધ થતાંજ બહારનું બારણું આસ્તેથી ઉઘડયું, અને બંધ થયું. ઘડીયાળમાં સાડા અગીયાર વાગ્યા હતા. બાબુ, કે જે પોતેજ ગાડીમાંથી ઉતર્યો હતો, તે આતુર અને ઉતાવળે પગલે અંદર આવ્યો.

અગ્નિમાં તપી લાલચોળ બનેલો લોખંડનો સળીયો પકડી લલિતા તેને પેલા હાથ પરના ડાઘ ઉપર ચાંપવા જતી હતી બાબુને જોતાંજ સળીયો હાથમાંથી પડી ગયો.

" લલિતા, લલિતા, આજે મોડું થતાં મને શું દુઃખ અને ચિંતા થઇ છે, તે તો એક મારૂં મનજ જાણે છે. સ્હવારના નવની ટ્રેન ચુકયાના ખબર તો મેં તારથીજ આપ્યા હતા. પણ એ બધું તો હું તને પછી કહીશ; બહુ લાંબી વાત છે. હું બપોરની ટ્રેનમાં પૂનાથી નીકળયો હતો, તે પણ તું જાણે છે. પણ રસ્તામાં લોનાવલાથી આગળ એકસીડંટ થયો અને એન્જીન ચાલતું બંધ પડી ગયું, એટલેજ મને આટલૂં મોડું થયું છે. નહિંતો તો

ક્યારનો આવી પ્હોંચ્યો હોત. સરદાર જયંત તો હવે ગયા હશે, ખરૂં ને ?"

લલિતા તો નિશ્ચેષ્ટ નિઃશબ્દ પૂતળાં જેવી જડ ઉભી રહી. માત્ર ડોકું ધુણાવી પતિના પ્રશ્નનો તેણે જવાબ વાળ્યો

"અરે, મારી ગેરહાજરીથી એને ઘણું અપમાન લાગ્યું હશે. હવે એની હું ક્ષમા એ કેવી રીતે માગી શકીશ. હવે મને એમ થાય છે કે તારૂં કહ્યું માની મેં એને જમાડવાનું બે દિવસ મુલતવી રાખ્યું હોત, તો આવું સંકટ ન આવી પડત. રસ્તાની અધવચમાં આવી અડચણો આવી પડે તો માણસ તે બિચારો શું કરે ! અને ધારેલે વખતે ક્યાંથી પ્હોંચે ?"

જયંતની સહીવાળો લખતનો કાગળીયો હજી એમને એમ ટેબલપર પડેલો હતો. તે જોતાંજ તેને લઇ બાબુ આતુરતાથી વાંચવા મંડયો,

"આ શું ?" છલકાઇ જતા આનંદથી તે બોલી ઉઠયો.

"આતો જાપાન ગવર્નમેંટે મારી ગોળી ખરીદ્યાનું લખત છે ! સરદાર જરાક ખમ્યા હોત તો ઠીક થાત. તેં એને રોકયા કેમ નહિં ? મારે પોતાને મ્હોંએ એનો ઉપકાર આજે હું માની શકયો હોત તો હું એટલો ખુશી થાત !.........પણ હા, હું સમજ્યો. લોકાચાર વચમાં નડયો હશે. મારી ગેરહાજરીમાં અહિં વધારે વખત રહેવું એને ઉચિત નહિં લાગ્યું હોય......પાંચ લાખ રૂપીયા ! આ કાગળમાં સહીથી ભરાઇ ચુકેલા ! અહા, મારી લલિતા મારી વ્હાલી !"

લલિતા તો એમજ નિશ્ચેષ્ટ ઉભી રહી. તેના ચ્હેરા પરથી લોહી ઉડી ગયું હતું. જાણે ઉઘાડી આંખે પણ કંઇ પણ દેખતી ન હોય, તેમ તે બાબુ સામે જોઇ રહી હતી.

તેને એકદમ બાથમાં લઇ લેવા બાબુ તેના પ્રત્યે દોડયો પણ ધ્રુજતી, કંપતી અબલા પતિથી દૂર ન્હાઠી.

"મને અડશો નહિં. મારી પાસે પણ આવશો નહિં." તેણે ઘોઘરા સાદે કહ્યું.

" શું થયું છે, લલિતા ? આમ ધ્રુજે છે કેમ ? અરે, બરોબર ઉભી પણ નથી રહી શકતી. બોલ, બોલ, જે હોય તે ઝટ કહે. "

" અત્યાર સુધી હતા કયાં, અને કયાંથી આવો છો !

" પણ મેં તને હમણાંજ બધી વાત કરી નહિં ! સવારના નવની ગાડી ચુકયો, અને રસ્તામાં અકસ્માત થયો, અને......પણ તારી આ સ્થિતિમાં એ બધી વાત કરવાથી શું ફાયદો છે ? તુ કંઇ સમજતી હોય તેમ લાગતું નથી. પણ હું પૂછું છું તેનો તો જવાબ દે, એવુ શું થયું છે જે તું આવી થઇ ગઇ છે ? "

" હા-હા-શું થયું છે એ પૂછો છો ? " બાબુના હાથમાંથી લખતનો કાગળ ઝડપી લેતાં લલિતાએ કહ્યું. " આ થયું છે. તમારો લોભ હવે તૃપ્ત થયો છે.

આ-આ સહીથી તમને પાંચ લાખ રૂપીવા મળશે, કે જે રૂપીયા ખાતર, જેના પ્રત્યે મારૂં સ્ત્રીનું અંતઃકરણ આખું અતીશય તિરસ્કારથી ઉકળી ઉઠતું હતું, તેવા એક દુષ્ટ દગલબાજ રંડીબાજ પુરૂષની સોબતમાં તમે મને ધક્કેલી મૂકી હતી. મારાં વિનવણાંના તમારા નઠોર અનાદરથી, હું તમને તમારા કાર્યમાં સહાય નથી કરતી એવા તમારા સતત ઠપકાઓથી ડંખ પામી, મેં કાયમ એ નરાધમની સોબત સહન કરવાની મને ફરજ પાડી હતી; અને હવે, હું ધારૂં છું કે મારૂં કર્તવ્ય પૂરૂં થયું છે; મેં એ કિમ્મત ભરી આપી છે; લ્યો, લ્યો હવે. એ લખતનો કાગળ લ્યો હવે—એ તમારો છે. એમાં સહી થઇ ગઇ છે. રૂપીયા તમને ગણી આપવામાં આવશે ! "

" લલિતા. લલિતા, તું કહેવા શું માગે છે, તે તો કંઇ સમજાવ મને ! આવા બોલ તેં મને કદી કહ્યા નથી. " શંકા અને ક્રોધથી ઉશ્કેરાયલા બાબુએ કહ્યું.

"બસ—તમારી આશાઓ ફળ ચુકી છે. તમારી દોલત બમણી કરતાં પણ વધી ચુકી છે; પણ જ્યારે તમે એ રૂપીયા ગણવા બેસો, ત્યારે મને તમારી પત્નીને—એ પાપીનઃ હાથમાં બલાત્કારથી સપડાયલી, એક અબળાનાં પૂરેપૂરાં બળથી છૂટવા મથતી, એના અપવિત્ર હોઠોથી ત્યાં ત્યાં અભડાયલી કલ્પી જોજો! જુઓ, આ હાથ જુઓ. અરે, જે ડાઘ કદી પણ નહિં ભૂંસાય, તે તમે તમારી પોતાની નજરેજ જોઇ લ્યો. અરે મારૂં શરીર અપવિત્ર થયું છે, કલંકિત થયું છે. હાય, હું ગાંડી થઇ જઇશ. આજે મેં જીવતાં મ્હોત અનુભવ્યું છે, પાપીના સ્પર્શથી હું મરી ચુકી છું; અને હવે—હવે તમારી આંખ ઉઘડી છે? હવે તમને સંતોષ થયો છે, કે હજી એને પાછો બોલાવી...."

"એનો જીવ લઇશ હું."

"એના કરતાં મારોજ જીવ લ્યો તો હવે તમારી દયા. તમારા રૂપીયા લ્યો, અને હવે મને રજા આપો."

"લલિતા, આમ ઘેલી ન થા; તારૂં મન આજે ભમી ગયું છે."

"ખરે, જો અહિં રહીશ તો તો જરૂર એમજ થશે."

બોલતાં બોલતાં લલિતાને નોકર આવી ગયો હતો તે વાત સાંભરી. તે કંઇક કહેવા આવ્યો હતો; શું કહેવા?

"હા. હા. હવે મને સાંભર્યું, સુંદરે એને મને બોલાવવા મોકલ્યો હતો—ડાકટર આવ્યા છે,—ઉષાને જોવા. હા ઉષા! ઉષા! રે મને મારાં બાળક પાસે જવા દો." બાબુ કંઇક બોલવા જતો હતો તેને ન ગણકારતાં તે દાદરા તરફ દોડી.

પણ તે પગથીયાં પાસે પ્હોંચે તે પ્હેલાં તો સુંદર નીચે આવી પ્હોંચી હતી.

"હવે આવવું છે, લલી?" ગળગળા અવાજે સુંદરે કહ્યું.

" ઉષા ? "

" હા, એનો મંદવાડ વધ્યો છે; ડાંકટર કહે છે કે ડીફ્થેરીયા છે. "—

લલિતાને હવે નોકર સાથે મોકલાવેલા સંદેશાની પૂરે પુરી અગત્ય સમજાઇ. સુંદરનાં ફીકકાં પડી ગયેલાં મુખ પ્રત્યે એક વેદના ભરી દૃષ્ટિ ફેંકી તે એકદમ " ઉષા ! "—કહેતી દાદરા ઉપર દોડી ગઇ.

સુંદર તેની પાછળ ગઇ, અને પોતાની નજરે જોયેલા વિચિત્ર અને ત્રાસજનક બનાવને, અને હવે પછી આવી પડવાના ભયને કોઇ પણ રીતે બરોબર સમજી ન શકેલ બાબૂ. એકલો જડ જેવો સ્તબ્ધ બની ઉભો રહ્યો.

૧૩

ઉષાઃ—

સુંદરના ગયા પછી બાબુ એક આરામ ખુરશીમાં બેસી ગયો. તેને શરીરે પરસેવો ચ્હડી આવ્યો. લલિતા પ્રત્યની જયંતની આવી બેઅદબ વર્તણુકનું ત્યાંને ત્યાંજ વેર લેવા પોતે વખતસર પહોંચ્યો નહિં, એ વિચારોથી ધુંધવાતા ક્રોધાગ્નિથી તેનું આખું શરીર કંપતું હતું. જો એ વખતે એને જયંતની ખરી ભાળ મળી હોત, તો ત્યાં જઇ એ પાપી પર પોતાનું વેર લીધુંજ હોત. એક થોડીકજ પળનો ફેર પડયો, એ વિચાર એનાં ચિતને છુંદી નાખતો હતો.

" અરે હું કેટલો મુર્ખ ! મેં આ શું કર્યું ? ત્યારે લલિતા એમ ધારે છે—" પણ એ ત્રાસ જનક વિચારોને વાણીમાં મૂકવાની એની હિમ્મત ન ચાલી—" અને જો એમ હોય, તો એની નજરમાં હું એક અધમમાં અધમ હલકામાં હલકું કામ કરનાર માણસ છું ?—હાય, એ વિચાર તો બહુ ભયંકર છે. અને છતાં મેં એનાં વિન-વણાં સાંભળ્યાંજ નહિં. મેં એની ઇચ્છા વિરૂદ્ધ થઇ પેલા

દુષ્ટનો ઘરમાં પગ પેસારો કર્યો.—ત્યારે શું જયંતને હજી એના તરફ એવી ને એવી લાગણી હશે? કે એને પણ શું એમજ લાગ્યું છે કે હુંજ એને ઉત્તેજન આપું છું? અરે, પણ એ વિચારજ કેવો ત્રાસદાયક છે?—એવી કલ્પના પણ માણસને ગાંડો બનાવી મૂકે. આહ, મેં આ શી મૂર્ખાઇ કરી?"

પ્હેલીજ વાર પોતાની ભયંકર ભૂલ એને સમજાઇ. તેણે પોતાને બ્હીકણ. મૂર્ખ, અપરાધી, વગેરે વચનો કહ્યાં. એ એક કલાકમાં એ સ્વપ્નમાંથી જાગ્યો. અને પોતાનાં મૂળ સ્વરૂપમાં પાછો આવ્યો. તેની આંખ આડે બંધાયલો પાટો ઉખડી ગયો અને તેનું જીવન પળ એકમાંજ બદલાઇ ગયું. જો ખરૂં કહીએ તો હવે એ કોઇ શોધક કે પૈસા મેળવવા અંધ બની ઝંપલાવી પડનાર સાહસિક નહોતો, પણ હવે તો તે લલિતાના સુખના વિચારમાંજ મશગુલ થઇ રહેલો પ્રથમના દિવસોનોજ બાબુ હતો. એ રાત્રિએ પ્રિયાનાં મુખનાં એક મીઠાં સ્મિત માટે તેણે પોતાની અખુટ દોલત ખુશીથી આપી દીધી હોત.

બાબુ એકદમ ખુરશીમાંથી ઉભો થયો. તેનાં ભવિષ્ય જીવનનો સર્વ આધાર જેને માથે લટકી રહયો હતો, એવા એક કસોટીના સમયમાં તે અત્યારે આવી પડયો હતો. પ્રથમ તો તેને એમ વિચાર આવ્યો કે લલિતા પાસે જઇ તેની ક્ષમા માગવી. "નહિં. જ્યાં સુધી પેલું લખત ઉભું છે, ત્યાં સુધી કંઇ થઇ શકે તેમ નથી." તેણે મનમાં કહ્યું. પત્નીને જેને માટે એટલો ભોગ આપવો પડયો હતો તે લખતનો કાગળ તેણે હાથમાં લીધો. તેને સ્પર્શતાં પણ તે દાઝતો હતો. તેણે બે વખત તે તપાસ્યો અને એ પૂરેપૂરો વાંચ્યો એજ વખતે તેનું શું કરવું તેનો નિશ્ચય તેણે કરી લીધો.

આ વખતે ઘરમાં ઘણીજ ગડબડ થતી હતી. દિવાન ખાનામાં અને દાદરપર માણસોના અવર જવરનાં પગલાં વારંવાર સંભળાતાં હતાં. એકાએક બાબુને કાને ડોકટર

રમણલાલનો સ્વર અથડાયો, "એને બચાવવાનો એ એકજ માત્ર માર્ગ છે. એ એકજ આશા છે." તુરતજ એક નોકર દાદરપરથી ઉતરી બહાર જવા માટે દોડયો, અને બાબૂએ તેને રોકી પૂછી જોયું,

"કુઠે જાતોસ તું?"

"હોસ્પીટલાસ"

"ઉષા બેન સાઠી? તબીયત જાસ્ત બિગડલી કાય?"
"હોય" નોકર ગયો

બાબૂ એકદમ ઉપર ગયો. જ્યારે તે બાર આગળ પ્હોંચ્યો ત્યારે તેણે શું જોયું? ઉષાની છાતીમાં અત્યંત મુંઝારો થતો હતો, અને તે અર્ધ બેભાન જેવી બિછાનામાં પડી હતી, અને લલિતા તેના પલંગ આગળ બેઠી બેઠી હાથ જોડી પરમાત્માનું સ્મરણ કરતી હતી. અંદર જવાની બાબુની હિમ્મત ચાલી નહિં પણ ચીરાતાં હૃદયથી જડ જેવો તે બારણુંમાંજ ઉભો. સર્વ કરતાં એને વધારે તો એ લાગી આવ્યું કે આવે અણીને સમયે પણ લલિતાએ તેને ખબર મોકલાવી નહિં. અંતરમાંથી ઉછળી આવેલાં ડુસકાંને એણે પ્રયત્નથી ખાળી રાખ્યું. એને પોતાનેજ હાથે ખોદાયલી જે ખાઇ તેની અને તેની પત્નિ તથા બાળકની વચ્ચે આવી પડી હતી, તેનું માપ હવે તેના ખ્યાલમાં આવ્યું. જે ઉષાને તે પ્રાણથી પણ અધિક વ્હાલો હતો, તેની મરણશય્યા પાસે પણ તે જઇ શકયો નહિં. તેમ એ ઓરડીમાં પણ તેનાથી પગ ન મૂકાયો

થોડીજ વારમાં હોસ્પીટલનો સર્જન અને તેની સાથે બે વિદ્યાર્થીઓ આવી પહોંચ્યા. બાબુએ તેમને અંદર જવા દઇ, ફરી પાછી પોતાની જગ્યા સંભાળી, પણ જ્યારે તેણે એ લોકોને નાની પેટી ઉઘાડી તેમાંથી ચળકતાં પોલાદના શસ્ત્રો કાઢતાં જોયા, જ્યારે તેણે સર્જનને લલિતાને આસ્તેથી ત્યાંથી બીજી ઓરડીમાં મોકલતાં જોયો, ત્યારે હવે તેનાથી સહી શકાયું નહિં, અને તે સર્વ

હિમ્મત હારી ગયો. તે ત્વરાથી ત્યાંથી ન્હાસી પુસ્તકશાળામાં ભરાયો, અને ત્યાં એક ખુણામાં બેસી તેના હૈયામાં ભરાઇ રહેલાં આંસુને તેણે પૂર્ણ છુટથી વહેવા દીધાં વ્હાલાંઓનાં ભાવ વિહોણું તે દુઃખથી સાવ કચરાઇ ગયો.

"ઓ પ્રભુ! અરે, એક અપરાધની આટલી ક્રુર સજા મને ન ઘટે હો!"

સુંદર હોસ્પીટલમાં એક પ્રવીણ નર્સ ગણાતી અને સર્જનને પણ સારી મદદ કરી શકતી. ઉષાના નાજુક ગળાં પરનાં ઓપરેશન વખતે તે પણ શાંતિ અને સાવધાનતાથી એ જોતી પાસેજ ઉભી હતી, અને જે વખતે જે શસ્ત્ર વાપરવું જોઇએ તે શસ્ત્રજ પોતાની મેળેજ સર્જનને આપતી, પોતે પણ સાથે કામ કરાવતી હતી; અને એની નિપુણતાથી પ્રસન્ન થયેલો ડોકટર વારંવાર એને સ્હાબાશી આપતો હતો. પણ અત્યારે તો એની નર્સ તરીકેનીજ પ્રવીણતા માત્ર કામ નહોતી કરતી, પણ તેનાં બાળકપરનાં વ્હાલને લીધે એ કામ બમણી કાળજી પૂર્વક થતું હતું.

બરોબર તૈયારી થઇ રહી, એટલે ત્વરિત પણ સુધીર હાથે સર્જને ઉષાની વાયુનળીમાં કૃત્રિમ નળી મૂકી. થોડીકજ વારમાં ઉષાએ આંખ ઉઘાડી. તેના મોંપરથી ઉડી ગયેલું લોહી પાછું ફર્યું અને શ્વાસોચ્છ્વાસ ફરી સ્વસ્થતાથી લેવાવા માંડયા. પછી એ નળીને ત્યાં સીવી લઇ અને ગળા ફરતો એક રેશમી રૂમાલ મજબૂત બાંધી લેવામાં આવ્યો. તુરતજ બાળકનાં મ્હોંપરથી મુંઝવણનાં ચિન્હ ઉડી ગયાં. અને શાંતિ અને સુખ ભર્યું સ્મિત તેનાં વદનપર છાઇ રહ્યું. તેના ભાવમાં નવું ચેતન પ્રકાશ્યું; જાણે બાલાનો જીવપંખી બે ઘડી સ્વર્ગની મુસાફરી કરી પાછો પોતાનાં શરીરમાં પ્રવેશ્યો હોય, તેમ ભાસવા લાગ્યું.

જ્યારે સર્વ થઇ રહ્યું ત્યારે લલિતાને બોલાવી ઓપરેશન નિર્વિઘ્ને પૂરૂં થયાના ખબર આપવામાં આવ્યા.

"ત્યારે તો બચશે મારી બાપુડી !" માતાએ આશાના ઉમળકામાં આકાશ તરફ જોઈ પરમાત્માની પ્રાર્થના કરી.

"હજી પણ ખાત્રી ન થાય." ડાક્ટરે કહ્યું. "હજી તો સાજું થવું બાકી છે; પણ આશા રાખી શકાય ખરી. માત્ર તમારે એની બહુજ બારીક સંભાળ રાખવાની જરૂર છે, અને એક ઘડીયે પણ ન્હીલી મુકવાની નથી. થોડોક વખત એને બિલકુલ હલવા દેવાશે નહિં, કેમકે જો ગળાંમાં દાખલ કરેલી નળી જરા પણ આડી અવળી થઈ જશે. કે જો એનાં નબળાં પડી ગયેલાં હૃદયને એક સ્હેજ પણ આંચકો લાગશે, તો બધી વાત એક ઘડીમાં બગડી જશે પણ તમે ચિંતા ન કરશો. હું તમારાં બાળકને આ બહેની બાઇની સારવારમાં સોંપું છું; એવી બુદ્ધિશાળી અને ધીરજવાળી નર્સ મેં હજી સુધી કોઇ જોઇ નથી. એની સારવાર પર તમે પૂર્ણ વિશ્વાસ રાખજો; મેં એને જે કરવાનું છે તેની પૂરે પૂરી સુચનાઓ આપી છે; અને તેને કયે વખતે અને કેવી રીતે અમલમાં મૂકવી તે એ સારી રીતે સમજે છે"

આટલુ કહી ડાક્ટરે લલિતાની રજા લીધી.

પગના ફણા ભર ચાલીને લલિતા ઉષા પાસે આવી, અને નાકપર આંગળ મૂકી ઇશારતથી તેને સમજાવ્યું કે તેણે હમણાં ચુપ રહેવાનું છે; પછી વ્હાલથી એક ચુમ્બન લઇ એક મીઠું સ્મિત કરી. મનુષ્યને રક્ષવા ઉતરી આવેલી દેવીની જેમ તે બિછાનાં પાસેની ખુરસી ઉપર બેઠી. તેના મુખ ઉપર નબળાઇનાં કે દુઃખનાં કે નિરાશાનાં કોઇ પણ ચિન્હ જણાતાં ન હતાં; તેની ઉદાસીનતા પણ ઉડી ગઇ હતી. અત્યારે લલિતાની સ્થિતિ, સમુદ્રમાં ડુબી જતાં વ્હાલાંને મૃત્યુના મુખથી ઉગારવા ઝંપલાવી પડનાર કોઈ વીરના જેવી લાગતી હતી

બાણુ પણ સુવા ગયો નહિં. સુંદરને રાતમાં બે ચાર વાર આવી ઉષાની તબીયતના ખબર આપતાં

રહેવા કહી, તે પુસ્તકશાળામાંજ બેઠો. આખી રાત આંખનું મટકું માર્યા વિના માતા પોતાનાં બાળક પાસે બેઠી રહી. તેનામાં અત્યારે નવુંજ બળ આવ્યું હતું, અને બીજાંને એ બળથી તે ઉત્સાહ આપતી હતી. એક થોડાજ કલાક પ્હેલાં બનેલા બનાવના સર્વ વિચાર તેણે ફેંકી દીધા હતા; જેણે તેનાં શીલપર કપરી નજર કરી હતી, તે દુષ્ટ તો એને અત્યારે સાંભરતોએ ન્હોતો. માતૃભાવની સુકોમળતાએ સતીના રોષને અત્યારે શીતલ કરી નાખ્યો હતો. અત્યારે તેને મૃત્યુની સામે લ્હડવાનું હતું, અને તે લ્હડાઇ તે એવી હિમ્મત અને ધૈર્યથી ચલાવતી હતી, કે આસપાસનાં સર્વ મનુષ્યો આશ્ચર્યથી ચકિત થઇ જતાં હતાં.

બીજા દિવસે સ્હવાર તેમજ બપોર સુધી કંઇ પણ અનિષ્ટ ચિન્હ દેખાયું નહિં, અને રાત્રે પણ ડાક્ટરે દરદીની તપાસ કરી પૂર્ણ સંતોષ બતાવ્યો.

ત્રીજા દિવસે સ્હવારે સાત વાગે, ઉજાગરા અને આતુરતાથી થાકી ગયેલી માતાને જરા ઝોલું આવી ગયું.

સુંદરે જઇને બાબુને કહ્યું કે ઉષાને પણ ઝોલું આવી ગયું છે, અને એવી ઉંઘ આવે, તે દરદીને માટે ઘણી સારી નિશાની છે. તેમની આશાઓ હવે પ્રબળ થતી ચાલી દુઃખ અને ચિંતાના ભાન વિના શાંતિથી ઉંઘતાં એ મા દીકરીને જોવાની પ્રબળ ઇચ્છા બાબુ હવે રોકી શક્યો નહિં. બહુજ ધીમે પગલે તે ઉપર ગયો, વ્હાલાં બાળકની ઓરડીનું બાર આસ્તેથી ઉઘાડયું, અને પ્રેમથી ઉભરાઇ જતી આંખોએ બિછાનાં તરફ જોયું. દુર્ભાગ્યે એજ વખતે ઉષા જાગૃત થઇ. આંખ ઉઘાડતાંજ તેણે બાજે કેટલાએક દિવસોથી ન દીઠેલા તેના વ્હાલા બાપને બારમાં પોતાની સામે પ્રેમથી જોતો ઉભેલો જોયો; પિતાને મળવા તે આતુરતાથી બેઠી થવા ગઇ, અને "બાપુ!" એમ બોલવા પ્રયત્ન કર્યો. એની સાથેજ એ નાજુક શરીર પથારીમાં પાછું પછડાઇ પડયું.

જ્યારે સુંદર ફરી તે ઓરડીમાં આવી, ત્યારે લલિતા હજી ઉંઘતી હતી. ઉષા પણ ઉંઘતીજ હતી; પણ એની ઉંઘ એવી હતી કે જેમાંથી કોઇ પ્રાણી ફરી જાગતું નથી.

૧૪

ત્યાગઃ—

જ્યારે લલિતા જાગી, ત્યારે બાલકના નિર્દોષ આત્માને દિવ્ય ધામમમાં લઇ જવા સ્વર્ગમાંથી ઉતરી આવેલી દેવદૂત જેવી તેજસ્વી. અને શાંતિ ધારણ કરવાથી સુંદર દેખાતી સુંદર ઉષાની મરણશૈય્યા પાસે સ્થિર ઉભી હતી.

લલિતાએ પ્રથમ સુંદર પ્રત્યે, અને પછી બાલક પ્રત્યે જોયું. એક હૈયાફાટ ચીસ પાડી તે ઉષાનાં ચેતનહીન શરીર પર પછડાણી. યુદ્ધ પૂરૂં થયું હતું, અને તેમાં તે હારી હતી. એનું સર્વ બળ ચાલ્યું ગયું, તેનું આખું જીવન કચરાઇ ગયું. મૂર્છા ખાઇ તે ધરણીપર ઢળી પડી. સહુએ મળી તેને તેની ઓરડીમાં લઇ જઇ સુવાડી, અને ત્યાં તે દુઃખથી બ્હાવરા જેવી, મૃત્યુ અને જીવનની વચ્ચે ઝોલાં ખાતી, એક આખાં અઠવાડીયાં સુધી પડી રહી. સુંદર અને અંબા શિવાય બીજા કોઇને પણ એની પાસે જવા દેવામાં આવતું નહિં. બાબુને ત્યાં જવાની તો ડોકટરે ખાસ ના પાડી હતી. સંન્નિપાતમાં લલિતા ઘણીવાર પોતાના પતિને ઠપકો આપતી; "રે નાથ, આ એક બાળકનેય મારા હાથમાંથી ઝુંટવી લીધું? આવા નઠોર તે કયાંથી થયા?" બાળકને ઝુંટવી લેનાર બાબુ હતો? બિચારો અજાણ્યે પણ ઉષાનાં મૃત્યુનું કારણ થયો હતો ખરો. કેમકે જો તેણે બાળકને જોવાની પોતાની ઇચ્છા એક બે દિવસ દબાવી રાખી હોત, તો એવી સારી સારવારને લીધે ઉષા ઘણે ભાગે સાજી થયા વિના રહેત નહિં: પણ વિધિએજ એને ત્યાં આકર્યો હતો, તેમાં એનું બિચારાનું શું ચાલે?

પણ ઉષાનાં મૃત્યુનું સત્ય કારણ સુંદર કે લલિતા, કોઈના જાણવામાં ન્હોતું. જાણુને પોતાને પણ એ ભયંકર સત્ય જણાયું ન્હોતું.

ડોક્ટરે કહ્યું "મારી ખાસ મના છતાં ઉષાને પોતાની મેળે ફરવા દેવામાં આવી છે. નક્કી એ પોતાની મેળે બેઠી થવા ગઇજ હશે."

ઉષાના છેલ્લા બોલ લલિતાને વારંવાર સાંભર્યા કરતા હતા. "અહિં આ બધું કેવું ઉદાસ લાગે છે? ઓ માડી, આપણે જૂને ઘેરજ રહેતાં હત તો કેવું સારૂં? તને સાંભરે છે? પણેજ આપણે જ્યારે સુખી હતાં ત્યારે રહેતાં હતાંને, ત્યાં જવાનું મને બહુ મન થાય છે મા!" નિર્દોષ બચ્ચું! "જ્યારે આપણે સુખી હતાં ત્યારે રહેતાંતાં, ત્યાં." કુદરતે જેને આનંદ અને ગમ્મત માટેજ નિર્મેલું છે, એવાં એક પાંચ વર્ષનાં બાળકના મુખમાંથી નીકળેલાં એવાં વાક્યે લલિતાનાં અંતઃકરણને આરપાર ભેદી નાખ્યું હતું. બાળકના છેલ્લા બોલ એ પિતાની સજાનું અફર નિર્માણ હતું.

"રોનારાંને રોવા દેજો."

એ અનુસાર લલિતાનાં હૃદયને અશ્રુપ્રવાહે પલાળી તેની અમુંઝવણ ઓછી કરી હત; અને તેનાં વ્હાલાંઓ સહુ એજ સમયની વાટ જોતાં હતાં, કે જે સમય આવ્યોજ નહિં. એક આંસુ એની આંખમાંથી પડયું નહિં. અને દુઃખથી મૂઢ બની દિવસો સૂધી તે પડી રહી તેનું જીવન જોખમમાં નહતું, પણ તેનું ચિત્ત જોખમમાં હતું. સાતને દિવસ એનો સન્નિપાત ચાલુ રહ્યો. ઘણીવાર તો તે અંબા અને સુંદરને પણ ઓળખી ન શકતી. સન્નિપાતમાં ઘણે ભાગે ત્રણ જણ બાબુ ઉષા, અને જયંત વિષે તે વારંવાર બોલતી. "એ દુષ્ટ ગયો!" એમ કહી તે પોતાના હાથ પર પડેલી ચુમ્બનની છાપ શોધવા મથતી. "એ કયાં છે—? હા—એયેય ગયા?" વળી પાછી ફ-

હેમે, "ઉપાડે અરે રામ, હું એકલી, સાવ એકલીજ રહી, રહો, રહો સને છોડી ગયાં!" જે બે અબલાઓને આ સ્થિતિ ઓછાની ફરજ પડતી હતી, તેનાં કોમળ અંતઃકરણ આવાં વચનો સાંભળતાં દ્રવી જતાં હતાં. જ્યારે લલિતા આમ લવવા માંડે, ત્યારે સુંદર તેના હાથ લઇ બહુજ વ્હાલથી ચુમે, અને અંબા પણ માન અને ભાવથી બનતું આશ્વાસન આપતાં ચુકે નહિં.

દિવસો પર દિવસો જવા લાગ્યા, પણ ડોકટર રમણલાલે હિમ્મત હાર્યો નહિં. લલિતાનાં શરીરનો બાંધો એટલો મજબુત હતો. એની ઇચ્છાશક્તિ એટલી પ્રબળ હતી, અને એનું ધૈર્ય એટલું અડગ અને ઉન્નત હતું, કે ગમે તે એક પળમાં કોઇ સંયોગોને લઇને ઇષ્ટ ફેરફાર થઇ જતાં વાર ન લાગે, પણ એની સર્વ આશાઓ હરદ્દીને માટે તેનાં સગાં વ્હાલાં. પોતે જે કહે તે કરવા તેયાર થાય તેના પર હતી. પાછલા કેટલાએક દિવસોથી ઘરમાં જે કંઇ બનતું આવ્યું હતું, તેની એને જરાએ જરા ખબર હતી. પતિ અને પત્નિ, બન્નેનો તે એક વિશ્વાસુ પાત્ર મિત્ર થઇ રહયો હતો. તેનાથી કાંઇ પણ છુપાવવામાં આવ્યું નહોતું—જયંતવાળો પ્રસંગ પણ નહિં. તેણે બાબુને થોડો વખત ઘર છોડી જવા ભલામણ કરી. "તમારે એમ કર્યા વિના છૂટકો નથી" તેણે બાબુને કહ્યુ; "માત્ર સમયજ તમારાં પત્નીની તબીયત સુધારી શકશે. ધીરજ રાખો એક થોડાક દિવસ કયાંક બ્હારગામ જઇ આવો. એને વિભ્રમ થયો છે; અને સમજાવવા જતાં ઉલટું આડું પડશે.--એ અત્યારે કંઇ સાંભળે તેમ નથી. પણ જેટલી ઝડપથી તેનું મગજ ભ્રમિત થઇ ગયું છે, તેટલીજ ઝડપથી તે ફરી ઠેકાણે આવી જશે, એમ મને ખાત્રી છે, તેનામાં ઇચ્છાબળ ઘણું છે, અને એ બળ એકવાર એકાએક એને એક નિર્ણય ઉપર લાવી મૂકશે. એનું મન દુખાય તેવું કંઇ પણ ન કરશો" સુંદર, કે જે તેની સૂચના સાંભળવા આવી હતી, તેના તરફ ફરી તેણે કહ્યું:

" જ્યારે તે કોઇ પણ એક નિર્ણયપર આવે, ત્યારે જરા પણ આનાકાની સિવાય, એ નિર્ણય ગમે તેવો હોય તો પણ એને અનુકુળજ વર્તન કરજો. હું તો જરા પણ નિરાશ નથી થતો—શું એને માટે, કે શું તમારે માટે, પ્રિય બંધુ," તેણે બાબુની આંખમાં ઝળઝળયાં જોઇ તેનો હાથ દાબતાં સ્નેહથી કહ્યું.

બાબુએ ડોકટરની સલાહ પ્રમાણે ચાલવાનું કબૂલ કર્યું. તે થોડાક દિવસ પૂના જઇ આવ્યો, અને મુંબઇમાં પાછા ફર્યા પછી પણ એકાદ અઠવાડીયું પોતાના ઘરથી થોડે દૂરની એક વીસીમાં રહ્યો, કે જ્યાંથી તે દિવસમાં બે ચાર વાર લલિતાની ખબર કાઢવા જઇ આવતો. તેણે આ વિયોગના દિવસો કેવી રીતે ગાળ્યા, તે આપણે આવતા પ્રકરણમાં જોશું.

ઉષાનાં અવસાનને આજે દસ દિવસ થઇ ગયા હતા. એક દિવસ સ્હવારે, દસ કલાકની શાંત અને સુખભરી ઉંઘ લઇને જ્યારે લલિતા જાગી, ત્યારે તેની સ્વસ્થતા, શક્તિ અને ઉમંગ જોઇને અંબા અને સુંદર બન્નેને આશ્ચર્ય થયું. આગલી રાત્રિએ તેણે પ્હેલીજ વાર પોતાનાં હૈયાંને અશ્રુ પૂર દ્વારા ઠાલવ્યું હતું, પણ તેની અસ્વસ્થતાનો ત્યાંજ અંત આવ્યો હતો.

જાગીને તુરતજ લલિતાએ દૂધ પીવા માગ્યું. જ્યારે સુંદરે તેને પ્હેલાં જરા દવા પીવાનું કહ્યું, ત્યારે જરા ચ્હીડવાઇને તેણે ફરી વાર દૂધ લાવવાનુજ કહ્યું. "મેં કહ્યું નહિં કે મને દૂધ આપો? ભૂખ લાગી છે મને" તેની ઇચ્છાને તુર્તજ અમલમાં મુકવામાં આવી, તેણે સારી રીતે દૂધ પીધું, અને તે પછી થોડીક ચ્હા પણ પીધી. સુંદર અને અંબા તો જોઇજ રહ્યાં ઘડીમાં લલિતા સામે જુવે અને ઘડીમાં એક બીજાં સામે જુવે; પણ આતે સ્વપ્ન કે સાચું, તે સમજાય નહિં. આમ એકાએક ફેરફાર થશે એમ કોણે ધાર્યું હોય?

દૂધ અને ચ્હા પીધા પછી લલિતાએ ઉઠવાની ઇચ્છા જણાવી.

"ના બ્હેન, ઉઠાય તો નહિંજ તારાથી ઉઠાશે." સુંદરે કહ્યું.

"મારાથી આજે ઉઠયાવિના રહેવાય તેમ નથી. મને આજ સાવ સારૂં છે"

લલિતાની આંખમાં આજે તેજ આવ્યું હતું. સારવારમાં રહેલી બન્ને અમલાઓને તો બોલવું શું તેજ ન સૂઝયું. ડોકટર હજી આવ્યા ન હતા.

અંબાને લલિતાની હવે ખરેખર બ્હીક લાગી. તેણે કહ્યું "બ્હેન, એક જરાક ધીરજ ખમો. ડોકટર સાહેબ આવી જાય એટલી વાર તો નિરાંત રાખો." બિચારી બલી બાઈએ બહુ બહુ રીતે લલિતાને રમણલાલ આવે ત્યાં સુધી વાટ જોવા સમજાવ્યું, પણ લલિતા એકની બે થઇ નહિં.

"હું કોઇની વાટ બાટ જોવાની નથી; મેં એકવાર કહ્યું નહિ કે મારે ઉઠયા વિના ચાલે તેમ નથી?"

એને રોકવા કોઇ સમર્થ ન્હોતું. એ તો પથારીમાંથી ઉઠી. અને થોડીવાર ઓરડીમાં ટેકે ટેકે આમ તેમ આંટા માર્યા, પણ વચમાંજ એકદમ કાંઈ પણ આધાર વિના ટટાર ઉભાં રહી તેણે કહ્યું;

"કેમ, હવે તો હું સાવ સાજી લાગું છું ને? મને તો એમજ લાગે છે. હું તો લુગડાં પ્હેરીને બ્હાર જઈશ."

"અરે પણ તારામાં શક્તિ કયાં છે?" સુંદરે કહ્યું.

"બ્હેન એમ મશ્કરી શું કરો છો!" અંબાએ કહ્યું.

ડોકટરે સુંદર તેમ અંબા બન્નેને લલિતાની ઇચ્છા વિરૂદ્ધ ન થવા ખાસ કહ્યું હતું એ વાત ખરી, પણ તે બિચારીઓને અત્યારે ખરેખરૂં સંકટ આવી પડયું હતું; તેઓને વિચાર થતો હતો કે "એનું કહ્યું કરવું એ વાતતો સાચી, પણ તેથી કંઇ એને જો બારીમાંથી ઠેકડો મારવાની મરજી થાય તો આપણાથી એને એમ કરવા

ન દેવાય, અને આવી સ્થિતિમાં એને બ્હાર જવા દેવામાં પણ કાંઇ ઓછું જોખમ નથી." તેમને શું કરવું તે સુઝયુ નહિં. ડાક્ટર સાહેબ પણ આવ્યા નહિં. લલિતાની આવી હઠીલાઇને અર્થ શું સમજવો એયે બિચારીઓને સૂઝયું નહિં. એ તે શું સાવ ગાંડી થઈ ગઇ હતી? કે આજે શું કોઇ અજાયબ ચમત્કારથી તે એકદમ સાવ સાજી થઇ ગઇ હતી? ના, તે ગાંડી ન હતી. જે શક્તિ અનેક અબલાઓને ધાર્મિક અને નૈતિક કસોટીમાંથી સહીસલામત પાર ઉતારી ફરી નવું જીવન આપે છે, તે શક્તિ લલિતામાં પૂર્ણપણે વિકાસ પામી હતી. એનામાં એવો ઉત્સાહ હતો કે જે વડે આત્મા આ સંસારથી ઉન્નત ભૂમિકામાં ઉડી શકે છે, અને હૃદય મહાન અને ઉચ્ચ કર્તવ્યો કરવા પ્રેરાય છે.

ઉષા તો ચાલી ગઇ હતી. બાબુ પણ ચાલ્યો ગયો હતો અને લલિતાના મનમાં એના માટે અત્યારે જરા પણ ઉત્સુકતા નહોતી. હવે તે પોતાને ચાહે તે કરવા મુખત્યાર હતી પતિ, અને બાલક, બન્ને તેને તજી ગયાં હતાં. હવે, પણ એના જીવનનો એક હેતુ હતો–કલા. માતા અને પતિના ભાવો ભુંસાઇ ગયા હતા, પણ હજી કલાભકિત તો તેવીને તેવીજ હતી.

હજી એકવાર સુંદરે લલિતાને બ્હાર ન જવા સમજાવી પણ ફોકટ; ઉપરથી દેવ ઉતરી આવે, તોયે આજે તેને સમજાવી શકે તેમ ન હતુ. પણ તેણે સુંદરને પોતાની સાથે આવવાની રજા આપી ખરી. થોડીજ વારમાં લલિતા કપડાં પ્હેરી તયાર થઇ ગઇ. તે જરા પણ ઉશ્કેરાયલી લાગતી નહતી. તે આજે બહુજ શાંત અને સ્વસ્થ હતી, દરેક શબ્દ તે વિચાર પૂર્વક, સમજીને બોલતી હતી. અને દરેક કાર્ય પણ તે સમજીને કરતી હતી. બ્હેનની પ્રબળ ઇચ્છાને આધીન થઇ ગયેલી સુંદર લલિતાની એકેએક ઇચ્છાને તુર્ત અમલમાં મુકવા માંડી, અને જાણે કેમ તેના મતમાં સોએ સો ટકા મળી ગઇ હોય તેમ બતા-

જવા લાગી, પણ પોતાના મનને મનાવવા તેણે એકવાર લલિતાની નાડ તપાસી જોઇ. તપાસ કરતાં તાવની લેશ પણ અસર તેને જણાઇ નહિં. સુંદરે કોઇ દિવસ દર્દીમાં આવો ફેરફાર જોયેલો નહિં, તેથી તેને આશ્ચર્ય તો થયું, પણ ફરી ફરી તપાસતાં પણ તેમાં તેને કંઇ ફેર ન જણાયો એથી તેની ચિંતા મટી, અને સ્હવારમાં ફરવા નીકળવાથી લલિતાને ફાયદોજ થશે, એમ તેને લાગ્યું.

બ્હેનને તૈયાર થયેલી જોઇને સુંદરે આનંદાશ્ચર્યથી પૂછયું. "કાં બ્હેન કયાં જવા તૈયાર થયાં છો?"

"ચર્નીરોડ."

"ચર્નીરોડ?"

"હા મારે ત્યાં એક ઘર ભાડે લઇ ચિત્રશાળા બનાવવી છે. મારામાં હજી કંઇક બાકી રહ્યું છે. મને ચિત્ર કહાડતાં આવડે છે, અને હું તે કહાડીશ."

હવે તો સુંદરનાં આશ્ચર્યનો પાર રહયો નહિં. તેણે ઘણુંજ વ્હાલથી બહેનને એક ચુમ્બન કર્યું. લલિતામાં નવું જીવન આવેલું જોઇ તેના હર્ષનો પાર રહ્યો નહિં.

"બ્હેન, એક ગાડી બોલાવને" લલિતાએ કહ્યું.

ગાડી આવી, એટલે સુંદરની સાથે બિલકુલ શ્રમ વિના પગથીયાં ઉતરી લલિતા ગાડીમાં બેઠી, અને ચર્નીરોડ તરફ ગાડી હંકારવા ગાડીવાનને સૂચના કરી.

ચર્નીરોડમાં એક જમીનદારને લલિતા બચપણથી ઓળખતી હતી. તે એક ભલો વૃદ્ધ માણસ હતો, અને લલિતાના બાપને તે સારી રીતે ઓળખતો હતો. તેના ઘર આગળ ગાડી ઉભી રખાવી લલિતા તેને મળવા ગઇ, અને એટલામાં કોઇ સારૂં ઘર ખાલી હોય, તો તેની સાથે માણસ મોકલી પત્તો મેળવી આપવા વૃદ્ધ શેઠને વિનતી કરી. તુર્તજ એક ગુમાસ્તો તેને ત્યાંના નાના બંગલા બતાવવા સાથે આવ્યો.

કેટલાંએક ઘરો જોયા પછી, નં. ૫૦ ચનીંરોડથી થોડેજ દૂરનાં એક નાનકડા ઘર ઉપર લલિતાની નજર ઠરી. એ જગ્યા તેની વૃત્તિ અને સગવડને સારી પેઠે અનુકૂલ હતી, અને વળી ભાડું પણ બહુ વધારે ન હતું., તેથી તેને તેજ વખતે બધું નક્કી કરી, બીજેજ દીવસથી ઘર ભાડે રાખ્યું.

જ્યારે લલિતા ઘેર જવા ફરી ગાડીમાં બેઠી, ત્યારે વાતમાં કોઈ નવાજ પ્રકારનો આનંદ જણાવા લાગ્યો. ફરી તેના જીવનમાં સુખની છાયા દેખાવા લાગી. બિચારી અંબા તો ઘેર બેઠી અનેક ચિંતાઓ કર્યા કરતી હતી. "જરૂર એને રસ્તામાં વસમું લાગશે, ને જરૂર ખાટલે નાખીને ઘેર લાવવી પડશે." એમને એમ ચિંતા કરતી બિચારી જ્યારથી લલિતા બહાર ગઈ ત્યારથી બારીમાં ને બારીમાં રસ્તાપર શેઠાણીની ગાડી પાછી ફરવાની રાહ જોતી બેઠી રહી હતી.

ગાડી ઘર આગળ પ્હોંચતાંજ સ્ફુર્તિથી લલિતા તે-માંથી ઉતરી, અને ચિંતામાંને ચિંતામાં અધમુવા જેવી થઇ રહેલી વૃદ્ધ અંબાને કોટી કરી પડી.

"અરે બેન, બાપુ, તમને કંઇ થયું તો નથી ને? હાશ હાશ—હવે મારા જીવમાં જીવ આવ્યો. મારા રામે રક્ષા કરી ખરી!"

બોલતાં બોલતાં એ બલી બાઇ રડી પડી, પણ જ્યારે તેણે લલિતાને પોતાની મશ્કરી કરવા જતી જોઈ, ત્યારે તો હર્ષથી તે હસી પડી.

"પણ અંબામા, તમને તે થયું છે શું?" લલિ-તાએ હસતાં જવાબ દીધો "હું તો સાવ સાજી થઇ ગઇ છું. ફરવા જવાથી તો ઉલટી મારામાં સ્ફુર્તિ આવી છે, અને વધારામાં વળી મને ભૂખ પણ કકડીને લાગી છે."

"એમ? એમ? ત્યારે તો મારો આત્મા રાજી." અંબાએ કંઇક ઠંડાં પડતાં કહ્યું, પણ હજી તેની શંકા

સાવ દૂર થઇ ન હતી. તેને તો વિચાર થઇ પડયો હતો, કે આ તે હું સ્વપ્ન જોઉં છું, કે આતે લલિતાનું મગજ સાવ ખસી ગયું છે ?

" અંબામા, આપણે હવે બધી તૈયારી કરવામાં ઢીલ ન કરવી જોઇએ. આપણે કાલેજ ઘર બદલવાનું છે. અને ભગવાન આપણને ફરી આ ઘરમાં પગ નહિં મૂકાવે, અંબા." લલિતાએ કહ્યું.

" કાલજ, બ્હેન ? " અંબાને આથી હવે વધારે આશ્ચર્યપ્રદ બીજું લાગે તેમ ન હતું.

" હા, હા, કાલેજ આપણે આ ઘરને રામ રામ કરી એક નવા ઘરમાં રહેવા જશું."

" મને લાગે છે કે એણે કોઇક બીજી ચીજને તો કયારનાએ રામ રામ કરી દીધા છે " ભોળી અને લલિતાને દુઃખે દુઃખી અંબાને મનમાંજ વિચાર આવ્યો.

" આપણે ચર્ની રોડપર જવાનાં છીએ. પણ અંબા મા, એમ મારી સામે જોઇ શું રહોછો ? મને એકલીને જવા દઇને તમે આહિં રહેવામાં તો રાજી નહિં થાઓ ને ? "

" એવું તે મેંથી થાયજ કેમ ? " અંબાને લલિતાનાં એ વચનોથી ખરેખરૂં માઠું લાગ્યું. તે આખો દિવસ અંબા ઘડીમાં મનમાં હસતી તો ઘડીમાં રડતી હતી, પણ તે પોતે પણ એનું કારણ સમજી શકતી નહતી.

તે દિવસનો બાકીનો બધો વખત લલિતાએ પોતાની સાથે લઇ જવાની વસ્તુઓની પસંદગી કરવા માંડી. તેનાં પોતાનાં અને અંબાનાં કપડાં લત્તાની ટ્રંકો, પેલી બે થોડીઓ, અને બાબૂએ હજી અધૂરીજ પડી રાખેલી પોતાની છબી, જૂના ઘરમાં જે ટાંગી રાખવામાં આવતી તે ઘડીયાળ, કેટલીએક જૂના ઘરમાં વપરાતી તેની પ્રિય વસ્તુઓ જેને નવા ઘરમાં લોક નજરે ચડવા દેવામાં પણ આબરૂ નથી એમ મનાયાથી એક ભંડારીઆમાં ભારી રાખવામાં આવી હતી તે, અને બીજો કેટ-

કેટલોક પરચુરણ સરસામાન, એટલી ચીજો તેણે ઘરમાંથી લઇ જવા તૈયાર કરી. બીજે દિવસે સ્હવારમાં તેણે બજારમાંથી કેટલીએક પોતાની ધારણા પાર પાડવામાં ઉપયોગની છતાં સોંઘી વસ્તુઓ ખરીદી, અને બધો ખર્ચ બાદ કરતાં તેનાં ખાનગી ધનમાંથી તેની પાસે માત્ર ત્રીસ રૂપીયા બાકી રહ્યા.

બધી તૈયારી થઇ રહ્યા પછી ઘરના નોકરોને બોલાવી તેમને તેણે કહ્યું કે તમારા શેઠ થોડા દિવસમાં આવી તમારો પગાર ચુકવી આપશે

બપોરના બે વાગે એક ખટારામાં જોઇતું રાચરચીલું ભરી નવે ઘેર મોકલાવી દેવામાં આવ્યું અને સાંજના પાંચ વાગે, જે ઘર પ્રત્યે હવે તેને તિરસ્કાર પેદા થયો હતો, તેને લલિતાએ છોડયું. બે દિવસમાં તો નવું ઘરેય તેને જુના જેવું થઇ ગયું.

નં. ૫૦ માં જે ચિત્રશાળામાં તેણે અનેક સુખી પળો અનુભવી હતી. તેનું થોડા ખર્ચમાં બને તેટલું અનુકરણ કરી લલિતાએ આ નવા ઘરમાં પણ એક એવીજ ચિત્રશાળા બનાવી. દરેકે દરેક ચીજ નં૦ ૫૦ ની ચિત્રશાળાની જેમજ ગોઠવવામાં આવી હતી, અને લલિતાએ મૂળના જેવાજ પ્રેમ અને ખંતથી એ ગોઠવવામાં મ્હેનત લીધેલી હોવાથી જાણે નવી ચિત્રશાળા તે જુનીનું એક ચિત્ર માત્રજ હોય તેમ ભાસતું હતું. તેણે ચિત્રશાળાની મધ્યમાંજ પેલી બે ઘોડીઓ ગોઠવી, અને બાબુવાળી ઘોડી ઉપર લલિતાની અધુરીજ રહેલી છબી મુકી. એક બાજુ તરફ બાબુની પ્રિય બુકકેઇસના જેવાજ એક નવી વેચાતી ખરીદીને તેણે ગોઠવી અને તેની સામેનાજ ખુણામાં નં. ૫૦ વાળી જૂની ઘડીયાળ ગોઠવી. ઘડીયાળ ગોઠવી પણ ચાલતી ન કરી; તેણે મનમાં કહ્યું " મારે વખત જોયાથી શું ? વખત જાણું તોયે શું ને ન જાણું તોયે શું મારે ? જીવવનો જેને થાક લાગ્યો

છે, તેની નજરમાં ઘડીયાળની ગતિ બહુ—બહુ ધીમી લાગે છે.” ગાઉન જે બહેન પહેરી કામ કરવા બેસતો, તે નેપીયનસીરોડવાળા બંગલાનાં ભંડારીયામાંથી લલિતાને મળી આવ્યું હતું. તે તેણે ચિત્રશાળામાં એક ખીંટી ઉપર ટાંગ્યું. હવે તેને જુની ચિત્રશાળાનાં સ્વપ્ન માત્રથી સંતોષ પામવું ન રહ્યું, કારણ હવે તો તેના પોતાના હાથે જૂની ચિત્રશાળાને ફરી ખડી કરી હતી. અને ત્યાં હવે તે નિ:શંક બની એ જૂનું—પ્રિય જીવન ગાળવાને શકિતમાન થઇ હતી. તે પોતાના જીવનનો એક સુખી ભાગ તાજો કરવા મથતી હતી. બીજા અને દુ:ખમય ભાગને ભૂલી જવા તેણે કામમાં મન રોકવા માંડયુ.

તે અહિં નવીજ આશા અને નવાજ ઉમંગથી આવી હતી, અને પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી, કલાને મૂર્છામાંથી પાછી જગાડી, એ દેવી આગળ પોતાનાં જીવનનો નિભાવ યાચી લેવા ધારતી હતી. તેના મનમાં એટલો સંતોષ થતો હતો, કે કંઇ નહિ તોય “ હું મરીશ ત્યારે પણ આનંદદાયક અને નિર્દોષ વાતાવરણમાં મરીશ—અધમમાં નહિં.”

બ્હારના માણુસો માટે તો તેણે અંબાને અંદર આવવા દેવાની ચોખ્ખી ના પાડી દીધી. દિનકર અને ડોકટર રમણલાલનેજ માત્ર અપવાદ તરીકે અંદર જવાની રજા મળતી. અંબાને આ બાબત ઉપર તેણે ખાસ કાળજી રાખવા કહ્યું હતું, અને વળી અંબાએ લલિતાની આજ્ઞા આટલીએ આટલી પાળવાનું માથે લીધું હતું.

નાહક વખત ગુમાવ્યા વિનાજ તેણે પોતાને માટે દિનચર્યાનો એક કાર્યક્રમ ઘડી કહાડયો, અને તે પ્રમાણે બરોબર વર્તવા સંકલ્પ કર્યો. સ્હવારના ચાર કલાક તેણે ચિત્રશાળામાં કામ કરવું, જમ્યા પછી ભરવા ગુંથવાનું કામ કરવું, સાંજના બ્હાર ફરવા જવું, અને રાત્રે વાંચવું આ પ્રમાણે તેણે કાર્યક્રમ ગોઠવ્યો

જેપીયનસીરોડ વાળાં મકાનમાંથી નીકળતી વખતે તે બાબાના કેટલાક ઉત્તમ ફોટોગ્રાફો સાથે લેતી આવી હતી, અને તેના પરથી દૈવે તેના હાથમાંથી ઝુંટવેલી એ મધુરી બાલાનું એક સુંદર ચિત્ર કહાડવાની તેની ઇચ્છા હતી. પોતાનાં કળાકૌશલ્યની મદદથી તે પોતાનાં મૃત બાળકનું મ્હોં ફરી સજીવ જેવું જોવા પામે "પણ હમણાં નહિં, હજી હમણાં નહિં," એમ તે મનને કહેતી.

તેને જાત મહેનતથી કમાવાની અત્યારે જરૂર હતી, અને ચિત્ર ઉપરજ તેની કમાણીનો આધાર હતો, એટલે હવે તેણે ચિત્ર કહાડવા માટે કોઇ લાયક નમુનાની શોધ કરવા માંડી. પ્રથમ તેણે એક ઘાટીનો પોરીયો જે લલિતાનાં ઘરની બારી આગળનાં મેદાનમાં હરરોજ સાંજે ઢોલક વગાડીને નાચતો, તેને પસંદ કર્યો, તે વિચિત્ર પોરીયો હરરોજ લલિતાની સામે પોતાની છબી કહડાવવા આનંદથી બેસતો, અને હરરોજ હાથમાં આવતો ચળકતો પાવલો જોઇને બહુજ ખુશી થતો.

લલિતા મ્હેતી જયારે બ્હાર ફરવા નીકળી ત્યારે અંબા તેની સાથે હતી. પ્હેલાં તો કયાં જવાનું છે, તે નક્કી કર્યાં વિનાજ તેઓ નીકળ્યાં હતાં, પણ થોડીજ વારમાં તો તેઓ નં૦ ૫૦ આગળ આવી પ્હોંચ્યાં. અંબાએ લલિતાને હવે પાછાં વળવાને ઘણું સમજાવ્યું, પણ લલિતાએ તો એ ઘર જોવાની હઠ લીધી. ઘર ભાડે આપવાનું હતું. બાબુએ ખાલી કર્યા પછી તેમાં કોઇ રહેવા આવ્યું ન હતું. લલિતા રસ્તો ઓળંગી ઘરનાં કમ્પાઉન્ડના દરવાજામાં પેઠી. પણ અંબાને લલિતાને તેનું જૂનું ઘર જોવાથી બહુ પરિતાપ થશે એમ ભય લાગવાથી, તેણે તેને ત્યાંથી પાછી ખેંચી જવા પ્રયત્ન કર્યો

પણ લલિતાએ કહ્યું "નહિ. હું હવે કેટલી સાજી થઇ છું અને મારામાં કેટલી શકિત આવી છે તે આજે મારે તમને બતાવવું છે. ચાલો અંદર."

રમણલાલે લલિતાની ઇચ્છા વિરૂદ્ધ જરા પણ ન થવાનું જે સૂચન કર્યું હતું, તે સાંભરવાથી હવે અંબાએ વધારે આનાકાની કરી નહિં.

ભોંય તળીએ એક ગૃહરક્ષક બેઠો હતો. લલિતાને કમ્પાઉન્ડમાં આવતી જોઇ તેણે કહ્યું.

" ઘર જોવા આવ્યાં છો બાઇ સાહેબ ? "

" હા, ભાઇ રજા છે ને જોવાની ? "

ગૃહરક્ષકે ઘણુંજ માનથી બાર ઉઘાડયાં અને લલિતાને ઘરના દરેક ભાગ બતાવવા લાગ્યો. બતાવતાં તેણે વાગ્ધારા છોડી.

' ચિત્રશાળા બહુ મજાની છે બાઇસાહેબ, અને તેમાંથી પરબારાં બાગમાં જવાની એક સીડી છે. તમારા વર ચિતારા હશે, બાઇ ? "

" હા. " લલિતાએ કહ્યું.

" ત્યારે તો તમે પ્હેલાં ચિત્રશાળાજ જોવા ચાલો. "

ચિત્રશાળામાં પ્રવેશતાંજ લલિતાએ ઘરની દિવાલો વગેરેનું માપ લેવાને બ્હાને ગૃહરક્ષકને જરા વાર બ્હાર મોકલ્યો.

સુંદરને અને અંબાને આનંદાશ્ચર્યમાં ગરકાવ કરી દેનાર ચમત્કારીક ફેરફાર પછી લલિતાને આજે પ્હેલીજ વાર ઉદાસીનતાએ છાઇ લીધી. તેના હોઠ કંપવા લાગ્યા, તેના દાંત કકડવા લાગ્યા અંબાની દૃષ્ટિ એક પળ પણ લલિતા ઉપરથી ખસતી ન હતી, પણ એક શબ્દ પણ બોલવાની તેનામાં હિમ્મત ન હતી. લલિતાએ બગીચામાં પડતું બારણું ઉઘાડયું, અને તેનાં મુખથી એક ધીમી પણ હૃદયવેધક ચીસ પડાઇ ગઇ. બગીચાની સુંવાળી ઘાસ ઉપર ઉગતીજ વયની એક બાલા બે પરવા રમતી હતી. લલિતા ભૂમિ ઉપર જડાઇ ગઇ હોય તેમ ચેતન રહિત ઉભી રહી, અને તેની આંખોમાંથી ચોધાર આંસુ વરસવા લાગ્યાં.

"બ્હેન, હવે અહિં રહેવું ઠીક નથી. અહિં આપણે આવ્યાં એજ ખોટું કર્યું છે. તમે એ તેના કરતાં તમે તમને બહુ વધારે સારાં માની બેસો છો. ચાલો, જઇએ અહિંથી."

"હા ચાલો, જઇએ."

બીજું કશું પણ જોયા વિના બન્ને જણાં પરબારાં ઘેર ગયાં.

તે આખો દિવસ અને રાત લલિતા ઉદાસ રહી. આખા દિવસમાં તે એક શબ્દ પણ બોલી નહિં. ચોપડી વાંચવા બેઠી, પણ તે પકડવાનીયે તેના હાથમાં તાકાત ન રહી. ફરી ફરી તે હાથમાંથી પડી જતી હતી. જ્યારે અંબાને દીન દૃષ્ટિથી પોતાના સામે જોઇ રહેતી તેણે જોઇ, ત્યારે તેણે તેને કહ્યું. "અંબામા, હવે મને કંઇ નથી. મેં એ ઘર જોવા જવામાં ઘણીજ ભૂલ કરી છે, અને એ ભૂલ હવે ફરી હું નહિં કરૂં. પણ મને શું ખબર કે બારણું ઉઘાડીશ ત્યાં મને..." વધારે તેનાથી બોલાયું નહિં. તેણે ફરી એકવાર અંબા સામે જોયું, અને હવે તેના હાથમાં હૈયું રહ્યું નહિં. આંસુડે તે ગળગળી થઇ ગઇ; તેનો કંઠ રૂંધાઇ ગયો; છાતી મુંઝાઇ ગઇ; એક બે વરસનાં બાળકની પેઠે ડુસકાં ભરતાં તેણે વૃદ્ધ અંબાની છાતીમાં મ્હોં છુપાવ્યું.

"હવે એમ કોઇ દી નહિં કરૂં, અંબા, કોઇ દી નહિં."

બીજે દિવસે તોફાન શમી ગયું, પણ નબળાઇ વિશેષ જણાવા લાગી. અંબાએ તેને પૂછયા વિનાજ સુંદરને બને તો બેનની ખબર કહાડી જવા સંદેશો મોકલ્યો.

તેજ દિવસે સુંદર ત્યાં આવી; પણ લલિતાની તબીયતમાં તેને કંઇ ચિંતા ઉત્પન્ન કરાવે તેવાં ચિન્હ જણાયાં નહિં. એ દિવસથી લલિતાએ નં. ૫૦ તરફના રસ્તા પર જવાનું બંધ કર્યું.

ફરી હિમ્મત ધરી તેણે ચિત્ર કામ શરૂ કર્યું હતું, અને જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ જીવનનો તુટી ગયેલો દોર ફરી સંધાતો હોય, અને લલિતાને નવ જીવન બતાવતો હોય તેમ ભાસવા લાગ્યું. તેના શારિરિક આરોગ્યને એ નવાં જીવનમાં કોઇ પણ જાતનો ધક્કો ન લાગ્યો, અને તેનો ઉત્સાહ દ્રઢ રહ્યો. એક મહિનામાં તેણે પેલા વિચિત્ર પોરીયાનું ચિત્ર પૂરૂં કર્યું, અને તેને વેચતાં પચ્ચાસ રૂપીયા ઉપજ્યા.

ઘેર આવતાં તેણે ઉત્સાહથી કહ્યું "જો અંબા, જો આ હું આજે શું કમાણી? પચ્ચાસ રૂપીયા!—મારી પોતાની મહેનતના—"

અને આનંદથી તેણે નોટોનાં કાગળીયાંને ચુમ્બન કર્યું. પછી પોતાની પ્રિય ચર્ચા ઉપર ઉતરી પડતાં તેણે "પૈસાનો અવળો ઉપયોગ અને પૈસાદારોનો અધ:પાત" એ વિષય ઉપર એક લાંબું ભાષણ અંબાના નરમ પડી ગયેલા શ્રવણોમાં રેડી દીધું. ભાષણ બહુજ ભવ્ય હતું, અને અંબાએ તો તે ખરા ભાવથી સાંભળ્યું હતું; પણ જેના પ્રત્યે તે ખરેખરૂં સંબોધવામાં આવ્યું હતું તે બાબુ તો એ વખતે ઘણો દૂર હોવાથી, તેનાથી એનો સાર ગ્રહણ થઇ શકયો નહતો.

૧૫

પડળનું ચીરાવું:—

સરદાર જયંતને જે રાત્રિએ બાબુને ત્યાં જમવાનું હતું, તેને બીજેજ દિવસે પૂના જવા તેણે મુંબઇ છોડયું, અને ત્યાં કેટલાએક દિવસ રહી, તે જાપાન ગયો. "કદાચ હું મારી ધારણાઓમાં ભૂલતો હઇશ. હવેથી હું એને ભુલી જવા પ્રયત્ન કરીશ" એમ કહી તેણે મન વાળ્યું.

જે દિવસે તે પૂના પ્હોંચ્યો તેજ દિવસે રાત્રિએ તે બાપાને સાથે લઇ નાટક જોવા ગયો.

બાબુને જ્યારે રમણલાલ ડાક્ટરે લલિતાથી દૂર રહેવા થોડા દિવસ ક્યાંક બ્હાર ગામ જઈ આવવાની સલાહ આપી, ત્યારે તેણે પણ પૂના તરફજ પ્રયાણ કર્યું. જયંત પૂનામાં છે એવી ખબર તેને અગાઉથી મળી હતી. ત્યાં જઇ તેણે તેનો ઉતારો શોધી કહાડયો, અને દ્વારપાળને પોતાનાં નામની એક ચીઠ્ઠી આપી અંદર રજા લેવા મોકલ્યો. તુરતજ તેને જયંતના ભવ્ય ઉતારાનાં ભવ્ય દિવાનખાનાંમાં લઇ જવામાં આવ્યો, અને સ્વાભાવિક રીતેજ આતુર અને ઉશ્કેરાયલાં ચિત્તે જયંતની રાહ જોતો તે ત્યાં બેઠો.

તેને બે ત્રણ મીનીટથી વધારે એમ બેઠું રહેવું પડયું નહિં.

જયંત આવતાંજ બાબુએ તેને એકદમ કહ્યું "સાહેબ આપ નામદારના મારા ઘરમાંથી ગયા પછી બેજ મીનીટ મોડો હું પૂનાથી ઘેર પ્હોંચ્યો. હું હવે તમારો વધારે વખત રોકવા માગતો નથી. મારે તમને ઘણુંજ થોડું કહેવાનું છે. દિલગીર છું કે આ રાજ્યમાં ન્યાય યુદ્ધનો ચાલ નથી, નહિં તો મારી આબરૂ ઉપર હાથ નાખનારનું હું છચોક વેર લેવા ચુકત નહિં. કોર્ટે ચ્હડીને ન્યાય અપાવવા અમને પૂર્ણ અધિકાર છે; પણ એ કામ મરદનું નથી. પણ હવે જો પરદેશમાં આપણો કદી મેળાપ થશે, તો તમારાં આ કામનો સ્વાદ હું તમને પૂરેપૂરો ચખાડી આપીશ—"

"મ્હેરબાની કરીને સીધી વાત કરો!" ઉદ્ધત અને તિરસ્કારયુકત અવાજે સરદારે જવાબ આપ્યો, અને આ દુશ્મન એકાએક છાપો મારે તો જીવન બચાવવાનું સાધન શોધતો તે ચો તરફ જોવા લાગ્યો.

"હું બેજ શબ્દોમાં બધું કહી દઉં છું સાહેબ." એમ કહી બાબુએ પોતાના ખીસામાંથી જયંતની સહી વાળો દસ્તાવેજ કહાડી તેના આગળ ધરી રાખ્યો.

"જે કબાલાપર તમે મારા ઘરમાં સહી કરી હતી તે આ રહ્યું" એમ કહી તેણે જયંતની સમક્ષજ તેના ચૂરેચૂરા કરી નાંખ્યા, અને પછી, "એ હું આપને પાછું આપવા આવ્યો છું" કહી તેણે એ ટુકડાઓ જયંતના મોઢાં સામે ફેંકયા. કાગળના કટકાઓ ચારે દિશામાં ઉડી રહ્યા.

"આવાં અપમાન માટે તમારે ઘણું વેઠવું પડશે" જયંતે ગુસ્સાથી કહ્યું.

"જી સાહેબ તૈયારજ છઉં. આપનાથી થાય તે કરી લેજો" બાબુએ તિરસ્કારથી જવાબ વાળ્યો; અને તુર્તજ ત્યાંથી ચાલી નીકળ્યો.

સરદાર જયંતે બાબુને કંઇ વધારે હેરાન કર્યો હોત કે નહિં તે અમે કહી શકતા નથી. પણ તેણે કરવા ધાર્યું હશે તોગે તેનાથી કંઇ થઇ શક્યું નહિં; કેમકે આ બનાવ પછી તેને થોડાજ દિવસોમાં જેપાન જવું પડયું, અને ત્યાંજ તેનો દૂષિત આત્મા આ સંસાર છોડી પરમાત્માને કૃત્યનો જવાબ દેવા ચાલ્યો ગયો.

જયંત પાસેથી નીકળી બાબુ તુર્તજ સ્ટેશનપર પ્હોંચ્યો, અને બપોરની ટ્રેનમાં પૂનાથી નીકળી સાંજના સાત વાગે મુંબઇ પ્હોચ્યો. મુંબઇમાં આવ્યા પછી નેપીઅન સીરોડ પરના બંગલામાં જવાને બદલે પરબારો તે આપણે કહી ગયા છીએ તે વીસીમાં ઉતર્યો

મુંબઇમાં આવ્યા પછી એક અઠવાડીયાં પછી બાબુને ખબર આપવામાં આવ્યા કે લલિતા એકદમ સાજી થઇ ને ચર્નીરોડ ન્હાસી ગઇ છે. ડોકટર રમણલાલ તેને લલિતા વિશે હરેકે હરેક ખબર આપ્યા કરતો. દિવસમાં એકવાર બાબુ અંબાને મળી શકે એવી ગોઠવણ કરવામાં આવી હતી, અને એ બાબત હાલ તુર્ત તો લલિતાથી સાવ છુપી રાખવાની હતી.

બાબુ દરેક બાબતમાં દરેક પગલે હવે રમણલાલની સલાહ લેવા લાગ્યો.

તેણે લલિતાને કંઇ પણ લખ્યું નહિં, કારણ તેણે વિચાર્યું "ના—બધો વાંક મારો છે: અને મારી ભૂલ મારેજ સુધારવાની છે, વાણીથી નહિં પણ કર્તવ્યથી. હજી અત્યારે મારૂં શું કર્તવ્ય છે, તેનો મેં પુખ્ત વિચાર કર્યો નથી; પણ થોડા વખતમાં તે થઇ જશે. એટલે હું લલિતાની ભૂલ ભાંગીશ. મેં મારૂં બાળક ગુમાવ્યું છે, પણ મારી પત્નીને તો હું પાછી મેળવીશ. એને હું અમારા બન્નેનાં સુખ ખાતર બચાવી લઇશ. જો એ ધારણા પાર ન પડે, તો જીવન વૃથા છે. કલા એકલી મારો વ્રણ કદી રૂઝાવી શકશે નહિં; મારા કરતાં લલિતા સુખી છે; કલા એનો વ્રણ રૂઝાવી શકે છે, કલા આડે તે ભૂતકાળને ભુલી જઇ શકે છે. પણ મારાથી તે થાય તેમ નથી. અને જો હું લલિતાનો પ્રેમ પાછો ન મેળવી શકું, તો કોઇ ચીજથી મારૂં ચિત્ત શાંતિ નહિજ પામે. માટે વિચાર પૂર્વક અને ધીરજથી કર્તવ્ય પરાયણ થા; રે મન, એ તારા વિચાર, ધીરજ અને કર્તવ્ય પરાયણતા પરજ તારાં ભવિષ્યનાં સર્વ સુખ દુઃખ ઝઝુમી રહ્યાં છે."

તે હવે પોતાની આધુનિક સ્થિતિનો વિચાર કરવા લાગ્યો. પૈસાની બાબતમાં તેની સ્થિતિ સંતોષકારક હતી. એની પાસે પચાસ હજાર રૂપીયા હતા, અને તેમાંથી ચાલીશ હજાર તો તેણે સરકારી બેંકમાં મૂક્યા હતા. તેનું વ્યાજજ વરસ દિવસે પંનર સો રૂપીયા થાય.

"ભલા ભગવાન" તેણે વિચાર કરતાં કરતાં મનમાંજ કહ્યું. "મારે પૈસાદાર થવું તો સ્હેલું છે-માત્ર પેલા શાપિત બંગલાને છોડી દઉં એટલીજ વાર! રૂ. પંનર સો તો દર વરસે વ્યાજનાજ મળે અને વળી બાર મહિને દસ બાર ચિત્રો કહાડીએ–અહા, પૈસાદાર થવું આટલું સહેલ છે? અને આટલા દિવસ સૂધી આમ પરાણે આંખ મીંચી બેઠાં રહેવા ખાતર તેણે પોતાને અનેક ગાળો દીધી.

પોતાની દરેક ભૂલ ભૂતોની માફક એક પછી એક તેનાં મન આગળથી પસાર થવા લાગી, અને તેને તો સવાલ થઇ પડયો એ ભુલો કરનાર પણ એ પોતેજ હતો કે કોઇ બીજો ? છેવટ તેણે તુર્તનાં કર્તવ્યનો નિર્ણય કર્યો અને બિલકુલ વખત ગુમાવ્યા વિના એ નિર્ણયને અમલમાં મૂકવાનો નિશ્ચય કર્યો.

સૌથી પ્હેલું કામ તો તેણે એ કરવાનું હતું કે બંગલાના માલેકને મળી તેનાં ભાડુત તરીકેનું પોતાનું નામ નોંધમાંથી કહડાવી નાખવું. બંગલાવાળો શેઠ કદાચ વાંધો ઉઠાવે તો તેને કંઇક પાઘડીનું આપીને પણ પતાવવાનો તેણે નિશ્ચય કર્યો હતો. પણ તેણે ધાર્યું હતું તે કરતાં આ કામ બહુ સહેલાઇથી પાર પડયું. એક પૈસાદાર દક્ષિણી ગૃહસ્થ, જેની દીકરી એ બંગલાની પડોસમાંજ રહેતી હતી, તેને તેની દીકરીની નજીકમાં રહેવાની ઘણા દિવસ થી ઇચ્છા હતી. તેણે બાબુતે બદલે પોતાને નામે એ બંગલો ભાડે રાખી લીધો, એટલે બાબુ પાઇ પણ આપ્યા વિના છુટો થઇ ગયો. બાબુને તો આ સરલતાથી એમજ થયું કે નસીબ તેની વ્હારે છે.

નં. ૫૦ વાળું ઘર હજી ખાલીજ પડયું છે એ ખબર તેને મળી હતી, અને તેનું બીજુંજ કર્તવ્ય ત્યાના માલેકને મળી એ ફરી ભાડે રાખી લેવાનું હતું. પણ માલેકને મળતાં તો જણાયું કે એ ઘર ભાડે આપનું નહિ પણ વેચવાનું હતું. તેની વેચાણ કિમ્મત માત્ર આઠ હજાર રૂપીયા હતી અને દસ હજાર તો અત્યારે બાબુની પાસે રોકડ હતા બાબુએ બિલકુલ આનાકાની શિવાય સાટું કબુલ કર્યું, અને એજ વખતે સહીઓ થઇ ગઇ. બીજેજ દિવસે રૂપીયા ભરી દેવામાં આવ્યા. બાબુએ ઘરમાં ચુનો છંટાવ્યો, રંગ દેવરાવ્યો, છત જડાવી, અને બધી રીતે ઘરને પાછું શણગાર્યું. નેપીઅનસી રોડ વાળું વધારે પડતું ફરનીચર વેચી નાખ્યું, અને આબેહુબ પ્હેલાંની માફકજ તેણે એ ઘરની

સર્વ રચના કરી. નિર્ણય કર્યા પછી એક મહિનાની અંદર તો તે ફરી પોતાના જૂના ઘરમાં રહેવા લાગ્યો. ચિત્રશાળાની અંદર કંઇ પણ ફેરફાર ન કરવા તેણે ખાસ કાળજી રાખી હતી. ત્યાં માત્ર એકજ ચીજ વધારે દેખાતી હતી—પેલા પોરીયાનું લલિતાએ કહાડેલું ચિત્ર. બાબુએજ પોતાના એક મિત્ર દ્વારા પચ્ચાસ રૂપીયામાં લલિતાની એ કૃતિ ખરીદી લીધી હતી.

તેણે ઘરમાં નવાજ નોકરો રાખ્યા; બંગલા વાળા નોકરોમાંથી એકને પણ રાખ્યો નહિ. જો લલિતાને ફરી એ પંખીના માળામાં આકર્ષી લાવવાની જરાએ આશા રાખવી હોય, તો નેપીઅનસી રોડના બંગલાની કોઇ પણ ચીજ ત્યાંના દુઃખની સ્મૃતિ તાજી કરવા અહિં હોવી ન જોઇએ.

હવે તેણે ખંતથી પોતાનું કામ શરૂ કર્યું. દરરોજ, લલિતાને ખબર ન પડે તેમ. અંબા આવી બાબુને બધા સમાચાર આપી જતી.

નં. ૫૦ ભાડે અપાયું છે, અને પછી તેમાં કોઇ રહેવા પણ આવ્યું છે, એટલા સમાચાર અંબાએ લલિતાને કહ્યા હતા. પણ રમણલાલનો મના હોવાથી રહેવા આવનારનું નામ તેણે બહાર પાડયું નહોતું. લલિતાને એ સમાચાર સાંભળીને લાગી તો આવ્યું; પણ તેણે મનમાં વિચાર્યું " એ આટલા બધા દિવસ ખાલી કેમ પડયું રહ્યું એજ નવાઇ છે. એવું સુંદર ઘર, એવું સગવડતા વાળું, એવું શાંત, એવું........" એથી વધારે તેનાથી બોલાયું નહિ. તેને બહુજ લાગી આવ્યું હતું. વળી લાગણીને દબાવી દેતાં તેણે ઉદ્ગાર કહાડયો, " જે એમાં રહેવા આવ્યું હોય તે તેમાં રહી-પૂર્ણ સુખશાંતિ પામો!" આવા અધુરા સમાચાર આપી લલિતાનું મન દુભવ્યું તે માટે અંબાને ઘણોજ ખેદ થતો, તેને ઘડીએ ઘડીએ લલિતાને કહી દેવાનું મન થઇ જતું હતું કે " અરે બ્હેન તારો વરજ એમાં રહેવા આવ્યો છે ને તારે માટે એ ઝંખી રહ્યા છે; જા, જા, કઠોર

બન માં—જઇ એનાં હૈયામાં હૈયું ઠાળી દે—તારો સર્વ ભાર હલકો થઇ જશે." પણ રમણલાલની સખત મના હોવાથી બિચારીથી કશું બોલાતું ન હતું.

લલિતાના સંબધીઓએ ધારી હતી તેટલી ઝડપથી લલિતામાં શકિત ભરાઇ ગઇ નહિં. પ્રારંભમાં તો ઉત્સાહ, ઇચ્છાશકિત, અને દૃઢતાએ એને સારી મદદ કરી, પણ, તેણે પ્રારંભજ અપરિપકવ સ્થિતિમાં કર્યો હતો; અને તેથી તેનું શરીર તેના ઉત્સાહમાં ભાગ લઇ શકવા અશકત નીવડયું. તેણે આ જીવન શરૂ કર્યા પ્હેલાં પૂરો વિચારજ ન્હોતો કર્યો. આ આશય હીન, સુખાશાહીન, અને એક રંગી જીવનમાં તેના ઉન્નત ભાવોને કે તેની આનંદી અને ઉત્સાહી વૃત્તિને જોઈતી ચપલતા કે બુદ્ધિ-ચેતન મળે તેમ ન હતું. તે કાયમ બીજા કરતાં તેને ગરીબાઇનાં સુખમાં વધારે આનંદ થાય છે તેમ કહેતી, પણ આ દિવસોમાં તેને ગરીબાઈની ઉદાસીનતા અને ઉજ્જડપણાંનો અનુભવ થયો. તેનો ઉત્સાહ મંદ પડી નિરાશા વધવા લાગી તેને એમ લાગ્યું કે તે અન્નપર નહિં પણ ઘાસ ખાઇને જીવે છે. તેની હિમ્મત હટી જવા લાગી. એમાંથીજ કોઈ દિવસ છેક નિરાશા અને જગત છોડી જવાની ઇચ્છા થઇ આવે—

અશકિત, ચિંતા, અને એકાંત એના જીવનને ધીમે ધીમે ઘસી નાંખતાં હતાં તેનો મળતાવડો અને આનંદી સ્વભાવ થોડા દિવસથી જરા તીખો થવા માંડયો હતો. તેનાં વર્તનમાં કોઇ વિલક્ષણ પ્રકારની વિરૂદ્ધતા દેખાવા લાગી અને લલિતા જેવી તુલનાશકિતવાળી સ્ત્રીઓને માટે એથી વિશેષ અનિષ્ટ ચિન્હ બીજું કયું હોય। તેણે કોઇને પણ ઘરમાં આવવા દેવાની ના પાડી હતી, અને છતાં તે ફરીઆદ કરતી કે સહુ મને ભૂલી ગયાં છે. જૂનું જીવન મારે વિસારે પાડવું છે એમ તે ઘણીવાર કહેતી, અને છતાં એ જીવનની સ્મૃતિ આપનારી દરેક વસ્તુને તે છોડતીજ નહિં.

તેણે નં૦ ૫૦ આગળ ફરી વાર ન જવા અંબાને વચન આપ્યું હતું. ઘણા દિવસો સુધી તેણે એ વચન પાળ્યું. પણ એક દિવસ, નવાં ભાડુતના વસવાટ પછી તેના દેખાવમાં શું શું ફેરફાર થયો હશે એ જોવાની તેને ઉત્સુકતા થઇ આવી. અંબાને કહ્યા વિનાજ તે બ્હાર ગઇ, અને કૃતજ્ઞ અંબાના દિલને દુભવે એવા ઉદાસ ચ્હેરે ઘેર પાછી આવી.

"અંબામા, મને લાગે છે કે દુનિયાં આખી મને મારી નાંખવા ઉભી થઇ છે. હું આપણું જૂનું ઘર જોવા ગઇ હતી."

"હેં? વચન આપીને?"

"હા. હું જાણું છું કે વચન ભંગ એ કેટલું ઘોર પાપ છે. પણ મારાથી રહેવાયું નહિં. અંબા, સાચું માનીશ, મને બારીમાંથી આપણાંજ ઘરના જેવો ઘાટ અંદર લાગ્યો, એનાં એ કબાટ, એના એ પડદા—"

"માડી, એ તો વ્હેમ છે વ્હેમ તમારો." અંબા એ વર્ણન વધારે સાંભળી શકી નહિં, તેથી વચમાંજ બોલી" પણ ઠીક થયું, કે પાછાં તમે એ તરફ જશો નહિં"

એ વાત એટલેથીજ બંધ પડી. દિનકરે તેની ધર્મ ભગિની લલિતાને કેટલાક કાગળો લખ્યા હતા. પણ તેમાંથી એકેનો જવાબ ન મળવાથી તેની એને ઘેર જવાની હિમ્મત ચાલી નહોતી. લલિતાનો મેળાપ હવે કેવા પ્રકારનો થશે. એનો તેને ભય લાગતો હતો.

"જોયું ને અંબા, દિનકરેય મને ભૂલી ગયો છે—!" લલિતાએ કહ્યું.

અંબાએ કહ્યું" જુઓ બ્હેન. એમ અન્યાય કરોમાં એના બિચારાના તો કેટલા કાગળો આવી ગયા? તમે લખ્યો છે એકેય એને?"

"ના—મેં એને જવાબ લખ્યો નથી એ વાત તો સાચી, પણ મારે શું લખવાનું છે એને? ના, અંબા

મારૂં સગું, વ્હાલું, મિત્ર કોઇ નથી રહ્યું—એક તારા શિવાય, બીજાં સહુ મને છોડી ગયાં છે, પણ આ મારા દુઃખી જીવનમાં તને ભાગ આપી તનેયે દુઃખી બનાવવી, એ તો મારી કૃતઘ્નતા ગણાય. એમ કરૂં તો મારા જેવું સ્વાર્થી બીજું કોણ ? અંબામા, હવે તું અહિં ઝાઝા દિવસ રોકાઇશ નહિં—તું મને છોડી જજે......હમણાં નહિં, થોડાક દિવસ પછી........."

અંબાએ આંસુભરી આંખે પૂછયું કે શા વાંકે એને ત્યાંથી કહાડી મૂકવામાં આવે છે ? તેણે સોગન ખાઇ કહ્યુ તેને ત્યાં બહુજ સુખ હતું; એની આંખમાંથી આંસુનાં મોટાં ગરમ બિંદુઓ લલિતાના હાથ પર દડી પડયાં, અને લલિતાએ વ્હાલથી તે ચુમી લીધાં.

"જો દિનભાઇ તમને એમને એમ મળવા આવે તેમ ન હોય, તો તમે એને પતું લખીને તેડાવતાં શું કામ નથી ? એને વધારે વાર લખવું નહિં પડે. તમને તો એ ધર્મની બહેન લેખે છે, ને તમારા દુઃખમાં ભાગ લેવા આવતાં એ વાર નહિં લગાડે, એટલી તો ખાત્રી છે મને."

"એ વાત તો ખરી."

"અને વળી એનો સ્વભાવેય એવો ગમ્મતી છે કે એક પળમાં તમારૂં બધું દુઃખ ભૂલાવી દેશે. એ જયાં જાય છે ત્યાં આનંદને પણ સાથેજ લેતો જાય છે. અને વળી એનામાં લાગણી કેટલી બધી છે ? તમે એકવાર એને તેડાવો, અને જોજો વળી એ તમારો કાગળ મળતાં વેંતજ આ તરફ દોડયા ન આવે તો !"

"હા અંબા, એમજ કરૂં." કહી લલિતા દિનકરને એક પતું લખવા બેઠી.

"અંબા, આપણા જૂનાં ઘરમાં કોણ રહેવા આવ્યું તે તું બરોબર જાણુતી નથી ને ?" લખતાં લખતાં લલિતાએ પૂછયું.

"ના બ્હેન" અંબાએ આ અચિંતા પ્રશ્નથી ગભ-રાઇ જઇ કહ્યું.

"ત્યારે એ કોણ છે તેની તપાસ કરજે."

"શું કામ પણ?"

"મને એ જાણવાનું બહુ મન છે, બીજું કંઇ નહિં."

"કોઇક કહે છે કે ત્યાં તો એક સાધુ રહેવા આવ્યો છે, ને એ કોઇ દી નથી કોઇને મળતો, કે નથી કયાંય બ્હાર જતો."

"અહો! ત્યારે એ એક ચિત્રકાર તો નથી?"

"કદાચ હશે એમ બ્હેન, પણ મને પૂરી ખાત્રી નથી."

"એણે તો ઘરને શણગારીને ભપકો કર્યો છે!"

"હા-મેં સાંભળ્યું છે કે એનાં લગન થવાનાં છે અને નવી આવતી કન્યાને માટે તેણે આગળથી ઘર શણગારાવી રાખ્યું છે."

"એમ? વારૂ તેં એટલું બધું કયાંથી સાંભળ્યું?"

"પડોશમાં વાતો થાય છે એ ઉપરથી હું તો કહું છું."

લલિતા મૂંગી મૂંગી કાગળ લખવા મંડી, અને અંબાને પોતે એ બાબતમાં વધારે પડતી વાત કરી દીધેલી લાગવાથી, હવે પછી લલિતા ગમે તેટલું પુછે તો પણ નં. ૫૦ વિશે કંઇ પણ ન બોલવાનો તેણે નિશ્ચય કર્યો.

૧૯

લલિતાની ચિત્રશાળા—

આપણે સારી પેઠે જાણીએ છીયે કે દિનકર લલિ-તાને તેનાં નવા ઘરમાં મળવા ન્હોતો ગયો, તેનું કારણ

માત્ર તેની તેમ કરવા હિમ્મત ન્હોતી ચાલતી એજ હતું. એ બાબુને ઘણીવાર મળવા જતો અને એની માર્ફત લલિતાના ખબર મેળવતો રહેતો વળી બાબુએ તેને કહ્યું હતું કે લલિતા કોઇને ઘરમાં આવવા દેતી નથી, એટલે તો તે ત્યાં જતાં વધારે અચકાતો હતો.

એપ્રીલ માસની આઠમી તારીખે સ્હવારમાં દિનકરને લલિતાનું પોસ્ટકાર્ડ મળ્યું. તેમાં લખ્યું હતું.

" ભાઇ, "

જો તમે અહિં આવશો, તો હું તમને જોઇને બહુજ રાજી થઇશ. ખરી વાત છે કે હું અત્યારે એક રંક ઘરમાં રહું છું; પણ તેથી કંઇ તમે તમારી બ્હેનનો ભાવ ભુલી જશો, એમ હું ધારતી નથી. માટે જો તમને મારા પ્રત્યે જરા પણ લાગણી રહી હોય તો મ્હેરબાની કરીને અહિં જરા ડોકું કહાડી જશો. આ જગતમાં કોઇ એક પણ મારૂં સ્નેહી છે એમ જાણવાને હું બહુ તલપું છું

લી૦ તમારી ધર્મભગિની લલિતાના

શુભાશીષ. "

અંબાએ ભાખ્યું હતું તેમ દિનકરે કાગળને અમલમાં મૂકતાં એક પળનો પણ વિલંબ લગાડયો નહિં. બારણું ખખડતાંજ અંબા ઉઘાડી જુએ છે તો સામેજ હસમુખા દિનકરને જોયો, અને તુર્તજ તેના દિલમાં આશા અને આનંદનો ચમકારો થયો. તેણે કહ્યું.

" દિનકર ભાઈ, ભલે આવ્યા તમે. તમને જોઇને તો હું એવી રાજી થઇ છું ! "

" એમ અંબામા ? વારૂ પણ ઘરમાં હમણાં બધું કેમ ચાલે છે ? " દિનકરે આનંદી સ્વરે પૂછ્યું.

" તમારી હાજરીથી બ્હેનને એટલું સુખ થશે ! હમણાં હમણાં એનો સ્વભાવજ કોણ જાણે બદલાઇ ગયો છે. આજે તો એ ઘણાં અશક્ત થઈ ગયાં છે અને આખી

રાત ઉંઘ નથી આવી—જ્યારથી એણે અમારાં જૂનાં ઘરમાં પરાયાં માણસનો વસવાટ થયેલો જોયો ત્યારથી તે સાવ બદલાઇ ગયાં છે; અને છતાં એ ઘર ખાલીજ પડયું રહે એ વિચારેય તે એને ખૂંચે છે ”

“ એમાં વસવાટ કોનો થયો છે, એ વાત તો એના જાણ્યામાં નહિંજ હોય ? ”

“ ના ભાઈ ના, એજ પંચાત છે તો. મને તો એ કહી દેવાનું એવું મન થાય છે ! મને લાગે છે કે એ ખબર પડે તો એની તબીયત સુધરે ખરી ”

“ જોજો, અંબા, એ વિશે એક શબ્દેય બોલવાનો નથી હોકે ! કોઇ કારણે પણ એ વાત તો એને કહેવાનીજ નથી. એમ શું કામ, એ પછી જણાશે. હું ને બાબુભાઇ કંઇ એદીની પેઠે બેઠા રહ્યા નથી. અમે એ કામ કેમ પાર ઉતારવું તેનો વિચાર કરી રાખ્યો છે, અને થોડાજ દિવસમાં તમારી મદદથી એને પાર ઉતારશું; પણ ત્યાંસુધી ચું કે ચાં કરવાનું નથી, સમજ્યાં ને ? ”

“ મારા પેટમાંથી વાત જાય તેમ નથી. ”

“ એ વાતની મને ખાત્રી છે, લ્યો, હવે, લલિતા બેનને અત્યારે મળી શકાય તેમ છે કે નહિં ? ”

“ હા ભાઇ, એક બે મિનિટ ખમો તમને જોઇને એ એટલાં ખુશી થશે; એની તબીયતેય સુધરી જશે. ડોકટર સાહેબ તેની નાડ જોવા આવ્યા છે. ”

“ એ એને વિશે શું કહે છે ? ”

“ કંઇજ નહિં—મને તો એણે કંઇજ સમજણ પાડી નથી. જ્યારે પૂછીએ ત્યારે માથું ધુણાવે છે, ને મને તો ચરેડા પડે છે. બ્હેનેય તે કંઇ સાંભળતાંજ નથી; આ થોડાક દિવસથી તો દવા આવે કે તરત ઢોળીજ નાખે છે, ને નહિં તો આખી શીશીજ ફોડી નાખે છે.—હું તો બહુ મુંઝાઉં છું. પણ લ્યો હવે હું જઇ તેમને તમારા આવ્યાના સમાચાર આપું.

ચિત્રશાળામાં એકલો પડેલો દિનકર ચોતરફ નિરીક્ષણ કરવા લાગ્યો.

"અરે, આ ઘરમાં ભેજ કેટલો છે! અહિં શરદી થાય ને તાવ આવે તેમાં નવાઇ શી? બ્હેનની હાલત બહુજ ગરીબ લાગે છે. આ ચિત્રશાળામાં કેટલી ઉદાસીનતા છવાયલી છે? આ પણ સહુના આનંદનાં ધામ જેવાં પેલાં સુંદર ઘરનું આબેહુબ અનુકરણ. હા, જો પેલી ઘડીયાળ, એને એજ ઠેકાણે,—પણ બંધ છે! બ્હેનની છબી, એને એજ સ્થળે, એની એજ ઘોડી ઉપર, હજી પણ એક થોડાક માટે અધૂરી. જો રહ્યું પેલું બાબુનું જાકીટ, એ પણ એની એજ ખીંટી એ—કબાટ, ટેબલ, ખુરસી બધું એવે ને એવેજ સ્થાને છે–માત્ર, બાબુ, એક ત્હારીજ ખોટ છે અહિં! એ જુની ચિત્રશાલાનાં આ અનુપમ અનુકરણમાં હૃદયના કેટલા કોમળ ભાવોની છાપ જણાય છે! એ મકાનમાં બ્હેનનું જીવન કેટલું સુખી થયેલું હશે, કે આવું અનુકરણ કરી તે દિવસોની સ્મૃતિ તાજી કરવા તે આટલું મથે છે? કેટલાંક મનુષ્યો એવાં હોય છે કે જેઓ ગયા સુખી દિવસો સ્મૃતિમાંથી સાવ ભૂંસી નાખે છે, કેટલાંક એવાં હોય છે કે જે એ દિવસોને જીંદગી પર્યંત વળગી રહે છે. થોડા ખર્ચમાંજ ઉભી થયેલી આ નવી ચિત્રશાળા જરૂર બહેનના પ્રાણ લેશે. પ્રાણ લેશે? એમ શામાટે? એજ એનાં જીવનને ટકાવી રાખે છે અને કદાચ હજુએ એજ ટકાવી રાખશે, એમ નહિં? અહો, પ્રેમનો જેણે અદ્ભૂત પ્રસાદ ચાખ્યો છે એવાં આ દંપતિ વચ્ચે આવી રીતે એક ભયંકર શંકાથી આટલી દુર્દમ અને દુર્લંધ્ય ભિન્તિ બંધાઇ જશે, એમ કોણે ધાર્યું હોય? બાબુને પૈસાદાર થવું હતું, બિચ્ચારો! લોક વાણી એવી છે કે 'પૈસો આવે, સુખડાં લાવે' પણ એના કરતાં વિશેષ સત્ય તો એજ છે કે 'પૈસો આવે દુખડાં લાવે." પણ સુભાગ્યે બાબુનો આઘાત લાંબો ટક્યો નથી એ ઠીક થયું

છે. કોઇ કોઇ વાર એ પણ બકવા માંડે છે એ ખરૂં, પણ ખરી ચિંતા તો જેને મન દુનિયાં કાળ જેવી થઇ પડી છે તે લલિતા બહેન માટે છે. બાણુની સાથે તો તત્ત્વ શોધવાની વાતો કરીએ એટલે બીજું સર્વ ભૂલી જાય છે, એ આરોગ્યની નિશાની છે. એના મગજમાં એક વાત સજ્જડ ઠસી ગઇ છે, કે પત્ની ચિત્રકળા આડે આશરો લઇ શકે છે, એટલી એ પોતાના કરતાં વધારે સુખી છે. એવાં સુખ ખાતર તે પોતાની અખુટ દોલત આપી દેવા ઉભો થાય છે, અને એ વાતો પણ એવી ગંભીરતાથી કરે છે, કે જાણે સાક્ષાત્ મનુ મહારાજજ ઉપદેશ દેવા કુશાસને બેઠા હોય! ગરીબાઇ ઉપરનાં લગભગ બધાં ભાષણો દેખાવ માત્રજ હોય છે. જ્યારે 'થોડી આવકમાં સુખમય જીવન કેમ ગાળવું' એ વિષય ઉપર કોઇ નિબંધ જોઉં છું ત્યારે મને ખાત્રીથી એમ થાય છે કે એનો લેખક કોઇ લક્ષાધીપતિ હોવો જોઇએ."

વિચાર શ્રેણી આમ દોડયે જતી હતી, એટલામાં રમણલાલે આવી દિનકરને ચમકાવ્યો. આજે તેનું મ્હોં ઉદાસ દિસતું હતું.

"આના જેવું દરદી મને કોઇ ન મળ્યું. એ મારી ધારણા નહિં રહેવા દે. એ એવી હઠીલી છે, એવી...એવી... એને માટે તો શબ્દેય નથી જડતો મને"

"એની શોધ પડતી મૂકો સાહેબ. તમારા કહેવાનો ભાવ બરોબર સમજાઇ ગયો છે."

"ખરેખર હવે તો મારી ધીરજ જતી રહે છે. હું એને કંઇ નથી કરી શકતો. મારી સલાહ એ સાંભળતી નથી, મારાં પ્રીસ્ક્રીપ્શન એ ફાડી નાખે છે, દવા ઢોળી નાખે છે. જો એણે મરવાનું નક્કીજ કરી મૂક્યું હોય તો પછી મારો તેમાં શું ખપ છે? મરી જવામાં કંઈ ડોકટરની જરૂર નથી પડતી."

"એવોયે નિયમ નથી કંઇ" દિનકરે હસતાં હસતાં કહ્યું.

"જો આપણે એને આ ઘરમાંથી ફેરવી નહિ શકીએ, તો હવે એક મહિનાથી વધારે એ જીવવાની નથી. એને હવા ફેરની, અને ગમ્મતી સખી કે સખાઓની જરૂર છે. જો એ ન થાય તો એની આશા રાખવી ફોકટ છે. પણ એ થવાનો સંભવ નથી...અને પેલી ત્રાસદાયક છબી!" લલિતાની છબી સામે જોઇ મુઠ્ઠીવાળી આંગળાં હથેળીમાં જોસથી ભરાવતાં કહ્યું, એ જીવલેણ છબી! એનું દર્શન માત્રજ લલિતા બ્હેનનાં જીવનને રીબાવી રીબાવીને ઘસી નાખે છે. કોઇ રીતે એને દૂર કરવાની એ ચોખ્ખી ના પાડે છે...અહિં પણ એણે હઠ કરીનેજ એ આણી...મને તો એવું થઇ જાય છે કે આ બારીમાંથી એને ગટરમાં જ ફેંકી દઉં," વળી તેણે ધીરા પડતાં કહ્યું, "દરદીની દયાજનક અવસ્થા જોતાં મારૂં હૃદય દ્રવી જાય છે. એનાં દિલનો ઘા એવો ઉંડો છે, કે કોઇ પણ રીતે એ રૂઝાય તેમ લાગતું નથી."

"ઘા તે શેનો પણ એ કંઈ સમજાવશો?" મિત્રને મળતા અન્યાયથી દિનકરનું લોહી ઉકળી આવ્યું; પણ વળી ઠંડા પડતાં તેણે કહ્યું "રમણ ભાઇ, મારી વાત જરા સાંભળો. જરા વિચાર કરી જોશો તો જણાશે કે લલિતા બ્હેને વાત નિરર્થક બહુ વધારી દીધી છે. એમાં એનો વ્હેમ નથી તો બીજું શું છે? બાબુએ એવી તે મોટી ભૂલ કે પાપ શું કરી નાખ્યું છે ભાઇ? હા, જો એક નવીન શોધ પાછળ ખંતથી કામ કરવા માટે એણે બે ઘડી વિનોદ વાર્તા એક કોર મૂકી એમાં એણે કંઇ અપરાધ કર્યો હોય તો વાંક ખરો એનો."

"ભાઇ, એમાં નથી આનો વાંક કે નથી બાબૂનો." રમણલાલે દિનકરને શાંત પાડતાં કહ્યું "લલિતા બ્હેન જેવી સ્ત્રી જ્યારે પતિમાંજ પોતાનું જીવન સમર્પી બેઠી હોય, ત્યારે તેની દૃષ્ટિમાં નાની નાની વાતો પણ મોટું સ્વરૂપ ધારણ કરે છે. એક પણ સાધારણ અનાદર પણ તેને અત્યંત કષ્ટપ્રદ થઇ પડે છે, એકપણ નિષ્પ્રેમ દૃષ્ટિ-

પાત તેનાં હૃદયને અસહ્ય વ્યથા વડે પીડે છે. અલબત, એ પ્રીતિને ઉત્તમતો નજ કહી શકાય, પણ આ સંસારમાં એવી પ્રીતિએ મળવી મુશ્કેલ છે; અને એવી પ્રીતિને વશ પડેલી અબલાને પુરૂષે અવિભક્ત અને નિરંતર પ્રેમથી પોષવી એ એનો ધર્મ છે."

"આ વાત ખરી. પણ પુરૂષ કંઈ આખો દિવસ બૈરીનું જ મ્હોં જોઇને બેસી રહી શકે નહિં. એને પુરૂષાર્થ પણ સાધવાનો હોય છે. ભાઇ, આ યુગમાં તો,

જયાં જયાં જુવો ત્યાં ત્યાં દિસે નારી અભાગી બાપડી,
નર મસ્ત થઇ જયાં ત્યાં ફરે, પ્રમદા રિબાયે રાંકડી.
વિદ્યા મૂકી, સંસ્કાર ત્યાં શાથી પડે સારા અરે ?
પ્રવૃત્તિ છોડી, વૃત્તિ ત્યાં પશુના સમી કાં ના બને ?
છોડી કલા, પુરૂષાર્થ પણ, લજ્જા મૂકી ત્યાં શું રહ્યું ?
પશુ જેમ જીવન ગાળતાં નૂર દેશનું ચાલ્યું ગયું !
એવે સમે, એવી પ્રજામાં, ભાગ્યશાળી તે સતી,
જેને કલા જેવી સપત્ની, ને બીજી એકે નથી.
જેના પરે અવિભક્ત પ્રીતિ સ્વામિની વરસી રહી,
તેના સમી સુખી કોણ આ યુગમાં દિસે નારી બીજી ?

રમણલાલ—ભાઇ દિનકર, આપણા પુરૂષોની સ્ત્રી આપણાપર પ્રેમ રાખે છે એટલાં જ્ઞાન માત્રથી તૃપ્તિ થાય છે, પણ સ્ત્રીઓને એટલામાં તૃપ્તિ નથી. આપણા અખંડ પ્રેમથી તે જ્ઞાત હોય, છતાં એ વાત આપણે મ્હોંએ સાંભળવાની એને લાલસા રહે છે. અને કેટલીએક તો પુરૂષનાં એવાં વચનામૃતોની એટલી પિપાસુ હોય છે, કે એ વાત એના ચિત્તમાં જુની થતીજ નથી. એનો કંટાળો એને આવતોજ નથી, અને અહર્નિશ એનાં એ વાકયો સાંભળવાથીયે એ થાકતીજ નથી."

અંબાએ આવીને દિનકરને કહ્યું "બ્હેન હમણાંજ આવે છે અહિં"

અંબાને પાછી જતી જોઇ રમણલાલે અટકાવી પૂછયું "અંબા, વાત કહું. લલિતા બ્હેનનો નિભાવ હમણાં કેમ

ચાલે છે ? તમે બન્ને કેવી સ્થિતિમાં રહો છો ? તને કદાચ આ પ્રશ્નથી અપમાન કે હાંસી લાગશે, પણ એની હાલની સર્વ સ્થિતિ બરાબર સમજવાની અમારે જરૂર છે.

" તમારે એની જરાય ચિંતા ન કરવી, ભાઇ. અમે અમારૂં ખર્ચ કહાડતાંય કંઇક બચાવીએ છીએ. આ ગઇ કાલેજ બ્હેને એક ચિત્ર વેચ્યું હતું."

" એમ ?—કેટલી કિમ્મતે વારૂ ? "

" જુઓ, વાત કહી તેનો પીછો ન મૂકીએ, એ તો ઠીક નહિં. પણ વારૂ તમે ડાકટર રહ્યા, એટલે કહેવું પડે છે. પચ્ચાસ રૂપીયે, કહો. "

" પચ્ચાસ રૂપીયે ? " રમણલાલે દિનકર પ્રતિ કટાક્ષ કરતાં કહ્યું. " ઠીક. અને વારૂ અહિંનું ભાડું કેટલું છે.

" મહિને દસ રૂપિયા. પણ તેમાં તમારે ગભરાવાનું નથી. અમે કમાઇએ છીએ તેટલું ખર્ચી નથી નાખતાં."

" તમે કમાઓ છો ? અંબા, તું પણ ત્યારે તો કમાવામાં ભાગ લે છે, કેમ ખરૂં કે ? "

" મને તો કમાતાં શું આવડે ? પણ કમાનારને બીજી ઉપાધિ ન નડે એટલી સંભાળ રાખવી એ મારૂં કામ. હું રાંધું છું, ઘર સાફસુફ રાખું છું ....."

" અને તે બદલ તને પગાર શું મળે છે ?"

" પગાર ?—બ્હેનનો મારા ઉપરનો ભાવ એજ મારો પગાર છે. ડાકટર સાહેબ, અને એથી વધારે મારે જોતુંયે નથી ને હું માગતીયે નથી ભાઇ. બીજી કોઇ પણ જાતની ચિંતા અમારે માટે તમારે કરવાની નથી. માત્ર એક એનામાં શક્તિ આવે, અને એનું મ્હો હસતું રહે તો બીજી કશાની અમારે ખોટ નથી. "

આ વૃદ્ધાની કૃતજ્ઞતાએ રમણલાલનાં વિજ્ઞાનથી શુષ્ક જેવાં બનેલાં હૃદયને પણ પીગાળ્યું. તેણે દિનકરને સંબોધી કહ્યું " ભલી નિમકહલાલ બાઇ ! આવાં હૃદયો

હજીએ જગતમાં જડે તેમ છે, એ જોઇને કોના મનમાં આનંદ ન થાય? ખરે, આ સ્થળેય તે એક તો આશ્વાસન સ્થાન છે."

પછી અંબા સ્હામે જોઇ કૃત્રિમ પણ સામાંને કંપાવી દે એવી ક્રોધયુક્ત મુદ્રા કરી તેણે તેને કહ્યું, "અંબા, સાંભળ. હું હમણાંજ આ ઘરના માલીકને મળું છું, અને એને ઘરનું ભાડું વધારવા, અને તમને આપતાં વાર લાગે તો અહિંયી બહાર કહાડવાની ભલામણ કરૂં છું અને આ છબીને પણ હું ચુલામાં નાખી બાળી નાખવા કે ગટરમાં ફેંકી દેવા પાછો આવું છુ, સમજી કે?"

એ ભડભડાટનો વેશ પૂરો થતાંજ દિનકર સાથે હાથ મિલાવી તે ચાલ્યો ગયો.

એ ભડભડાટની અસર અંબા ઉપર ધારેલી થઇ. રમણલાલ દૂર ગયા કે ભયથી વ્યાકુળ બની ગયેલી અંબાએ કહ્યુ "એ શું બોલી ગયા?"

દિનકર—એણે કહ્યું કે આ ચિત્ર એ બારીમાંથી ગટરમાં ફેંકી દેશે, અને હૂં એમાં એને મદદ કરીશ."

અંબા—"નહિં, નહિં, નહિં. એક એ કામ ન કરશો. એની પાસે હવે માત્ર એક એ છબીજ રહી છે જુવો, એ એની નકલ કરે છે. ઘણીવાર એ છબીને જોતાં ગળગળાં થઇ જઈ એ એની આગળ ઘુંટણ પર પડી, એને ચુમ્બન કરે છે, અને આંખમાં આંસુ ભરી દીન બની ઇશ્વરની પ્રાર્થના કરે છે, એવું એવું મેં જોયું છે. એ વખતે એને જાણે પૂર્વનાં સુખનો અનુભવ થતો હોય તેમ લાગે છે. અરે એકવાર તો એણે શું કર્યું હતું તે કહું?—ના—ના—પણ એ તો વાત બહુ વિચિત્ર છે."

દિનકર-"કહે કહે. અંબા? તું શું નથી જાણતી કે લલિતા બહેનના મર્મ જાણવા હું કેટલો આતુર છું?"

અંબા—"કોઇને કહેશોમાં પણ હો? સાંભળો, એક દિવસ તો મને એણે શેઠના બાજઠ પર બેસાડી—નાના—પણ

એ વાત તો હું નહિંજ કહુ. કેમકે એવું સાંભળીને તમે હસ્યા વિના રહો નહિં, ને તમે એને હસી કહાડો એ હુંથી ખમાય નહિં." તેની આંખમાં ઝળઝળીયાં આવ્યાં.

દિનકર—"જો આમ શું કરે છે અંબા? તારા કરતાં મારી લાગણી કંઇ ઓછી છે તે એમ હું હસી કહાડું ?"

અંબા—"સાંભળો ત્યારે મને આ ઘોડી આગળના બાજઠ ઉપર બેસાડીને પછી મારો વેશ પૂરો કરવા પેલો શેઠનો જૂનો ડગલો ટીંગાય તે મને ન્હેરાવ્યો. પછી મારા હાથમાં રંગ મેળવવાનું પાટિયું ને પીંછીઓ આપીને મારી સામે જોઇ રહ્યાં-હસી પડયાં—અને તરતજ મને ભેટી પડીને છોકરાં જેમ રડી પડયાં. એ છબી બારીમાંથી નાખી દેવી છે કેમ ?' અંબાએ આવેશથી એના કરચલી પડેલા નિર્બળ હાથની પણ મૂઠ્ઠીવાળી જોસ બતાવ્યું. એ છબીને ચુલામાં નાખી દેવી છે એમ ? એકવાર એમ કરી તો જુવે ? બીજું જે કહેશે તે હું એને કરવા દઇશ, પણ એ છબીને તો આંગળી અડકાડેને તો માથું ભાંગી નાંખું એવી છુ. એ છબી જતાં તો બ્હેનનો જીવજ જાય એમ છે. બ્હેનને તમે મરવા તો નહિં દ્યો, દિનકર ભાઇ ?-એને જીવવા દેવાં હોય તો એ રમણ બમણને એવું કરવા દેશોમાં—નહિં કરવા દ્યોને ? બોલોને ? વચન આપો ને !"

દિનકર--નાના અંબા, ધીરજ રાખ, એને કોઇ આંગળીયે નહિં અડકાડે ચિંતા ન કરીશ.'

ભૃત્યભાવમાં આટલી ઉદાત્ત વૃત્તિ જોઇ દિનકરનું કવિ હૃદય દ્રવી ગયું.

અંબાએ આખ લૂંછતાં કહ્યું "હાશ-હવે મારા જીવને નિરાંત રહેશે. હા–જો બ્હેન આ તરફ આવતાં હોય તેમ લાગે છે. હું એની પાસે જાઉં છું."

અંબા ગઇ. દિનકરે એકલાં પડતાં વિચારમાળા ચલાવી.

"કેટલી ભોળી અને કેટલી પ્રેમાળ? રમણુભાલે ખરૂંજ કહ્યું હતું કે આ સ્થળમાં છેવટ એક તો આશ્ચર્ય સ્થાન છે. પણ આ બધાંનો મર્મ કંઇ સમજાતો નથી; હમણુંજ અંબા જે નાટક જેવી વાત કરી ગઈ, તેનો સારાંશ હજી લલિતાનો પતિપ્રેમ નિરંકુશ, અસ્ખલિત રહ્યો છે એ શિવાય બીજો શું નીકળે છે? એની ત્રાસયુક્ત શંકાએ એને પતિથી ત્રસ્ત કરી દૂર ન્હસ્હાડી; પણ એ શંકા એના હૃદયમાંથી પતિભક્તિ કે પતિસ્મૃતિ ભૂંસાડી શકી નહિં. વિયોગ રૂપી ઘાથી ઉલટો એ ભાવ તો એનાં કોમળ હૃદયમાં બમણો પ્રબળ થયો—કદાચ એમ હોય, કે શોધક પતિને ભુલી પ્રથમના જેવાજ કલાભક્ત પતિનીજ ઉપાસના તેનાં ચિત્તને રમણિય લાગતી હોય. પણ જે હો તે હો, પણ એક વાત તો નિર્વિવાદ છે. કે એની પતિભક્તિમાં ન્યૂનતા પેઠી નથી. ત્યાં સુધી મારો ધારેલો પ્રયોગ સફળ થવાની સર્વ આશાઓ બંધાય છે."

પાસેના ઓરડામાં પગરવ સાંભળી તેણે વિચારમાળા પડતી મૂકી ખીસામાંથી બાબુએ સોંપેલી એક નાજુક નેતરની પેટી કહાડી. વાચક જે પુષ્પકુટુમ્બથી વાર્તાના પ્રારંભમાંજ અભિજ્ઞાત થયેલ છે તેજ—મોગરાનાંજ—પુષ્પો આ નાની પેટીમાં હતાં. એ દિનકરના હાથમાં આપતાં બાબુએ કહ્યું હતું, "પ્રથમ તો મેં આપેલો પત્ર તું એને આપજે, અને મારી ભુલ એના મનમાં ખોટી ઠસી ગઇ છે તે એને બરોબર સમજાવજે, પણ જો એ મારો કાગળ વાંચેજ નહિં, તો આ નાની પેટી એને આપજે, અને એમાં મૂકેલાં સુગંધિત પુષ્પો તેમની પરિચિત સુરભિદ્વારા મારા વતી અનેક વચનો તેનાં અંતરને કહેશે."

શોકથી ગળી ગયેલી, પણ સ્વાભિમાનથી સ્વસ્થ પદે ચાલતી લલિતાએ ચિત્રશાળામાં પ્રવેશ કર્યો. અંબાને તેણે એક મૃદુ સંજ્ઞા કરી, અને અંદરની ઓરડીનું દ્વાર બંધ કર્યું.

"ભાઇ, દિનકર ભાઇ, તમે આવ્યાથી મને કેટલો સંતોષ થાય છે? હમણાં હમણાંમાં મારી તબીયત જરા નબળી થઈ ગઇ હતી, પણ હવે કંઇ નથી, ઘણુંજ સારૂં છે. કેમ! શું છે! મારી સામે શું જોઇ રહ્યા છો?"

શું જોઇ રહ્યો છું?"

"હા,"

દિનકરે લલિતાને આવી સુંદર કયારેય નહોતી જોઇ. તેના ચ્હેરા પરની ફિકકી ગ્લાનિજ તેના સૌંદર્યમાં એક નવો રંગ મેળવતી હતી.

"શું જોઇ રહયો છું?" દિનકરે પુનરૂકિત કરી. "કહું કે? મને રજા હોય, અને મર્યાદાનો બાધ ન હોય, તો તમને આમને આમ મારા બે હાથમાં ઉપાડીને બાજુના હાથમાં પધરાવી દઉં; એમ મને થઇ જાય છે."

લલિતાએ ભ્રૃકુટી ચ્હડાવી. તેણે દિનકરને સ્વસ્થ બની બેસવા કહ્યું અને પોતે પણ તેની સામે બેઠી. બેસતાં બેસતાં કહ્યું "દિનકર ભાઇ, એક એ વાત મારી આગળ છેડશો નહિં તો આપણો સંબંધ જેવો ને તેવો રહેશે. બીજી ગમે તે વાત કરો. કહો, બીજું એકેય નાટક લખો છો? તમારૂં પેલું કેવું?—પ્રેમની...?...પ્રતીતિ...હા એ નાટક તો કહે છે હજી સારૂં હાઉસ ખેંચે છે?"

દિનકરે જોયું કે તેણે પ્રારંભમાંજ બોલવામાં જરા ઉતાવળ કરી હતી. હવે જરા વિચાર કરીને બોલવાનો તેણે નિશ્ચય કર્યો. બોલવા જેવો સમય આવે ત્યાં સુધી એ વિશે ન બોલવું એમ વિચારી લલિતાની વાતને બીજે રસ્તે લઇ જવી ઉચિત ગણી.

"ના. મારી નહિં, પ્હેલાં તમારી વાત કરો. તમારી તબીયત હમણાં નબળી રહેતી હોય તેમ લાગે છે. તમારી આવી સ્થિતિમાં કામ કે આવો એકાંતવાસ તમારે માટે બિલકુલ સારો નથી. બ્હેન, આપણે બે મિત્ર છીએ, માટે મારી સાથે મન ખોલી વાત કરો. ડોકટર રમણલાલ પણ

કહે છે કે તમારે મુંબઇ છોડી હવાફેર કરવા દેશ તરફ જવાની જરૂર છે. અને મારો પણ એજ મત છે."

"હું અહિં બહુ સુખી છું. અહિં મારે કશાની ખોટ નથી. ભાઇ, મારી ચિંતા ન કરશો...પ્રવૃત્તિ પણ પૂરતી છે...હું કામમાં ગુંથાઈ રહું છું...પાછલું ભૂલી જવા પ્રયત્ન કરૂં છું."

"વાહ; દર્શનમાત્રથીજ સ્મૃતિને તાજી કરે એવી દરેક ચીજોથી ચોતરફ વીંટળાઇ વળી ને તમે પાછલું ભૂલી જવાનાં છો! એ તો અજબ ઓષધ શોધ્યું! હું તમને અહિં તેડવા આવ્યો છું. દેશમાં મારી એક બ્હેન રહે છે, તેને ત્યાં તમને લઇ જવા આવ્યો છું. દેશની એ સૂકી અને ખુલ્લી હવામાં ચાલો, ત્યાંનાં એ લીલાં અને તાજાં ઘાસથી છવાયલાં ખેતરો જુઓ, ત્યાંનાં નિર્મળ નદીનાં પાણી જુઓ, અને જુઓ કે એ સર્વ તમારાં હૃદયમાં નવો આનંદ રેડે છે કે નહિં?"

"અરે એ તો હવે બને તેમજ નથી...હમણાં તો નહિં—પછી જોશું."

વાતનું વલણ દિનકરે ધાર્યું હતું તેવું ન થયું. એટલે દિનકરે હવે પોતાની મેળે એ વાત શરૂ કરવાનો નિશ્ચય કર્યો. તેણે કહ્યું,

"સાંભળો બ્હેન, હું તમારી સાથે એક અગત્યની વાત કરવા આવ્યો છું; પણ તમારે મને એમાં રોકવો નહિં. તમે મને હમણાં મારા ભાઇ વિશે કાંઇ પણ ન બોલવા કહ્યું હતું; પણ કેટલીક વાતો એવી છે, કે જે સાવ તમારી જાણ બહાર ન રહેવી જોઇએ; અને એ તમને કહેવા હું ઇચ્છું છું. હું કંઇ એની વકીલાત કરવા નથી આવ્યો. પણ કદાચ એમ હોય તોયે શું? કેમકે ગમે તેવા અપરાધીને પણ તેનું કંઇ પણ સાંભળ્યા વિના તો શિક્ષા નથીજ કરવામાં આવતી. એક થોડીક વાર મારી વાત સાંભળશો?"

" ઠીક બોલો "

" હું કાલેજ એને મળ્યો હતો—એ મુંબઈ આવ્યા પછી હરરોજ હું એને મળું છું. "

" બ્હાર ગામ ગયા હતા ? ક્યાં ? " યત્કિંચિત્ આતુરતાથી લલિતાએ પૂછયું.

" પૂના "

" એ ઘણીવાર ત્યાં જાય છે—જતા "

" પણ આ વખતે એ ત્યાં ગયા ત્યારે એક નવાજ પ્રકારનો બનાવ બન્યો હતો. એ ત્યાં સરદાર જયંતને મળવા ગયા હતા. એ એને મળ્યા, અને તમારા પેલા ઘરમાં જે દસ્તાવેજ ઉપર એણે સહી કરી હતી તેના એણે એની નજર આગળ કટકે કટકા કરી નાખ્યા "

લલિતા ચમકી: " ઓ મા,–અને પછી શું થયું ! "

દિનકર—" જયંતે એને ધમકી આપી, પણ તેને મ્હોં-એજ ફિટકાર આપી કહ્યું કે કોઇ બીજા દેશમાં હાથનો સ્વાદ ચખાડીશ, અને પછી અહીં ચાલ્યા આવ્યા. "

લલિતા ગમે તેવા પ્રયત્ને પણ પોતાના મનનો આનંદ છૂપાવી શકી નહિં. " હું જાણું છું કે એમ તો એ કોઈના ગાંજયા જાય એમ નથી. પછી પેલાએ શું કર્યું ? "

દિનકર—" કરે શું ? આ કંઇ એના બાપનું રાજય છે ? પણ મને તો એની વાત કરવાનીજ ના પાડો છો, ને તમે આ બીજું શું કરો છો ? "

લલિતાએ હોઠ કરડયો.

" તે ગમે તે હો પણ પેલો દસ્તાવેજ તો ફાટી ગયો છે ! હાશ ! એ દુષ્ટ કાગળીયાં માટે મારે બહુ-બહુ વેઠવું પડ્યું હતું; એનો નાશ થયેલો જાણીને રાજી થવાનો મારો હક છે. એમણે એ યોગ્યજ કર્યું, બરોબર કર્યું. અને પછી ?

"પછી શું ? એટલુંજ નાના—એમના તરફથી આ કાગળ અને આ સંપેતરૂં તમને આપવાનું છે."

લલિતાનું મ્હોં લેવાઇ ગયું. એણે નેતરની પેટી બાજુ પર મુકી, અને કાગળ ફાડી નાખવા જતી હતી, ત્યાં દિનકરે અટકાવી.

"એ શું કરો છો ? કાગળ ફાડી નાખવો છે ? ના ના એવું તમારાથી નહિ બને. એ કોણે લખેલ છે તે જાણો છો ?"

"ભાઇ દિનકર, એ હું સારી પેઠે જાણું છું. અને આટેજ........."

"લલિતા બ્હેન, તમે આવાં કઠોર કયાંથી થયાં ? તમારા પતિનો તમારા પર કેટલો પ્રેમ છે, અને તેને તમારી આ સ્થિતિ જોઇ કેટલું દુઃખ થાય છે એ જાણો છો ?"

"એમને મારી દરકાર છેજ નહિં. એક વખત હું એમ ધારતી કે એને એની પત્નિ અને કલા પર પ્રેમ છે, હવે હું સમજી છું, કે એને એની શોધ અને પૈસા પરજ પ્રેમ છે."

"ભૂલ છે. એનો તમારા પરનો પ્રેમ કદી પણ ઉણો થયોજ નથી. પણ લક્ષ્મીને એમ એકાએક ચાલ્લો કરવા આવતી જોઇ બે ઘડી એ ભાન ભૂલી ગયા હશે. એકવાર ભૂલ એની હતી, એ ખરૂં, પણ હવે તો ભૂલ તમારી છે. તમે અન્યાય કરો છો અને એના પ્રત્યે તેમજ તમારા પોતા પ્રત્યે પણ નિર્દય બનો છો. આટલી હદ સુધી હઠીલાઇ વાપરવાથી તમે તમારો ધર્મ ભૂલો છો, અને બન્નેનાં જીવનનાં વિનાશનાં મૂળ રોપો છો. હા,—વાત એટલે સુધી વધી ગઇ છે; હવે ધ્યાનમાં ઉતરે છે ? એની હૃદયવેદના અને પશ્ચાતાપની તમારા પર લેશ પણ અસર નથી થતી ? એણે પૂના જઇ જે કર્યું તેનાથી તમારૂં વેર તૃપ્ત નથી થતું ? એનું જીવન તમારી ક્ષમા, અને તમારાં પરિવર્તનની આશાએજ લટકી રહ્યું છે."

"એવા દુષ્ટના હાથમાં મને ફેંકી દેનાર એજ હતા, અને એ દુષ્ટને મેં..........."

"બસ કરો બસ કરો. એવું અધમ વાકય ન ઉચ્ચારો. તમે તમારા ચિત્તમાં એક ભયંકર અને કેવલ અસંભવિત શંકાને પોષ્યા કરી છે, અને આંખમાં પડેલાં એક રજકણની માફક એણે તમારી આંખને એટલે સુધી અંધ બનાવી દીધી છે કે નાનામાંથી અતિ મ્હોટાં રૂપ પકડેલ એ કણ સિવાય તમે બીજું જોઇ શકતાંજ નથી. બ્હેન, વખતસર ચેતો, નહિં તો એ પર્વતસમ ભાસતો કણ તમારી દૃષ્ટિને સાવ અંધ કરી તેના ભારથી તમને કચરી નાખશે. સમજો છો કે આમ સારા સારનો વિચાર કર્યા વિના હઠીલાઇને વળગી રહેલી સ્ત્રીને સર્વ સ્નેહીઓ તજી જાય છે ? એના દુ:ખમાં કોઇ ભાગ લેતું નથી. તમારાં અંગત સ્નેહીઓની લાગણીને પણ તમે ન્યૂન કરવા ઇચ્છતાં હો તો તમારી આ વર્તણુક યોગ્ય ગણાય ખરી !"

"મારે કોઇની લાગણી જોતી નથી. હું કોઇની દયા માગતી નથી."

"હજી એક વાર સાંભળો. જેના પાછળ એને રાત દિવસ મહેનત કરવાની ફરજ પડતી એવી એક શોધમાં પૂર્ણ લક્ષ આપવા માટે કદાચ બાબુભાઇએ બે દિવસ તમારા પ્રત્યે ઓછું લક્ષ આપ્યું હોય. એવી શોધ કરનાર માટે એનામાંજ અવિભકત લક્ષ આપ્યા વિના કાર્યસિદ્ધી નથી. એ સ્હેજ પણ અવગણના તમારાં મનને અસહ્ય થઇ પડી. એટલુંજ માત્ર સત્ય છે. બાકી સર્વ માત્ર તમારી કલ્પનાજ છે. હવે શોધને ફારગતી આપવામાં આવી છે, એનાં નામને પણ દૂર કરવામાં આવ્યું છે. હવે એ ચિત્રકારને તમારી પાસે આ ઘોડીપર કામ કરવા બોલાવો."

લલિતા—"નહિં, ઓ, નહિં. અરે ભાઇ, ભાઇ,–અહો, તું કયાંથી જાણે મારો એનાપર કેટલો પ્રેમ હતો !"

દિનકર—"હું જાણું છું કે હજી પણ છે."

લલિતાનાં હૃદયમાં વીજળીનો આંચકો લાગ્યો. દિનકરનું નિશાન આબાદ લાગ્યું. તે ઉભી થઇ ગઇ.

દિનકર—" હું તમારી હાંસી નથી કરતો, સાચુંજ કહું છું."

લલિતા—" એટલે ? "

દિનકર—" એમ ગુસ્સે ન થાઓ, હું તમારો ભાઈ છું, મિત્ર છું અને માટે મારે તમને એટલું કહેવાનો હક્ક છે. તમે જાણો છો કે ધંધાથીજ હું મનુષ્ય હૃદયનો ચિકિત્સક છું. બ્હેન, હાથે કરીને તમારી આંખમાં ધુળ ન ઉડાડો—તમારો પતિ પ્રેમ હજી એવોજ છે: જે ઉર્મિને તમે બળથી દબાવી શકતાં નથી એનું આ દરેક ચીજ, દરેક વ્યવસ્થામાં પ્રતિબિમ્બ પડેલ છે. એમ ચમકો નહિં, અને એની ના પાડવાનોયે પ્રયત્ન ન કરો જો એમ ન હોય, તો આ સર્વ હું જોઉં છું તેનો શો અર્થ છે ? "

" આ સર્વ મને મારા પ્રથમ પતિનું સ્મરણ કરાવી હાલના પતિનું વિસ્મરણ કરાવવામાં સહાય ભૂત થાય છે."

" એ તો હતા તેવાજ હજીએ છે. વચમાં બે ચાર મહિના એમના સ્વભાવમાં ફેર પડયો હતો ખરો; પણ આજે તો એ જૂના કાલમાં હતા તેવાજ, પતિ પ્રત્યે અપૂર્વ પ્રેમ રાખનાર, અને એના પ્રેમને માટે તલપનાર કલાભકત—છે, અને એવાજ રહેશે. બોલો, હવે તમારે શું કહેવાનું રહ્યું છે ? "

" ભાઇ, મારૂં માથું બળે છે......આપણે ફરી કોઇવાર એ વાત કરીશું.........પણ હમણાં નહિં......અત્યારે તો રહેવા દો."

બારણું ખખડયું, " અત્યારે કોણ આવ્યું હશે ? દિનકરભાઈ, જરા જુવોને—"

લલિતા આશ્ચર્યથી બારણાં તરફ જોઇ રહી.

દિનકરે જઇ તે ઉઘાડયું.

આમ અણુધાર્યાં પગલાં કરનાર આપણા જૂના મિત્ર અને કલાના સત્ય કદરદાન માનવંતા રાવસાહેબ યશવંતરાવ ગોઠબોલે શિવાય બીજું કોઇ નહોતું.

પણ બારણું ખખડાવતી વખતે આમ લલિતા અને દિનકર સન્મુખ પરભાર્યા ચિત્રશાળામાંજ જઇ ઉભું રહેવું પડશે એમ તો એણે સ્પપ્નેે પણ ન્હોતું ધાર્યું. એમણે તો એમ ધારેલું કે કોઇ દિવાનખાનામાં કે ઓસરીમાં દાખલ થવાશે. તેથી અંદર આવતાંજ તેમના મ્હોં પર શરમ અને મુંઝવણના ભાવો તરી આવ્યા, કે જે દૂર કરતાં તેને વખત લાગ્યો, અને રહ્યા એટલીવાર તેમના ચ્હેરાને વિલક્ષણ રીતે હાસ્યાસ્પદ બનાવી દીધો.

પ્રથમ તો દ્વારમાંજ ઉભા રહી, નીચી નજર કરી હાથમાંની લાકડી બૂટ પર દાબવા તથા ઠબકારવા લાગ્યા પછી જરા સ્વસ્થ થતાં એઓએ જરા આગળ વધી બોલવાની હામ ભીડી.

“ કેમ લલિતા બ્હેન,...મી. દિનકરરાવ,–કેમ–કેમ ચ્છો ? ”

જવાબમાં દિનકરે માત્ર ડોકું ધુણાવ્યું, અને એ ગૃહસ્થનાં આ અણુધાર્યા આગમનનું કારણ જાણવા ઇચ્છતાં હોય તેમ તે તથા લલિતા રાવસાહેબ સામે જોઇ રહ્યાં. રાવસાહેબને તો ત્યાં ઉભું રહેવુંજ ભોં ભારે થઇ પડયું.

છેવટ અચકાતાં અચકાતાં તેમણે ખુલાસો કર્યો; આમ્હાલા–આમ્હાલા ઇથેં આવવાના પ્રયોજન અસેં–અસેં ચ્છે, કે–દુસરેં કાહીં નાહિં–સત્ય હકીકત એવી છે કે–અને ગઇ કાલેજ ખબર મીળાલી કે, તમને અકસ્માતજ ઘર ચેઇન્જ કર્યા ચ્છે, આણી તેં પીકચર જેં ગતવર્ષી મલા વીકત ઘેણ્યાંચી પ્રબળ ઇચ્છા ઝાલી હોતી, તેં તમારા સાથેજ છે. આહ, હેંચ તેં પીકચર. ”

લલિતા અને દિનકર એના મિશ્ર ભાષણને એક પણ શબ્દ બોલ્યા વિના સાંભળી રહ્યાં, અને એકી ટસે એ અભિમાની વક્તા પ્રત્યે જોઇ રહ્યાં. બિચારા રાવસાહેબનો વાગ્‌ભંડાર ઓછો થતો ચાલ્યો અને તે સાથેજ તેમનો ગભરાટ પણ વધતો ચાલ્યો. નિરૂપાયે તેમને ભાષણ ચાલુ રાખવાની ફરજ પડી;

" બરં. હુમારી અશી વિનંતી આહે કી તેં ચિત્ર આમ્હાલા ધા. બાઇ સાહેબ, તુમચી આ દીન સ્થિતિના લાભ લેવા, અશી હમારી ઇચ્છાચ નાંહિં. આમ્હી કિમ્મત કરીત બસત નાંહિં-તુમ્હાલા કમી કિમ્મત દેણ્યાચી અમારી ઇચ્છા નાંહિં. તુમચ્યા પ્રત્યે હમને સારા આદર આહે, આણી બાળુભાઈ સારખ્યા ચિત્રકારા પ્રત્યે તર અત્યંત આદર આહે. આમ્હી ગૃહસ્થ આહોં, અને તેને યોગ્યજ રીતે ખરીદી કરૂં."

તેમને સમજાયું કે પોતે શુદ્ધ કે સારી રીતે વાત પણ નથી કરી શકતા. પણ બિચારા કરે શું ? કોણ જાણે ક્યા અશુભ ચો ઘડીયામાં એમણે ચિત્રશાળામાં પગ મૂકયો હશે ! અત્યારે કોઇ તેને ત્યાંથી બસ્સેં ગાઉ દૂર મૂકી આપે તો તેઓ તેને નવાજ્યા વિના રહે નહિં. બોલવું શું તે તેમને સમજાતું ન્હોતું. અને છતાં બોલવા ખાતર એને કંઇક પણ બોલ્યા વિના ચાલતું ન હતું. તેથી વળી તેમણે કહ્યું; " આમ્હી તમને એ ચિત્રા બદ્દલ પાંચસો રૂપીયા દેઉં. તુમચા વિચાર કાય આહે ? "

પણ લલિતા કે દિનકર, બેમાંથી એકેયે જીભને તસ્દી ન આપી. રાવસાહેબની આંખપરથી તેમની આંખો એક પળ પણ ખસી નહિં. દિનકર તો જરા પાછળ હઠી તેનું સ્વસ્થતાથી નિરીક્ષણ થઇ શકે તેમ બેઠો; આ દશ્યમાં તો તેને ઘણોજ રસ પડવા લાગ્યો. લલિતાને તો પાંચસો રૂપીયા એ કંઇ અત્યારે જેવી તેવી રકમ ન હતી. શું એ ચિત્ર વેચશે ? લલિતાને એ બાબતપર સ્વતંત્ર અને સ્વસ્થ વિચાર કરવા દેવા દિનકર જરા પાછળ હઠયો. અને

એમ કરવાથી તેને પોતાને પણ આ ફારસ જોવાનો વધારે લાગ ફાવ્યો.

ફરી રાવસાહેબે કિમ્મત જણાવી. "હા, પાંચસો રૂપયે રોકડ, દ્યા ઘટકેલા, ઉધાર નાહિં."

લલિતાથી હવે રહેવાયું નહિં. "એ ચિત્ર વેચવાનું નથી, રાવસાહેબ. પાંચસો રૂપીયા માટેય નહિં, કે પાંચ હજાર માટેય નહિં, કે એથીએ વધારે આપતા હો તો એટલા માટેય નહિં."

દિનકર તો "સ્હાબાશ!" એમ મોટેથી બૂમ પાડતોજ રહી ગયો "ખરે, હજી એના હૃદયમાં પ્રેમ છે—અને આપણે એને બચાવી શકીશું." તેણે મનમાં કહ્યું. પછી રાવસાહેબને સંબોધીને "તમે જુવો છો શેઠ, કે ગમે તેટલી કિમ્મત કહો પણ તે વ્યર્થ છે! હું ધારૂં છું હજી તમારે પેલી છત્રીસ-પચ્ચાસની જગ્યા પૂરવાની ખાલી પડી હશે?"

રાવસાહેબ હસ્યા અને કહ્યું "આહા-નહિં-તો નહિં; હી તો એક નવીનજ વેકન્સી ઝાલી. યા જગાત દરેક મનુષ્યાચી કાંહીં તરી એક મનપસંદ વસ્તુ અસતે. કોઇ મિત્રાલા લગ્ન પ્રસંગી શાલ દુશાલા દેવેછ. આમ્હી ચિત્ર દેતો. અને ત્યામૂળેં આમ્હાલા નવીન ચિત્ર ખરીદ કરવાના પ્રસંગ આવેછે. બંર, બાઇ સાહેબ," તેણે લલિતા તરફ ફરી કહ્યું "મને તુમચા પ્રત્યે આદર આહે.........અવિવેક ઝાલા અસેલ તર ક્ષમા કરા આમ્હી અસેં વિચાર કર્યા કે તમે તો સેલ કરાલચ... પરંતુ આમ્હાલા ફાર અગત્ય હોતેં." રાવ સાહેબે હવે એવાજ ગભરાટમાં બારણાં તરફ કૂચ કરી. "ત્યા પીક્ચરચેં આમ્હાલા ફાર અગ્યત્ય હોતેં આણી અમનેં પ્રાઈસ પણ તેવડાચ ઓફર કેલી આહે તુમ્હાલા કાંહી તરી મદદ કરાયચ્ચી આમચી ઇચ્છા હોતી.........ચિત્રકાર ચિત્ર સેલ કરાયલાચ તયાર કરતો, નાહીં કાય?......... અશા પ્રસંગી અને ઈતની કિમ્મત........."

જેમ જેમ રાવસાહેબ સારૂં લગાડવા ગયા તેમ તેમ તેમની વાક્ય રચના બગડતી ચાલી;

"બરં, માફ કરા. યેતો તર, બાઇ સાહેબ."

અંતે રાવસાહેબે રૂખસદ લીધી. તેઓએ બારણું બહાર પગ મૂકયો—પીઠ ફેરવી—અને બીજીજ પળે કપાળે ચ્હેડેલો પરસેવો લૂછતા લૂછતા તેઓ રસ્તા પર જઇ પહોંચ્યા.

"ત્યા બાઇલા ખરોખરચ વેડ લાગલે આહે અસેં દિસ્તેં. તીલા કાહીંચ વિચાર નાહિં!" રાવ સાહેબ ત્યાંથી પસાર થતી એક વિકટોરીયામાં બેસી જરા સ્વસ્થ થતાં બબડયા.

લલિતા તો ક્રોધથી બળી રહી હતી. દિનકર આનંદથી પોતાના હાથ મસળતો હતો.

"એવા મૂર્ખોને પણ મારા ઘરમાં આમ વગર આવકારે ઘુસી આવતાં અટકાવવાનીયે મારામાં શક્તિ નહિં? અહો એની ઉપકારક વૃત્તિ! જાણે એનાથી આખા છલકાઇજ જતા હોય! એના કરતાં તો એ લાત મારતા હોય તો બહેતર અને તમે ત્યાં ખુણામાં ઉભા ઉભા હસ્યા કર્યા એયે છાજતું હતું હું!"

પણ લલિતાના ક્રોધથી કંઇ દિનકર પોતાનો આનંદ છુપાવી શકે તેમ નહોતું. તેણે આનંદનાજ આવેશથી કહ્યું "અહા, બ્હેન, બ્હેન, તમે આજે મને કેટલો, કેટલો ખુશ કરી દીધો છે? તમે ખરૂંજ કહ્યું હો—પાંચસો માટેય નહિં, કે પાંચ હજાર માટેય નહિં કે પાંચ લાખ માટેય નહિં. એ ચિત્રની કિમ્મત પૈસાથી અંકાય તેમ નથી, કદી એને વ્હીલું ન મૂકશો—બાબુ એ પૂરૂં કરશે. અહા તમે મારામાં કેટલો ઉત્સાહ પ્રેર્યો છે? હજી તમારો પ્રેમ એવોજ છે! તમે જાણો છો?"

"ભાઇ, તમને કશું ભાન નથી, કંઇ ખબર નથી." એમ કહેતાં પતિતરફથી દિનકરદ્વારા મળેલી પેલી નેતરની પેટી લઇ લલિતાએ અંદરના ખંડ તરફ ચાલવા માંડયું.

"હું તમને હવે કંટાળો આપું છું. ખરે, આટલી બધીવાર મારે અહિં રહેવું ન જોઇએ, પણ મારે તમને એટલું બધું કહેવાનું હતું કે હજી મેં તેમાંનું અર્ધું યે પુરૂં તમને નથી કહ્યું. મારે અત્યારે આટલામાંજ જરા કામ છે. કહો તો ન્હાવખતે પાછો અહિં આવું..."

"હા—જરૂર આવજો. અહો, સુખદુઃખ સર્વમાં સમાનજ સ્નેહ રાખનાર મિત્ર જોઇને મનુષ્યનાં હૃદયને કેટલું આશ્વાસન મળે છે!"

દિનકરે પ્રણામ કરી રજા લીધી. આનંદથી તેનું હૃદય એટલું બધું નાચી રહ્યું હતું કે લોક દૃષ્ટિનો ભય ન હત તો રસ્તાપર પણ તે કુદવા માંડયો હત.

હમણાંજ બનેલા બનાવે તેની ખાત્રી કરી આપી કે બાબુની આશાને ફળ આવતાં વાર નહિં લાગે.

એનાં કવિમગજમાંથી એણે એક નાટકના પ્રવેશ જેવી એવી નવીન સંકલના ગોઠવી કહાડી કે જે પાર ઉતરવાની તેના મનમાં પૂરેપૂરી ખાત્રી હતી. તેણે એ સંકલના રમણલાલ તથા બાબુને તો જણાવી પણ હતી, અને બન્નેએ તેને વધાવી લીધી હતી. અંબાને પણ એ વાતમાં સામીલ કરી હતી. લલિતા પાસેથી નીકળી એક વીકટોરીયામાં બેસીને બીજા સહુને પોત પોતાનું કામ સંભાળવા વખતસર હાજર રહેવા ચેતાવવા ગયો. ડોકટર રમણલાલે સાંજના પાંચેકને સુમારે લલિતાની તબીયત જોવાને બ્હાને ત્યાં આવવું; બાબુએ તેને એક સંજ્ઞાથી અંદર બોલાવવામાં ન આવે ત્યાંસુધી ઘરની પાસેજ આંટા મારવા; એવી રીતની ગોઠવણ હતી. જ્યારે બધી તૈયારી બરોબર થઇ રહી ત્યારે ચર્નીરોડમાં કામ- પર હાજર થવાના વખત પ્હેલાં બે ત્રણ કલાક ગમ્મત ગપાટામાં ગાળવા દિનકર બાબુને પોતાને ઘેર લઇ ગયો.

૧૭

દિનકરની સંયોગ-યોજના—

" જતાં'તાં સ્હાંજે જ્યાં વરવહુ અમે ધાન્ય લણવા
ન જાણ્યું જે શાથી વરવહુ અમે તો લડી પડયાં
લડયાં રોયાં બન્ને વરવહુ, અને આંસુચુમતાં
હતાં તેવાં પાછાં વરવહુ અમે તો બની રહ્યાં "

બ–ક–ઠાકોર.

જ્યારે લલિતા એકલી પડી ત્યારે બાબુનો કાગળ લઇ ઉઘાડયા વિનાજ એક બાજુ મૂકયો; પછી પેલી નેતરની પેટી લઇ આસ્તેથી તે ઉખેળવા બેઠી જીવનની સુખીમાં સુખી, રમણીયમાં રમણીય પળોનું સ્મરણ કરાવતાં એ પુલડાં દૃષ્ટિએ પડતાં લલિતા અંતઃકરણનો ઉભરો દબાવી શકી નહીં. જાણે તે જૂનાં ઘરના સુવાસથી પરિમલિત થઇ મીઠો સમીર તેની આસપાસ વહતો હોય તેવું એને બેચેક ઘડી ભાન થયું.

" અમારૂં નાનકડું કુટુમ્બ ! મારાં મીઠડાં વ્હાલાંઓ ! નાજુક ગરીબડાં પુલડાં, એ દિવસે માં પ્રિયતમના મૃદુ કરસ્પર્શથી ચુંટાયલાં તમે મારાં હૃદયના જેવાંજ પ્રપુલ્લ આનંદમગ્ન રહેતાં ! અને, આજે ? આજેયે મારાં બીડાયલાં હૈયાં સમાં તમે કેવાં કરમાયલાં, નિસ્તેજ, નિર્જીવ લાગો છો ? અરે જીંદગીનો ભાર કેટલો અસહ્ય છે ! તમને જોતાં છતાં મારા હૈયાનાં આંસુ નથી ઠલવાતાં......તમે સુખી છો, કેમકે તમને સ્મૃતિ જ્ઞાન નથી. અહો, મારી સ્મૃતિ જડ શામાટે નથી થઇ જતી, કે આ વેદનાનો અંત આવે ! "

અંબા ઘરમાં આવી, એ વખતે લલિતા હાથમાં પેલાં મોગરાનાં પુલ લઇ ધ્યાનમગ્ન બની આરામ ખુરસીમાં બેઠી હતી. એ પુલની વાત એ ભલીબાઇ સારી પેઠે જા-

સુતી હતી. લલિતાને એના વિચારમાં અડચણ કરવા તે ઇચ્છતી ન હતી, એટલે એ જાગે ત્યાંસુધી તે બીજી ઓરડીમાં જઈ બેઠી. પણ જમવાનો વખત થઇ ગયો હતો, અને વખત જતાં બધું ઠરી જાય, માટે અંબાએ પાછાં આવી ધીમે ધીમે ઘરમાં બધું ગોઠવવા માંડયું, અને તેથી થોડો થોડો ખખડાટ શરૂ થયો.

લલિતાની આંખ ઉઘડી, અને પોતાના હાથમાં પડેલાં પુષ્પ સામે આડી નજરે જોઇ જોઈ અંબાને મનમાં હસતી જોઇને તે મનમાંજ જરા ગુંચવાણી. જાણે કોઇ પોતાનાથી પ્રયત્ને પણ ન છુપાવી શકાતી એક છાની વાત અજાણ્યે જ પોતાની દાસીની જાણમાં આવી જવાથી પોતાનું વ-જન કંઇ હલકું પડયું હોય તેમ તેને લાગ્યું.

અંબાએ લલિતાને જાગેલી જોઈ કહ્યું " વળી મોગરાનાં ફુલ આવ્યાં !.........ત્યારે તો શેઠેજ એ મોકલ્યાં હશે."

" હા એમજ છે. એને મન હવે એની કંઇ કિમ્મત નથી એટલે એણે એ મને મોકલ્યાં છે. એને એનું મ્હોં જોવું નથી ગમતું !"

" પણ મને તો કંઇ બીજુંજ દેખાય છે. મને તો એમ લાગે છે કે આ ફુલની કિમ્મત એને મન હજી ઘણી છે, અને એમણે એને તો અહિં એક સંદેશો કહેવા મોકલ્યાં છે કે 'જે ગત દિવસોનાં આ નાજુક ફુલડાં સંભારણાં છે, તેને સંભારીને તું પાછી મારી પાસે આવ. હું તને ચાહું છું, અને તારીજ રાહ જોઉં છું.' મને તો એનો અર્થ એવો લાગે છે."

લલિતાએ અંબાની વાતમાં લક્ષ ન આપ્યું. તે ઉઠી ભોજન લેવા ગઇ, પણ તેના પેટમાં ભૂખ ન્હોતી લાગી. પાત્રમાં પીરસાયલી વસ્તુઓને માંડ હોઠે અડાડી ને તે ઉઠી

" ચાર વાગે દિનકરભાઇ આવવાના છે. એ આજે અહિં ચ્હા પીવાના છે. ત્યાં સુધી હું વાંચવા બેસું છું. અંબામા, હું થોડો વખત એકાંતમાં બેસવા ઇચ્છું છું."

જમી પરવારીને લલિતા ચિત્રશાળામાં જઇ એક ચોપડી લઇ આરામચેરમાં પડી વાંચવા બેઠી. પણ તેનાથી વંચાયું નહિં. તેનાં નાનકડાં મગજમાં વિચારતરંગો જોસભેર ખળભળી રહ્યા હતા. હજી તેના મનમાં કોઇ એક જાતની શંકા. કોઈ એક જાતની અનિશ્ચિતતા વ્યાપી રહી હતી. પણ જો કે હૃદયમાં અત્યારે શું થતું હતું તે તે પૂરૂં સમજી શકતી નહોતી, તો પણ એટલું તો તેને ચોખ્ખું જણાતું હતું કે એ શંકા કે અનિશ્ચિતતા હવે પતિની નિર્દોષતા માટે નહિં પણ (પતિ એવી દુષ્ટતા કરે ?) એ વિશે હતી. દિનકર કયારે આવે, એમ તેના મનમાં ચટપટી થવા લાગી. કેવળ દિનકરની ગમ્મતી વાતચિતથી પોતાની શક્તિમાં વધારો થાય છે એટલા માટેજ નહિં, પણ પતિ વિષે વધારે સમાચાર મેળવવાની આશાએ તેને આતુર બનાવી દીધી હતી.

મુખથી કશું બોલતી ન હતી; પણ અંતઃકરણમાંથી કોઇ ગેબી નાદ ઉઠતો હતો કે " તું અન્યાય કરે છે, તારી હઠીલાઇ એજ તારૂં બંધન છે. સત્ય હકીકત શું છે તે વિષે જે સંભળાય તે ધ્યાનમાં ઉતાર; સત્ય સાંભળવાની કદી ના પાડીશ નહિં."

દિનકર બરોબર વખતસર હાજર થયો. ઘડીયાળમાં ચાર વાગતાંજ તેણે ચિત્રશાળામાં પગ મૂકયો. લલિતાએ હજૂ એનાં એ કપડાં પ્હેરેલાં હતાં, પણ એના વીખરાયલા વાળનો ફરી અંબેડો વાળેલ હતો, અને એ સાદાં કપડાંમાં કોઇક જાતની સુઘડતા દેખાઇ આવતી હતી. એની આખી આકૃતિમાંજ કોઇક સત્વ એવું હતું કે જે સ્વસૌંદર્યાભિજ્ઞાત યુવતીમાંજ હોઇ શકે.

દિનકર આજે હમ્મેશ કરતાં ઘણાજ વધારે ખુશ મિજાજમાં હતો. લલિતાનું લક્ષ તુર્ત એ બાબત પર ખેંચાણું અને પોતાના જૂના મિત્રના એ આનંદે અજાણતાંજ તેનાં હૃદયમાં એવો પ્રતિઘોષ જગાડ્યો.

અંબાએ ચ્હા આણી, અને પ્યાલા ભરાયા.

એક પ્યાલો, તો દિનકર એકદમ ગ્ગ્ડાવી ગયો.

"વધારે લેશો ?"

"કેમ નહિં ? આવો સરસ ચ્હા પીવાની તે કોણ ના પાડે ? અને વળી ચા તો મારો દેવ છે, મારૂં જીવન છે. દેવતાઓનુ અમૃત અને માણુસોનો ચા, બન્ને મને સરખાં લાગે છે. માણુસને થાક લાગે ત્યારે ફરી ટટ્ટાર કરનાર ચાજ છે, કામ કરતી વખતે તેજ રાખનાર પણ ચાજ છે, અને દુઃખની વખતે દિલાસો આપનાર પણ ચાજ છે. ઘણું જીવો ચા દેવ !"

"જો જો ભક્તરાજ, ચાની ભક્તિમાં બહુ ઉંડા ઉતરવા જેવું નથી હો કે !"

"એમ કહો તો તો બહેન દુનિયામાં કોઇ પણ ચીજમાં બહુ ઉંડા ઉતરવા જેવું છેજ નહિં—અંબામા, જરા સોપારી દેશો ?"

અંબાએ સૂડી સોપારી આપ્યાં. દિનકરે સોપારીનો ચુરો કરતાં વાત આગળ ચલાવી

"આપણા દેશમાં એજ મોટી ખામી છે. સહુ ભાષણો આપવામાં શૂરા છે, કોઇ પોતે કંઇ અમલમાં મૂકે છે ? કોઇ પણ એક માર્ગને દ્રઢથી વળગી ન રહેતાં બન્નેનો સાર ગ્રહણ કરી વચલો માર્ગ શોધનારો છે કોઈ ? સુધારાવાળા સુધારાને છાપરે ચડી બેસે, અને જો સુધારાનું બલૂન મળે તો હવામાં ઉડાવાનુંયે ભૂલે નહિં, ત્યારે જૂના મતવાળા વળી એનુંજ લાકડું પકડી રાખે. બાસુના મનમાં વળી એવોજ ફાંકો આવ્યો કે હીંદુ મુસલમાન અંગ્રેજ બધાંને કન્યા વહેવાર કરી સેળભેળ કરી નાખવાં; ત્યારે જૂના વિચારના માણસો તો વળી એક જાતના માણસોનેય અડતાં અભડાય છે. કહો, એમાં મેળ કયાં મળે ? છતાં હમણાં કેટલાંક માણસોમાં વચલો પંથ ગ્રહણ કરવાની ટેવ પડતી જાય છે, એ જોઇને હું ખુશી થાઉં છું. કારણ કે દરેક મતવાળા જો

પોતાનુંજ પૂંછડું પકડી રાખે તો દુનિયાનો અંત આવી જાય.”

લલિતાને તો હવે વિચાર થવા માંડયો કે દિનકર તે આમ ગપ્પાંજ માર્યા કરશે, કે બાબુનીએ વાત કહાડશે?

દિનકર-“આપણા લોકો જે કંઇ કામ કરે, તેમાં પણ ઉંધું ઘાલીને મંડે. દીહશાનું યે ભાન ન રાખે. દૃધને કહીં, એમાં પગ રાખતાં તો આપણને આવડતુંજ નથી. આ જુવોને, મારા બાબુભાઇનો દાખલો લ્યો. એને આ વાત આબેહુબ લાગુ પડે છે. બીજો કોઇ હોય તો એવી શોધ કર્યા પછી નિરાં-તે ઘેર બેસીને પોતાનો ધંધો કર્યા કરે. પણ આતો શોધ પાછળ મડયા તે બસ મંડયાજ. એક રાજયમાં દાખલ કરાવી એટલે બીજામાં—એમ એનો કેડો મૂકવો એને ગમ્યો નહિં.”

લલિતા;—“એટલે શું તમે એમ કહેવા માગો છો કે માણસ એક કામ પાછળ મંડયા રહેવાથી પતિ તરફનો પોતાનો સર્વ ધર્મ ભૂલી જાય?”

લલિતાને પોતાની મેળેજ બાબુની વાત કહાડવાની ઇચ્છા છે એ જોઇ દિનકર મનમાં આનંદથી મલકાયો.

“થોડે ઘણે ભાગે એમ થાય તો ખરૂં. પણ પ્હેલાં તો મને એ કહો, કે તમે ‘પતિ પ્રત્યેનો સર્વ ધર્મ’ એટલે શું માનોછો? શું બેચાર દિવસ પતિ પ્રત્યે થોડીક ઓછી દરકાર રખાય, તેને તમે ‘પતિ પ્રત્યેનો સવ ધર્મ ભૂલી જવો’ કહોછો?”

લલિતા:—“હવે રાખો રાખો ભાઇ, તમે શું એમ સાબીત કરવા માગોછો કે જે પુરૂષને પોતાની સ્ત્રી પ્રત્યે પ્રેમ હોય કે છેવટ માન પણ હોય, તે એક દુષ્ટ લંપટ માણસ સાથે વાતો કરવાની પત્નિને ફરજ પાડે? એવી જાતની બેદરકારી પણ ધંધામાં મન રોકાઇ રહ્યાનું પરિણામ છે એમ તમે કહેશો?”

“ચાલો, હવે કોકડું ઉખેળવાનો વખત આવતો જાય

છે" દિનકરે મનમાં વિચાર્યું. લલિતાએ તો આગળ ચલાવ્યું:—એવો પતિ શું એ લંપટ માણસને રાત્રે જમવા બોલાવીને પછી રાતના ચાર કલાક પોતાની પત્નિને એવા માણસ સાથે રહેવાની ફરજ પડશે એમ જાણતાં છતાં ટ્રેઇન ચુકે ખરો કે? શું એને પણ તમે ધંધામાં તન્મયતાનું પરિણામ કહેશો? અરે એ તો વાતજ જવા દ્યો, ભાઇ; ગમે તેવા તન્મય માણસને પણ જાગૃત કરી દે એવા પ્રસંગો એ હોય છે ખરા જગતમાં!"

જાણે કેમ પોતે સાંભળ્યું તે મનાતું ન હોય તેમ દિનકર થોડી વાર તો મૂઢની પેઠે એકી ટસે લલિતા સામે જોઇ રહ્યો. પછી ખુરસી જરાક ખેસવી તે લલિતાની વધારે નજીકમાં બેઠો. એની તે દયા ખાવી કે એને સખત ઠપકો આપવો એ એનાથી નક્કી થઈ શક્યું નહિ. તેણે કહ્યુ,

'શું જયંત સાથે જમવા, બરોબર વખતસર પ્હોંચવાની ટ્રેનમાં પ્હોંચવા એ નીકળ્યા એ વખતે શું બનાવ બન્યો હતો તે તમે જાણતાં નથી? શું એ વાતનો ખુલાસો બાબુભાઇએ ક્યારેય તમારી આગળ કર્યો નથી? મને તો એણે કહ્યું છે કે એ વિષે એણે તમારા પર એક લાંબી ચીઠી લખેલ છે."

"એ ભયંકર દિવસ પછી એમણે મારાપર કેટલી એક ચીઠીઓ લખી છે એ વાત ખરી પણ એ દુષ્ટ ઘર છોડયા પછી મેં એમની એ બધી ચીઠીઓ વાંચ્યા વિનાજ ફાડી નાખી છે."

દિનકરે સખેદાશ્ચર્ય કહ્યું. "વાહ, એ પણ ઠીક! એના કાગળો વાંચવા! જેટલી યે તમે ક્ષમા વાપરી શક્યાં હત, તો તમને બધી વાત બરોબર સમજાત નહિં?"

લલિતાએ અધીરાઇથી કહ્યું "પણ હવે તો ત્યારે તમેજ બધું કહો!"

"સાંભળો ત્યારે, તમારો એના માટેનો વ્હેમ કેટલો

બિન પાયાદાર છે એ તમને સમજાવું પુનામાંનું કામ વેળાસર આટોપી લઇ મારા ભાઈએ સવારમાં વ્હેલાં જમી લીધું હતું. અને નવ વાગાની ગાડીમાં પ્હોંચવા એ નીચે ઉતરતા હતા, ત્યાં પહેલા માળનું એક બારણું ઉઘડયું, અને અંદરથી એક વૃદ્ધ બહાર નીકળ્યા. એવે વખતે અને એવે ઠેકાણે વૃદ્ધ પિતાને પોતાની સન્મુખ આમ ઓચિંતા ઉભેલા જોઇ મારા ભાઇને શું શું થયું હશે તેનો વિચાર તમેજ કરી જોજો. એકજ દૃષ્ટિપાતે બાબુભાઇની ખાત્રી કરી આપી કે પિતામાં ઘણોજ મોટો ફેરફાર થઇ ગયો હતો. તેની તંદુરસ્તી રૂવાબ અને દૃઢતા સર્વ ભૂંસાઇ ગયું હતું અને અત્યારે તો તે એક અશકત, ગરીબ–દયાપાત્ર વૃદ્ધ જેવા થઇ ગયા હતા.

"મારા દીકરા—" એ અર્ધ સ્ફુટ વચને મારા ભાઈનું લક્ષ તેના તરફ ખેંચ્યું. પિતાની એવી દયામણી દશા જોઇ કયા પુત્રને લાગી ન આવે? એટલે બીજા સર્વ વિચાર બાજુ મૂકી મારા ભાઇ પિતાની ઇચ્છાનુસાર એ ઓરડીમાં ગયા; અને ત્યાં બાપ દીકરા વચ્ચે એક અતિશય કરૂણ પ્રસંગ ચાલ્યો, જેમાં બાપે ખરાં દિલથી દીકરાની ક્ષમા માગી. તેનાં હૃદયની વેદનાએ એનાં અશકત અને વૃદ્ધ શરીરપર અસર કરી અને એમને મૂર્છા આવી ગઇ, અને નબળાઇ વધી. બ્હેન મને કહો તો ખરાં, શું પિતાને એવી સ્થિતિમાં મૂકીને મારા ભાઇ ચાલ્યા આવી શકે ખરા?"

"ત્યારે એણે શું કર્યું?"

"મૂર્છા ઉતર્યા પછી પિતાને ઘણીજ સંભાળથી એ અહિં સાથેજ લઇ આવ્યા છે, અને હાલ તુર્ત એની બગડેલી તબીયત સુધારવા રાત દિવસ એની પથારી આગળ અખંડ ઉજાગરા કરે છે. અને પુત્રની એવી માવજતથી એ વૃદ્ધ પુરૂષ હમણાં કંઇક હરી ફરી શકે એવા થયા છે પણ ખરા."

"હૃદય રે, તું સળગી કાં નથી જતું?" લલિતાએ

દુઃખથી પોતાનાં હૃદયપર હાથ અફાળ્યો.

"લલિતા બ્હેન, તમે બાબુભાઇ માટે બહુજ ખોટો મત બાંધ્યો છે. તમને એણે દુઃખ શું દીધું છે? તમને વધારે સુખી કરવાની આશામાં એણે લક્ષ્મીને તમારા પગ આગળ પાથરી આપી, પણ એનાથી તમને દુઃખ થયું તો એમાં એનો અપરાધ શું થયો? અરે બ્હેન, કહો કહો કે હવે તમારાં અંતરમાંથી એના ઉપરનો રોષ સાવ ઉતરી ગયો છે, અને હવે તમે ફરી એના પ્રત્યે પ્રેમથી જોશો એ મે ની પેઠે તમારી વાટ જુએ છે."

"ના—ના—એ વેરી ઘરમાં તો હું કદી-કદી નહિં જાઉં."

દિનકરે આસ્તેથી કહ્યું, "એ ઘરમાં નહિં, પણ પેલાં જૂનાં ઘરમાં ચર્નીરોડ નં. ૫૦ માં તો જશો ને?"

"ક્યાં?—ક્યાં કહ્યું તમે?" લલિતાએ ચમકીને પૂછયું.

"જે ઘરમાં વસીને કદી કોઇ સુખી થયાં નથી, અને જે ઘરના પર તમને અટલો બધો તિરસ્કાર છૂટે છે એ ઘરમાં મારા ભાઇ રહે ખરા કે? એણે એ ઘર તજ્યું છે, અને જે ઘરમાં વસી તમે છ વર્ષ કલ્લોલ મચાવી રહ્યાં હતાં, તે જૂનાં—ચર્નીરોડપરનાં ઘરમાં એ રહેવા આવ્યા છે અને એ ઘરમાંથી ફરી કદિ પણ નીકળવા વખત ન આવે માટે એ ઘર એમણે ખરીદીજ લીધું છે."

"પણ એ ઘરમાં તો કોઈ રહેવા આવ્યાં છે?"

"ખરૂં છે."

"ત્યારે તો એ—એ—એજ—?"

"એમજ ફરી પોતાનાં કર્તવ્યમાં જોડાવા માટે એને તમારો ખપ છે—તમારીજ વારેવાર છે હવે, બ્હેન! એણે હવે દૃઢ સંકલ્પ કર્યો છે કે હવે પછીનું બધું જીવન એ જૂની ચિત્રશાળામાં પોતાની કલા ખીલવવામાંજ ગાળવું."

લલિતાનું મ્હોં અપૂર્વ આનંદથી ચમકી ઉઠયું. પણ એ અણધાર્યા અને ઓચિંતા આનંદથી એનાં હૃદયને સખ્ત આંચકો લાગ્યો. એવા સમાચારથી ઉભરાઇ આવતી લાગણીઓના વેગને સહી શકવા તેનું નબળું પડી ગયેલું મન બહુજ અશક્ત હતું. "અરે મારી રાંકડી બિચારી ચિત્રશાળા!" એવું અર્ધસ્ફુટ વાક્ય બોલતાં બોલતાં તેની આંખે અંધારાં આવી ગયાં ને તે ખુરસીમાંજ ઢળી પડી. બાબુએ તુર્ત અંબાને બોલાવી તેને શેઠાણીને સંભાળવા કહ્યું. બે ચાર પળ પછી લલિતાએ આંખ ઉઘાડી અને જાણે હૈયા પરથી કોઈ અસહ્ય ભાર ઉપડી ગયો હોય અને તેનાથી હૃદય હળવું ફુલ થતાં તેમાં શાંતિ છાઇ જતી હોય તેમ તેનાં વદન પર એક મૃદુ મીઠું સ્મિત છવાઇ ગયું.

સ્હાંજના પાંચ વાગ્યા હતા. ડોકટર રમણલાલ બરોબર નિયમિત વખતે આવ્યા અને લલિતાને તેના સુવાના ખંડમાં લઇ જઇ થોડો વખત વિશ્રાંતિ લેવા સૂઇ રહેવા કહ્યું.

'કંઇ ચિંતા જેવું નથી;" તેણે કહ્યું "માત્ર જરાક અશક્તિ થઇ આવી છે, બાકી નાડીનો વેગ તો જોઇએ તેવાજ છે. હૃદયને અચિંતો આંચકો લાગવાથી ઘણીવાર એવું થઇ આવે છે. એ તો બે ઘડીમાં ઠીક થઇ જશે, પણ હમણાં હું જરા એની પાસે બેસીશ."

દિનકરઃ—"મારી યોજનામાં હજી સૂધી તો કંઇ વાંધો આવ્યો નથી. હવે હું બાબુભાઇને સંકેત પ્રમાણે સંજ્ઞા કરૂં છું, માટે સર્વ બરોબર તૈયાર થઇ રહે ત્યાં સુધી લલિતા બેન અહિં આવે નહિં એ સંભાળજો."

રમણલાલે માથું ધુણાવી હા પાડતાં લલિતાની ઓરડીમાં પ્રવેશ કર્યો.

શિક્ષાના ભયથી કંપતા અપરાધી માફક બાબુ ધીમે પગલે ઉપર આવ્યો જૂની ચિત્રશાળાની આબેહુબ પ્રતિકૃતિ

જેવી અંદરની સર્વની રચના જોતાં અને નિહાળતાં તેનુ હૈયું ભરાઇ આવ્યું. પત્નિનાં હૃદયે જે ભાવો પતિ આગળ ઢાંકી રાખ્યા હતા, તે તેની આ રચનાના દરેક અંશમાંથી બાબુએ ઉકેલી લીધા. આંખમાં છલકાઇ આવતા અશ્રુ પ્રવાહને મહા મહેનતે તે ખાળી શકયો.

લલીતાના ઓરડી તરફ આંગળી બતાવતાં દિનકરે કહ્યું, "મારાં ભાભી ત્યાં છે."

"હા, હા જો એ ત્યાં છે!"

પગના ફણા ઉપર ચાલી ચાલીને બાબુ અંદર આવ્યો. ઓરડીનાં બારને ભેદીને બાબુનાં હૃદયે વ્હાલીને એક સંદેશો મોકલ્યોઃ "જો પતિનો અપૂર્વ પ્રેમ તેનાથી અજાણતાં લાગેલા પત્નિનાં હૃદયના ઘાને રૂઝાવી પ્રિયાનાં મ્હોં પર ફરી આનંદનાં હાસ્ય ફેલાવી શકવા સમર્થ હોય, તો ફરી તું હવે સદાને માટે પતિના પ્રેમ અને આદરનું પાત્ર બની રહી આનંદમય જીવન ગાળીશ. આવ, આવ, મારાં હવે પછીનાં જીવનમાં હું તને બની શકે તેટલી સુખી કરીશ."

રમણલાલે આવી ખબર આપ્યા કે લલિતા નિરાંતે ઉંઘે છે.

તેણે કહ્યું, "આપણે એને જગાડશું નહિં. જયારે એ પોતાની મેળે જાગશે ત્યારે અંબા આપણને ખબર આપશે એટલે પછી હું જઇને તેને અહિં બોલાવી લાવીશ."

આશરે અર્ધાએક કલાક સુધી ત્રણે જણા ધીમે અવાજે વાતો કરતા બેઠા. એટલામાં બારણું ઉઘાડી અને અંબાએ રમણલાલને ઇશારત કરી દરદી જાગૃત થયેલ છે એમ સૂચવ્યું.

તુરતજ રમણલાલ લલિતા પાસે ગયો અને દિનકરે બારીઓ આડેના પડદા ખોલી નાખી ઓરડીમાં અંધારૂં

કરી દીધું. બાબુ ઘોડીપાસેની પોતાની અસલી જગ્યા ઉપર જઇ બેઠો.

"ઓરડીમાં જરાક પણ પ્રકાશ લાવવામાં આવે કે તુરતજ જાણે તમે આ અધૂરી છબી પૂરી કરવાજ બેઠા હો-તેમ આસપાસની કશી દરકાર કર્યા વિના રંગ પૂરવા મંડી જજો......ચુપ ચુપ-જુવો એનાં પગલાં સંભળાય છે!"

લલિતાની ઓરડીમાંથી પગના ઘસારાનો અવાજ આવતો હતો.

બારણું આસ્તેથી ઉઘડયું.

દિનકરે ફરી એકવાર આસ્તેથી કહ્યું. "હવે સાવચેત રહેજો."

રમણલાલ તથા અંબા લલિતાને લઇને દાખલ થયાં.

"કેવું અંધારૂં થઇ ગયું છે?" લલિતાએ કહ્યું; "હું બહુ ઉંઘી, નહિં અંબા? દિનકરભાઇ તો ત્યારે ચાલ્યા ગયા હશે!"

દિનકર તો એક પડદા પાછળ છુપાઇને પોતાની યોજના કેવી રીતે પાર ઉતરે છે તે જોતો હતો.

રમણલાલે હવે લલિતાને કહ્યું. "લલિતા બહેન, એક જરાક હું કહું તેમ કરશો? મારે તમારા પર એક પ્રયોગ અજમાવી જોવો છે. વારૂ, મહેરબાની કરીને આ પીંછીઓ અને પેલેટ હાથમાં લઇને આ ઘોડી આગળ એક થોડોક વખત બેસી શકશો?"

વાંચનાર ભૂલી તો નહિંજ ગયેલ હોય કે જુની ચિત્રશાળામાં હતી તેવેજ સ્થાને લલિતાએ પોતાની નવી ચિત્રશાળામાં પણ બે ઘોડીઓ પાસે પાસે ગોઠવી હતી.

"આ હું કંઇ મારા સ્વાર્થ માટે તમને તસ્દી નથી આપતો આતો એક દવા તરીકેજ હું તમને કહું છું-કદાચ એ દવાની અસર સચોટ થઇ શકે-! માટે એટલું કરશો?'

"વાહ શું કામ નહિં કરૂં!" એમ બોલતી લલિતા ડાકટરને આધારે જઇ બીજી ઘોડી પાસે બેઠી.

"ચાલો, હવે રંગ મેળવીને ચિત્ર કહાડવા માંડો."

"પણ ક્યા રંગો મેળવું? એમાંય હું તો તમે કહો તે કરવા બેઠી છું."

"અરે જે આવે તે મેળવોને—એમાં કંઇ વાંધો નથી. હું તો માત્ર આ એક દવા કરી જોઉં છું, બીજું બધું હું પછી તમને સમજાવીશ. હાલતો આટલું કરો."

"પણ ડોકટર સાહેબ, અહીં તો બહુ અંધારૂં છે. મને તો આમાં કંઇ દેખાતું નથી. શું સંધ્યાકાળ થઇ ગયો?"

"ખરૂં કહ્યું. લ્યો, ચાલો હું જરા અજવાળું કરૂં છું."

ધીમે-ધીમે-ડાકટરે બારી આડેનો પડદો ઉંચકવા માંડયો. બાબુ બિલકુલ હાલ્યા ચાલ્યા વિના બેઠો રહ્યો. તેને કહ્યા પ્રમાણે બરોબર જરાક પ્રકાશ દાખલ થતાંજ તે સપાટાબંધ પોતાનું કામ કરવા મંડી પડયો.

આસપાસ શું થાય છે તેની કંઇ પણ ખબર વિના લલિતા પોતાનાજ તાનમાં ધીમે ધીમે રંગ મેળવતી હતી, અને ડોકટર હવે પોતાનો પ્રયોગ પૂરો થયો ગણી કયારે ઉઠવાની રજા આપશે એનો વિચાર કરતી હતી. ઓરડી હવે પૂર્ણ પ્રકાશિત થઇ ગઇ હતી.

"હવે ઉઠું કે ડોકટર સાહેબ?" લલિતા એ બાજુ ફરી જોયું, તો એ અસલના સુખી દિવસોની પેઠેજ બાબુ પોતાની છબી ચીતરવામાં તલ્લીન થઇ ગયેલો છે રંગ અને પીંછીઓ તેના હાથમાંથી પડી ગઇ સ્તબ્ધ-દિંગ્મૂઢ બની એ જોઇજ રહી. પોતે સ્વપ્નમાં તો નથી, તેની ખાત્રી કરવા તેણે માથાને બન્ને હાથથી ચાંપી જોયું.

માનિનીને મનાવતી હોય તેવી ક્ષમા યાચતી દ્રષ્ટિવડે બાબુએ લલિતા સામે જોયું, પછી રંગ અને પીંછીઓ બાજુપર મૂકી તે ઉઠયો, અને પ્રિયાને હૃદયમાં આવકાર આપવા હાથ પહોળા કરી ઉભો રહયો.

લલિતા માત્ર એકજ શબ્દ બોલી શકી " તમે ?-!..." અને આનંદથી ગળગળી બની જઇ ડુસકાં ભરતાં તેણે પતિના હૃદયમાં મ્હોં છૂપાવ્યું.

મ્હેલાંના જેવાજ વિશ્વાસ અને પ્રેમથી પોતાના હૃદયપર ઢળી પડેલાં એ પ્રિય મસ્તકને પંપાળતાં બાબુએ વ્હાલથી કહ્યું " લલિતા ! મારી લલિતા ! "

આસપાસનાં લેશ પણ ભાન વિના, એ સુભાગી સુખ અનુભવતાં દંપતી અનેક પળ સૂધી એમજ ઉભાં રહ્યાં.

અંબાની આંખમાં હર્ષાશ્રુ છલકાઇ આવ્યાં તે જઇ તેણે પોતાની પ્રિય શેઠાણીની પથારીમાં સાર્યાં.

દિનકરે રમણલાલને કહ્યું:—" ડોકટર સાહેબ, આજ આખો બપોર જાણે આ ટામ પાછળ રોકવો પડયો એ વાત ખરી. પણ છેવટ આપણી ધારણા પાર પડી છે ! "

રમણલાલ: " ખરૂં. હવે એ સાજાં થઇ જશે "

દિનકર—" અને હવે હું પેલી જૂની ઘડીયાળને ચાવી લઇ ચાલતી કરૂં છું. "

એટલું કરીને બન્ને જણા ગુપચુપ ત્યાંથી પસાર થઇ ગયા.

અને પેલી જૂની ઘડીયાળ પોતાનાં ગોળ મટોળ વદનથી જાણે બાબુ અને લલિતા સ્હામે જોઇ હસવા લાગી, અને પોતાના ટક—ટક અવાજથી સ્પષ્ટ આશીર્વાદ દેવા લાગી.

" હવે ફરી આવ્યા છે એ સુખના દિનો,
" જેના સુખી કલ્લાક ગણીશ તમ કાજ હું.—
" દોષો એક બીજાંના માફ સદા કરો,
" સમજી એક બીજાને, પ્રેમ પીયો સહુ !
" સુખમાં જીવનનો છે મંત્ર મહાન એ.

ઉપસંહાર.

જેમ નાનાં માથાંને મોટી પાઘડી શોભે નહીં તેમ આટલી ટુંકી વાર્તાને મોટો ઉપસંહાર પણ હોય નહીં, એ વાત જગ જાહેર છે. અને એમાં હવે વાંચક પોતાની મેળે કલ્પી લઇ ન શકે એવું બાકી રહ્યું છે પણ શું ?

આ દંપતિ લલિતા વાળું નવું ઘર છોડી પાછાં પેલાં જૂનાં વ્હાલાં—ચર્નીરોડ નં. ૫૦ માં રહેવા ગયાં, એ લખવાની હવે શું જરૂર છે ? અને ત્યાં તેમને જર્જરિત થઇ ગયેલા વૃદ્ધ પિતાએ કેવાં વ્હાલથી વધાવી લીધાં, અને પછી લલિતાએ તેની કેવી ચાકરી કરી, અને તેથી તે કેવા જલદી સાજા થઇ ગયા, એ બધું પણ વર્ણવી બતાવવાની શું જરૂર છે ?

બાબુને હવે સમજાયું કે તેની પત્ની અન્ય સાધારણ સ્ત્રીઓ કરતાં કોઇ જૂદાજ પ્રકારની હતી. બીજી સ્ત્રીઓ જ્યારે લક્ષ્મીનાં તેજ પાછળ પતંગીયાં માફક ફર્યાં કરે છે ત્યારે લલિતાને એ વાતનો તદ્દન વિરાગ હતો. તેની ભૂમિકા કંઇક ઉંચી હતી. તેનું જીવન કલામય હતું. બાબુનાં જીવનનો એક મુખ્ય હેતુ પ્રિયતમાને સુખી કરવાનો હતો. એ આશયને લઇનેજ એ લક્ષ્મી પાછળ ખેંચાયો હતો. પણ હવે તેને સમજાયું કે એ લક્ષ્યબિંદુ કલ્પવામાં એણે ભૂલ કરી હતી. હવે તેને સમજાયું કે તેની પત્ની લક્ષ્મીની ભક્ત નહોતી પણ કલાની હતી. બાબુ તો મૂળથીજ કલાનો ભક્ત હતો; પણ પત્નીની કલા ભક્તિએ એ ભક્તિને સુદૃઢ કરી તેનું જીવનજ કલામય બનાવી દીધું.

દિનકર તો હવે જાણે ઘરનોજ માણસ હોય, બાબુનો જાણે નાનેરો ભાઇજ હોય—લલિતાનો જાણે લાડકડો દીયરજ હોય તેવો બની રહ્યો. ગુણવંતરાય પણ આ કુંટુંબનો માનીતો થઇ રહ્યો. ડાકટર રમણલાલને પણ હવે ભૂલી જવાય તેમ નથી. તેણે જે સહૃદયતાથી આ કુટુમ્બની બરદાશ કરી હતી, તેના બદલામાં તેને લલિતાએ એક ભાઇ તરીકે અને બાબુએ એક મિત્ર તરીકે સ્વિકાર્યો હોય તો તેમાં નવાઇ જેવું શું છે ?

અને અંબા? એનાં ભોળાં પ્રેમાળ નિખાલસ અંતઃકરણમાંથી આનંદનાં કેટલાં અશ્રુઓ ઉભરાઇ જતાં હતાં તે ગણી શકાયું નથી. તેનાં શેઠ શેઠાણીના મેલાપથી જાણે તેનાં જીવનની સફલતા પૂર્ણ થઇ ગઇ હોય, જાણે તેની સર્વ આશાઓ તૃપ્ત થઇ થઇ ગઇ હોય, જાણે તેની નોકરીનો બધો બદલો મળી ગયો હોય એવો ભાવ એનાં મ્હોં ઉપર રમ્યા કરતો હતો. લલિતાને એક માની ખોટ હતી; તે અંબાથી પૂરી પડેલી લાગતી હોય તો તેમાં આશ્ચર્ય શુ છે?

ખોટ એક માત્ર ઉષાની હતી. પણ એ ખોટ પણ એક બે વર્ષમાંજ પૂરી પડી. એ નવાં બાલકને વૃદ્ધ પિતામહના અંકમાં રમતું જોતાં અને રમાડતાં આ દંપતિનો કાલ કેવો સુખમાં ચાલ્યો જતો હશે તેનો વિચાર હવે ભલે વાંચકજ કરી લે.